# જીવનની સર્વોપરિ આવશ્યકતા
# આત્મજ્ઞાન


લેખક

શ્રીરામ શર્મા આચાર્ય



યુગનિર્માણ યોજના ગાયત્રી તપોભૂમિ મથુરા

પ્રકાશક:-

યુગનિર્માણ યોજના

ગાયત્રી તપોભૂમિ મથુરા (ઉત્તરપ્રદેશ)

□
લેખક
શ્રીરામ શર્મા આચાર્ય

□
પ્રકાશક
યુગનિર્માણ યોજના
ગાયત્રી તપોભૂમિ, મથુરા

મુદ્રણ-યુગનિર્માણ પ્રેસ
ગાયત્રી તપોભૂમિ, મથુરા

# બે બોલ

આત્માના સંબંધમાં દુનિયાના વિદ્વાનોમાં મતભેદ દેખાય છે. પ્રાચીન વિચારોના અનુયાયીઓ મનુષ્યના શરીરમાં એક અવિનાશી અને સ્થાયી આત્માનું અસ્તિત્વ માને છે અને આજના આધુનિક જ્ઞાન વિજ્ઞાનના સમર્થક તથા તર્કશાસ્ત્રના જ્ઞાતા, મનુષ્ય શરીરમાં કોઈ એવી વસ્તુ હોવાનો સ્વીકાર કરતા નથી, જે મનુષ્યના શરીરનો નાશ થયા પછી પણ અસ્તિત્વ ધરાવતી હોય અને આ જીવન દરમ્યાન કરવામાં આવેલા સારા કે નરસા કર્મોનું ફળ આગળ જઈ ભોગવતી હોય. થોડા વર્ષ પહેલાં આ ''વિજ્ઞાનવાદે'' ખૂબ જ જોર પકડ્યું હતું અને આધુનિક શિક્ષણ પ્રાપ્ત કરેલી વ્યક્તિઓ ઈશ્વર તથા આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં પોતાની બુધ્ધિમત્તા સમજવા લાગ્યા હતા. પરંતુ હવે એ ચક્ર બીજી તરફ ફરવા લાગ્યું છે અને યુરોપ, અમેરિકાના ટોચના વિજ્ઞાનીઓ પણ કહેવા લાગ્યા છે કે આ સૃષ્ટિમાં ભૌતિક પદાર્થો અને શક્તિઓ ઉપરાંત કોઈ ચૈતન્ય શક્તિ પણ અસ્તિત્વ ધરાવે છે, જેની ઈચ્છા અને યોજનાથી સમગ્ર વિશ્વનું સર્જન અને સંચાલન થાય છે.

પછી ભલેને એ વિચારને તર્ક દ્વારા અથવા પ્રત્યક્ષ પુરાવાઓના આધારે સાબિત કરી શકવો સરળ ન હોય, પરંતુ એમાં કોઈ જ શંકા નથી કે આત્માને માનવા અને તેના અસ્તિત્વનો સ્વીકાર કર્યા વગર મનુષ્ય જીવનની સાર્થકતા હોયી જ ન શકે. આત્મજ્ઞાનના વિષયને જાણ્યા અને સમજ્યા વગર મનુષ્ય તળિયા વગરના લોટા જેવો બની રહે છે, કે જે ક્યારેક આ બાજૂ તો ક્યારેક પેલી બાજૂ ગબડતો રહે છે.

આપણાં જીવનનું સૌથી મોટું તત્ત્વ પરમાર્થ છે, પરંતુ તે આત્મજ્ઞાન વગર ક્યારે પણ પ્રાપ્ત ન થઈ શકે. કેવળ ભૌતિકવાદનું અનુસરણ કરનારાઓ સ્વાર્થ તરફ જ પ્રેરિત થશે અને નિષ્કામ ભાવથી સેવા તથા પરોપકારના ધર્મનું ક્યારે પણ પાલન ન કરી શકે. બીજું નુકશાન એ પણ છે કે આત્માથી વિમુખ મનુષ્ય સાંસારિક મુશ્કેલીઓ અને સમસ્યાઓમાં અવિચલિત અને ધૈર્યયુક્ત પણ રહી શકતો નથી, કારણ કે તેની પાસે સ્થિર રહેવા કોઈ આધાર રહેતો નથી. એટલા માટે સાંસારિક અને પરલૌકિક બન્ને દૃષ્ટિએ આત્મા તથા આત્મ:જ્ઞાનને જાણી લેવું પોતાના તથા બીજાઓના કલ્યાણ માટે અનિવાર્ય જ છે.

**પ્રકાશક**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | બે બોલ | ૦૩ |
| ૧ | આત્મા અને તેનું મહાન મહત્ત્વ | ૦૫ |
| ૨ | આપણાં જીવનનું લક્ષ્ય-આત્મદર્શન | ૦૯ |
| ૩ | જીવનના ઉદ્દેશ્યથી વિમુખ ન બનો | ૧૪ |
| ૪ | येनाहं नामृता स्याम् किमहं तेन कुर्याम् | ૨૦ |
| ૫ | શરીરનું જ નહીં, આત્માનું પણ ધ્યાન રાખો | ૨૪ |
| ૬ | તમે અમર છો, અમરત્વને ઓળખો | ૩૦ |
| ૭ | મન પાસેથી છીનવી આત્માને પ્રાધાન્ય આપો | ૩૫ |
| ૮ | મનુષ્ય અને તેની મહાન શક્તિ | ૪૧ |
| ૯ | જીવનની બીજી બાજૂ પણ ભૂલો નહીં | ૪૮ |
| ૧૦ | આત્માનો અવાજ ન સાંભળ્યો ન કરો | ૫૨ |
| ૧૧ | આત્માના અવાજને સાંભળો અને તેને સાર્થક કરો | ૫૬ |
| ૧૨ | આત્મજ્ઞાનની જરૂરિયાત શા માટે | ૬૧ |
| ૧૩ | આત્મજ્ઞાન દ્વારા જ દુઃખોમાંથી નિવૃત્તિ સંભવ | ૬૬ |
| ૧૪ | सत्यं शिवं सुंदरम् આપણું મુખ્ય લક્ષ્ય | ૭૨ |
| ૧૫ | આત્માને શક્તિનું સ્ત્રોત માનો | ૭૭ |
| ૧૬ | આત્માને ઓળખો | ૮૧ |
| ૧૭ | આત્મશક્તિનો અખૂટ ભંડાર | ૮૫ |
| ૧૮ | શક્તિનું સ્ત્રોત આપણી અંદર | ૯૦ |
| ૧૯ | આત્માને સાચા હૃદયથી પ્રાર્થના કરો | ૯૪ |
| ૨૦ | આત્મા, મન તથા કુચિંતન | ૯૮ |
| ૨૧ | આત્મા અને પરમાત્માનો સંબંધ | ૧૦૪ |
| ૨૨ | ઈશ્વરના અંશ રૂપ જીવ અવિનાશી | ૧૦૮ |
| ૨૩ | પરમાત્માને જાણવા માટે પોતાની જાતને ઓળખો | ૧૧૨ |
| ૨૪ | ''હું'' અને તેનું સાચું સ્વરૂપ | ૧૧૬ |
| ૨૫ | ''બિંદુમાં સિંધુ'' સમાયો છે | ૧૨૦ |
| ૨૬ | અપૂર્ણતાથી પૂર્ણતા તરફ | ૧૨૬ |
| ૨૭ | શું આત્મકલ્યાણ માટે ઘરનો ત્યાગ કરવો જરૂરી છે? | ૧૩૨ |
| ૨૮ | આત્મબળ આપણી સૌથી મોટી સંપત્તિ, વૈભવ | ૧૩૬ |
| ૨૯ | ઉંડા પાણીમાં ઉતરી જેણે શોધ્યું, તેણે પ્રાપ્ત કર્યું | ૧૪૨ |
| ૩૦ | આત્માના વિકાસ માટે વ્રતનું પાલન કરવું જરૂરી છે | ૧૪૭ |

# જીવનની સર્વોપરિ આવશ્યકતા આત્મજ્ઞાન
## આત્મા અને તેનું મહાન મહત્ત્વ

જીવની શારીરિક સ્થિતિ પર વિચાર કરીએ તો નજરે તો એ જોવા મળતું હોય છે કે બે શક્તિઓ વિદ્યમાન છે. તેમાં **પ્રથમ** છે પંચતત્ત્વ. જેમાંથી (હાથ, પગ, પેટ, મોઢું, આંખ, કાન, નાક, દાંત વગેરે) શરીરનું સ્થૂળ કલેવર બની તૈયાર થાય છે. આ નિર્જીવ તત્ત્વની શક્તિ અને અસ્તિત્વનું પણ પોતાનું વિશેષ વિધાન છે, જે ભૌતિક વિજ્ઞાન રૂપે આજે સર્વત્ર વિદ્યમાન છે. જડની પરમાણુ શક્તિએ જ આજે સંસારમાં હાહાકાર મચાવ્યો છે , કે જ્યારે તેના અણુઓ, પરમાણુઓ અને કેન્દ્રપિંડ (ન્યૂક્લિયસ) વગેરેની શોધ હજી બાકી છે. આ સંપૂર્ણ શક્તિ પોતાની રીતે કેટલી પ્રબળ હશે, એની કલ્પના કરવી મુશ્કેલ કામ છે. **બીજું** શરીરમાં હંમેશા એક સ્વતંત્ર ચૈતન્ય શક્તિ પણ કામ કરી રહેલ છે, જેને પ્રાકૃતિક તત્વોની અપેક્ષાએ વધુ શક્તિશાળી માનવામાં આવી છે. આ ચૈતન્યતત્વ સંચાલક છે, ઈચ્છા કરી શકે છે, યોજના બનાવી શકે છે, સંશોધન કરી શકે છે. એટલા માટે એનું મહત્ત્વ એથી પણ ચઢિયાતું છે. હિન્દુ ધર્મ ગ્રંથોમાં એના સંબંધમાં જે ગહન શોધનું વર્ણન મળી આવે છે, તે ચૈતન્ય શક્તિની આશ્ચર્યજનક શક્તિ પ્રગટ કરે છે. આટલું તો બધા જ જોઈ રહ્યા છે, કે જગતમાં જે વ્યાપક ક્રિયાશીલતા ફેલાયેલી છે, એ આ ચૈતન્યની રમત છે. એના ન રહેતા ખૂબ કિંમતી, ખૂબ જ શક્તિ સંપન્ન અને સુંદર શરીર પણ કોઈ કામનું રહેતું નથી.

જીવધારીઓના શરીરમાં વ્યાપ્ત આ ચૈતન્યનું નામ જ આત્મા છે. સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, જ્ઞાન તથા પ્રયત્ન તેનો ધર્મ તથા ગુણ છે. ન્યાય, વૈશેષિક દર્શનોમાં આત્માના રહસ્યો પર વિસ્તૃત પ્રકાશ ફેંકવામાં આવ્યો છે અને તેને પરમાત્માનો એક અંશ બતાવવામાં આવ્યો છે. આ આત્મા જ જ્યારે સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ વગેરે વિકારોનો ત્યાગ કરી દે છે, ત્યારે તે પરમાત્મ ભાવમાં રૂપાંતરિત થઈ જાય છે.

આજે ભૌતિક વિચારસરણી ધરાવતા લોકો એ વાતને માનવા માટે તૈયાર થતા નથી. એમની દૃષ્ટિમાં શરીર તથા આત્મા વચ્ચે કોઈ ભેદ નથી. આટલું તો કોઈ સામાન્ય બુધ્ધિ ધરાવતી વ્યક્તિ પણ ખૂબ જ

આસાનીથી વિચારી શકે છે, કે જ્યારે તેના હૃદયમાં આવા પ્રશ્નો ઉઠતા રહે છે-''હું કોણ છું,' 'હું ક્યાંથી આવ્યો છું,' 'મારું સ્વરૂપ શું છે,' 'મારો આ શરીર ધારણ કરવાનો હેતુ શું છે' વગેરે. ''હું આ જમીશ,' 'મારે આ કરવું જોઈએ,' 'મને ધન મળે''- દરેક ક્ષણે આવી ઈચ્છાઓ ઉઠતી રહે છે. અગર આત્માનું પ્રથમ અસ્તિત્વ ન હોય તો મૃત્યુ થયા પછી પણ તે આવો અનુભવ કરતી અને તેને વ્યક્ત કરતી. અગર તે કોઈ કારણવશ બોલી ન શકે તો હાથથી ઈશારો કરતો, આંખ પાંપણો હલાવતો, ભૂખ લાગતી, પેશાબ કરતી, પરંતુ આવું થતું ક્યારે પણ જોવા મળ્યું નથી. મૃત્યુ થયા પછી જીવિત સ્થિતિ જેવી ચેષ્ટાઓ આજ સુધી કોઈએ પણ કરી નથી. આત્મા અને શરીર બન્ને અલગ વસ્તુ છે, બે અલગ તત્વ હોવાનો આ સૌથી મોટો પુરાવો છે.

**છાંદોગ્યોપનિષદ-**ના સાતમા અધ્યાયના ૨૬ માં ખંડમાં બતાવવામાં આવ્યું છે:-

**तस्य ह वा एतस्यैवं पश्यत एवं मन्वानस्यैवं विजानत आत्मातः प्राण आत्मत आशात्मतः स्मर आत्मत आकाश आत्मतस्तेज आत्मत आप आत्मत आविर्भावतिरोभावावात्मतोऽन्नमात्मतो बलमात्मतो विज्ञानमात्मतो ध्यानमात्मतश्चित्तमात्मतः संकल्प आत्मतो मन आत्मतो वागात्मतो नामात्मतो मन्त्रा आत्मतः कर्माण्यात्मत एवेदँ् सर्वमिति ॥१॥**

''આત્માથી પ્રાણ, આત્માથી આશા, આત્માથી સ્મૃતિ, આત્માથી આકાશ, આત્માથી તેજ, આત્માથી જળ, આત્માથી (જન્મ) આવિર્ભાવ અને (મૃત્યુ) અદૃશ્યભાવ, આત્માથી બળ, આત્માથી વિજ્ઞાન, આત્માથી ધ્યાન, આત્માથી ચિત્ત, આત્માથી સંકલ્પ, આત્માથી મન, આત્માથી વાક્, આત્માથી નામ, આત્માથી મંત્ર, આત્માથી કર્મ અને આ સંપૂર્ણ ચૈતન્ય જગત આચ્છાદિત છે. આ આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરી લેનારો મનુષ્ય જીવન મરણના ફેરામાંથી, બંધનોમાંથી મુક્ત બની જાય છે.''

**ખરું જોતા તો ભૌતિક વિજ્ઞાન** આત્માના અસ્તિત્વનું ખંડન કરતું નથી, પરંતુ તેને સાબિત કરવામાં જ સહાયરૂપ નિવડ્યું છે. આજે કેટલાક લોકોએ વિજ્ઞાનના ઉચ્ચ શિખર પર ન પહોંચી શકવાના કારણે આવી ભ્રામક માન્યતાઓ ફેલાવી હોય, એ બીજી વાત છે. નહીં તો જે વિજ્ઞાનીઓએ ગહન તત્ત્વની શોધ કરી છે. એમાંથી લગભગ સૌએ એ

વાતનો સ્વીકાર કર્યો છે કે પદાર્થ જડ છે અને આત્મા ચૈતન્ય યુક્ત જ્ઞાનમય દ્રવ્ય છે. આ બન્ને ગુણોમાં અસમાનતા છે અને આત્માની શક્તિ પદાર્થની શક્તિથી ઘણી વિશાળ છે.

૧૯૩૬ના જુલાઈ માસમાં કલકત્તાથી પ્રકાશિત થતા 'ધિ મૉર્ડન રિવ્યુમાં સર એ.એસ.એડિંગ્ટન તથા પ્રો.અલબર્ટ આઈન્સ્ટીન'ના આત્મજ્ઞાન સંબંધી વિચારો છાપવામાં આવ્યા હતા જે આ પ્રમાણે છેઃ-

''આ સંસારમાં કોઈ અજાણ શક્તિ કામ કરી રહી છે. જેને આપણે જાણતા નથી, કે તે શું છે? છતાં પણ એટલું તો સ્પષ્ટ જ છે કે તે વધુ શક્તિશાળી છે. હું ચૈતન્યને મુખ્ય જાણું છું. આ આત્માના વિષયમાં મને મારા મતથી કોઈ વિચલિત કરી ન શકે.''

હું વિશ્વાસ પૂર્વક કહી શકું તેમ છું કે સમગ્ર નિસર્ગમાં અસીમ શક્તિશાળી ચૈતન્ય શક્તિ કામ કરી રહી છે.

વિશ્વવિખ્યાત વિજ્ઞાની ડૉ.ગાલનો મત છે, કે-'વિશ્વમાં કેવળ એક જ મુખ્ય તત્ત્વ છે. જે જૂએ છે, અનુભવ કરે છે, પ્રેમ કરે છે, વિચાર અને મનન કરે છે.'

'જેવી રીતે મનુષ્ય બે દિવસની વચ્ચે આવતી રાત્રિમાં સ્વપ્ન નિહાળે છે, બરાબર એવી જ રીતે મનુષ્યનો આત્મા જ મૃત્યુ તથા પુનર્જન્મની વચ્ચે વિભિન્ન સાંસારિક કર્મ કરે છે'-આ શબ્દો દ્વારા સર ઑલિવર લાજે આત્માના અસ્તિત્વ પર પ્રકાશ ફેંક્યો છે.

થોડા દિવસ પહેલાં જ આ વાતને લઈને વિજ્ઞાનીઓ વચ્ચે ઘણી લાંબી ચર્ચા ચાલી હતી અને આત્માના અસ્તિત્વ સંબંધી તેમનો મત લેવામાં આવ્યો હતો, કે જેને સામૂહિક રૂપે 'ધિ ગ્રેટ ડિવાઈન' નામના પુસ્તકમાં છાપી પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકના ઉપસંહારમાં લખવામાં આવ્યું છેઃ-

''આ સંસ્કાર કોઈ આકસ્મિક ઘટના લાગતી નથી. એની પાછળ કોઈ સુવ્યવસ્થિત વિધાન ચાલી રહ્યું છે. એક મગજ, એક ચૈતન્ય શક્તિ કામ કરી રહી છે. પોતાની ભાષામાં એનું નામ ભલેને કંઈપણ રાખી દેવામાં આવે, પરંતુ તે મનુષ્યનો આત્મા જ છે.''

તેના સિવાય જે.એન.થોમસન, જે.વી.એમ.હેલ્ડન, પી.ગોઈડેસ, આર્થર એચ.કૉમ્પટન, સર જેક્સ જોન્સ વગેરે વિજ્ઞાનીઓએ પણ

આત્માના અસ્તિત્વના સંદર્ભમાં સંમતિ પ્રગટ કરી છે. તેના પ્રત્યક્ષ જ્ઞાનના સાધનોનો પશ્ચિમના દેશોમાં ભલેને અભાવ હોય, પરંતુ વિચાર અને બુધ્ધિશાળી મનુષ્ય માટે આ અનુભવ કરવો મુશ્કેલ કામ નથી, કે આ જગત કેવળ વૈજ્ઞાનિક સત્ય સુધી મર્યાદિત નથી, બલ્કે તેને નિયંત્રિત કરનારી કોઈ ચૈતન્ય શક્તિ પણ અવશ્ય કામ કરી રહી છે અને તેને જાણવી મનુષ્ય માટે ખૂબ જ જરૂરી છે.

શાસ્ત્રોના દૃષ્ટાંતોના માધ્યમ દ્વારા આત્માનું અસ્તિત્વ, ગુણો અને ક્રિયાઓના સંબંધમાં ખૂબ જ જ્ઞાનથી પરીપૂર્ણ ચર્ચા ચલાવવામાં આવી. આવા જ એક દૃષ્ટાંતમાં નારદ, ધ્રુવ વગેરેના વાર્તાલાપની સાથે રાજા ચિત્રકેતુની કથા પણ ખૂબ જ બોધદાયક અને વાસ્તવિક સચ્ચાઈથી ઓતપ્રોત છે.

ચિત્રકેતુ નામનો એક રાજા હતો. તેને મહર્ષિ અંગિરાની કૃપાથી એક બાળકની પ્રાપ્તિ થઈ. હજી તો એ બાળક બાલ્યાવસ્થામાં જ હતું, ત્યાં તો તેનું મૃત્યું થયું. રાજા ચિત્રકેતુ પુત્રના વિયોગથી આકુળવ્યાકુળ બની ગયો. અંતમાં ઋષિદેવ ઉપસ્થિત થયા અને તેમણે દિવંગત આત્માને બોલાવી શોકાતુર રાજા સાથે વાર્તાલાપ કરાવ્યો. પિતાએ પોતાના પુત્રને પાછા આવી જવા કહ્યું. ત્યારે તેણે જવાબ આપ્યો. ''હે જીવ! હું ન તારો પુત્ર છું અને ન તૂં મારો પિતા છે. આપણે બધા જ જીવ છીએ અને કર્મ અનુસાર ભ્રમણ કરતા રહીએ છીએ. તું પોતાના આત્માને ઓળખ. હે રાજન! તું સંસારિક સંતાપથી મુક્તિ મેળવી શકે છે.'' પોતાના પુત્રના ઉપદેશથી રાજાને શાંત્વના મળી અને તેણે બાકીનું જીવન આત્મકલ્યાણની સાધનામાં લગાવ્યું. અંતમાં રાજા ચિત્રકેતુ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી જીવન મુક્ત બની ગયો.

આ આત્મા અનેક યોનીઓમાં ભટકતો ભ્રમણ કરતો મનુષ્ય શરીરમાં પ્રવેશ કરે છે. આવો સંયોગ હંમેશા મળતો નથી. શાસ્ત્રીય અથવા ચિંતનની ભાષામાં એટલું તો ચોક્કસ કહી શકાય કે જીવોની અપેક્ષાએ મનુષ્યને જે શ્રેષ્ઠતા પ્રાપ્ત થઈ છે, તે કોઈ ખાસ પ્રયોજન માટે જ છે. જે આત્મજ્ઞાન યા તો પોતાની જાતને જાણવી હોયી શકે છે, આત્મજ્ઞાન જ મનુષ્ય જીવનનો લક્ષ્ય છે. જેનાથી તે જીવભાવમાંથી મુક્ત બની ઈશ્વરીય ભાવમાં લીન બની જાય છે.

# આપણાં જીવનનું લક્ષ્ય, આત્મદર્શન

મનુષ્ય જીવનને પણ પોતાનું એક લક્ષ્ય છે. તેનું જીવન ખાવા કમાવવા અને મોજશોખ કરવા સુધી જ મર્યાદિત નથી. તેનું જીવન સામાજિક, આર્થિક, શારીરિક, રાજકીય સીમા બંધનો સુધી જ બંધાયેલું છે. જન્મથી મૃત્યુ સુધીનો નિશ્ચિત સમય, સુખ કે દુઃખ, લાભ કે નુકશાન, માન કે અપમાનની પરિસ્થિત એ વિચારવા મજબૂર કરે છે કે મનુષ્ય જે દિશામાં ચાલી રહ્યો છે એ તેની દિશા નથી. તેની સૂક્ષ્મ બૌધ્ધિક શક્તિ એ દર્શાવે છે કે મનુષ્ય કોઈ વિશેષ લક્ષ્ય લઈ આ ધરતી અવતરિત થયો છે. વિશાળ આકાશ, ગગનને સ્પર્શ કરવા મથતા પર્વતો, દેવતાઓ સુધી ફેલાયેલો વિરાટ સાગર, સૂર્ય-ચંદ્ર, ગ્રહો-નક્ષત્રો વગેરે સો ઈશારો કરે છે કે આ જીવનથી પણ આગળ ઉપર કંઈક છે. અશાંતિ, દુઃખ અને ક્ષોભનું કારણ આ જ છે કે આપણાંને આત્મજ્ઞાન નથી, પોતાના લક્ષ્યનું ભાન નથી. આ અસ્થિરતા ત્યાં સુધી જળવાઈ રહે છે, કે જ્યાં સુધી મનુષ્ય પોતાનો લક્ષ્ય જાણતો નથી, પોતાના મૌલિક સ્વરૂપને ઓળખતો નથી.

આ સંસારમાં અનેક પ્રકારના જીવજંતુઓ, કીડા મકોડાઓ, પશુ પક્ષીઓ અને મનુષ્ય જેવું પ્રાણી વિદ્યમાન છે. કોઈ શારીરિક શક્તિમાં મોટું છે, તો કોઈ સુંદરતામાં. કેટલાયે પ્રાણ શક્તિના આધારે અનેક કુદરતી ઘટનાઓનો પૂર્વ આભાસ પ્રાપ્ત કરી લેવામાં અજબની શક્તિ પ્રાપ્ત કરી છે, તો અનેક સ્વચ્છંદ વૈચારિક ક્ષેત્રમાં આજના જ્ઞાનયુગથી પણ વધુ હોંશિયાર છે. પરંતુ એકીસાથે આ બધા જ ગુણો કોઈને પણ પ્રાપ્ત થયા નથી. મનુષ્યમાં શારીરિક, માનસિક બૌધ્ધિક અને અનેક પ્રકારની આત્મિક સંપદાઓ દેખાય છે. માનવ જીવનની આ વ્યવસ્થાને જોઈએ છીએ ત્યારે એવું લાગે છે કે તેનો જન્મ કોઈ ખાસ લક્ષ્ય પૂરો કરવા માટે જ થયો છે. એક જ જગ્યાએ અનેક પ્રકારની શક્તિઓના કેન્દ્રીકરણમાં ચોક્કસ કોઈ અર્થ છુપાયેલો છે.

મનુષ્યને બીજાઓની અપેક્ષાએ બુધ્ધિ, વિદ્યા, બળ અને વિવેક વધુ મળ્યા છે, આ વાત તો સમજમાં આવે છે, પરંતુ આ શક્તિઓનો સંપૂર્ણ ઉપયોગ બાહ્ય જીવન સુધી મર્યાદિત રાખવામાં તેણે બુધ્ધિપૂર્વક કામ લીધું નથી. પોતાના જ્ઞાનવિજ્ઞાનને શારીરિક સુખભોગ નિમિત્તે લગાવી

દેવામાં તેણે ભૂલ જ કરી છે. દુ:ખનું કારણ પણ આ જ છે કે આપણે આપણાં શાશ્વત સ્વરૂપને ઓળખવાનો પ્રયત્ન કરતા નથી. નાશવંત શરીર અને ઈન્દ્રિયજન્ય વિષયો તૃપ્ત કરવાના ગોરખધંધામાં જ આપણો બધો જ સમય બરબાદ કરી દઈએ છીએ અને અંત સમયે તમામ ભૌતિક સંપતિ અહીં છોડીને ચાલ્યા જઈએ છીએ. આ કડવા સત્યનો અનુભવ તો સૌ કરે છે, પરંતુ અંતઃકરણમાં પ્રવેશ કરવાથી દૂર ભાગે છે. ક્યારે પણ એ વિચાર પણ કરતા નથી કે આ વિશ્વવ્યાપી, પ્રક્રિયાનું કારણ શું છે. હું કોણ છું અને મારો જીવન ધારણ કરવાનું લક્ષ્ય શું છે? તેને ઢગલાબંધ સંપદાઓ એટલા માટે મળી છે કે એનો ઉપયોગ અંતદર્શન માટે કરવામાં આવે.પોતાને પણ ઓળખી ન શકે તો આ શરીરનો, બૌધ્ધિક શક્તિઓનો શું સદુપયોગ રહ્યો?

'હું' અને 'મારું શરીર' બન્ને ભિન્ન વસ્તુઓ છે. એક કર્તા છે, બીજી કર્મ છે. એક ક્રિયાશીલ છે, બીજી જડ છે. એક સવાર છે, બીજી વાહન છે. મનુષ્ય જીવનની લક્ષ્યની પ્રાપ્તિ માટે શરીર આત્માનું વાહન માત્ર છે. બન્નેની એકરૂપતાનો કોઈ આધાર સમજમાં આવતો નથી. અગર જો એવું હોત તો મૃત્યુ પછી પણ આ શરીર ક્રિયાશીલ રહ્યું હોત. ખાવાપીવા, ઉઠવા બેસવા, બોલવા ચાલવા અને જીવનના અનેક વ્યવસાય તો એ રીતે પૂરા કરાવે છે, જે રીતે જીવિત સ્થિતિમાં. તો પછી ઉચિત તો એ લાગે છે કે પોતાના કર્તાપણાનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે. પોતાના વાહનને જાતજાતના રંગીન લોભામણા વસ્ત્રો અલંકારોથી સજાવી ફરતા રહીએ અને આત્મતત્વ ઉપેક્ષિત પડ્યું રહે તો તેને કોણ બુધ્ધિમત્તાની વાત માનશે? ઘોડો ઘાસ ખાય અને સવારને પાણી પણ ન મળે તો પછી પ્રવાસનું લક્ષ્ય જ ક્યાંથી પૂરું થાય?

આત્માની સિધ્ધિઓ અનંત છે. સ્વર્ગ મુક્તિનું, વિરાટના દર્શનનું કેન્દ્ર બિંદુ આત્મા જ છે. એ અનંત શક્તિઓનો સ્વામી છે. તેને પ્રાપ્ત કરી મનુષ્ય અણુમાંથી વિભુ, લઘુમાંથી મહાન, બંધનમુક્ત બને છે, પરંતુ આત્માનુભૂતિ કર્યા વગર આ બધુ સંભવ નથી. પોતાની નીચેની જમીનમાંથી જ અસંખ્ય મણ સોનું, ચાંદી, હીરા, જવેરાત ભંડારાયેલું હોય અને આપણાંને તેનું જ્ઞાન જ ન હોય તો એ ખૂબ જ કિંમતી ખજાનો તથા માટીના ઠીકરા વચ્ચે શું અંતર રહ્યું? આપણે આપણી તિજોરીમાં બંધ કરી રાખેલી પિસ્તોલથી દુશ્મનને મારી શકતા નથી. જે શક્તિનું

આપણાંને જ્ઞાન જ ન હોય તો તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય?

'આત્મદર્શન' ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. અહીં સમય સમય પર જે કોઈ પણ મહાપુરુષો થઈ ગયા છે તેમણે આત્મજ્ઞાન પર જ વધુ ભાર મુક્યો છે. સંપૂર્ણ વૈદિક વાંગ્મય તેનાથી જ ભરાયેલું છે. જીવનના પ્રત્યેક વ્યવસાય દ્વારા અંતદર્શનની વાત જોડી દીધી છે, જેથી મનુષ્ય ભૌતિક જીવન જીવવા છતાં પણ આત્મતત્વથી અજાણ ન રહે. પોતાના જીવનના ઉદ્દેશને ક્યારે પણ ભૂલી ન જાય. બધા જ મનીષીઓએ એની ઉપર દેશકાળ અને પરિસ્થિતિઓની અનુરૂપ ભિન્ન ભિન્ન પ્રકારે ભાર મુક્યો છે. તમામ મહાપુરુષો, ઋષિઓ, સંતો અને લોકનેતાઓએ મનુષ્યને દુઃખ તથા વિનાશની પરિસ્થિતિઓમાંથી ઉંચા ઉઠાવવા માટે આત્મિક જ્ઞાન પર જ વધુ ભાર મુક્યો છે. ભારતીય જીવનમાં ભૌતિક સંપદાની અવહેલનાનો પણ આ જ અર્થ છે, કે મનુષ્યનો આત્મા પોતાના મૂળ સ્વરૂપને ઓળખવાની દિશામાં સતત આરુઢ રહે.

આત્માનું સ્વાભાવિક સ્વરૂપ અત્યંત શુધ્ધ, પવિત્ર, અલૌકિક અને દિવ્ય છે. તેની અંતિમ સ્થિતિ ધર્માચરણ અને ઈશ્વરનો સાક્ષાત્કાર છે. આત્મજ્ઞાન શરીરના માધ્યમથી પ્રયત્ન કરવાથી પ્રાપ્ત થાય છે. મનુષ્ય જ્યારે શરીરને એક વિશેષ ઉપકરણ માની ઈન્દ્રિયોની ગુલામીમાંથી ઉપર ઉઠે છે, ત્યારે તેને સ્વયં જ આત્માનુભૂતિ થવા લાગે છે. જે મનુષ્ય આ સત્યને પોતાના હૃદયનાં ઉંડાણ સુધી બેસાડી લે છે, એ નાશવંત વસ્તુઓનો, અનુચિત મોહનો ત્યાગ કરી આત્મિક પવિત્રતા તરફ અગ્રેસર બને છે. ઈર્ષા, દ્વેષ, ક્રોધ વગેરે અનાત્મ તત્વો તરફ તેની રુચિ રહેતી નથી. વિચાર તથા વ્યવહારમાં પવિત્રતા ઉત્પન્ન થાય છે. એટલા જ પ્રમાણમાં તેનામાં દૈવી ગુણોનો સમાવેશ થતો જાય છે. ફળસ્વરૂપે તેને સાચી સુખ શાંતિ અને સંતોષ પ્રાપ્ત થવાના પરિણામો પણ સામે આવતા રહે છે.

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે મોટા મોટા સાધનોની યા વધુમાં વધુ શાળાના શિક્ષણની જરૂરિયાત નથી. કોઈ પણ મનુષ્ય જે પોતાના સામર્થ્યનું યા વિવશતાનું વિવેચન કરી શકે તે આત્મજ્ઞાની બની શકે છે. તેને માટે આત્મનિરીક્ષણની આદત બનાવવી પડે છે. આ કામ એવું નથી કે જે દરેકથી ન કરી શકાય. પોતાની ભૂલો, ત્રુટીઓ અને આદતમાં રહેલા દુર્ગુણોને પોતાની અંદર દૃઢતાપૂર્વક શોધવા અને તેને દૂર કરવા દરેક માટે સંભવ છે. સન્માર્ગ પર ચાલતા રસ્તામાં જે અવરોધો, અડચણો

અને મુશ્કેલીઓ આવે છે, તેને ધીરજ પૂર્વક સહન કરતા રહેવાથી પોતાની સમગ્ર શક્તિનો પ્રવાહ આત્મા તરફ વળવા લાગે છે. જેવી રીતે બંદૂકની ગોળીને શક્તિપૂર્વક દૂર સુધી પહોંચાડવા માટે તેને નાનામાં નાના છિદ્રમાંથી પસાર કરાવવામાં આવે છે, એવી જ રીતે પોતાની સમગ્ર ચિત્ત વૃત્તિઓને એક જ દિશામાં લગાડી દેવાથી ત્યાંથી જ આશાજનક પરિણામો દેખાવા લાગે છે. જ્યાં સુધી પોતાની માનસિક ચેષ્ટાઓ બહુમુખી હોય છે, ત્યાં સુધી વિપરિત પરિસ્થિતિઓ સાથે અથડાઈએ છીએ, પરંતુ જ્યારે એક જ દિશામાં દૃઢતાપૂર્વક ચાલી નિકળીએ છીએ ત્યારે ધ્યેય પ્રાપ્તિની સાધના પણ સરળ બની જાય છે.

જ્યાં સુધી મનુષ્ય કોઈપણ વિષયને સારી રીતે સમજી લેતો નથી, ત્યાં સુધી તેનાથી ડરતો રહે છે. ગાઢા અંધારામાં જતા સૌ કોઈને ડર લાગે છે, પરંતુ એ જ અંધકારમાં જવા માટે અગર હાથમાં મશાલ પકડાવી દેવામાં આવે તો અજ્ઞાનતાનો ભય પોતાની જાતે જ દૂર થઈ જાય છે. આત્મિક જ્ઞાન પ્રત્યે ભયની અપેક્ષા અને ઉદાસીનતાનું કારણ આ જ હોય છે કે પોતાનું જીવન લક્ષ્ય નક્કી કરતા નથી. અનંત શક્તિઓનું કેન્દ્ર હોવા છતાં પણ મનુષ્ય આ તરફ જેટલો ઉદાસ રહે છે, એટલા જ પ્રમાણમાં દુઃખ અને અભાવ તેને ઘેરી રહે છે.

સાંસારિક વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવું જ પોતાનું લક્ષ્ય રહ્યું હોત તો તેને માટે બુધ્ધિની ચૈતન્યતા, એકાગ્રતા અને જાગૃતિ પર્યાપ્ત હતા, પરંતુ આત્મજ્ઞાનનો સંપર્ક સમગ્ર પ્રાણીમાત્ર સાથે સહાનુભૂતિ દર્શાવવાથી થાય છે. જ્યાં સુધી પોતાની સંવેદનાને પોતાના સુધી મર્યાદિત રાખવામાં આવે છે, ત્યાં સુધી આ પરમ તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું અસંભવ છે. સ્વાર્થની સંકીર્ણ પ્રવૃત્તિ જ એવી છે કે જે મનુષ્યને સત્યનો આભાસ થવા દેતી નથી, પરંતુ જ્યારે તેમાં પરમાર્થ બુધ્ધિનો સમાવેશ થાય છે, ત્યારે તમામ ગ્રંથીઓ આપોઆપ ખુલવા લાગે છે. જે રીતે મેલા-ગંદા અરીસામાં સૂર્યના કિરણોનું પરાવર્તન બરાબર થતું નથી, એવી જ રીતે સ્વાર્થી હૃદય બનાવી રાખવાથી આત્માનુભૂતિ સંભવ નથી. એટલા માટે પોતાની જાતને બીજાઓના હિત અને કલ્યાણ માટે વિકસિત થવા દો. જે દિવસે બીજાઓનું દુઃખ આપને પોતાનું લાગવા લાગે એ જ દિવસથી આપની મહાનતા વિકસિત થવા લાગશે. સૌની સાથે પ્રેમ, મિત્રતા, સહકાર, સહાનુભૂતિવાળો સ્વભાવ બનાવવાથી આત્મજ્ઞાનનો પ્રકાશ પરિવર્તિત થવા લાગે છે. ગીતાકારે લખ્યું છેઃ-

**नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन।**
**न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः॥ (ગીતા-૩.૧૮)**

અર્થાત આત્મવાદી પુરુષનું પ્રથમ લક્ષણ છે લોકકલ્યાણાર્થે કર્મ કરવું. કારણ કે સમગ્ર પ્રાણીઓમાં સ્વાર્થનો કોઈ જ સંબંધ નથી. તમામ વિશ્વશક્તિના જ અંગઅવયવો છે, પછી કોઈના પ્રત્યે પરાયાપણાનો ભેદભાવ શા માટે દાખવવામાં આવે? પોતાના જ સુખોને પ્રાધાન્ય આપવામાં જે ક્ષણિક આનંદનો અનુભવ કરી તેમાં જ લાગી રહે છે, તેની પાસે આ આશા રાખી ન શકાય કે તે આત્માનો ઉધ્ધાર કરી લેશે. પરંતુ જેને પોતાનું મનુષ્ય જીવન સાર્થક બનાવવું છે, જેણે પોતાના જીવનનું લક્ષ્ય નક્કી કરી લીધું છે, તેને માટે યોગ્ય તો એ છે કે તે ખુલ્લા મગજથી સૌમાં પોતાની જાતને સમાયેલી જૂએ. આવી સ્થિતિમાં કોઈને પણ દુ:ખ આપવાની યા પીડા પહોંચાડવાની ભાવના શા માટે બનશે?

આપણે આત્મજ્ઞાન અને આત્માનુભૂતિનો મૂળ ઉદ્દેશ લઈને જ આ ધરતી પર આવ્યા છીએ. મનુષ્ય જીવનની સાર્થકતા પણ એમાં જ છે કે તે પોતાના ગુણ,કર્મ, સ્વભાવમાં માનવ યોગ્ય સદાચારનો સમાવેશ કરે અને લોકોના હિતમાં જ પોતાનું હિત સમાયેલું સમજે. મનુષ્ય એક વિષય છે, તો આ સંસાર તેની વ્યાખ્યા છે. પોતાની જાતને જાણવી હોય તો સમગ્ર વિશ્વ સાથે પોતાની આત્મીયતા વધારવી પડશે. આત્મા વિશાળ છે, તે એક મર્યાદિત વાડામાં બંધાયેલો રહી ન શકે. સમગ્ર જગત તેની ક્રિડાભૂમિ છે. પોતાના આત્માને વિશ્વાત્મા સાથે જોડવાથી આત્મજ્ઞાનનો પ્રકાશ આપોઆપ પ્રગટ થવા લાગે છે.

આ રીતે મનુષ્ય જ્યારે સાંસારિક તથા ઈંદ્રિયજન્ય પરતંત્રતામાંથી મુક્ત બનવા લાગે છે, ત્યારે તેની મહાનતા વિકાસ પામવા લાગે છે. આત્માની સ્વતંત્રતા દૃષ્ટિગોચર થવા લાગે છે, આત્મબળનો સંચાર થવા લાગે છે. સ્વભાવમાં પવિત્રતા અને પ્રફુલ્લતાનું વાતાવરણ ફૂટી નિકળે છે. આત્માનું ગૌરવપૂર્ણ મહત્ત્વ પ્રાપ્ત કરી મનુષ્યનો આ લોકનો ઉદ્દેશ પૂરો થઈ જાય છે. પોતાના માટે પણ આ જ જરૂરી છે કે આપણે પોતાની સુષુપ્ત મહાનતાને જગાડીએ, તેને માટે આજથી અત્યારથી જ લાગી જઈએ. જેથી પોતાના બાકીના જીવનનો સાચો સદુપયોગ થઈ શકે.

# જીવનના ઉદ્દેશ્યથી વિમુખ ન બનો

આ અનાદિ તથા અનંતકાળના પ્રવાહમાં ન જાણે આ કઈ અભાગી ક્ષણ હતી કે જે મનુષ્યને સ્પર્શીને નિકળી ગઈ, ફળસ્વરૂપે મનુષ્યે ભોગ ભાવનાની ઉપાસનાને પોતાના જીવનનું લક્ષ્ય નક્કી કરી લીધું.

મનુષ્યનું જીવનનું લક્ષ્ય ભોગની ગલીગુંચીઓમાં ભટકતા રહેવું હોય, એ કોઈપણ પ્રકારે વિશ્વાસ ન રાખી શકાય. અગર આવું જ રહ્યું હોત તો મનુષ્યનું સર્જન પણ એ જ પ્રકારે થયું હોત, કે જે રીતે અન્ય પશુઓનું. ન તો તેમાં બુધ્ધિ હોય છે કે ન તો વિવેક અને ન તો આધ્યાત્મિક જ્ઞાનનો વિકાસ. સંસારનું આ સર્વગુણ સંપન્ન પ્રાણી મનુષ્ય પણ અગર જીવજંતુઓની જેમ આહાર, વિહાર, નિંદ્રા, મૈથુનમાં રત રહીને જ જીવન પસાર કરતો અને મૃત્યુ પામી ચાલ્યો જતો હોત તો પછી મનુષ્ય તથા પ્રાણીઓ વચ્ચે અંતર જ શું રહી જાત?

પ્રાણીઓ વચ્ચે એકબીજાથી તેમના ગુણોની ભિન્નતાઓની પાછળ નિશ્ચિત જ કંઈક અર્થ અને કંઈક ઉદ્દેશ સમાયેલો છે. પરમાત્માની આ વિશાળ, વ્યાપક, નિયમિત તથા વ્યવસ્થિત સૃષ્ટિ કોઈ જાદૂગરનો ઉદ્દેશ્યહીન માત્ર ખેલ જ નથી અને ન તો એ રેતથી રમતા અબોધ બાળકની ક્રીડા છે કે જે માટીમાંથી વિવિધ પ્રકારના રમકડાં બનાવતો રહે છે અને કૌતૂહલવશ એમ જ તેને બગાડતો રહે છે. ગાય, બળદના માથા પર શિંગડા, વાઘ, સિંહને પંજો, હાથીને સુંઢ, સુવરને દાંત અને પક્ષીઓને પાંખો હોવાની પાછળ એક સાર્થક કારણ રહેતું હોય છે. આ એમ જ નિરર્થકની ઉપજ અને ભિન્નતા નથી. એ વાત બીજી છે કે આપણી જાડી બુધ્ધિ તેના સૂક્ષ્મ ઉદ્દેશ્યને પૂરેપૂરી રીતે સમજી શકવા સમર્થ બની શકી નથી.

મનુષ્યને વ્યવસ્થિત રીતે વિચારવાની ક્ષમતા, શુધ્ધ વાણી બોલવાનો તથા સમજવાનો ગુણ સામાજિકતા, પરસ્પર સંબંધો, સહકાર, સૌંદર્ય, સાહિત્ય, સહાનુભૂતિ, ચિકિત્સા, વાહન, મનોરંજન, ન્યાય, ઘર, વસ્ત્રો અને આજીવિકાની સગવડતા વગેરે જે ખાસિયતો-વિશેષતાઓ મળી છે અને અન્ય જીવજંતુઓને મળી નથી. ભગવાનની આ કૃપાનો એ અર્થ તો ક્યારે પણ ન હોયી શકે કે મનુષ્ય પોતાનું જીવન આ વિશેષતાઓ,

આ પુરસ્કારો અને ભેટોને એમ જ માટીમાં મેળવી અન્ય પશુઓની જેમ પોતાનું જીવન પસાર કરી, મૃત્યુને ભેટે. મનુષ્યનો જીવન ઉદ્દેશ્ય અવશ્ય જ અન્ય જીવજંતુઓથી ભિન્ન હોવો નિશ્ચિત જ છે.

મનુષ્યની જીવન પધ્ધતિની આ ભિન્નતા એક ઉચ્ચ ઉદ્દેશ્યવાળું જીવન, એક ઉચ્ચ અને સ્વચ્છ જીવન સિવાય બીજું કંઈપણ ન હોયી શકે. મનુષ્ય જીવનની પરિસ્થિતિઓને જોતા એ માનવું પડશે કે એ શરીરના સંકીર્ણ ઘેરાવામાંથી બહાર નિકળી વિશાળ વિભુ તરફ આગળ વધે. નિમ્ન કક્ષાએથી ઉપર ઉઠી અનંત તરફ ડગ માંડે. અગર સર્વગુણ સંપન્ન આ મનુષ્ય જીવન જેવી રીતે અલભ્ય પ્રસંગને પ્રાપ્ત કરીને પણ પોતાના આત્માની સંકીર્ણતાની ગંદકીમાંથી મુક્ત કરાવવાનો પ્રયત્ન ન કરે, તો એ જ માનવું પડશે કે આપણે આ પવિત્ર પ્રસાદનું ન તો યોગ્ય મુલ્યાંકન કર્યું છે અને ન તો પરમાત્માની કૃપાને સમજી છે. આ મનુષ્ય પોતાના શરીરને પશુઓ જેવું જીવન જીવી એ જ શ્રેણીનો સાબિત કરવાનો અનુચિત ગુનો કર્યો છે. આત્મકલ્યાણ, આત્મમુક્તિ અને આત્મવિસ્તારની પ્રગાઢતાથી મુક્ત રહી ન કેવળ આ જ એક અલભ્ય અવસર ગુમાવી દીધો છે, બલ્કે આગળ માટે પણ પોતાની પાત્રતાને નકામી સાબિત કરી દીધી છે અને ફરી લાખો કરોડો વર્ષો માટે ચોરાસી લાખ યોનિઓ સુધી કેદી બની રહેવાની ભૂમિ તૈયાર કરી દીધી છે.

અગર મનુષ્ય શારીરિક વાસનાઓની સાંકડી તથા અસાધ્ય ગલીઓમાંથી નિકળી થોડી ક્ષણો માટે પણ મનને મુક્ત કરી સંસારના વિસ્તાર તથા વ્યાપકતા પર દૃષ્ટિપાત કરે, તો પછી કોઈ કારણ જ રહેતું નથી કે આ અનાદિથી લઈ અનંત સુધી ફેલાયેલું આ ભુરું આકાશ, તેમાં ઝળહળી રહેલાં અસંખ્ય ગ્રહો, નક્ષત્રો, ચંદ્ર, સૂર્ય પોતાની દિવ્યતાથી આપણાં અનંત તથા વ્યાપક અભિયાનમાં સહાય રૂપ ન બને. કોઈ કારણ જ નથી કે તેમનું દર્શન, તેમના વિચારો થોડી ક્ષણો માટે પણ આપણાં હૃદયમાં વ્યાપકતાની અનુભૂતિ કરાવે નહીં અને આપણે તેની વચ્ચે પોતાની અંદર તેના જ જેવી મહાનતા તથા વ્યાપકતાનો અનુભવ ન કરવા લાગીએ. પરંતુ આ શું? આપણે તો ભોગોના રોગોથી ગ્રસ્ત બની પોતાની ચારે તરફ વાસનાઓ તથા એષણાઓની જેલ બનાવી પોતાની જાતને એક ઓરડી બંધ કરી કેદી બનાવી પડ્યા છીએ. આપણાંને

નવરાશ જ ક્યાં મળે છે કે આપણે સંકીર્ણતામાંથી બહાર નિકળી અપાર્થિવ વૈભવ, આ વિશાળ ઐશ્વર્ય સાથે તાદાત્મ્ય સાંધવાનો પ્રયત્ન કરીએ. ઈર્ષા, દ્વેષ, કામ, ક્રોધ અને મોહ વગેરે આત્મવિરોધીઓનો સંગ કરી આપણે પ્રગાઢ અંધકારમાં ભટકીને પોતાના આ મહાન લક્ષ્ય તરફ ઉદાસીન બની મનુષ્યમાંથી પશુ બની ગયા છીએ અને એક ક્ષણ માટે પણ વિચારવા માંગતા જ નથી કે મોકો હાથમાંથી સરકી રહ્યો છે અને આપણે અંતમાં પશ્ચાતાપની આગમાં સળગી મરવા માટે તત્પર બની ગયા છીએ.

દરરોજ સૂર્યોદયના સમયે એક નવા જ દિવસનો આરંભ થાય છે અને સૂર્યાસ્ત થતા સુધી તે સમાપ્ત થઈ જાય છે. આ રીતે દરરોજ પોતાની ઉંમરમાંથી ખૂબ જ કિંમતી દિવસ ઓછો થઈ જાય છે. આપણે એ ક્યારે પણ વિચારતા નથી કે આપણે જે દિવસે આ ધરતી પર જન્મ લીધો, એ દિવસથી જીવનના હ્રાસનો આરંભ થઈ ગયો. ખૂબ જ તીવ્રગતિએ, ક્ષણે ક્ષણે, શ્વાસો શ્વાસો સાથે અંત તરફ આગળ વધતા જઈ રહ્યાં છીએ. આપણી પાસે જે અંત તરફ જઈ રહ્યા છીએ તેનો અથવા અવસ્થાનો કોઈ જ આભાસ નથી. કોઈ મોટા ઉદ્દેશ્ય માટે મળેલો આ નાનકડો અવસર, આ ગણ્યો ગાંઠ્યો સમય એમ જ વ્યર્થમાં નાશ પામી રહ્યો છે અને આપણે તેને માટે કંઈપણ કરી રહ્યા નથી.

આપણે દરરોજ જન્મ, મૃત્યુ, વૃધ્ધાવસ્થા, નાશ, રોગ-શોક, આફત, વિનાશ, કાળ અને અકાળ મૃત્યુના વિચાર પ્રેરક તથા જગાડી દેનારા દૃશ્યો જોઈએ છીએ અને સાંભળીએ પણ છીએ, છતાં આપણાં પેટનું પાણી પણ હાલતું નથી. વિષય વાસનાઓએ, એષણાઓએ ભોગ તથા લાલસાએ આપણાંને એ હદ સુધી મોહગ્રસ્ત બનાવી દીધા છે કે આપણે વિચાર, વિવેક અને બુધ્ધિ રૂપે અંધ જ બની ગયા છીએ. સાંસારિકતાના પ્રમાદમાં એ હદ સુધી બેભાન બની ગયા છીએ, ડૂબી ગયા છીએ કે એકાદ ક્ષણ માટે એકાંતમાં બેસી વિચાર કરી શકતા નથી કે મને આ વિચિત્રતા સભર માનવ શરીર શા માટે મળ્યું છે? એનો ઉદ્દેશ્ય શું છે? હું કોણ છું? ક્યાંથી આવ્યો છું અને કયાં જઈ રહ્યો છું? મારે શું કરવું જોઈએ અને હું શું કરી રહ્યો છું? આ રીતે આપણે હંમેશા આત્મકલ્યાણકારી ભાવના, જિજ્ઞાસા અને ઉત્સુકતાના ચૈતન્યથી અજાણ્યા જ છીએ.

આપણે એક તણખલાંની જેમ ચૈતન્યહીન બની સમયના પ્રવાહ, વિકૃતિઓના વેગમાં સંસારની અબોધ પ્રથા-જન્મ લેવો, જીવવું અને મૃત્યુને ભેટવું વગેરેની સાથે વહી રહ્યા છીએ. ઈન્દ્રિયભોગ, પદાર્થપૂજા, અધિકાર, પુત્ર, સ્ત્રી, ધન, મકાન વગેરે અનિત્ય અને પરતંત્રતાજન્ય વસ્તુઓને લક્ષ્ય બનાવી દિવસ,રાત તેની પાછળ જ મરતા ખપતા જઈ રહ્યા છીએ. જ્યારે અંત સમય આવે છે ત્યારે આત્મા જાગી ઉઠે છે અને બુધ્ધિ પ્રશ્ન કરે છે, ત્યારે આપણે પોતાની ભૂલ સમજીએ છીએ અને તરફડવા લાગીએ છીએ. પરંતુ ત્યાં સુધી તો જીવનની હાટડી બંધ થવા લાગે છે અને આપણે એ બધાને જેમના તેમ યથાસ્થાને છોડી ખાલી હાથ મસળતા, કોઈ અજાણી દિશા તરફ ચાલી નિકળીએ છીએ. એ કંઈપણ ન તો આપણી સાથે આવે છે, કે ન તો તે કોઈ કામમાં આવે છે, જેનો આપણે દેવતાઓને દુર્લભ એવા મનુષ્ય જીવનનો નાશ કરી ખૂબ જ ઉત્સાહ સાથે સંચય કર્યો હતો. વિશાળ વૈભવ, અપાર અખૂટ ધનધાન્ય, પુત્ર, સ્ત્રી વગેરેનો સંચય તથા સંસારની તમામ પરિસ્થિતિઓ આપણી સમક્ષ યથાવત જળવાઈ રહે છે. જેને આપણે પોતાનું કહેતા હતા, જેને માટે આપણે જીવ આપતા હતા, તે કોઈ પણ કામમાં આવતા નથી, આપણે આપણી મોહમય ભૂલના પશ્ચાતાપની આગમાં ભડકે બળતા પરવશતાની પાંખો વડે બંધાઈ ઉડી જઈએ છીએ. એ સમયની આ વ્યાકુળતા, એ વ્યગ્રતા અને એ શોક-સંતાપ તેને યા તો તે જ સમજી શકશે જે મુક્ત ભોગી રહ્યો છે અથવા તે સમજી શકશે જે આજની એ જ ભૂલનું તારણ કાઢતા વિચારવા, સમજવાની જરૂરિયાત જ સમજતો નથી.

જીવન પ્રત્યે વિશ્વાસ તથા શ્રધ્ધા રાખવી સારી વાત છે. છતાં પણ આ જીવન કેટલું પણ લાંબું કેમ ન હોય અને વિશ્વાસુ કેમ ન હોય. જીવન લક્ષ્યની મહાનતાને જોતા અને આ સંસારની નશ્વરતાને સમજતા તે હંમેશા નાની અને વિશ્વાસપાત્ર નથી. તેની એક એક ક્ષણ કિંમતી છે. દરેક વહી ગયેલી ક્ષણની ક્ષતિ પૂરી કરી શકાતી નથી, કોઈ આવતી ક્ષણને વ્યર્થ વેડફી શકાતી નથી. લક્ષ્યની દિશામાં જ ઉપયોગ કરવામાં આવેલી ક્ષણ આપણાં માટે સાર્થક નિવડી શકે તથા સહયોગી પણ બની શકે છે. નહીં તો જીવનના પચાસ, સો વર્ષ તો શું હજાર અને લાખો લાખો વર્ષ પણ નિરર્થક અને બિન ઉપયોગી જ સાબિત થાય છે.

અજ્ઞાનના કારણે મનુષ્ય ભૌતિક સિધ્ધિઓને જ ઉન્નતિ, સફળતાનું પ્રતીક માની લે છે. પરંતુ મનુષ્ય શરીર, બળ, બુધ્ધિ, ધન, વૈભવ, યશ, ઐશ્વર્ય અથવા પદ પ્રતિષ્ઠા-નામના ક્ષેત્રમાં ભલેને તે હિમાલયની જેમ ઉંચો અને સાગરની જેમ ઉંડો જ બની જાય, પરંતુ જ્યાં સુધી તેનામાં આત્મસંપદાનો અભાવ છે, આધ્યાત્મિક શક્તિની આવશ્યકતા છે, ત્યાં સુધી તે નિર્ધન નીમ્ન કોટિનો જ માનવામાં આવશે. આત્મઉન્નતિ તથા આધ્યાત્મિક સિધ્ધિઓ જ એ વાસ્તવિક ઉન્નતિ અને વિકાસ છે, કે જેને પ્રાપ્ત કરી આ મનુષ્ય જીવ ધનધન્ય તથા સાર્થક બની જાય છે. ભૌતિક સંપદાનો ચળકાટ રણના એ મૃગજળથી વધુ કંઈપણ નથી, કે જે આકર્ષક તો ખૂબ જ હોય છે, પરંતુ તે ન તો આત્માની તૃષા તૃપ્ત કરી શકે છે અને ન તો હૃદયને સંતોષ આપી શકે છે.

આ વાત વિચારવી કે સમજવી ઘણી મોટી ભૂલ હશે કે મનુષ્ય જીવનમાં ભૌતિક પદાર્થોની કોઈ જ કિંમત યા મહત્ત્વ નથી. મનુષ્યનું શરીર પાર્થિવ છે, તેને ચલાવવા તથા સાચવી રાખવા માટે ભૌતિક પદાર્થોની હંમેશા જરૂરિયાત હોય છે. અનાજ, કપડાં, રહેવા માટે મકાન વગેરે જરૂરિયાતો પૂરી કરવા માટે જ જીવન ચલાવવું મુશ્કેલ થઈ પડશે. પરંતુ તેનું મહત્ત્વ કેવળ એ સીમા સુધી જ છે કે એ મનુષ્ય જીવનના ઉદ્દેશ્યની માત્ર પૂરક બની રહે છે, સ્વયં લક્ષ્ય ન બની જાય. શરીરનું રક્ષણ, જીવનની અગવડતાઓ દૂર કરવા ખાવા, પીવા, કમાવવા પાછળ જરૂરી સમય, મહેનત, લગાવ્યા બાદ જે શક્તિ તથા જે સમય બાકી બચ્યો છે તેને આત્માને પરમલક્ષ્ય સુધી લઈ જવામાં લગાવી દેવામાં જ બુધ્ધિમાની છે. ભૌતિકતાની સાથે પોતાનું સમગ્ર જીવન વેચી દેવાનો અર્થ એ જ હશે કે આપણે આપણાં ઉદ્દેશ્યની દિશામાંથી ભટકી ખોટા રસ્તા પર ચાલી નિકળ્યા છીએ. જે સાધન કે જે આપણું સાધ્ય બની ગયું છે. આવી સ્થિતિમાં તુરંત પોતાનો સુધાર કરી લેવો જ કલ્યાણકારી માની લેવામાં આવશે.

જે રીતે કોઈ ચિત્રકાર પોતાની રચના પરાકાષ્ટા સુધી ત્યારે જ પહોંચાડી શકે છે, જ્યારે તે પોતાના ચિત્રાંકનમાં કલા સૌંદર્યનો યોગ્ય સમન્વય કરી લે છે. કલા વિહીન સુંદર રચના અથવા કલાપૂર્ણ બેડોળ કદરૂપી રચના, બન્ને પોતાનામાં અપૂર્ણ અને અયોગ્ય હોવાથી કલાકારને

પોતાના પરાકાષ્ટાવાળા લક્ષ્ય સુધી પહોંચાડી શકતી નથી. એ જ રીતે ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો યોગ્ય સમન્વય જ મનુષ્યને તેના આત્મોકર્ષના લક્ષ્ય સુધી લઈ જાય છે. અગર કોઈ ભૌતિક જરૂરિયાતોની હંમેશા ઉપેક્ષા કરી, આધ્યાત્મિક ચિંતન અથવા સાધનામાં લાગી રહે તો જરૂરિયાતોની પીડાથી તેનું મન અસ્થિર જ બની રહે છે અને શરીર જવાબ આપી દેશે. જેનું ફળ મૃત્યુ સિવાય બીજું કંઈપણ ન હોયી શકે. તેના માટે આ પ્રકારની આધ્યાત્મિક સાધના મૃત્યુની જેમ પીડાદાયક બની જશે. એ જ રીતે અગર આધ્યાત્મિક સાધનાથી વિરક્ત રહી કેવળ ભૌતિક સુખોની જ સાધના કરવામાં આવતી રહે તો માનવીય લક્ષ્ય દૂરને દૂર થતો જાય છે. બન્નેનો યોગ્ય સમન્વય જ ઉદ્દેશ્ય પૂરો કરવાનું કારણ બની શકે છે, જેનું પ્રમાણ ઓછામાં ઓછું પચીસથી પંચોતેરનું જ હોવું જોઈએ. એનાથી ઓછા પ્રમાણમાં લક્ષ્યની પ્રાપ્તિ માટે જન્મોજન્માંતર સુધી પ્રયત્ન તથા પ્રતિક્ષા કરવી પડશે.

# येनाहं नामृतास्याम् किमहं तेन कुर्याम्

મહર્ષિ યાજ્ઞવલ્ક્ય પોતાની તમામ સંપત્તિ પોતાની બન્ને પત્નીઓને બરાબર વહેંચી ઘરનો ત્યાગ કરવા માટે તત્પર બની ગયા. પરંતુ મૈત્રયીને તેનાથી સંતોષ ન થયો. આખરે તે યાજ્ઞવલ્ક્ય ઋષિને પૂછી જ બેઠી ''ભગવાન! શું હું આ બધુ લઈને જીવન મુક્તિનો લાભ પ્રાપ્ત કરી શકીશ?'' ''શું હું મૃત્યુ પામીશ?'', ''આત્મસંતોષ પ્રાપ્ત કરી શકીશ?'' મહર્ષિએ પોતાના ચિંતનનો ક્રમ તોડતા કહ્યું-''ના એવું નહીં બની શકે. તમારું આજ સુધી જેવું સાધન સગવડતા સંપન્ન સુખી જીવન રહ્યું છે, એવું જ આગળ ઉપર પણ ચાલતું રહેશે, અન્ય સાંસારિક ગૃહસ્થી લોકોની જેમ જ તમે પણ પોતાની જીવન સુખમાં વિતાવી શકશો.''

આ જવાબથી મૈત્રયીનો અસંતોષ દૂર ન થયો અને તે બોલી **''येनाहं नामृतास्याम् किमहं तेन कुर्याम्'' (બૃહ૦૨.૪.૩)**

''તો પછી તમારે શું જોઈએ, મૈત્રયી?'' મહર્ષિએ પૂછ્યું. મૈત્રયીની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. એ દિવસે તેનું હૃદય લાગણીઓથી છલકાઈ ઉઠ્યું.

મૈત્રયીએ મહર્ષિના ચરણોમાં માથું ઝુકાવતા કહ્યું-

**असतो मा सद्गमय, तमसो मा ज्योतिर्गमय, मृत्योर्माऽमृतं गमय। (બૃહ૦ ૧.૩.૨૮)**

**आविरावीर्म एधि रुद्र यत्ते दक्षिणमुखं तेन मां पाहि नित्यम्॥ (૨ એ૦શાં૦)**

''હે પ્રભુ! મને અસત્યમાંથી સત્ય તરફ લઈ જાવ, અંધકારમાંથી પ્રકાશ તરફ, મૃત્યુમાંથી અમૃત્યુ તરફ ગતિ પ્રદાન કરો હે દેવ! હે પ્રકાશ! આપ ચિર પ્રકાશ બની મારા જીવનમાં પ્રકાશિત થઈ ઉઠો. રુદ્ર બની મારા સમસ્ત પાપરૂપી અંધકારનો નાશ કરી દો. આપના પ્રેમસ્વરૂપ, આનંદમય દર્શન આપી મને કૃતાર્થ કરો, જેની છાયામાં હું ચિરકાળ સુધી પરિત્રાણ (રક્ષણ) પ્રાપ્ત કરું.''

મૈત્રયીએ મહર્ષિના સાન્નિધ્યમાં સુખસમૃધ્ધિ ભર્યું, સંપન્નતાયુક્ત જીવન પસાર કર્યું હતું, પરંતુ તેના અંતરનો આ પ્રશ્ન અત્યાર સુધી અધૂરો જ રહ્યો. તેનું હજી સુધી સમાધાન થઈ શક્યું ન હતું.

આપણે આખું જીવન અખૂટ સંપત્તિ, ઐશ્વર્ય, વૈભવ એકત્ર કરતાં રહીએ છીએ. ઘર, ધન, અનેક પ્રકારની મોંઘીદાટ કિંમતી ચીજવસ્તુઓ

એકઠી કરીએ છીએ અને અંતરમાં સ્થિત મૈત્રયીને સોંપી દઈએ છીએ કે ''લે! આનાથી તને આનંદ થશે, તૂં ખૂશ થઈશ.'' આપણે અનેક પ્રકારની ચીજવસ્તુઓ એકઠી કરતા રહીએ છીએ, પરંતુ અંતરમાં બેઠેલી મૈત્રયી કહેતી જ રહે છે ''**येनाहं नामृतास्याम् किमहं तेन कुर्याम्**''. આ બધી જ સાધન સામગ્રીમાં જીવનના શાશ્વત પ્રશ્નોનું સમાધાન મળતું નથી અને આત્મા નિરંતર તરફડતો રહે છે. આ મહત્ત્વના તથ્યની પ્રાપ્તિ માટે જે તેને સત્ય, જ્યોર્તિમય અમૃતત્વની પ્રાપ્તિ કરાવી શકે, ચારે તરફથી તેને પરિત્રાણ અર્થાત રક્ષણ આપી આનંદમય બનાવી શકે.

મૈત્રયી એવું ઈચ્છતી હતી કે તેને એ પરમ તત્વનો સાક્ષાત્કાર થાય, એકાનુભૂતિ, નિત્ય દર્શન થાય, કે જે સત્ય, જ્યોતિર્મય સ્વરૂપ છે, જે તેના જીવનનો ચિરપ્રકાશ બને. રુદ્ર બની તેના સમસ્ત પાપોનો નાશ કરી દે અને તેને પરિત્રાણ અર્થાત્ રક્ષણ આપી નિર્ભય બનાવી દે.

મૈત્રયીએ પોતાના અનુભવોની કસોટી દ્વારા જાણી લીધું હતું કે આ સંસાર અને તેના સઘળા પદાર્થો, સંબંધ, સગપણ મરણશીલ છે. નાશવંત છે, તેનું મૃત્યુ અંધકાર તથા અસત્યમાં જ થાય છે. જીવને દૈહિક, દૈવિક, ભૌતિક પાપની પીડા હંમેશા અશાંત ભયભીત બનાવી રાખે છે.

મનુષ્ય અનેક પ્રકારની ચીજવસ્તુઓ, સાધનોનો સંગ્રહ કરે છે. ધન-સંપત્તિ એકઠી કરે છે. મોટા મોટા મહેલો બનાવે છે. શરીરને અનેક પ્રકારે સજાવે છે, સુશોભિત કરે છે. મનુષ્ય એને જ આધાર બનાવી રાતદિવસ લાગી રહેવાથી તેનામાં એક પ્રકારની આસક્તિ અને મમતા ઉત્પન્ન થઈ જાય છે. ધીરે ધીરે એ ટેવ એટલી તો પ્રગાઢ બની જાય છે કે મનુષ્ય આ જ સાધનોના, ચીજવસ્તુઓના સંબંધને સર્વસ્વ માની એનું જ અવલંબન લઈને ચાલવા લાગે છે. પરંતુ સંસારના નિયમ અનુસાર માટીના મહેલો ક્ષણભરમાં જ ગબડી પડે છે. પરિવર્તિત થતા રહે છે. સંસાર તથા તેના પદાર્થો બનતા બગડતા રહે છે. કોઈ પણ સ્થિર રહેતું નથી. મનુષ્યનું શરીર પણ વૃક્ષના પાંદડાની જેમ એક દિવસે ખરી પડે છે. એ પણ સ્થિર રહેતું નથી. જે કંઈ પણ દેખાય છે, એ બધુ જ તો અસત્ય છે, નાશવંત, અંધકારમય છે. મનુષ્ય એનું અવલંબન લઈ ક્ષણે ક્ષણે તેના વિયોગ, રૂપાંતર, પરિવર્તનની સાથે સાથે જ મૃત્યુનો અનુભવ કરે છે. જેને સત્ય માની લેવામાં આવ્યું હતું તે સ્વપ્નની જેમ અસત્ય સાબિત થાય છે. કુત્રિમ

પ્રકાશ ઓલવાઈ જવાથી અંધકાર સિવાય કંઈ પણ રહેતું નથી. એનાથી મનુષ્ય ક્ષણે ક્ષણે મૃત્યુના અસત્ય અને અંધકારમાં જ ભટકતો રહે છે. ભય, શંકા, ક્લેશ, પાપ તેને ક્ષણભર માટે પણ સ્થિર રહેવા દેતા નથી. આવર્તનશીલ શ્રમ ચાલતો જ રહે છે. એનો કોઈ જ અંત નથી.

એટલા માટે મૈત્રયીને આ બધી જ વસ્તુઓ, પદાર્થો, સંપત્તિ, સમૃધ્ધિથી પર કોઈ એવી વસ્તુની અભિલાષા હતી કે જે આ પ્રકારના મરણધર્મી, પ્રત્યાવર્તન, સ્વપ્નવત, અસત્ય, પરિણામમાં અંધકારથી હંમેશા મુક્ત હોય જેને પ્રાપ્ત કર્યા બાદ છોડાવાનો કે બદલવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત ન થાય. જે મૃત્યુથી અતીત, સત્ય, જ્યોતિર્મય, દિવ્ય સ્વરૂપ હોય. મૈત્રયી આવું અમૃતત્વ ઈચ્છતી હતી.

પરંતુ આપણે શક્તિ અને યુક્તિ દ્વારા સંસારના પદાર્થોમાં શોધીએ છીએ, તોલમાપ કરીએ છીએ. અનેક પ્રકારના સાધનો એકઠાં કરીએ છીએ. પરંતુ અંતઃકરણમાં બિરાજમાન મૈત્રયીને કહીએ છીએ- ''લો દેવી! આનો સ્વીકાર કરો અને સુખમય જીવન પસાર કરો.'' પરંતુ તે દરેક વખતે પોતાનો અસંતોષ પ્રગટ કરતી પૂછે છે કે શું આનાથી મને અમૃત્વની પ્રાપ્તિ થઈ શકશે.

''નહીં?'' તો પછી જે હું ઈચ્છું છું તે આ નથી.''**येनाहं नामृतास्याम् किमहं तेन कुर्याम्**'' જેના થકી મને અમૃતસ્વરૂપની પ્રાપ્તિ ન થાય તેને લઈને હું શું કરીશ? અને તે નિત્ય, નિરંતર અશ્રુમિશ્રિત નેત્રો વડે તથા વ્યાકુળ હૃદયથી પ્રાર્થના કરે છેઃ-

''**असतो मा सदगमय, तमसो मा ज्योतिर्गमय, मृत्यार्त्माऽमृतो गमय।**
**आविरावीर्मा एधि रुद्र यत्ते दक्षिण मुखं तेन मां पाहि नित्यम्**''॥

''હે ચિરંતન સત્ય! મારી અંદર તથા બહાર સર્વત્ર બિરાજમાન સત્ય! મને અસત્યની સીમામાંથી બહાર કાઢી પોતાના અસ્તિત્વમાં સમાવી લો. જગતના અસત્યના પડદાને હટાવી પોતાના સત્ય સ્વરૂપ મહેલમાં લઈ ચાલો. જ્યાં આપના સિવાય બીજું કંઈ પણ ન હોય.''

''**ज्योतिषां यद् ज्योति**'' સર્વલોકોમાં જ્યોતિઓથી પણ પર જ્યોતિ! કોટિ કોટિ સૂર્ય સમાન આપની પરમ જ્યોતિ વ્યાપ્ત છે. હે જ્યોતિર્મય! પોતાના પવિત્ર સ્પર્શથી મને પણ જ્યોતિર્મય બનાવી દો, જેનાથી અંધકારના સમસ્ત પરિવેષ્ટન (આવરણ)થી મુક્ત બની હું પણ

જ્યોતિર્મય બનું.''

''હે અમૃત રસ! પરમાનંદના ધામ! આપ જ સર્વત્ર અજર અમર અવિનાશી બની વ્યાપ્ત છો. આ જગત આપમાં જ પાલન, પોષણ, વિનાશ કરો કરો છે, પરંતુ આપ સદા સદા ગંભીર, સ્તબ્ધ, એકરસ બની રહો છો. આપનું કોઈ સ્વરૂપ, સીમા, ઉંમર નથી. પોતાના આ અમૃતસ્વરૂપમાં એકાકાર કરી મને પણ અમર્ત્ય બનાવો.''

''હે પ્રકાશ! મને પોતાના પ્રકાશથી જગમગ, જગમગ બનાવી દો. પોતાનાપણું, અહંકાર, રાગ, દ્વેષ, આસક્તિના સમસ્ત અંધકારનો ઉચ્છેદ કરી પૂર્ણ રૂપે પ્રકાશમય બનાવી દો.''

''હે રુદ્ર! પોતાના પ્રચંડ તાપથી મારા સમસ્ત પાપોને ભસ્મીભૂત કરી, જે આદિ પાપ હોય તેને પોતાના રુદ્રતાપથી નાશ કરી દો. ત્યારે આપના પ્રકાશનો નિર્વિકારી આત્મા મારામાં બાકી રહેશે. હે પ્રભુ! આપ આપના પ્રસન્ન, મધુર, આનંદમય દર્શન આપી મને કૃતાર્થ કરો. હે દેવ! ત્યારે હું આપનું નિવાસસ્થાન બની ચારે તરફથી પરિત્રાણ પ્રાપ્ત કરી શકીશ.''

અંતરમાં બિરાજમાન મૈત્રયી-અંતરાત્માની આ પ્રાર્થનાને એકાગ્રતા પૂર્વક સાંભળીએ. તેના અવાજમાં અવાજ મેળવી ગાઈએ. પ્રબળ જિજ્ઞાસા, ઉત્કૃષ્ટ ઈચ્છા, અશ્રુ મિશ્રિત નેત્રો વડે જ આપણી આ પ્રાર્થના કોઈ પણ પ્રકારની સોદાગીરી (વ્યાપાર) લેવડ દેવડ યા સંતાડીને રાખવાની વાત ન હોય. જગતની વચ્ચે વિચરણ કરતા આપણે એનો જ સ્વીકાર કરીએ જે આપણાં આત્માની ચિર ઈચ્છા પૂર્ણ કરે. તેને સત્ય, અમૃત-જ્યોતિ પ્રાપ્ત કરાવે. જે આપણાંને અમૃત્ર્ય પ્રદાન ન કરે, તેને છોડતી જાય.

''**येनाहं नामृतास्याम् किमहं तेन कुर्याम्**'' આ આપણો જીવન મંત્ર બની જાય.

## શરીરનું નહીં આત્માનું ધ્યાન રાખો

આ વાતનો જરા જેટલો પણ ઈન્કાર ન કરી શકાય કે માનવ જીવનમાં શરીરનું મહત્ત્વ ઓછું નથી. શરીરની મદદથી જ આ જીવનયાત્રા સંભવી શકે છે. આપણે શરીર દ્વારા જ ઉપાર્જન કરીએ છીએ અને તેના દ્વારા જ તમામ ક્રિયાઓ કરીએ છીએ. અગર મનુષ્યને શરીર જ ન મળ્યું હોત તો તે તત્વરૂપે કંઈપણ કરવા સમર્થ જ ન હોત.

અગર માનવ શરીરના આ મહત્ત્વને એકવાર ગૌણ પણ માની લેવામાં આવે, છતાં પણ શરીરનું આ મહત્ત્વ તો મુખ્ય જ છે, કારણ કે આત્મા તેમાં જ વસી રહ્યો છે. તેને પ્રાપ્ત કરવા કરવામાં આવતા તમામ પ્રયત્નો તેના દ્વારા જ કરવામાં આવે છે. તમામ આધ્યાત્મિક કર્મો કે જે આત્માને પ્રાપ્ત કરવા, તેનો વિકાસ કરવા અને બંધનોથી મુક્ત કરવા માટે જરૂરી હોય છે, તે શરીરની સહાયતાથી જ કરવામાં આવે છે. અર્થાત શરીરનું અસાધારણ મહત્ત્વ છે. તેના આ મહત્ત્વને નકારી ન શકાય. અર્થાત તેનાથી ઈન્કાર ન કરી શકાય.

શરીરનું મહત્ત્વ ખૂબ જ છે. છતાં પણ તેને જરૂરિયાત કરતા વધુ મહત્ત્વ આપી દેવામાં આવે છે, ત્યારે આ જ શરીર જે સંસારના બંધનોમાંથી મુક્ત થવામાં આપણાં એક મિત્રની જેમ મદદ કરે છે, એ આપણું શત્રુ બની જાય છે. વધુમાં વધુ શરીરની ચિંતા કરવાથી અને તેની ઈંદ્રિયોની સેવા કરતા રહેવાથી, શરીર અને તેના વિષયો સિવાય બીજું કંઈપણ યાદ ન રાખવાના કારણે એ આપણાંને ચારે તરફથી વિભોર બનાવી પોતાનો ગુલામ બનાવી દે છે અને દિવસરાત પોતાની સેવામાં જ તત્પર રાખવા માટે તેના દબાણમાં આવી જનારી વ્યક્તિ કમાવવા-ખાવા અને વિષય સુખને ભોગવવા સિવાય તેનાથી આગળની કોઈ વાત વિચારતી જ નથી. તેનું સમગ્ર ધ્યાન શરીર અને તેની જરૂરિયાતો પર જ કેન્દ્રિત થઈ જાય છે. એ શરીર તથા ઈંદ્રિયોની ગુલામીમાં બંધાઈ પોતાની સંપૂર્ણ શક્તિ, જેનો ઉપયોગ મહત્ત્વના કાર્યોમાં કરી શકાય ;જેને શરીરની સેવામાં જ સમાપ્ત કરી દેવામાં આવે છે. આ રીતે તેનું જીવન વ્યર્થ ચાલ્યું જાય છે, જેને માટે આ ખૂબ જ કિંમતી મનુષ્ય જીવન પ્રાપ્ત થયું છે. એટલા માટે મનુષ્યે આ વિષયમાં સંપૂર્ણ રીતે સાવધાન રહેવાની જરૂરિયાત છે, કે

શરીરનું કેટલું મહત્ત્વ છે અને પોતાની સેવા પ્રાપ્ત કરવાનો તેને કેટલો અધિકાર છે?

મનુષ્ય દ્વારા શરીરની સેવા સુધી મર્યાદિત બની જવાની ભૂલ લગભગ ત્યારે જ થાય છે, જ્યારે તે શરીરને જ સર્વસ્વ માની લે છે. સાચી વાત તો એ છે કે મનુષ્ય શરીર નહીં, આત્મા છે. શરીર તો માત્ર સાધના છે, સાધ્ય કેવળ આત્મા જ છે, એટલા માટે મુખ્ય મહત્ત્વ શરીરને નહીં, આત્માને જ આપવું જોઈએ. આત્મા સ્વામી છે અને શરીર સેવક. આ શરીરને જ આત્માની સેવામાં લગાવવું જોઈએ, નહીં કે આત્માને શરીરને આધિન કરી દેવું જોઈએ. જે આ નિયમ તથા શિસ્તનું ઉલ્લંઘન કરે છે, તેઓ આત્માના હિત-હાનિ કરવાની ભયાનક ભૂલ કરે છે, જે નિશ્ચિત રૂપે શોક, ખેદ અને પશ્ચાતાપનો વિષય છે.

શારીરિક સ્વાર્થનું મહત્ત્વ છે. પરંતુ એક સીમા સુધી. તે એટલી સીમા સુધી તો સ્વસ્થ, સશક્ત અને સક્ષમ બની રહે. તે અશક્યતા તથા ઓછી ઉંમરથી બચી રહે. આ જરૂરિયાત પૂરી કરવા માટે ઉપાર્જન કરવાની અને સુખ સગવડતા, મનોરંજન વગેરેની વ્યવસ્થા પણ છે. પરંતુ સાચો સ્વાર્થ આત્માનો જ છે. તેની જ ભરપાઈ કરવા અને તેનું જ હિત સાધવાને પ્રાધાન્ય આપવું જોઈએ. કારણ કે મનુષ્ય જીવનનો ઉદ્દેશ્ય આ જ છે. તેને માટે આ કૃપા પણ કરવામાં આવી છે.

શરીરની સેવામાં જરૂરિયાત કરતા વધુ લાગી રહેવાથી શરીર સ્થૂળ બની જાય છે. તેની જડતા પ્રબળ બની જાય છે, જરૂરિયાતો અંતિમ કક્ષા સુધી પહોંચી જાય છે અને ત્યારે મનુષ્ય લોભ, મોહ, મદ, મત્સર વગેરે આવા વિકારોથી ગ્રસ્ત બની જાય છે. જેને સ્પષ્ટ રૂપે આત્માના શત્રુ માનવામાં આવેલા છે. આ વિકાર પોતાનું અસ્તિત્વ પ્રાપ્ત કરી મનુષ્ય જીવનને પતન તરફ જ પ્રેરિત કરે છે અને એનું એવું કરવું પણ સ્વભાવિક જ છે. મનુષ્યને પતન તરફ લઈ જવો વિકારોનો સ્વભાવિક ધર્મ છે. એટલા માટે તેને દોષ ન આપી શકાય. વાસ્તવમાં દોષી તો છે એ મનુષ્ય, કે જે એનાથી પોતાના બચાવની વ્યવસ્થા કરતો નથી. વિંછીનો ગુણ છે ડંખ મારવો. અગર તે કોઈને ડંખ મારે તો તેને માટે વિંછીને દોષ ન આપી શકાય. દોષ તો એ વ્યક્તિનો જ છે, કે જેણે પોતાની આળસના કારણે આ કપટી જીવને પીડા પહોંચાડવાની તક આપી છે. એક માત્ર

શરીરની સેવામાં લાગી રહેવાથી વિકાર જન્મ લેશે, ફૂલશે ફાલશે અને પોતાનું અસ્તિત્વ પ્રાપ્ત કરી પોતાના ગુણ અનુસાર મનુષ્યને પતન તરફ ખેંચશે. અર્થાત પોતાના બચાવ માટે મનુષ્યે આ પ્રાધાન્ય શરીરને નહીં આત્માને આપવું જોઈએ અને એનું હિત સાધવા લાગી રહી એનું જ કલ્યાણ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

જે બુધ્ધિશાળી મનુષ્ય શરીરને અપેક્ષિત અધિકાર આપી બાકીનો સમય અને રુચિ કે જે આત્માનો સ્વાર્થ છે, તેને એની સેવા કરવામાં લગાવે છે, તે મનુષ્ય આ લોકમાં સુખ તથા પરલોકમાં શ્રેયનો અધિકારી બને છે. જ્યાં શરીરની સેવા મનુષ્યને પતનના ગર્તમાં ધકેલી રોગ, શોક, સંતાપ, પશ્ચાતાપ વગેરેની પીડા પહોંચાડી ભવબંધનોમાં લપેટતી જાય છે, ત્યાં આત્માની સેવાથી મનુષ્ય અલૌકિક સુખ, આનંદ, ઉમંગ વગેરે સાથે મોક્ષ અને મુક્તિનું ઈનામ પ્રાપ્ત કરે છે. જેથી શરીરની ઉપેક્ષા કોઈપણ પ્રકારે ન કરો. કમાવ, ખાવો, પીવો, કુટુંબકબીલો વસાવો, સુખ, સંપત્તિના અધિકારી બનો, પરંતુ તેમાં એ હદ સુધી ડુબી ન જાવ કે તેના સિવાય બીજું કંઈપણ દેખાય જ નહીં. શરીર તથા સંસારમાં એટલો જ સમય, શ્રમ અને એકાગ્રતા લગાડવા જોઈએ કે જેટલા આવશ્યક છે અને જેનાથી જીવનનું ગાડું સગવડતા પ્રમાણે ગબડતું રહે. બાકીનો બધો જ સમય, શ્રમ તથા એકાગ્રતા આત્માનું હિત સાધવા લગાવવા જોઈએ, જેનાથી સ્વાર્થની સાથે પરમાર્થ અને લોકની સાથે પરલોક પણ સુધરતો જાય. તેમાં જ જીવનની સાર્થકતા છે.

આત્મિક કલ્યાણ જરૂરી હોવાની સાથે સાથે તે થોડું મુશ્કેલ પણ છે. મુશ્કેલ એટલા માટે કે મનુષ્ય લગભગ જન્મોજન્મના સંસ્કારો પોતાની સાથે લાવે છે. આ સંસ્કારો લગભગ ભૌતિક અથવા શારીરિક જ હોય છે. તેનો પુરાવો એ છે કે જ્યારે મનુષ્યનું દેહાભિમાન નાશ પામી જાય છે ત્યારે તે મુક્ત બની જાય છે. ત્યારે તેને શરીર ધારણ કરવાની લાચારી રહેતી નથી. કારણ કે તમામ મનુષ્યોની અભિવ્યક્તિ શરીરમાં થયેલી છે, એટલા માટે તે સિધ્ધ થાય છે, કે તેમાં અત્યારે પણ શારીરિક સંસ્કારો જળવાઈ રહ્યાં છે. પહેલાંના સંસ્કારો પર વિજય મેળવી તેને આધુનિક વળાંક આપી દેવો યા એમ કહેવામાં આવે કે શારીરિક સંસ્કારોની આત્મિક સંસ્કારો સાથે અદલા બદલી કરી લેવી સરળ હોતી નથી.

સંસ્કારો ખૂબ જ બળવાન અને શક્તિશાળી હોય છે. આ શારીરિક સંસ્કારોને બદલવાનો સરળ ઉપાય એ છે કે જે રીતે સાંસારિક અને શારીરિક જરૂરિયાતોની ચિંતા કરવામાં આવે છે, બરાબર એ જ રીતે આત્મકલ્યાણની ચિંતા કરવામાં આવે. જે રીતે સાંસારિક સફળતાઓ માટે ચોક્કસ તથા વ્યવસ્થિત કાર્યક્રમ બનાવી પ્રયત્ન તથા મહેનત કરવામાં આવે છે. બરાબર એ જ રીતે એકાગ્રતા પૂર્વક આધ્યાત્મિક કાર્યક્રમ બનાવી અને તેને પ્રયત્નપૂર્વક પૂરો કરવામાં આવતો રહે. અગર મનુષ્ય આ રીતે પોતાની વિચારસરણીની સાથે સાથે મહેનત કરવાની રીત પણ બદલી નાખે, તો ચોક્કસ જ તેના સંસ્કારો પરિવર્તિત થઈ જશે અને એ શરીર તરફથી વળીને આત્મા તરફ ચાલી નિકળશે.

સંસ્કારો બદલવાનો પ્રયત્ન કરવાની સાથે સાથે એ પણ જોતા રહેવું જરૂરી છે કે સંસ્કારોમાં અપેક્ષા પ્રમાણે પરિવર્તન થઈ રહ્યું છે કે નહીં. તેની ઓળખ એ છે કે જ્યારે આપ જૂઓ કે આત્મકલ્યાણના કાર્યક્રમોની સફળતા માટે એવી જ ચિંતા રહે છે ખરી, કે જેવી ઘરના કામકાજમાં અને આર્થિક યોજનાઓને સફળ બનાવવામાં રહેતી હોય છે. ત્યારે આપ સમજી લો કે સંસ્કારોમાં પરિવર્તનનો આરંભ થઈ ગયો છે. અગર ભૌતિક સફળતાની ચિંતાની જેમ આધ્યાત્મિક સફળતાની ચિંતા થતી નથી તો સમજી લેવું જોઈએ કે એ દિશામાં યોગ્ય પ્રગતિ પણ થઈ રહી નથી. આપ જે કંઈ પણ આધ્યાત્મિક પ્રયત્ન કરી રહ્યા છો, એ બધા જ આમ જ નકામા અથવા મનને આનંદ પહોંચાડવા માટે કરી રહ્યાં છો. તેમાં આપની પૂરેપૂરી માનસિક એકાગ્રતા નથી અને આપે જવાબદારીઓ રૂપે એ પ્રયત્નોનું મૂલ્યાંકન કર્યું નથી.

સંસ્કારોમાં પરિવર્તન લાવવા માટે આ પ્રકારના હળવા દેખાવટી પ્રયત્નો કરવાથી કામ ચાલશે નહીં, આ કર્ત્તવ્યને જીવન લક્ષ્યની જવાબદારીની ભાવનાથી નિભાવવું પડશે. ઘણાં બધા લોકો આવેશમાં આવી જઈ જુસ્સાની સાથે સંસ્કારોને બદલી નાખવા એકદમ લાગી પડે છે. આ પ્રકારના અવાસ્તવિક પ્રયત્નો પણ ઈચ્છિત સફળતા પ્રાપ્ત કરવા કૃતકૃત નહીં બને. જુવાળની જેમ ઉઠેલો કોઈ પણ જુસ્સો થોડાક જ દિવસમાં ઠંડો પડી જાય છે. સંસ્કારોમાં ઈચ્છિત પરિવર્તન લાવવા માટે સાત્વિક નિષ્ઠાની સાથે આધ્યાત્મિક કાર્યક્રમ અપનાવી અને તેને

જવાબદારીઓની સાથે પૂરો કરવો પડશે. અગર જો પ્રગતિ ઓછી પણ થાય, પરંતુ ગતિમાં જો દૃઢતા હોય, તો કોઈ ચિંતાની વાત નથી. ક્યારે ને ક્યારે એ કામ પૂરું થઈ જ જશે. પરંતુ પ્રગતિના પગલાં અગર લાંબા પહોળા દેખાય અને ગતિમાં દૃઢતા નથી, તો નિશ્ચય જ તુરંત થાક ઘેરી વળશે અને ઉદાસીનતા ગતિહીન બની જવા માટે વિવશ બનાવી દેશે. સંસ્કારોમાં પરિવર્તન લાવવાની યોજના ત્યારે જ સફળ થાય છે, કે જ્યારે સ્થિતિ અનુસાર વ્યવહારિક કાર્યક્રમ બનાવવામાં આવે અને તેને દૃઢતાપૂર્વક એક એક ડગ આગળ વધારવામાં આવે. આવું કરવાથી જ સંસ્કારોમાં પરિવર્તન લાવવું સંભવ છે, નહીં તો નહીં. જે દિવસે આપને સાંસારિક કાર્યોની અપેક્ષાએ તેમાંથી વધુ આનંદ અને ઉત્સાહનો અનુભવ થવા લાગે અને શરીરની અપેક્ષાએ આત્માની ચિંતા વધુ રહેવા લાગે તો સમજવું જોઈએ કે સંસ્કારો બદલી ગયા છે અને હવે તુરંતમાં મારી જીવન નૌકા ભવસાગરના તે તટ તરફ ચાલી નિકળી છે, જેની પર કલ્યાણના પુષ્પોથી વનસ્પતિના છોડ લહેરાઈ રહ્યા છે.

મનુષ્ય શરીર નહીં આત્મા છે. તે શરીરની અપેક્ષાએ આત્માને વધુ મહત્ત્વ આપે. આત્માનો સ્વાર્થ જ સાચો સ્વાર્થ છે. જેને પરમાર્થના નામથી ઓળખવામાં આવે છે. પરમાર્થના પથ પર અગ્રેસર બનવા માટે જરૂરી છે કે શારીરિક સંસ્કારોની જગ્યાએ આત્મિક સંસ્કારોની સ્થાપના કરવામાં આવે. તેને માટે આધ્યાત્મિક કાર્યક્રમો નક્કી કરી તેની સફળતા માટે ચિંતા પૂર્વક એ જ રીતે પ્રયત્ન કરવો પડશે, જે રીતે કપડાંની ખાવાપીવાની અને કુટુંબકબીલાની ચિંતા કરવામાં આવે છે.

મનુષ્ય જીવનનું લક્ષ્ય છે-આત્માનુંકલ્યાણ. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે જરૂરી છે શરીરના બદલે આત્માને પ્રાધાન્ય આપવામાં આવે. આ ક્રિયા વિચારો બદલી નાખવાથી ખૂબ જ સરળતાથી પૂરી થઈ શકે. આપણે મનુષ્ય છીએ, શરીર જ સર્વસ્વ છે. એની સેવા કરવી આપણું કર્તવ્ય છે, આપણી ફરજ છે. આ રીતે દૈહિક વિચારોની જગ્યાએ આ વિચારોને સ્થાપવા પડશે-કે ''હું આત્મા છું.'' શરીર તો માત્ર સાધન છે. આત્માનું કલ્યાણ કરવું જ મારો મુખ્ય ધર્મ છે, જેનો નિભાવ કોઈપણ કિંમતે કરવાનો જ છે. આ રીતે મનુષ્ય શારીરિક ગુલામીમાંથી બચી આત્માની સેવામાં સમર્પિત થઈ જશે. જેના માટે તેને આ પશ્ચાતાપ કરવાની

કોઈ તક જ નહીં રહે કે -''હાય મેં અજ્ઞાનને વશ થઈ અમર આત્માની ઉપેક્ષા કરી દીધી અને મારું સમગ્ર જીવન એ શરીરની સેવા કરવામાં લગાવી દીધું, કે જે નશ્વર છે અને જેની ગુલામી પતનકારક વિકાર આપવા સિવાય બીજું કંઈપણ આપી શકતી નથી.''

## તમે અમર છો, અમરત્વને ઓળખો

બાળક પિતાના કુળ, ગુણ, શક્તિ અને સામર્થ્યની અનુરૂપ જ પોતાના જીવનના ઘડતરનો આરંભ કરે છે. તેના સ્વાભિમાન, રહેણી કરણી, ખાવા પીવા, પહેરવેશ પર મોટા ભાગનો પ્રભાવ તો તેના પિતાના વ્યક્તિત્વનો હોય છે. ધનવાન પિતાનો પુત્ર સુંદર કપડાં પહેરે છે, સારું ખાવાનું ખાય છે, હરવા ફરવામાં અને મુસાફરી કરવામાં તેનો ઠાઠમાઠ અન્ય લોકોથી તદ્દન ભિન્ન હોય છે. જેવું બાપ કરે છે, તેનું જ અનુકરણ લગભગ તેનો છોકરો કરતો રહે છે.

ભિખારીના છોકરાની સ્થિતિ ભિખારી જેવી હોય છે, ફાટેલા તૂટેલા કપડાં, વેરવિખેર વાળ, ફીકું શરીર બધુ જ ભિખારી જેવું. તેનાથી વધુ ઠાઠમાઠ સાથે જીવન પસાર કરવું ભિખારીનું બાળક શું જાણે કે જેણે પોતાના જીવનમાં ન તો સારું ખાધું છે, ન તો સારા કપડાં પહેર્યા છે અને ન તો તેના નસીબમાં રહેવા માટે આલીશાન મકાન છે. મોટા ભાગની વ્યક્તિઓને શીલ, ગુણ અને આચરણ પિતાની સંપતિ રૂપે મળતા રહે છે.

મનુષ્યને આ ઉત્તરાધિકાર પણ બરાબર એ જ રીતે સાંપડ્યો છે. પરમાત્માનો પુત્ર હોવાના નાતે તેને એ સંપૂર્ણ ખજાનો મળ્યો છે, જેનાથી તે સાંસારિક જીવનને અત્યંત સુખમાં અને ઠાઠમાઠ સાથે પસાર કરી શકે છે. પરમાત્મામાં જે ગુણ અને શક્તિઓ સમાયેલી છે, બરાબર એવા ગુણ-શક્તિ મનુષ્યમાં-આત્મામાં સમાયેલા છે. એવો કોઈ અધિકાર જ બાકી બચ્યો નથી કે જે ઈશ્વરે પોતાના યુવરાજને આપ્યો ન હોય. તે પોતાના વહાલા બાળકને નિરાશ્રિત, નિર્બળ, હતાશ કેવી રીતે જોઈ શકે. તેણે પોતાના બાળક-મનુષ્યને પોતાની સંપૂર્ણ શક્તિઓ દાન કરી દીધી છે. જેથી તે આ સંસારમાં ઉમંગ આનંદ ભર્યું જીવન જીવી શકે. સ્વયં તે સુખ ભોગવી આવનારાઓને પણ એવો જ વારસો સોંપી જઈ શકે.

આત્મદર્શી ઋષિઓની કલમ આત્માનું મહત્ત્વ દર્શાવતા થાકી ગઈ પરંતુ એ કથા પૂરી ન થઈ શકી. શક્તિઓની સીમાને **नेति नेति** કહી અવાજ કરવો પડ્યો, કારણ કે તેઓ આ વર્ણન પણ ક્યાં સુધી કરતા

રહે. ૧૦૦ વર્ષના જીવનમાં તેઓ આ જ હજાર, બે હજાર પુસ્તકોમાં આત્માનું મહત્ત્વ લખી નાખતા, એનાથી વધુ બીજું તેમનાથી થઈ પણ શું શકતું? અનંત શક્તિ સંપન્ન આત્માના ગુણગાન પણ ક્યાં સુધી ગાવામાં આવતા રહે.

પરંતુ આજના મનુષ્યની દીનહીન સ્થિતિ જોઈ લાગે છે કે શાસ્ત્રકારો અતિશ્યોક્તિ કરી ગયા છે. કંઈનું કંઈ લખી ગયા છે. પરમાત્મા વૈભવથી સંપૂર્ણ રીતે સંપન્ન છે, પરંતુ મનુષ્ય પાસે પેટ ભરવા અને સુખથી રહેવાના સાધનો પણ નથી. પરમાત્મા વિશ્વદૃષ્ટા છે, પરંતુ મનુષ્ય પોતાની જાતને જાણતો નથી. પરમાત્મા અસીમ શક્તિશાળી છે, પરંતુ મનુષ્યને નાના નાના કામો માટે પણ બીજાઓના મોંઢા સામે તાકવું પડે છે. કોઈપણ ગુણમાં તો તેનો અને પરમાત્માનો મેળ જ ખાતો નથી, પછી વિશ્વાસ જ કેવી રીતે કરી શકાય કે મનુષ્ય પરમાત્માનો પુત્ર છે, અમરતત્વનો વારસદાર યુવરાજ છે.

ખરેખર આપની શક્તિ અપાર છે, આપના ગુણો અનંત છે, આપની ક્ષમતા અસીમ છે, પરંતુ આ બધુ પરમાત્માના વારસદાર રૂપે. પરમાત્મા સમગ્ર વિશ્વના પાલનહાર, સર્વેના રક્ષણહાર, સૌનું ભરણપોષણ કરનારા છે. એટલા માટે તેને પણ સાવચેતી રાખવી પડે છે કે તે પોતાની શક્તિઓ યોગ્ય હાથોમાં સોંપી તેને શ્રેષ્ઠ કાર્યોમાં પ્રયુક્ત થતી જૂએ. જ્યારે તેને પોતાના વારસદાર રૂપે મનુષ્ય જોવા મળે છે ત્યારે તે પોતાની તિજોરીની ચાવી પણ તેને સોંપી દે છે. અયોગ્ય લોકોને તે પોતાની શક્તિઓ આપી તેનો દુરુપયોગ થતો કેવી રીતે જોઈ શકે? વારસો તો કોઈ સારી વ્યક્તિને જ આપવામાં આવે છે.

એક જ બાપના અનેક બાળકો હોય છે. કોઈ કપટી, તો કોઈ ચોર, તો કોઈ લબાડ, તો કોઈ જુઠ્ઠો, એમાંથી કોઈ નમ્રસ્વભાવવાળો, ગુણવાન, ચારિત્રવાન અને આજ્ઞાંકિત પણ હોય છે. બાપ ખૂબ જ સાવચેતી સાથે સૌની દેખભાળ કરતો રહે છે અને જેને તે યોગ્ય સમજે છે તેને કુટુંબનો ભાર સોંપી દેવામાં, બધુ જ ધન, બધીજ સંપત્તિ આપી દેવામાં આનંદનો અનુભવ કરે છે. જે તેના ઠાઠમાઠ, ઐશ્વર્ય અને વંશ પરંપરાથી દૂર હટી કુકર્મો આચરે છે, તેને તે આપતો નથી, ઉલટાનું તેણે દંડ અને દુ:ખ ભોગવવું પડે છે.

સામાન્ય મનુષ્યોની જ્યારે આ સ્થિતિ હોય છે, ત્યારે પરમાત્માને વધારે સાવચેતી રાખવી જરૂરી છે, કારણ કે તેના કામનો વિસ્તાર ખૂબ જ વિશાળ છે. સમગ્ર સંસારમાં એના જ બાળકો વિચરણ કરી રહ્યાં છે.

સામાન્ય મનુષ્યનો છોકરો જ્યારે પોતાના પિતાની સંપત્તિનું સ્વામીત્વ પ્રાપ્ત કરે છે, ત્યારે તેને આનંદનું કોઈ ઠેકાણું રહેતું નથી. તે સૌની સામે અક્કડ રુઆબભેર ઠાઠમાઠથી ચાલે છે. ન તો તેને કોઈનો ભય હોય છે અને ન તો કોઈ પ્રકારનો અભાવ. તો પછી જેને પરમાત્માનો વારસો મળી જાય તેના આનંદ, નિર્ભયતા, વૈભવ તથા ઐશ્વર્યનું તો કહેવું જ શું. તે જો ઈચ્છે તો જગત સમક્ષ અમળાઈ, અક્કડ બની ચાલી શકે છે. તેને ભય અને અભાવ તો હોયી જ ન શકે.

મનુષ્ય સ્વાભાવિક રૂપે ઉર્ધ્વગામી છે. આ દૃષ્ટિએ તેની ઉપર નિયંત્રણ રાખવું જરૂરી પણ હતું. પરંતુ ઈશ્વર ન્યાય કરનાર પણ છે. તેણે આત્મકલ્યાણનો માર્ગ કોઈને માટે બંધ રાખ્યો નથી. એ સાધનો સૌને એક જ સરખા મળ્યા છે, જેના માધ્યમ દ્વારા મનુષ્ય પોતાના લૌકિક તથા પરલૌકિક બન્ને પ્રકારના ઉદ્દેશ્યો પૂરા કરી લે.

હવા, પાણી, પ્રકાશ, વરસાદ વગેરેનો ઉપયોગ સૌ એકસરખી રીતે કરે છે. મગજ, કાન, નાક, મોઢું, જીભ, ઉત્સર્ગતંત્ર વગેરે સાધનો પણ લગભગ સૌને એક જ સરખા પ્રાપ્ત થયા છે. એના દ્વારા મનુષ્ય અગર ઈચ્છે તો આત્માનો વિકાસ કરી શકે તેમ હતો, પરંતુ તેણે કર્યો ક્યાં? બધુ જ જોવા છતાં પણ મનુષ્ય અજાણ જ બની રહ્યો. ઘટનાઓ અનેકવાર ઘટી, ઘટતી રહે છે. પરંતુ તેણે ક્યારે પણ વિચાર કરવાની ઈચ્છા જ ન કરી. આ જ કારણે તે પોતાની વર્તમાન સ્થિતિમાંથી ઉપર ઉઠી પણ ન શક્યો.

લોકો કહેતા રહે છે કે જીવ જ્યારે માતાના ગર્ભમાં કેદી જેવી સ્થિતિમાં પડ્યો રહે છે. ત્યારે તે પરમાત્માને અનેક પ્રકારે વિનંતી કરતો રહે છે. તે ઈચ્છતો હોય છે કે જન્મ મરણના આ ફંદામાંથી જેટલી જલદી છુટકારો મળે, બંધન મુક્તિ મળે એટલું જ સારું છે. એટલા માટે તે જાતજાતની ભાતભાતની પ્રાર્થના કરે છે, પરંતુ જન્મ ધારણ કર્યા પછી આ સંસારની હવા લાગતા જ એ બધુ જ ભૂલી જાય છે અને પછી તે પેટ પ્રજનન પરાયણ જીવન જીવવામાં લાગી જાય છે.

લોકોની ભૂલ એ છે કે તેઓ પોતાની જાતને ઈશ્વરના પુત્ર હોવાનો સ્વીકાર કરવા જ માંગતા નથી. વિજ્ઞાનની મદદ લઈ લોકો પ્રત્યક્ષવાદ (દૃશ્ય)ની દુહાઈ દે છે. પરંતુ આ ખુલ્લો સંસાર ઓછો અદૃશ્ય છે, જન્મ મરણની ઘટનાઓ ઓછી અદૃશ્ય છે? જન્મ યુવાની, વૃધ્ધાવસ્થા પ્રાપ્ત કરવાની તથા તેને ગુમાવી દેવાની પ્રક્રિયા શું કોઈને વિચાર પ્રદાન કરી શકતી નથી?

મનુષ્ય ઈશ્વરનો પુત્ર હોવાના નાતે અમર્યાદિત આધ્યાત્મિક શક્તિઓ અને દૈવી સંપદાનો સ્વામી બની શકે છે. પરંતુ તે પોતાને આ સ્થિતિ ધરાવતો માને છે જ ક્યારે? પોતાની આ ઉદ્દંડતાના કારણે તે મનુષ્યમાંથી પશુ બની કુકર્મો આચરે છે. તે પોતાના સ્વાર્થ માટે બીજાઓના અધિકારો છીનવી લે છે. પોતાનું પેટ ઠાંસી ઠાંસી ભરી લે, બીજાઓ ભલેને ભૂખથી મૃત્યુ પામે, પોતાનું ઘર ભરાઈ જાય, બીજાઓ ભલેને કાંણી કોડી માટે તરફડતા રહે. એટલું જ નહીં તે પોતાનાથી ખરાબ પરિસ્થિતિ ધરાવતા લોકોને પિશાચ જેવી પીડા પહોંચાડે છે, બીજાઓનું લોહી પીવે છે અને અટ્ટહાસ્ય વેરે છે. આવા ક્રુર છોકરાને પરમાત્મા પોતાની શક્તિ કેવી રીતે આપે. તેને તો દંડ જ મળવો જોઈએ અને મળે છે પણ ખરો.

મનુષ્ય સ્વાર્થ તથા સંકુચિત મનોવૃત્તિઓથી ઘેરાઈ રહેલો હોવા છતાં તે પરમાત્માનો ઉત્તરાધિકારી કેવી રીતે બની શકે? એણે તો એ કરવું જોઈતું હતું કે તે પૈતૃક ગુણોને આધાર માની ચાલતો રહે અને પોતાના ઈશ્વરનો પુત્ર હોવાનો સ્વીકાર કરી ઈશ્વરના આદેશોનું પાલન કરતો રહે. ઈશ્વર શક્તિનું સ્ત્રોત છે, મનુષ્ય તેની સાથે સંબંધ સ્થાપે, તો તેનું જીવન શક્તિ સંપન્ન બની જતું અને પરમાત્માના ગુણો તેમાં પણ દૃષ્ટિગોચર થતા.

આપણું શાશ્વત સ્વરૂપ પાછળ રહી ગયું છે અને આપણે પોતાની જાતને મનુષ્યનું શરીર માની બેઠા છીએ. એટલા માટે શારીરિક સુખો સુધી જ મર્યાદિત છીએ. શરીરમાં ઇંદ્રિયોના સુખ સમાયેલા છે, જેથી મનુષ્ય દરેક ક્ષણે તેને જ ભોગવવા ઈચ્છા કરતો રહે છે. સુખની આ ઈચ્છામાં તે પોતાના વિજ્ઞાનમય સ્વરૂપને ભૂલી જાય છે. જ્યાં સુધી શરીર રૂપી સાધન પોતાની પ્રૌઢ સ્થિતિમાં રહે છે, ત્યાં સુધી ભોગોની આશામાં

પડ્યો રહે છે અને એ દરમ્યાન પોતાની નિષ્ફળતાનો દોષનો ટોપલો બીજાના માથે ઢોળવાનું શીખી લે છે અને આ રીતે તે સંતોષ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. પરંતુ શાશ્વત નિયમો ક્યારે પણ બદલાતા નથી. સમય પર વૃધ્ધાવસ્થા આવવાની જ હતી, શરીર પણ નિર્બળ પડવાનું જ હતું, મૃત્યુને આવવાનું જ હતું, એ સમયે ન કોઈ બીજાને દોષ આપવાનું સંભવી શકે છે, ન તો કંઈ કરી શકાય છે. તે દુઃખની સ્થિતિમાં, અજ્ઞાનતાની સ્થિતિમાં મૃત્યુ પામે છે અને વારંવાર આ ચક્કરમાં ફસાઈ દુઃખ ભોગવતો રહે છે.

પરમાત્માની સૃષ્ટિમાં સર્વત્ર સુખને સુખ જ છે. દુઃખ જેવી સ્થિતિનું ક્યાંય પણ નામ જ નથી. પરંતુ સમગ્ર ઝગડાનું મૂળ આ છે કે લોકો પોતાના વાસ્તવિક સ્વરૂપને ઓળખવાનું ઈચ્છતા જ નથી. છોકરો પોતાના ધનાઢ્ય બાપથી છૂટો પડી જાય છે અને તે પોતાને નિર્ધન જેવી સ્થિતિ પડેલો અનુભવ કરે છે. તેનું શરીર પ્રાણ અને મન બધુ જ વેરવિખેર છે, કારણ કે તે જાણતો જ નથી કે તેનો બાપ કેટલો વ્યવસ્થિત, કેટલો વિકસિત અને કેટલો વિરાટ છે. મનુષ્ય પોતાના અમર સ્વરૂપને ઓળખી લે તો આ ગુણો તેનામાં પણ તુરંત દૃષ્ટિગોચર થવા લાગે.

દુધાળુ ગાયને વાછડી પણ હોય છે. મીઠા આંબાની કલમ વડે ઉત્પન્ન કરવામાં આવેલી કેરી પણ એ જ ગુણ ધરાવતી હોય છે. સંતરાના છોડ પર લીંબુનું ફળ લાગતું નથી. પોતાના અમર સ્વરૂપમાં ઈશ્વરીય ગુણો ઓતપ્રોત છે, પરંતુ તેની મહાનતા અજ્ઞાનતાના અંધકારમાં છુપાયેલી છે. મનુષ્ય પોતાનો પિતા પરમાત્માના ગુણો, ઐશ્વર્ય અને વૈભવ અનુરૂપ પોતાનો જીવન ક્રમ બનાવે છે, ત્યારે તેની શક્તિઓ છુપાયેલી રહેતી નથી અને તે પણ પોતાને પિતા સમાન જ સત્-ચિત્ અને આનંદ સ્વરૂપ જ જૂએ છે.

પોતાની જાતને લોહી, માંસ, હાડકાં, મજ્જા, મેદ વગેરેથી બનેલું ક્ષુદ્ર શરીર ન માનો. આપ આત્મા છો. આ સચ્ચાઈને સારી રીતે સમજી લો. આત્મા પોતાના અમરત્વને ઓળખવા માટે જ અવતરિત થયો છે. તેણે આ ઉદ્દેશ્ય તો પૂરો કરવો જ જોઈએ. અમરત્વનો આનંદ લૂંટવો જ જોઈએ. આ ઉદ્દેશ માટે તે અગ્રેસર બને તો ખરેખર તેને અલભ્ય તક પ્રાપ્ત કરવી પણ સાર્થક બની જાય.

## મન પાસેથી છીનવી આત્માને પ્રાધાન્ય આપો

સામાન્ય રીતે મનુષ્ય બાહ્ય વાતાવરણમાં જે જૂએ છે, સાંભળે છે અને સમજે છે, એ યથાર્થ જ્ઞાન હોતું નથી. પરંતુ ભ્રમવશ તેને યથાર્થ જ્ઞાન માની લે છે. આ અવાસ્તવિક જ્ઞાનને જ જ્ઞાન સમજી અને તેની અનુસાર જ કામ કરવાના કારણે જ તે પોતાના મૂળ ઉદ્દેશ્ય સુખ, શાંતિની દિશામાં અગ્રેસર ન બનતા વિપરીત દિશામાં ચાલી નિકળે છે.

યથાર્થ જ્ઞાનનો અનુભવી મનુષ્યનો અંતરાત્મા જ છે. શુધ્ધ, બુધ્ધ અને સ્વયં ચૈતન્ય હોવાથી તેને અજ્ઞાનનો અંધકાર ક્યારે પણ વ્યાપી શકતો નથી. પરમાત્માનો એક અંશ હોવાથી એની જ જેમ સત્, ચિત્ત અને આનંદમય છે. જે રીતે પરમાત્માની સમીપ અસત્યની ઉપસ્થિતિ અસંભવ છે. એ જ રીતે તેના અંશ આત્માથી પણ અસત્યનો પ્રવેશ સંભવ નથી.

મનુષ્યના અંતરાત્મા જે કંઈ જૂએ છે, સાંભળે છે અને સમજે છે, એ જ સત્ય છે, એ જ યથાર્થ જ્ઞાન છે. અંતરાત્મા દ્વારા નિયંત્રિત મનુષ્ય જ સત્યના દર્શનની તથા યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ થઈ ગયા પછી મનુષ્યનો તમામ શોક, સંતાપ અને દુ:ખ, દ્વન્દ્વનું આપોઆપ સમાધાન થઈ જાય છે. જ્યાં પ્રકાશનું અસ્તિત્વ હશે ત્યાં અંધકાર અને જ્યાં જ્ઞાનનું અસ્તિત્વ હશે, ત્યાં દુ:ખ રહી જ ન શકે. પ્રકાશનો અભાવ જ અંધકાર છે. જ્ઞાનની અનુપસ્થિતિ જ દુ:ખ છે. દુ:ખનું પોતાનું કોઈ મૌલિક અસ્તિત્વ જ નથી.

અંતરાત્માની વાત સાંભળવી અને માનવી જ તેનું અનુશાસન છે. શંકા ઉદ્‌ભવી શકે કે શું મનુષ્યનો આત્મા બોલે છે પણ ખરો? હા મનુષ્યનો અંતરાત્મા બોલે છે. પરંતુ તેની વાણી સ્થૂળ અવાજ વાળી હોતી નથી. તે સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ હોય છે. જેને બાહ્ય તથા સ્થૂળ કાનથી સાંભળી શકાતી નથી. મનુષ્યનો અંતરાત્મા બોલે છે, પરંતુ તે મૌન વિચાર સ્ફૂરણની ભાષામાં, જેને મનુષ્ય પોતાની કોલાહોલ વાળી માનસિક સ્થિતિમાં સાંભળી શકતો નથી. અંતરાત્માની વાણી સાંભળવા માટે એ જરૂરી છે કે મનુષ્યનો માનસિક કોલાહોલ બંધ થાય.

અંતરાત્માનું સાન્નિધ્ય મનુષ્યને તેનો અવાજ સાંભળવા યોગ્ય બનાવી દે છે. આમ તો મનુષ્યનો અંતરાત્મા તેમાં હંમેશા ઓતપ્રોત રહેલો હોય છે. પરંતુ તે ત્યાં સુધી તેનું સાચું સાન્નિધ્ય મેળવી શકતો નથી કે જ્યાં સુધી તે તેનો પરિચય મેળવતો નથી, તેને જાણી લેતો નથી. પરિચય હીન નિકટતા એક અંતર જ હોય છે. ગાડીની મુસાફરીમાં ખભાથી ખભા મેળવી બેઠેલા બે માણસો અપરિચિત હોવાના કારણે નજીકમાં હોવા છતાં પણ એકબીજાથી દૂર જ હોય છે. અજાણ્યા માણસની વાત છોડી દો, આખું જીવન એકબીજા પાસે રહેવા છતાં પણ આંતરિક પરિચયના અભાવે એકબીજાથી દૂર જ રહે છે. તેઓ ક્યારે પણ એકબીજાને યોગ્ય રીતે સમજી શકતા નથી.

અંતરાત્માને ઓળખવાનો એક જ ઉપાય છે, કે તેના વિષયમાં હંમેશા જિજ્ઞાસુ તથા જાગૃત રહેવામાં આવે. જે જેના વિષયમાં જેટલો વધુ જિજ્ઞાસુ અને જાગૃત રહે છે, તે તેના વિષયમાં એટલી જ ઉંડી શોધ કરી લે છે અને તે એક દિવસે નિશ્ચિત જ તેને મેળવી લે છે. પોતાના આત્માના સંબંધમાં વધુમાં વધુ જિજ્ઞાસુ તથા જાગૃત રહો. આપ આપના આત્માથી પરિચિત થશો, વાણી સાંભળશો, સાચું માર્ગદર્શન મેળવી લેશો તો અજ્ઞાનથી મુક્ત થશો અને જીવનમાં વાસ્તવિક સુખશાંતિના અધિકારી બનશો.

અગર મનુષ્ય કોઈ કામ કરે છે, તો તે વધુ તો પોતાના અંતઃકરણની પ્રેરણાથી જ કરે છે. પરંતુ તે અંતઃપ્રેરણા અંતરાત્માની હોતી નથી. એ હોય છે મનની, કે જે સ્વાભાવિક રૂપે પતન પંથગામી હોય છે. મનુષ્ય માટે ચંચળ, નિરંકુશ અને ઉચ્છૃંખલ મન યાતનાઓનું મહામૂળ છે. તે ઇંદ્રિયો દ્વારા કાર્ય રૂપે સ્ફૂરી મનુષ્યને અંધકાર તરફ ખેંચી જાય છે.

જ્યાં સુધી મનુષ્ય ઉચ્છૃંખલ મનની પ્રેરણાની ગતિશીલ બનતો રહે છે, તેના અવાજનું અનુસરણ કરતો રહે છે, ત્યાં સુધી તે નિરંતર એવા માર્ગ પર જ ચાલતો રહે છે કે જેની ઉપર દુઃખ દ્વન્દ્વો અને શોકસંતાપના કાંટાળા ઝાડી ઝાંખર ઉગેલા રહેતા હોય છે. સાચી વાત એ છે કે મનુષ્ય પોતાના અંતરાત્માનો અવાજ એ જ મનના કોલાહોલના કારણે સાંભળી શકતો નથી. જ્યાં સુધી મનનો સ્વભાવ ઉછળકૂદ કરવાનો

અને શોર મચાવાનો હોય છે. ત્યાં મનુષ્યનો અંતરાત્મા શાંત અને સ્થિર હોય છે. ન તો તે મનની જેમ કોલાહલ મચાવી શકે છે, કે ન તો તે ઉછળકૂદ કરી શકે છે. પોતાની આ ચપળતાના કારણે જ મન મનુષ્યના અંતરાત્મા આગળ ચાલતું રહે છે અને તેને જાતજાતની અનઈચ્છનીય પ્રેરણાઓ આપતું રહે છે. મન અવાજમાં પ્રબળતા અને નિર્દેશમાં શાસનનો ભાવ રાખી તુરંત જ પોતાને અનુકૂળ હોય એ રીતે પ્રભાવિત કરી લે છે અને તેને હઠપૂર્વક પોતાનો આજ્ઞાપાલક બનાવી લે છે. જ્યારે શુધ્ધ અને શાંત આત્મા ક્યારે પણ મનુષ્ય માટે કોઈપણ વાતનો હઠાગ્રહ કરતો નથી.

અંતરાત્માના જિજ્ઞાસુએ એ કરવું જોઈએ કે તે મનના કોલાહલ તરફ કાન બંધ કરી અંતરાત્માનો અવાજ સાંભળવાનો અભ્યાસ કરે. જે દિવસે તે અંતરાત્માનો નિર્દેશ સાંભળવાનો અને તેનું પાલન કરવાનો પ્રયત્ન કરશે, તો તે એ દિવસે વાસ્તવિક સુખશાંતિનો અધિકારી બની જશે. મનુષ્યના કાન જિજ્ઞાસાની પ્રબળતાથી એ તન્મયતાને સરળતાથી સિધ્ધ કરી શકે છે, જે અંતરાત્માના અવાજને સાંભળવામાં સફળતા પૂર્વક સહાયક થઈ શકે. આત્મા જ મનુષ્યનો સાચો મિત્ર છે. તે હંમેશા મનુષ્યને સત્યના માર્ગ પર ચાલવા અને કુમાર્ગથી સાવધાન રહેવાની ચેતવણી આપતો રહે છે, પરંતુ એ વાતનો ખેદ છે, કે મનુષ્ય મનના કોલાહલમાં ખોવાઈ જઈ તેનો અવાજ સાંભળી શકતો નથી. જો મનુષ્ય વાસ્તવમાં તેનો અવાજ સાંભળવા ઈચ્છે તો તે ધ્યાન આપવાથી એ રીતે સાંભળી શકે છે, જે રીતે એક નાનકડું બાળક ઘણાં બધા અવાજો વચ્ચે પણ પોતાની માતાનો અવાજ સાંભળી ઓળખી લે છે.

અંતરાત્મા મનુષ્યનો મિત્ર છે. એ હંમેશા તેનું હિત ઈચ્છતો રહે છે, છતાં પણ તે તેની સમક્ષ ઉપસ્થિત કેમ થતો નથી, છુપાયેલો કેમ રહે છે? આ પ્રશ્ન કોઈપણ વ્યક્તિના મગજમાં ઉદ્‌ભવી શકે છે. તેનો સીધો જ જવાબ એ જ છે કે આત્મા હંમેશા, નિરંતર સામે જ રહેતો હોય છે. પરંતુ એ મનુષ્યની જ દૃષ્ટિનો દોષ છે કે તે તેને જોઈ જ શકતો નથી. સૂર્ય હંમેશા નજર સામે જ દેખાતો હોય છે. હવે તેની તથા નજરની વચ્ચે કોઈ અવરોધ ઉત્પન્ન થાય તો સૂર્ય તેના માટે છુપાયેલો જ છે અર્થાત અદૃશ્ય જ છે. મનુષ્ય તથા તેના આત્માની વચ્ચે મનના પ્રાધાન્યનો પડદો પડેલો છે, જેના કારણે પ્રત્યક્ષ આત્મા પણ મનુષ્ય માટે અદૃશ્ય જ રહે છે. અગર

જો મનુષ્ય મનના પ્રાધાન્યની ઉપેક્ષા કરી શકે તો નિશ્ચય જ તેનો અંતરાત્મા તેને માટે પ્રકાશ જેમ પ્રત્યક્ષ જ દેખાવા લાગશે.

મનને પ્રાધાન્ય આપનાર મનુષ્ય હંમેશા જ પોતાના આત્માથી વંચિત જ રહે છે અને તેને મળવા માટે તાલાવેલી હોવા છતાં પણ પ્રાપ્ત કરી શકતો નથી. મનને પ્રાધાન્ય આપનાર તેના નિર્દેશ તથા સંકેત દ્વારા જ સંચાલિત રહેતો હોય છે. ઘણીબધીવાર ઘણાં બધા મનીષી લોકો પોતાના મનને સાધના દ્વારા શુધ્ધ તથા પ્રબુધ્ધ પણ બનાવી લે છે. પરંતુ ત્યાં સુધી પણ એ શુધ્ધ અને પ્રબુધ્ધ મન વિશ્વાસ પાત્ર માની ન શકાય, કે જ્યાં સુધી તેનું અસ્તિત્વ આત્મામાં વિલીન બની જતું નથી. ઘણીવાર તો સંસ્કારી અને સુશિક્ષિત થઈને મન એથી પણ વધુ પ્રબળ બની જાય છે. તેનું અસ્તિત્વ એટલું બધુ વધી જાય છે કે તે આત્માને નિયંત્રિત કરવાનો માત્ર પ્રયત્ન જ કરતું નથી, બલ્કે તે પોતાને મનુષ્યનો અંતરાત્મા જ જાહેર કરવા લાગે છે. પરંતુ આત્મા પ્રત્યે ઉત્સુક મનીષી લોકો તેની આ ચાલાકીને સારી રીતે જાણે છે અને ક્યારે પણ તેના છળમાં ફસાતા નથી.

મન જેટલું વધુ પ્રબળ અને પ્રબુધ્ધ હોય છે, એટલા જ પ્રમાણમાં તે વધુ હઠાગ્રહી બની જાય છે. તે જે કંઈપણ જૂએ છે, સાંભળે છે, અનુભવ કરે છે તથા સ્વીકાર કરે છે, તેને જ સત્ય માની લે છે અને હઠપૂર્વક એ વાતનો પ્રયત્ન કરતું રહે છે કે જે વાતનો તેણે સ્વીકાર કર્યો છે. મનુષ્ય પણ તેને સત્ય માને તથા તેનો જેમને તેમ સ્વીકાર કરી લે. પોતાના આપેક્ષિક જ્ઞાનને પણ હઠાગ્રહી મન સત્ય સાબિત કરવા માટે એવા એવા શક્તિશાળી તર્કોની શોધ કરી લે છે કે જેને સાંભળી મનુષ્ય ભ્રમમાં પડી જાય છે અને તેનો સ્વીકાર કરી લે છે. પરંતુ વાસ્તવિકતા એ હોય છે કે મન દ્વારા અનુભવેલું જ્ઞાન ક્યારે પણ સત્ય બની શકતું નથી. મનનું અસ્તિત્વ ભૌતિક છે, સાંસારિક છે. અર્થાત તેનો અનુભવ કરવામાં આવેલ જડજન્ય જ્ઞાન સત્ય બની શકતું નથી. મનની પ્રેરણાદાયક પ્રબળતાથી બચવા માટે એક જ ઉપાય છે, કે કોઈપણ સ્થિતિમાં તેની ઉપર વિશ્વાસ કરવામાં ન આવે અને પ્રાધાન્ય મન પાસેથી છીનવી અંતરાત્માને આપી દેવામાં આવે. પ્રાધાન્યના અભાવે તેનો હઠાગ્રહ ઓછો થઈ જશે અને મનુષ્યના આત્માનું અમૃત્વ પ્રગટવા લાગશે.

મનુષ્યનું મન ત્યાં સુધી વિશ્વાસુ બની શકતું નથી કે જ્યાં સુધી જન્મોજન્મના સંસ્કારોના મળનું તેની ઉપરથી સંપૂર્ણ રીતે ધોવાણ થઈ જતું નથી. નિર્મળ બની ગયા પછી મનની વિહ્વળતા નાશ પામી જાય છે અને તે શાંત તથા સ્થિર બની જાય છે. મનને સ્તબ્ધતાની સ્થિતિમાં અંતરાત્માનો અવાજ એવો જ સંભળાવા લાગે છે કે જેવી રીતે વરસાદની ગર્જના બંધ જઈ જતા બપૈયાનો અવાજ સંભળાવા લાગે છે. મનુષ્યના મનના કુસંસ્કારો દૂર કરવા ત્યારે જ સંભવ છે, કે જ્યારે તેના પ્રાધાન્યનો નાશ કરી દેવામાં આવે અને આત્માને પ્રાધાન્ય આપી તેના પ્રત્યે વધુમાં વધુ જાગૃત, સાવધાન તથા ઉત્સુક બનવામાં આવે.

સ્તબ્ધ થઈ ગયા પછી મનનું પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ રહેતું નથી. કક્ષા અનુસાર યા તો તે આત્માને વશ થઈ જાય છે અથવા સમુદ્રના બિંદુ અને પ્રકાશમાં અંધકારની જેમ સમાઈ જાય છે. મન સ્તબ્ધ થઈ જવાનું સૌથી મોટું લક્ષણ એ છે કે મનુષ્યના અંતઃકરણની પ્રેરણાઓમાં કોઈ દ્વન્દ્વ, કોઈ વિરોધ અથવા કોઈ સંકલ્પ વિકલ્પ રહેતો નથી. તેના હૃદયમાં કેવળ એક જ નિર્દ્વન્દ્વ, નિર્વઘ્ન, નિર્વિરોધ અને નિશ્ચિત વિચારો ઉઠે છે અને તેને ક્રિયાત્મક સ્વરૂપ આપવા મનુષ્યના મગજમાં કંઈક અશુભ બનવાની કોઈ શંકા જ રહેતી નથી.

મનુષ્યના વૈચારિક દ્વન્દ્વનું કારણ એ જ હોય છે કે અંતરાત્મા અને મનમાં વિરોધી શક્તિ જળવાઈ રહે છે. નિશ્ચિય જ સ્વાભાવિક વિરોધ હોવાથી પોતાના ગુણધર્મ અનુસાર મનુષ્યને ખોટા રસ્તા પર ચાલવા પ્રેરિત કરશે અને આત્મા અવશ્ય તેનો વિરોધ કરશે. આત્મા મનુષ્યને સાચા માર્ગ પર ચાલવા માટે કહેશે, મન તેમાં તર્કવિતર્ક કરશે. કરવામાં આવે કે ન કરવામાં આવતું આ વિરોધી દ્વન્દ્વ આત્મા સાથે મનનું અસ્તિત્વ જાળવી રાખવાના કારણે જ ઉત્પન્ન થાય છે.

જ્યાં સુધી મનુષ્ય પોતાના આત્મા દ્વારા નિયંત્રિત થઈ શકતો નથી, ત્યાં સુધી આત્મા તરફથી નિષેધાત્મક નિર્દેશ ચાલતો રહે છે. જ્યાં સુધી કોઈપણ સંકલ્પનો નિષેધ થતો રહે, ત્યાં સુધી સમજવું જોઈએ કે અત્યારે મનનું કંઈને કંઈ સ્વતંત્ર અસ્તિત્વ જળવાઈ રહ્યું છે અને તે મને ખોટા રસ્તા પર ચાલવાનો પ્રયત્ન કરી રહ્યું છે, કે જેનો આત્મા વિરોધી કરી રહ્યો છે. વિરોધ તો મન પણ કરે છે, પરંતુ મનના એ વિરોધનો

પણ એક તરફથી વિરોધ થતો રહે છે, જે આત્મા તરફથી થતો હોય છે. જેની તરફ થોડું ધ્યાન આપવાથી તેનો અનુભવ કરી શકાય છે.

આત્મા અમર છે, શાશ્વત છે, સત્ય છે. એટલા માટે તેનો નાશ થઈ શકતો નથી અને ન તો તેની સ્થિતિ બદલાઈ શકે છે. મન ભૌતિક છે, અનક્ષર છે, તેને મારવું અથવા આત્માને વશ થઈ તેમાં જ પોતાનું વિસર્જન કરવું પડશે. આત્માનો અવાજ સાંભળવા અને તેનો સાક્ષાત્કાર કરવા માટે મનુષ્ય મનના પ્રાધાન્યને છીનવી આત્માને આપે. આત્મા પ્રત્યે જાગૃત, સાવધાન, ઉત્સુક બની પોતાનું ભવિષ્ય બનાવશે તથા શાશ્વત સુખનો અધિકારી બનશે.

# મનુષ્ય અને તેની મહાન શક્તિ

પરમાણુ શક્તિના સંબંધમાં આધુનિક વિજ્ઞાનીઓનું કહેવું છે કે જ્યારે તેની સંપૂર્ણ જાણકારી મનુષ્યને મળી જશે ત્યારે ગ્રહો, નક્ષત્રો વચ્ચેનું અંતર એટલુ બધુ તો ઘટી જશે કે જાણે પૃથ્વી પરનું એક ગામ, પરંતુ તેની જાણકારીનો અધિષ્ઠાતા મનુષ્ય જ છે. અર્થાત તેની શક્તિનું અનુમાન લગાવવું અસંભવ છે. મનુષ્યમાં એ તમામ શક્તિઓ વિદ્યમાન છે, કે જેનાથી આ સૃષ્ટિનો વિનાશ પણ થઈ શકે અને સર્જનનું કામ પણ એટલું બધુ થઈ શકે કે તેનું એક નાનકડું સ્વરૂપ આ રમણીય ધરતીને જ જોઈ શકો છો.

મનુષ્ય વિધાતાની રચનાનું એક સર્વશ્રેષ્ઠ ચમત્કારી પ્રાણી છે. અવ્યવસ્થિત ધરતીનો સુવ્યવસ્થિત આકાર આપવાનો યશ તેને જ મળેલો છે. જ્ઞાન, વિજ્ઞાન, ભાષા, લિપિ, સ્વર વગેરે જે વિશેષતાઓ તેને પ્રાપ્ત થયેલી છે, નિ:શંક તેનાથી તેની શ્રેષ્ઠતા જ સાબિત થાય છે. મનુષ્ય આ સંસારનું સંપૂર્ણ સંપન્ન પ્રાણી છે, મહર્ષિ વ્યાસે એના સંબંધમાં પોતાનો મત વ્યક્ત કરતા લખ્યું છે:-

**''गुह्यं ब्रह्म तदिदं ब्रवीमि-**
**नहि मानुषात् श्रेष्ठतरं हि किंचित्॥''**

હું આપને ખૂબ જ ભેદની વાત બતાવી રહ્યો છું, કે મનુષ્યથી ચઢિયાતુ આ સંસારમાં બીજું કંઈપણ નથી. એ સર્વશક્તિ સંપન્ન છે. જ્યાં ઈચ્છે ત્યાં ઉથલપાથલ મચાવી દે, મારામારી કાપાકાપી મચાવી દે. મનમાં જો આવે તો શાંતિ અને સુવ્યવસ્થા સ્થાપી દે. કોઈ પણ કામ એવું નથી કે જે મનુષ્યની શક્તિની, સામર્થ્યની બહાય હોય. ધન, પદ, પ્રતિષ્ઠા, યશ, સન્માન વગેરે કોઈપણ વૈભવ એવો નથી કે જેને તે પ્રાપ્ત કરી શકતો નથી.

ભગવાન રામ તથા ભગવાન કૃષ્ણ પણ મનુષ્ય જ હતા, પરંતુ તેઓએ પોતાની શક્તિઓનો ઉત્કર્ષ કર્યો, તો તેઓ નરમાંથી નારાયણ બની વિશ્વમાં પૂજાવા લાગ્યા. મનુષ્ય પોતાના પૌરુષત્વથી વિદ્યા, બુધ્ધિ અને બળથી વૈભવ પ્રાપ્ત કરી શકે છે. દેવત્વની ઉચ્ચ શ્રેણીમાં બિરાજમાન થઈ શકે છે, એ ભગવાન બની શકે છે. આ સંસારમાં એની શક્તિથી પર

કંઈ પણ નથી. શાસ્ત્રકારોનું કથન છે કે ''**यद्ब्रह्मांडे तत्पिण्डे**'' અર્થાત આ જગતમાં જે કંઈપણ દેખાય છે એ બધુ જ બીજ રૂપે મનુષ્યના શરીરમાં-પિંડમાં વિદ્યમાન છે.

મનુષ્ય દીન-હીન અને ગરીબ ત્યાં સુધી છે, કે જ્યાં સુધી તે પોતાને ઓળખતો નથી. જ્યાં સુધી તુલસીદાસ નિકૃષ્ટ જીવન વ્યતીત કરતા રહ્યા ત્યાં સુધી તેઓ શોક, સંતાપમાં ડૂબેલા રહ્યા, કોઈએ તેમને ઓળખ્યા પણ નહીં, તેઓ બિચારા અહીં તહીં માર્યા માર્યા ભટકતા રહ્યા. પરંતુ જેવી જ તેમની આંતરિક શક્તિઓ પ્રકાશિત થઈ, એવા જ તુલસીદાસ અમૃતપુત્ર બની ગયા, જનજનની વાણીમાં સમાઈ ગયા, સંત બની ગયા, મહાત્મા બની ગયા. વાલ્મીકિ, અંગુલિમાલ વગેરેની કથાઓ તો સર્વવિદિત છે. બિલ્વમંગલ સૂરદાસના નામથી પ્રસિધ્ધ થયા, તેના મૂળમાં મનુષ્યના અંતઃકરણનો વિકાસ જ સમાયેલો છે. દરેક મનુષ્યમાં એ શક્તિઓ, એ સામર્થ્ય છે, અંતર કેવળ એટલું જ છે કે તે લૌકિક કામનાઓથી ઘેરાયેલો છે. મનુષ્ય ક્યારે પણ પરલૌકિક સંભાવનાઓના વિચાર સુધ્ધા કરતો નથી. આ કારણે જે તે નાનો, તુચ્છ, નિકૃષ્ટ છે.

મનુષ્ય પોતાના પ્રભાવથી ચૈતન્ય વિહીન પ્રાણીઓને પણ નવજીવન બક્ષવાની શક્તિ ધરાવે છે. તેણે દેશ, સમાજ તથા વિશ્વ સુધ્ધા બદલી નાખ્યું. મનુષ્ય સામાજિક જીવનનો ઘડવૈયો છે, તેનાથી રાષ્ટ્રને બળ મળે છે. માનવીય શક્તિની એક જ ચિનગારીથી યુગનું પરિવર્તન થયેલું છે, થઈ રહ્યું છે અને આ કામ આગળ ઉપર પણ યુગો યુગો સુધી ચાલતું રહેશે. એ જે બાજૂ ચાલે છે, દિશાઓ ચાલવા લાગે છે, રોકાય છે તો સમગ્ર સંસાર, તે નિષ્પ્રાણ જેવો બની જાય છે. મનુષ્ય જ સંસારની ગતિ, જીવન અને પ્રાણ છે. એ ન હોત તો આ સમગ્ર સૃષ્ટિ ખાડાખૈયા, વેરવિખેર જડવત્ પડી હોત. એ જ આ ધરતી પર પ્રાણ વિખેરે છે અને વિભિન્ન પ્રકારનો ખેલ રચે છે.

વૈજ્ઞાનિક શોધખોળો અને ઔદ્યોગિક સંસ્થાઓ તરફ દૃષ્ટિ કરવાથી તેની શ્રેષ્ઠતાની વાત વધુ મજબૂત બની જાય છે. ત્યારે એવું લાગે છે કે તે ઈચ્છે ત્યારે અણુ હથિયારોનો ઉપયોગ કરી સમગ્ર ધરતીનો કચ્ચરઘાણ કાઢી નાખે અને એ પણ સંભવ છે કે તે બીજી શક્તિનો ઉપયોગ રચનાત્મક કાર્યોમાં કરવા લાગશે ત્યારે સ્વર્ગની તમામ કિંમતી

ચીજવસ્તુઓ અહીં જ પ્રાપ્ત કરવામાં કોઈ પણ મુશ્કેલી નહીં નડે. મનુષ્યની અંદર જ ભગવાનનું તેજ, સૃષ્ટિનું સત્વ, સિધ્ધિઓનું સ્ત્રોત, જોઈ તેને ઈશ્વરનો લાડકવાયો કહેવાનું મન થાય છે. એવું લાગે છે કે આ ગુણોના કારણે સૃષ્ટિના બીજા પ્રાણીઓ શારીરિક શક્તિઓથી બળવાન હોવા છતાં પણ તેને માથું ઝુકાવે છે.

આટલું બધુ હોવા છતાં પણ મનુષ્યની દીનહીન કંગાળ સ્થિતિ જોઈ એકાએક તેની શક્તિઓ પર વિશ્વાસ બેસતો નથી. તેનું એક જ કારણ છે કે લોકો સુખ મેળવવાના સાધનો એકત્ર કરવામાં ભટકી જાય છે અને પોતાની શક્તિઓથી વંચિત થઈ જાય છે. સુખ શાંતિ અને શક્તિનું મૂળ છે મનુષ્યનો આત્મા. જ્યાં સુધી તે આત્મસાક્ષાત્કાર કરી લેતો નથી, ત્યાં સુધી તેની શક્તિ એવી જ પડી રહે છે કે જેવી રીતે ઘરમાં અપાર સોનું દટાયેલું પડ્યું હોય, પરંતુ તે કયા સ્થળે, કેટલી ઉંડાઈએ દટાયેલું પડ્યું છે, તેનું તેને જ્ઞાન નથી. આ જ્ઞાનના અભાવે એ સોનાની સ્થિતિ એવી જ છે, જેવી આત્માની. આત્મા જ સિધ્ધિઓનો જનક છે. એ જ બ્રહ્મ તાદાત્મનું કારણ અને માધ્યમ છે. તેને ઓળખ્યા વગેરે મનુષ્ય શક્તિશાળી બની શકતો નથી. તેને માટે મનુષ્યે સાધના, સ્વાધ્યાય, સંયમ અને પરમાર્થિક જીવનનો અભ્યાસ કરવો પડે છે. ત્યારે જ એ શક્તિનો અભ્યુદય થવો સંભવ છે.

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે કુળ, દેશ અને સમયનું કોઈ જ બંધન નથી. પોતાની શ્રધ્ધા, નિષ્ઠા, વિશ્વાસ, લગન અને તત્પરતાના બળે હીન કુળમાં જન્મેલી વ્યક્તિ પણ આત્માનો ઉધ્ધાર કરી શકે છે. અજામિલ, રૈદાસ અને કબીરજી વગેરે સંતોના જીવન દ્વારા સાબિત થાય છે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે વર્ણ વ્યવસ્થા અવરોધ રૂપ નથી. જીવનના શોધન દ્વારા નીચ કુળમાં જન્મેલ વ્યક્તિ પણ ઉચ્ચ કુળની વ્યક્તિ જેવી જ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. આ રીતે સતયુગ, દ્વાપર, કળિયુગની સીમાઓ પણ આ રસ્તામાં અવરોધ ઉત્પન્ન કરી શકતી નથી. આપણાં પૂર્વજો અનંત શક્તિઓના સ્વામી હતા. આ ઉત્તરાધિકાર કોઈને કોઈ સ્વરૂપે આપણાંને પણ મળેલો છે અને આગળ ઉપર પણ આ ક્રમ હંમેશા આ જ રીતે ચાલતો રહેશે. સંસ્કૃતિ, શિક્ષણ અને સદાચારની અનુરૂપ કુળ અને કાળમાં આત્મજ્ઞાની પુરુષોની સંખ્યા

ઓછા વધતા પ્રમાણમાં હોયી શકે, પરંતુ આ પરિસ્થિતિઓ તેમના ઉપર પોતાનું પ્રતિબંધ લાદી શકતી નથી.

નિઃશંક આત્મશોધન એક પ્રકારનું તપ છે. એમાં અનેક લોકો પોતાની અસમર્થતા પ્રગટ કરવા લાગે છે અને પોતાના બચાવ માટે એ કહેતા રહે છે, કે ''હવે મારી તો એ અવસ્થા જ રહી નથી.'' યા હું હવે ઘરડો બની ગયો છું, જેથી મારું મન પણ લાગતું નથી. યા તો હું હજી નવયુવાન છું, હજી તો ખેલવા, કુદવાના, હરવા, ફરવાના દિવસો છે. ધર્મકર્મની વાતો તો વૃધ્ધાવસ્થામાં જ ચાલી શકે વગેરે વગેરે. એટલા માટે વસ્તુસ્થિતિ બદલાતી નથી. આત્મા જન્મમરણ રહિત છે. તેને ન તો ઘડપણ આવે છે ન તો મૃત્યુ થાય છે. તે દરેક પરિસ્થિતિમાં એક જ સમાન હોય છે. એવું જો ન હોત તો ધ્રુવ પાંચ વર્ષની ઉંમરમાં જ પૂર્ણતા પ્રાપ્ત ન કરી લેતા. જગદ્‌ગુરુ શંકરાચાર્ય માત્ર એકત્રીસ વર્ષની ઉંમરમાં જ એ કામ પૂરું કરી દેખાડ્યું હતું, કે જે સો વર્ષની ઉંમર ધરાવતી વ્યક્તિ પણ ન કરી શકે. માત્ર ૧૫ વર્ષની ઉંમરમાં જ સંત જ્ઞાનેશ્વરે ગીતાની વિશ્વપ્રસિધ્ધ જ્ઞાનેશ્વરી ટીકા લખી નાખી હતી. અમેરિકાના પ્રખ્યાત વિજ્ઞાની થોમસ આલ્વા એડિસન ૧૩૫ વર્ષની ઉંમર થઈ ગયા પછી પણ આ સૃષ્ટિના મહત્ત્વના રહસ્યો શોધવામાં લાગી રહ્યા અને સફળતા મેળવી આત્માની ઉન્નતિના માર્ગમાં ઉંમર ઓછી હોવી કે વધુ હોવી અવરોધ રૂપ નથી. આવશ્યકતા કેવળ પોતાના સુતેલા સંસ્કારોને જગાડવાની છે.

ઉન્નતિશીલ હોવું સંપૂર્ણ રીતે પોતાના ભાગ્ય પર નિર્ભર નથી. વિચારપૂર્વક જોવાથી એ જાણ થાય છે કે મનુષ્યને પરમાત્માએ જે સાધનો પૂરા પાડ્યા છે, અર્થાત પરમાત્મા તરફથી જે સાધનો મળ્યા છે, તે લગભગ એક જ સરખા છે. દરેકને બે હાથ, બે પગ,નાક, બે કાન, બે આંખ, મોઢું વગેરે એક જેવા મળ્યા છે. દરેક મનુષ્ય વિચાર, જ્ઞાનના સાધનો પણ પોતાની લગન અનુસાર પ્રાપ્ત કરી શકે છે. ભાગ્યવાદી સિધ્ધાંત કાયર તથા નપુંસક પુરુષોનો છે. પુરુષાર્થ એક ભાવ છે અને તેનો કર્તાપુરુષ છે. પોતાની પૂર્વેની અસમુધ્ધિથી કોઈએ પોતાની ક્ષુદ્રતાનો સ્વીકાર ન કરી લેવો જોઈએ. બળવાન આત્માઓ પ્રતિકૂળ દિશામાં પણ ઉન્નતિ કરે છે. મનુષ્યના વ્યક્તિત્વનું સાચું પરિશોધન તો મુશ્કેલીઓમાં જ થાય છે.

બાહ્ય સાધનોના અભાવે રડવું કકડવું અત્યંત દુર્ભાવ્યપૂર્ણ છે. અગર આપની પાસે પેન નથી તો શું એના કારણે લખવાનું કામ રોકી દેવું જોઈએ? આપ હોલ્ડરથી પણ કામ ચલાવી શકો છો, કલમ યા પેન્સિલનો પણ ઉપયોગ કરી લો તો તેમાં શું નુકશાન છે. મનુષ્ય સાધનોનો ગુલામ નથી, તે સ્વયં જ સાધન બને છે. ધન આપોઆપ પેદા થતું નથી, પેદા કરવામાં આવે છે. ઉદ્યમી પુરુષ તો હજાર હાથનો કુવો ખોદીને પણ પાણી બહાર કાઢી લે છે. આત્માનું શોધન પણ કોઈ સાધનના અભાવે રોકાતું નથી. અગર પોતાનું મનોબળ નિર્બળ ન હોય તો અત્યંત ગરીબ સ્થિતિમાં પણ આત્મકલ્યાણનો માર્ગ ખોલી શકાય છે.

પોતાની ઈચ્છા શક્તિ દૃઢ હોય તો સ્થળ,રૂપ વગેરે અત્યંત નાનકડો અભાવ પણ આત્મોત્થાનમાં અવરોધ ઉત્પન્ન કરી શકતો નથી. જગતના મોટા ભાગના મહાપુરુષોએ તો આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે પોતાની સુખ સગવડતાઓનો ત્યાગ પણ કરી દીધો હતો. એક દૃષ્ટિએ ભૌતિક સમૃધ્ધિ આધ્યાત્મિક વિકાસમાં અવરોધ માનવામાં આવી છે. કારણ કે તેનાથી મનુષ્યની ચેષ્ટાઓ અંતર્મુખી બની શકતી નથી અને મનુષ્ય સાંસારિક વિષય વાસનાઓમાં જ ફસાયેલો રહે છે. એટલા માટે જ આપણાં ઋષિમુનિઓએ યજ્ઞમય જીવનની પ્રથાનો જન્મ આપ્યો છે. તેઓ સ્વયં પણ ત્યાગમય જીવન જીવતા હતા અને એવો જ આદેશ આપણાંને પણ આપી ગયા છે. એમના દ્વારા આવું કરવાનો માત્ર એક જ ઉદ્દેશ્ય હતો, કે મનુષ્ય પોતાની જરૂરિયાતો વધારી આત્મકલ્યાણના માર્ગથી ક્યાંક વિચલિત ન બની જાય.

યોગ વશિષ્ટમાં કહેવામાં આવ્યું છે કે મનુષ્ય પોતાના આત્માના દર્શનમાં પોતાની શક્તિઓને પ્રયુક્ત કરે, કોઈ બાહ્ય શક્તિઓ આપની મદદ કરી શકતી નથી.

**''यद्यदासाद्यते किश्चित्केनचित्क्वचिदेव हि।**
**स्वशक्तिसंप्रवृत्त्या यल्लभ्यते नान्यतः क्वचित्॥''**

અર્થાત અગર મનુષ્ય જે કંઈપણ પ્રાપ્ત કરે છે, તે પોતાની શક્તિઓ દ્વારા જ પ્રાપ્ત કરે છે. બાહ્ય સાધનો માત્ર સીમિત સહાય આપી શકે છે. એ જ રીતે સંત ઈમર્સનનું કથન છે કે ''પોતાની મદદ, મનુષ્ય જાતે જ કરી શકે છે.''

મનુષ્ય જે સદ્‌ગુણોના આધારે ઉન્નતિના પથ પર અગ્રેસર બને છે, તેમાંથી મુખ્ય છે-આત્મવિશ્વાસ. અંગ્રેજી ભાષાના અગ્રગણ્ય કવિ ટેનિસને લખ્યું છે, કે ''અગર આપણે આત્મવિશ્વાસુ, આત્મજ્ઞાની અને આત્મસંયમી હોયીએ તો જીવન શક્તિથી સંપન્ન બની શકીએ છીએ.'' મનુષ્ય વ્યર્થમાં જ લૌકિક કામનાઓમાં ડૂબેલો રહે છે. એનાથી તેનું કોઈ જ પ્રયોજન પૂરું થતું નથી. તેનાથી મનુષ્યનું લક્ષ્ય શરીર સુખ સુધી જ મર્યાદિત બની જાય છે. પરંતુ જ્યારે તે વિચાર કરવા લાગે છે કે શરીર જડ અને ચૈતન્ય શક્તિઓનું સંમિશ્રણ જ છે. ત્યારે તેની આધ્યાત્મિક શ્રધ્ધા જાગૃત થાય છે. એનું નામ જ આત્મવિશ્વાસ છે. એનાથી જ આત્માની ક્ષુદ્રતાનું નિવારણ થાય છે.

માત્ર સંકલ્પ કરી લેવાથી જ સફળતા મળી શકતી નથી. તેના માટે ક્રિયાશીલ બનવું પડે છે અને સંયમી જીવન દ્વારા શારીરિક શક્તિઓને ગતિશીલ રાખવી પડે છે. જગતગુરુ શંકરાચાર્ય સૌંદર્ય લહરીમાં લખ્યું છેઃ-

**''शिवः शक्त्या युक्तो यदि भवति शक्तः प्रभवितुं।**
**न चेदेवं देवो न खलु कुशलः स्पन्दितुमपि॥'' (સૌન્દર્ય-૧)**

અર્થાત સંકલ્પની સિધ્ધિ માટે કર્મ કરવું પડે છે. કર્મનો આધાર શક્તિ છે, ત્યારે જ સામર્થ બને છે. શક્તિ ન હોય તો ક્રિયાશીલતા પણ નહીં રહે.

આ રીતે મનુષ્ય જ્યારે પોતાના દોષ દુર્ગુણોને ધીરે ધીરે દૂર કરી શ્રેષ્ઠ સંસ્કારોને ધારણ કરવા લાગે છે, ત્યારે જીવનમાં, દૃષ્ટિકોણમાં સ્વાભાવિક રીતે જ પરિવર્તન થવા લાગે છે. ભોગ વિલાસની લાલસાનો નાશ થાય છે અને આત્મજ્ઞાનની ઈચ્છા બળવાન બનતી જાય છે. એવા જ સાધનો પણ મળી જાય છે અને જીવનનો ક્રમ પણ લક્ષ્ય પ્રાપ્તિ તરફ સરળતાથી અગ્રેસર બનવા લાગે છે. આ સાધનો બાહ્ય હોતા નથી, બલ્કે આંતરિક વિશેષતાઓ જ હોય છે. સત્ય, અહિંસા, પ્રેમ, ત્યાગ, સેવા, આશા, ઉત્સાહ, ધીરજ, સ્વાધ્યાય, સંયમ, સદાચાર વગેરે દ્વારા તેનું શુધ્ધિકરણ થઈને શુધ્ધ, નિર્મળ તથા પવિત્ર આત્માના દર્શન થવા લાગે છે.

આ એ સ્થિતિ હોય છે, કે જ્યાં સંપૂર્ણ શક્તિ આવીને એકત્ર થઈ જાય છે અને મનુષ્ય ''**अहं ब्रह्मास्मि, अयमात्मा ब्रह्म**''ની શક્તિશાળી ભૂમિકા પર પદાર્પણ કરી જાય છે. મનુષ્ય જે ઉદ્દેશ્યને લઈને આ ધરતી પર આવે છે, તેની ભરપાઈ થઈ જાય છે અને તે અનંત સિધ્ધિઓનો સ્વામી બની સુખનો ઉપભોગ કરે છે. જેને પણ સુખની ઈચ્છા હોય, એ સૌ માટે પણ આ જ રસ્તો છે કે તેઓ પોતાના પૌરુષત્વને જાગૃત કરે, શક્તિશાળી બનાવે. ત્યારે જ તેને સાચું સુખ મળી શકે છે.

## જીવનની બીજી બાજુ પણ ભૂલો નહીં

વિશાળ સાગરની બાહ્ય સપાટી પર મોટા મોટા મોજા ઉછળે છે, પરસ્પર ટકરાઈ પણ છે. તોફાન પેદા થાય છે, જુવાળ ઉદ્ભવે છે. છતાં પણ તેની સપાટી પર મોટાં મોટાં વહાણો, હોડીઓની અવરજવર થતી રહે છે. સૂર્યની ગરમી દ્વારા સમુદ્રની બાહ્ય સપાટી તપે છે, જેનાથી વરાળ બને છે અને વાદળોનું સ્વરૂપ ધારણ કરે છે અને અહીં તહીં વર્ષે છે. આ રીતે સમુદ્રની સપાટી પર અનેક ક્રિયાઓ, હલચલ થતી રહે છે. અહીં સર્જન, વિસર્જન, વિનાશ, ઉત્થાન અને પતનની અનેક પ્રકારની વિચિત્રતાઓ જોવા મળે છે. પરંતુ એ જ સાગરના ગહન અંતરાળમાં સ્થિતિ હંમેશા ભિન્ન હોય છે. ત્યાં ન ક્યાંય કોઈ મોજા ઉછળે છે, ન તો કોઈ તોફાન પેદા થાય છે અને ન તો કોઈ પ્રકારનો સંઘર્ષપૂર્ણ કોલાહલ, ઉપદ્રવ, દેકારો, ભયંકરતા નામ માત્રની પણ હોતી નથી. શાંતિ, નિરવતા, ગંભીરતા, સ્તબ્ધતાનું સામ્રાજ્ય સ્થપાયેલું હોય છે, ત્યાં ડૂબકી લગાવનારાઓ આ રહસ્યને જાણે છે. સાગરનું અંતરાળ પોતાની બાહ્ય સપાટી પર થતી હલચલથી હંમેશા મુક્ત હોય છે.

મનુષ્ય જીવનની પણ બે બાજુઓ છે એક બાહ્ય, બીજી આંતરિક. એક સ્થૂળ છે, બીજી સૂક્ષ્મ છે. એક પરિવર્તનશીલ, ક્ષણભંગુર, નાશવાન, તો બીજી અજર અમર અવિનાશી છે. લોક અને લૌકિકતાની વિભિન્ન પ્રવૃત્તિઓની પ્રેરણાથી જીવનનું બાહ્ય સ્વરૂપ બને છે. અનેક કાર્યોમાં, અનેક દિશાઓમાં વ્યસ્ત મનુષ્ય જાતજાતના સંઘર્ષ સાથે, ઉતાર ચઢાવ, સર્જન, નાશ, ઉત્થાન, પતનની પગદંડી પર નિત્ય, નિરંતર ચાલતો જ રહે છે. તે ધનોપાર્જન કરે છે, માલમિલકત, જમીન જાયદાદ વસાવે છે, મકાન વગેરે બનાવે છે, ઉચ્ચ હોદ્દો, પ્રતિષ્ઠા, શિક્ષણ, સમૃધ્ધિ, પ્રસિધ્ધિ માટે અનેક પ્રકારનો વ્યાપાર, વ્યવસાય કરતો રહે છે. નુકશાન પહોંચાડનારાઓ સાથે, પીડા પહોંચાડનારાઓ સાથે વેર બાંધતો રહે છે, વિરોધ કરતો રહે છે તથા તે લાભ પહોંચાડનાઆરોને પ્રેમ કરતો રહે છે. બાહ્ય ઉત્તેજનાઓથી પ્રેરિત થઈ મનુષ્ય હંમેશા સારા કે ખરાબ આચરણવાળું કામ કરતો રહે છે. ક્યારેક તે આનંદ મનાવે છે, તો ક્યારેક તે દુ:ખી પણ થાય છે. ક્યારેક હસે છે, તો ક્યારેક શોકના

સાગરમાં ડૂબી રડે છે. આ રીતે ચેષ્ટા જીવનની બાહ્ય સપાટી પર નિત્ય નિરંત જોવા મળે છે.

મનુષ્ય જીવનની બીજી બાજુ આંતરિક છે, જે સૂક્ષ્મ, સ્થાયી, સમુદ્રના તળિયાની જેમ ગંભીર, શાંત, એકરસ હોય છે. ત્યાં ન તો કોઈ ક્રોધની ગર્જના સંભળાય છે, ન તો દુઃખનું ક્રંદન. ત્યાં લડાઈ ઝગડા, ખેંચાખેંચી, રાગદ્વેષ, દ્વન્દ્વ, મારા તારાનો ભેદભાવ નથી. મનુષ્યના અંતરાળમાં આત્મદેવતાની પરમ જ્યોત નિશ્ચલ, નિષ્કામભાવથી એક રસ, અખંડિત રૂપે નિત્ય, નિરંતર ઝળહળતી રહે છે. આ જ આત્મજ્યોત તરફ ઈશારો કરતો ઉપનિષદકાર કહે છેઃ-

**''सत्यं ज्ञानमनन्तं ब्रह्मयो वेद निहितं गुहायां।''**

મનુષ્યના અંતરાળમાં સત્ય, જ્ઞાન સ્વરૂપ, અનંત, જ્યોતિર્મય પરમબ્રહ્મ તત્વનો વાસ છે. જે **''ज्योतिषां यद्ज्योतिः''** અતિ શુભ્ર જ્યોતિઓની પણ જ્યોત હોય છે. કદાચ આપણે એક ક્ષણ પણ પોતાના અંતરમાં ઘુસી આ પરમ જ્યોતના દર્શન કરી લઈએ તો કૃત-કૃત્ય બની જઈએ. પરમ શાંતિ, સ્તબ્ધતા, નીરવતા, ગંભીરતા, એકરસતાના કિરણોમાં તરબોળ બની જીવનના તમામ કલેશ, દુઃખ, સંઘર્ષ, અશાંતિ, દુઃખ વગેરેથી મુક્તિ પ્રાપ્ત કરી લઈએ. બરાબર એવી જ રીતે, જેવી રીતે સાગરના અંતરાળમાં ડુબકી લગાવવાથી એક નવીન દુનિયામાં પ્રવેશ મળે છે. જ્યાં પર્યાપ્ત શાંતિ નીરવતા બિરાજમાન રહેતી હોય છે. ત્યાં બાહ્ય જગતનો કોલાહલ હોતો નથી.

આપણાં જીવનની તમામ વિકૃતિઓ, દુઃખ દ્વન્દ્વો, પાપ, તાપ, રોગ, શોક, ચિંતા, ભય, કલેશ, અશાંતિ વગેરેનું મુખ્ય કારણ એ છે કે આપણે તેના પદાર્થો તથા જીવનના બાહ્ય પટલને જ મહત્ત્વ આપીએ છીએ. તેને જ એક માત્ર સત્ય માનીએ છીએ અને લૌકિકતાની વિચિત્રતાઓ, કૃત્રિમતાઓ, અહીંની ઘટનાઓને જ જીવન માની બેસીએ છીએ. તેને જ જીવનનું લક્ષ્ય બનાવી વિભિન્ન ઉત્તેજનાઓથી પ્રભાવિત થઈ પોતાની જીવની શક્તિનો નાશ કરી, ધીરે ધીરે મૃત્યુની નજીક આવી જઈએ છીએ. આપણે નામ, હોદ્દો, પ્રતિષ્ઠાને સજાવવા, સંસારના આમંત્રણ, નિમંત્રણ, રમતગમ્મતમાં લાગી રહીએ છીએ અને પોતાની જીવની શક્તિનો નાશ કરતા જઈએ છીએ જે આપણાં માટે અશાંતિ,

ક્લેશ, દ્વન્દ્વોનું કારણ બને છે.

મનુષ્યને એ સગવડતા પણ મળી છે કે તે બાહ્ય સંસારની જેમ પોતાના અંતરિયાળ પ્રદેશની યાત્રા કરી શકે છે. પરંતુ તે આ સગવડતાનો ખોટો લાભ ઉઠાવી અંતરાળના નિકેતનમાં બાહ્ય જગત, કે જે અસ્થાયી છે, પરિવર્તનશીલ ક્ષણભંગુર છે, તેનો સંગ્રહ કરવાનું ચૂકતો નથી. પ્રયોજન એ છે કે માણ્યા પછી પણ તેને જાળવી રાખવા માટે પોતાની કલ્પના, વિચાર અને ચિંતન દ્વારા અંતરમાં સંગ્રહ કરી લે છે. પરંતુ જેવી રીતે પોતાની રુચિ તથા ભૂખનું ધ્યાન ન રાખતા આહારના ઢગલામાંથી પદાર્થોને ઉદરમાં સંગ્રહિત કરવાની અમર્યાદિત ચેષ્ટા મનુષ્ય માટે ભયંકર પીડા, આરોગ્યને નુકશાન, રુગ્ણતા વગેરેનું કારણ બને છે. બરાબર એ જ રીતે બાહ્ય જગતને અંતરિયાળમાં સંગ્રહ કરવાનો પ્રયત્ન અનેક પ્રકારના પાપોનું કારણ બને છે.

મનુષ્યનું અંતઃકરણ આત્મદેવતાનું પવિત્ર નિકેતન છે. પાવન મંદિર છે. તેને બાહ્ય પદાર્થો, પ્રયોજનો, વસ્તુઓનો સંગ્રહ કરવાનો ભંડાર બનાવવામાં ન આવે. આ દેવસ્થાનને અપવિત્ર બનાવવાનું ભયંકર પાપ કરવામાં ન આવે. બહારની વસ્તુ બહાર જ પડી રહે તેને અંતરિયાળમાં લઈ જઈ સ્થાયી નિકેતનમાં જમા કરવામાં ન આવે. નહીં તો મનુષ્યના સુખ, શાંતિ, આનંદના સ્ત્રોતનો ઉદ્‌ગમ જ અવરોધાઈ જશે. પછી બાહ્ય જગતમાં તમામ પ્રકારની સંપન્નતા, સમૃધ્ધિ પ્રાપ્ત કરીને પણ તે અસંતુષ્ટ, અશાંત, દુઃખી, દીનહીન જ બની રહેશે.

જીવનની એક અનિવાર્ય અને મહત્ત્વની સાધના છે-પોતાના અંતર પ્રદેશનું જ્ઞાન હોવું. આંતરિક અને બાહ્ય જીવનના વિભાગો અલગ અલગ જ બનાવી રાખવાં. બન્નેને એક ન થવા દેવા. તેનો એટલો અભ્યાસ કરી લેવો જરૂરી છે કે આપણે જ્યારે પણ ઈચ્છા રાખીએ ત્યારે સંસારનો બાહ્ય કોલાહલ, અવર જવર, સંઘર્ષ હિલચાલ વચ્ચે પણ આપણે પોતાના અંતરિયાળ પ્રદેશમાં ડુબકી લગાવી શકીએ અંતરિયાળના કિલ્લામાં બેસી સંપૂર્ણ સલામતી, શાંતિનો અનુભવ કરી શકીએ. જેવી રીતે નાળિયેરનું ફળ પોતાની બાહ્ય સપાટી પર ચાલી રહેલી ઉથલપાથલ સાથે સંપર્ક જાળવી રાખે છે, પરંતુ અંતરિયાળ પ્રદેશમાં તે બાહ્ય જગતથી હંમેશા મુક્ત, શાંત, ગંભીર, સ્થિર, મૌન ધારણ કરી રાખે છે.

જન્મ ધારણ કર્યા પછી સંસારનું નામ, રૂપ, રંગ, સુશોભન, વસ્તુઓ, પદાર્થોનો સંસર્ગ, અહીંની પ્રવૃત્તિઓનો, ઉથલપાથલનો સંપર્ક, આપણાં જીવનની બાહ્ય સપાટી સાથે રહે. સંસારના સુખ, દુઃખ, લાભ કે હાનિ, જન્મમરણ, યશ-અપયશ બધુ જ ક્ષણભંગુર છે. તેને મહત્ત્વ ન આપતા પોતાના અંતરમાં બિરાજમાન આત્મદેવતાની અજર, અમર, અવિનાશી જ્યોતના હંમેશા દર્શન કરતા રહો. આ રીતે અંતર્મુખી થવાથી કોઈ સમસ્યા, કોઈ મુશ્કેલી, કોઈ રોગ, શોક બાકી નહીં રહે. કારણ કે નિત્યની સમક્ષ અનિત્યનું કોઈ જ મહત્ત્વ રહેતું નથી. આ સત્યને અભ્યાસ દ્વારા જીવનનું એક અંગ બનાવી લેવાથી મનુષ્ય સંસારમાં રહેવા છતાં પણ જીવનથી મુક્ત જ બની જાય છે.

## આત્માનો અવાજ ન સાંભળ્યો ન કરો

આજે ચોતરફ જ્ઞાનવિજ્ઞાનની ખૂબ જ લાંબી પહોળી વાતો થતી હોય છે. પુસ્તકાલયોમાં આટલાંટિકથી લઈને એશિયા, આફ્રિકા તથા યુરોપ વગેરેની સંપૂર્ણ ભૂગોળ સંગ્રાહેલી પડી છે. મનુષ્યે પાષાણ યુગથી આજ સુધીનો માનવ જાતિનો ઈતિહાસ ગોખી નાખ્યો છે. હજારો, લાખો, કાર્બનિક અને અકાર્બનિક રસાયણિક તત્વોથી પ્રયોગશાળાની શીશીઓ ભરાયેલી પડી છે. કારખાનાઓના બોજથી ધરતી, આકાશ બધુ જ પરેશાન હોય એવું દેખાય છે. આજે જે દિશામાં પણ આંખ ઉઠાવી જૂઓ, ત્યાં સાહિત્ય,કલા,શલ્યચિકિત્સા વગેરેના ઢગલાબંધ ગ્રંથો, અસંખ્ય જાણકારો અને અસંખ્ય પ્રયોગશાળાઓ ખુલેલી છે. એને જોતા મનુષ્યની બૌધ્ધિક ક્ષમતા પર અપાર આશ્ચર્ય થાય છે. એ વાત સમજમાં આવતી નથી કે આખરે મનુષ્યના મગજમાં કયો જાદૂ છે કે જે અનેક પ્રકારના આશ્ચર્યજનક મશીનો બનાવતો જાય છે.

હજારો માઈલ સુધી દોડી જનારા પક્ષીઓની શું મજાલ છે કે નાનકડા વિમાનને દોડમાં હરાવી દે. સ્ટીમરો નિરંતર સાગરની છાતી પર દેકારો મચાવતી રહે છે. તેને જોઈ અન્ય જળચર જીવોની ક્ષમતા તુચ્છ જેવી જણાવા લાગે છે. લોકો પોતાના ઘરમાં જ બેઠા બેઠા હજારો માઈલ દૂરના સમાચારો સાંભળી લે છે, જાણે તેઓ સાથે બેસી પરસ્પર વાતચીત કરી રહ્યા હોય. અગર આજ જેવી છાપકામ જેવી સગવડતાઓ પ્રાચીન યુગમાં સંભવ રહી હોત, તો કદાચ એ સમયે વિશ્વ સાહિત્યનું સર્જન થઈ ગયું હોત. મનુષ્યે આજે ખાવા પીવાથી લઈ હરવા ફરવાથી લઈને, બોલવાથી, વાત કરવાથી લઈને, ગાવા વગાડવા સુધીની જે કોઈપણ શોધખોળ કરી લીધી છે, તેને જોઈ દાંત નીચે આંગળી દબાવી દેવી પડે છે, કે આખરે મનુષ્યમાં આટલી મોટી ક્ષમતાનો પ્રાદુર્ભાવ ક્યાંથી અને કેવી રીતે થયો?

પરંતુ જ્યારે એક ક્ષણ માટે મશીનોની દુનિયા તરફથી ધ્યાન હટાવી વ્યવહારિક દુનિયા તરફ જોઈએ છીએ ત્યારે, સાધનોની સાથે સુખ અને શાંતિની તુલના કરીએ છીએ, ત્યારે ખૂબ જ નિરાશા સાંપડે છે. મનુષ્યે જે હેતુનો પૂરો કરવા માટે આટલી બધી સગવડતાઓ એકત્ર

કરી છે એ ઉદ્દેશ્ય અત્યાર સુધી અધૂરો જ પડ્યો છે. આજે એક તરફ સમાજના વિકાસના ગુણગાન ગાવામાં આવે છે, પરંતુ બીજી બાજૂ માનવતા આંસુ વહાવી રહી છે. મનુષ્ય અનેક પ્રકારના ઘરેણાં, કપડાં, અલંકારોથી પોતાના શરીરને શણગારે છે, પરંતુ બીજી બાજુ વાસનાઓનો ચેપી રોગ સર્વત્ર ફેલાયેલો છે. એક બાજુ આમોદ, પ્રમોદ ચાલી રહ્યો છે, તો બીજી બાજુ મનુષ્ય શોષણ, અપહરણોની ચક્કીમાં પીસાતો જઈ રહ્યો છે. શિક્ષણ, સંસ્કારોના વિકાસ માટે હજારો શાળાઓ ખોલવામાં આવી રહી છે, પરંતુ બીજી તરફ તેઓ જ વ્યવસ્થિત રીતે ઉદ્દંડતા અને અનાચારનું સર્જન કરી રહેલ છે.

તેનાથી અલગ એક બીજી પણ દુનિયા છે. સત્યની દુનિયા યા આધ્યાત્મિક શ્રધ્ધાની દુનિયા. મનુષ્ય પોતાનું સંપૂર્ણ જીવન પોતાના અહંકારના પોષણમાં ગુમાવતો રહે છે. પરંતુ જ્યારે મૃત્યુ તેની સમક્ષ આવીને ઉભું રહે છે ત્યારે તેને આ આત્મિક દુનિયાની જાણ થાય છે ત્યારે તે જ્ઞાન વિજ્ઞાનની લાંબી પહોળી ચોકડી ભૂલી જાય છે. એ સમયે તેને પસ્તાવો જ હાથમાં આવે છે. જે લક્ષ્યને પૂરો કરવા માટે જે જીવન મળ્યું હતું, તે તો તુચ્છ વાતોમાંજ ગુમાવી દીધું. સમગ્ર જીવન તુચ્છ કામનાઓ તથા સાંસારિક ગોરખધંધામાં જ પસાર કરી નાખ્યું ત્યારે આખરી સમયમાં શું બની શકે. મનુષ્ય ભારે હૃદય સાથે આ દુનિયામાંથી વિદાય લઈ લે છે. અહીં તમામ વૈભવ, વ્યાપાર, વસ્ત્રો, અલંકારો, સ્ત્રી, પુત્ર, સર્વસ્વ અહીં જ પડ્યું રહે છે. સાથે તો માત્ર પશ્ચાતાપ જ આવે છે. મહાન વિશ્વવિજેતા સિકંદર પોતાના મૃત્યુના સમયે પોતાના સેનાપતિને બોલાવી એક જ હુકમ કરે છે, કે ''મારા મૃત્યુ પછી મારા બન્ને હાથ નનામીમાંથી બહાર કાઢી રાખજો, જેથી તેને જોનારા લોકો એ જાણી શકે કે બાદશાહ સિકંદરે પોતાની સાથે કંઈ પણ લઈ ગયો નથી.'' મૃત્યુ પોતાના લાંબા હાથ રાજા કે રંક સૌ સુધી ફેલાવે છે. તેનાથી કોઈ જ બચી શકતું નથી. પરંતુ એ કેટલી આશ્ચર્યની વાત છે કે આટલું સ્પષ્ટ હોવા છતાં લોકો તેની તરફ હંમેશા ઉપેક્ષા જ દાખવે છે. લોકો આવનારા મૃત્યુનો તો ક્યારે પણ વિચાર જ કરતા નથી.

મનુષ્ય જેટલો સમય પોતાની ભૌતિક ઉન્નતિ માટે લગાવે છે, તેનાથી અડધો સમય પણ તે અગર પોતાની આત્મિક પ્રગતિ માટે લગાવે,

તો તે પોતાના જીવનના લક્ષ્યને જરૂર સમજી લેતો. આધ્યાત્મિક જીવનના શુભ પરિણામો પણ તેને પ્રાપ્ત થતા, આત્મા, પરમાત્માની સંપદાથી તે વંચિત ન રહેતો. પાછળ પણ આવું જ બન્યું છે અને આગળ પણ આવું જ બનવાનું છે. પરંતુ આ બધુ આત્માની અપેક્ષા કરવાથી બનવાનું નથી. તેને માટે બૌધ્ધિક ક્ષમતાને લગાવવી પડશે. પોતાનો પરિશ્રમ અર્પણ કરવો પડશે. આધ્યાત્મિક પ્રગતિ માટે પણ એટલી જ લગન અને તત્પરતાની જરૂરિયાત છે, કે જેટલાથી આજની આશ્ચર્યજનક ભૌતિક સફળતાઓ મળી છે. આધ્યાત્મ કોઈ જાદૂની લાકડી નથી કે જેને ફેરવતા જ શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત થઈ જાય. તેને માટે વિધિવત સાધના કરવી પડે છે. સુખી જીવનનો આધાર છે-પ્રેમ, ન્યાય, અપરિગ્રહ, સચ્ચરિત્રતા, સૌહાર્દ, સૌજન્ય અને વિવેક. તેને ધારણ કરવાથી જ મનુષ્ય બીજી દુનિયા અર્થાત આધ્યાત્મિક જગતમાં લાંબા સમય સુધી ટકી શકે છે. તેનું અનુકરણ કરવાથી જ આ મહાન લક્ષ્ય પૂરું કરવું સંભવ છે, કે જેને માટે મનુષ્યનો જન્મ થયો છે. ''**विश्वानि देव सवितुर्दुरितानी**''ની ભાવના બનાવી રાખવાથી જ એ સંભવી શકે છે કે આધ્યાત્મિક દિશામાં કંઈક પ્રગતિ સાધી શકાય.

મનુષ્યે જેટલી પ્રગતિ ભૌતિક જગતમાં કરી છે, તેનાથી પણ વધુ સંભાવના આધ્યાત્મમાં સંભવ છે. તેના આત્મામાં એ શક્તિ સમાયેલી છે કે જેનો ઉત્કર્ષ કરી શકાય, તો આ જગતનો તમામ વૈભવ, વિલાસ તુચ્છ લાગવા લાગશે. શાસ્ત્રકારોએ લખ્યું છેઃ-

**यत्परं ब्रह्म सर्वात्मा विश्वस्यायतनं महत्।**
**सूक्ष्मात् सूक्ष्मतरम् नित्यं स्तत्त्त मेव त्वमेव तत्॥ (કૈવલ્ય-૩.૬)**

અર્થાત ''સૌનો આત્મા પરબ્રહ્મ પરમાત્મા છે. જે વિશ્વથી પણ મોટો છે તથા સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે. તે જ નિત્ય તત્વ આપ જ છો અને આપ જ એ જ છો.'' અહીં દેવજ્ઞ પુરુષોએ આત્મા તથા પરમાત્માની એકરૂપતા સ્પષ્ટ બતાવી દીધી છે. પરમાત્માની ઉપમા સાથે જે શક્તિઓનો બોધ થાય છે, એ બધુ જ બીજ રૂપે આત્મામાં વિદ્યમાન છે. આટલી મહત્ત્વની શક્તિનો અધિકારી પુરુષ આટલો મહાન અવસર પ્રાપ્ત કરીને પણ તેની ઉપેક્ષા કરે છે, તો તે તેનું દુર્ભાગ્ય જ માનવામાં આવશે.

પોતાનો ભૌતિકવાદી દૃષ્ટિકોણ બનાવવાથી જ દુઃખ અને નિરાશાજનક પરિસ્થિતિઓનું સર્જન થાય છે. અગર આપણે આપણાં

દૃષ્ટિકોણમાં પરિવર્તન કરી શક્યા હોત તો આપણાંને આત્મિક જગતનું જ્ઞાન અવશ્ય મળી ગયું હોત. પોતાના ગુણ, કર્મ, સ્વભાવમાં સત્યનું પાલન કરવામાં આવે તો આધ્યાત્મિક જગતના શ્રેષ્ઠ પરિણામોનો લાભ મેળવી શકાય. આત્માની ઉપેક્ષા કરતા રહેવાથી ભૌતિક સંપદાઓ ક્યારે પણ સુખ આપી શકતી નથી. શાશ્વત શાંતિની પ્રાપ્તિ અથવા જીવન લક્ષ્યની સિદ્ધિનો એક જ માર્ગ છે-આધ્યાત્મવાદ. તેની ઉપર ચાલવું, લાંબા સમય સુધી ટકી રહેવું ત્યારે જ સંભવ છે કે જ્યારે આત્માના હિતની ઉપેક્ષા કરવામાં ન આવે. તેના મહત્ત્વને સમજવામાં આવે અને પ્રાપ્તિ માટે આજથી, અત્યારથી જ લાગી જઈએ.

આ દુનિયામાં કોઈ પણ એવી વસ્તુ દેખાતી નથી કે જે લાંબા સમય સુધી ટકી રહેતી દેખાતી હોય. જે વસ્તુ આજે દેખાય છે, તે આવતી કાલે દેખાતી પણ નથી. આજે જ્યાં પહાડ દેખાય છે ત્યાં કોઈ એક સમયે સાગર હતો એવું ઈતિહાસના પાના પર લખવામાં આવેલું છે. આજે જ્યાં વૃક્ષ ઉભેલું છે, ત્યાં આવતી કાલે મૂળ પણ દેખાતા નથી. સાગરના મોજાઓની જેમ આ જગત બનતું રહે છે, બગડતું રહે છે. અગર કોઈ અમૃત છે-અવિનાશી છે; તે છે આત્મા. મનુષ્યના જન્મનો હેતુ પણ આ જ છે કે તે આત્માના માધ્યમ દ્વારા ચિન્મય પરમાત્માની પ્રાપ્તિ કરે. એને જ જીવનનું લક્ષ્ય વગેરે અનેક નામથી ઓળખવામાં આવે છે. તેની જ પ્રાપ્તિ માટે ઋષિઓએ ભાર મુક્યો છે. ગીતાકારે પણ એની જ પુષ્ટિ કરતા લખ્યું છેઃ-

**यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।**
**यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते॥ (ગીતા-૬.૨૨)**

અર્થાત ''યોગી પુરુષ પરમેશ્વર પ્રાપ્તિ રૂપી લાભથી વધુ લાભ બીજો કોઈપણ માનતો નથી. આત્માને પ્રાપ્ત કરી લેવાથી દુઃખ વિચલિત કરતું નથી.'' આ પરમ તત્વને ધારણ કરવાથી જાણી શકાય છે; આ કહેવા માત્રથી નહીં. બાહ્ય જ્ઞાન બૌધ્ધિક ક્ષમતાઓને વધારે તદ્જન્ય સુખ અપાવી શકે છે. પરંતુ તેનાથી ઈંદ્રિય નિગ્રહનું સુખ પ્રાપ્ત કરવું સંભવ નથી. બાહ્ય જ્ઞાન માત્રથી શ્રેયના પથ પર ચાલી ન શકાય. અર્થાત વિશ્વકલ્યાણર્થે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું અતિઆવશ્યક છે. તેનાથી માનવ જીવનના લક્ષ્યની પ્રાપ્તિ સંભવ છે, અન્ય કોઈ આરો નથી.

## આત્માનો અવાજ સાંભળો અને તેને સાર્થક કરો

એ વાતની ખબર નથી કે આપે ક્યારે પણ એ તરફ ધ્યાન આપ્યું છે કે નહીં. આપણાં હૃદયમાં નિરંતર એક અવાજ ઉદ્ભવતો રહે છે-''અરે તૂં આ શું કરી રહ્યો છે? શું એટલા માટે જ તને આ સર્વસંપન્ન શરીર મળ્યું છે? તૂં ઉઠ! પોતાના સ્વરૂપને, પોતાની શક્તિને ઓળખ અને તૂં એ સારા કામોને પૂરા કર કે જેની તારી પાસે અપેક્ષા રાખવામાં આવી છે.''

આ અવાજ કરનારું બીજું કોઈ જ નથી. તે પરમાત્મા જ હોય છે. જે આત્મા રૂપે સૌમાં વિદ્યમાન રહે છે. હવે જે આ અવાજનો આદર કરે છે અને જાગી જાય છે, તે સંસારમાં શ્રેષ્ઠ કાર્યો કરી દેખાડે છે, ઈશ્વર તેમને પૂરેપૂરી સહાય કરે છે.

આ અવાજ વધુ તો એ સમયે ઉદ્ભવતો રહે છે, કે જ્યારે મનુષ્ય યા તો સ્વાર્થ અને સંકીર્ણતાની મર્યાદાઓ પાર કરવા લાગે છે અથવા તે એ કામ કરે છે, કે જે તેને ન કરવું જોઈએ. કોઈ જ્યારે પોતાની ક્ષમતાઓની તુલનામાં નાનકડું કામ કરે છે અને પોતાની શક્તિઓનું અપમાન કરે છે ત્યારે પણ આ આંતરિક અવાજ તેને ટોકતો રહે છે.

તેનો એક માત્ર આશય આ જ હોય છે કે હે મારા અંશ રૂપ મનુષ્ય, તૂં એવું કોઈ કામ ન કર, કે જેનાથી તને શરમનો અથવા ગ્લાનિનો અનુભવ થાય અને તૂ ન તો એવા નાના મોટા કામ કર, કારણ કે તારી વધુ ઉંચા શ્રેષ્ઠ કામ કરવા માટે નિમણૂંક કરવામાં આવી છે. એ નિમ્ન કોટિના અથવા તૂચ્છ અધમ કોટિના કાર્યો તારી ક્ષમતાની અનુરૂપ નથી.

જે આસ્તિક અને આત્મવિશ્વાસુ પરમાત્માના આ અવાજને સાંભળી પ્રેરિત થાય છે, પોતાની છુપાયેલી શક્તિઓને જાગૃત કરી, કટિબધ્ધ બની દૃઢતાપૂર્વક કર્ત્તવ્ય પૂરું કરવા તત્પર બની જાય છે, તે નિશ્ચય જ પોતાની આ વર્તમાન સ્થિતિથી ખૂબ જ આગળ વધી ચંદ્ર, તારાની જેમ ચમકી ઉઠે છે, પછી તેનું અભિયાન આર્થિક બની જાય છે અથવા આધ્યાત્મિક. આ પરમાત્માના અવાજનો તકાદો છે કે જે જ્યાં પર છે, ત્યાં ન રહે. તેનાથી આગળ વધે અને નિરંતર આગળ વધતો જ જાય. મનુષ્યનો વિકાસ અને ઉન્નતિની ન તો કોઈ સીમા છે અને ન તો વિરામ છે.

આજે સંસારના જેટલા પણ મહાપુરુષો લોકોની પ્રેરણાનું કેન્દ્ર બિંદુ અને પ્રકાશ સ્તંભ બનેલા છે, તેમણે આંતરિક અવાજની ક્યારે પણ ઉપેક્ષા કરી નથી. તેમણે અવાજ સાંભળ્યો, જાગ્યા અને એ જ સમયે કામમાં લાગી ગયા, આગળ તરફ ચાલી નિકળ્યા. આવા જાગૃત મહાપુરુષોમાં અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ જોર્જ વોશિંગટન પણ તે પૈકીના એક હતા.

જોર્જ વૉશિંગટન અમેરિકાના એક સામાન્ય ખેડૂતના પુત્ર હતા. તેમના પિતાજી ખૂબ જ સાધારણ સ્થિતિની વ્યક્તિ હતા. પોતાના આ છોકરાને હળ, કોદાળી, કોસ, જમીન વગેરે આપ્યા સિવાય ઉચ્ચશિક્ષણ જેવી કોઈ ચીજ આપી શકવાની કલ્પના પણ કરી શકતા ન હતા. તેઓ પુખ્ત વયના બન્યા પછી તેમણે જોર્જ વૉશિંગટનને આ ચીજ સોંપી દીધી.

વૉશિંગટન પણ આરંભથી લઈ આજ સુધી એ જ વાતાવરણમાં મોટા થયા હતા, એ જ વાતાવરણમાં પાલન પોષણ થયું હતું. તેમની કલ્પના પણ એ ચીજ વસ્તુઓ, એ કાર્યો અને એ વાતાવરણથી આગળ કેવી રીતે જઈ શકે? તેમણે હસતા હસતા હાથમાં હળ પકડી લીધું અને પિતાની જેમ જ ખેતી કરવા લાગી ગયા.

હવે વૉશિંગટન ખેડૂત બની ગયા. પરંતુ તેમનો આત્મા એ કામમાં તાદાત્મ્યનો અનુભવ કરી રહ્યો ન હતો. એટલા માટે નહીં કે ખેતી કોઈ નિકૃષ્ટ, અધમ કોટિનું કામ હતું, બલ્કે એ આભાસના કારણે કે તેઓ તેનાથી પણ ઉંચુ કોઈ કામ કરી શકે છે. જેમાં દેશ, સમાજ તથા વિશ્વનું વધુ હિત સાધી શકાય.

તેમનો આ આભાસ પ્રકાશ બન્યો અને તે પ્રકાશ એક દિવસે જ્યારે તેઓ હળ ચલાવી રહ્યા હતા, ત્યારે અવાજ બની તેમના અંતરિયાળ પ્રદેશમાં ગુંજી ઉઠ્યો. વૉશિંગટન તૂ આ શું કરી રહ્યો છે. ખેતીનું કામ તો કોઈ બીજો પણ કરી લેશે. તૂ જે ઉદ્દેશ્ય માટે ધરતી પર આવ્યો છે, તેને યાદ કર. દૃષ્ટિકર આજે દેશની વેદી તને પોતાના ઉધ્ધાર માટે આવાહન કરી રહી છે. હળ ત્યાં જ થંભી ગયું અને વૉશિંગટન પોતાના ઉદ્દેશ્યના પથ પર અગ્રેસર બની ગયા. મહાપુરુષત્વ અને મનુષ્ય પરિસ્થિતિઓનું પણ સહર્ષ સ્વાગત કરતા. એ જ કર્યું અને એક દિવસ એવો આવ્યો કે જે દિવસે તેમણે ગુલામીમાં જકડાયેલા દેશના બંધનો કાપી નાખ્યા અને દેશના લોકોએ તેમની સેવાઓના મૂલ્યાંકન રૂપે, કે જે તેમની

પાસે હતું તે રાષ્ટ્રપતિનું સર્વોચ્ચ સન્માન હતું; એ આપી દીધું અને આજે પણ સેંકડો વર્ષો વહી ગયા પછી પણ તેમના નામને, તેમના વ્યક્તિત્વને અને તેમના સ્મારકોને એટલું જ સન્માન આપવામાં આવે છે.

પ્રત્યેક મનુષ્યનું પોતાના જીવનનું એક લક્ષ્ય હોય છે. તે એ છે કે તે જે કંઈ પણ છે, તે તેને બની રહેવાનું નથી, તેનાથી જેટલું પણ સંભવી શકે એટલું આગળ વધવાનું છે અને ચઢવાનું છે. પોતાની વર્તમાન પરિધમાંથી બહાર નિકળી વધુ વિશાળ-વિસ્તૃત સીમાડાઓમાં પ્રવેશ કરવાનો છે. એક ધોરણ પસાર કરી બીજા ધોરણમાં પ્રવેશ મેળવવાનો જ છે. એક કક્ષાથી ઉપર ઉઠી બીજી કક્ષા પકડવાની જ છે અને અંતમાં તેને આ સંતોષ પ્રાપ્ત કરવાનો છે, કે જે તેણે પોતાના જીવનને કીડી મકોડાની જેમ એક ખાડામાં પડ્યા પડ્યા નષ્ટ કર્યું નથી. તેણે ઉન્નતિ અને વિકાસ કર્યો છે. આગળ વધી ચૈતન્ય હોવાનો પુરાવો આપ્યો છે અને પોતાના આ વિશ્વાસને પ્રગટ કરી દીધો છે, કે આ દેવતાઓને દુર્લભ માનવજીવન તૃષ્ણા અને વાસનાઓની વેદી પર વધ કરવા માટે નથી, બલ્કે કોઈ શ્રેષ્ઠ ઉદ્દેશ્ય, ઉચ્ચ આદર્શની પવિત્ર વેદિકા પર ફૂલની જેમ ઉત્સર્ગ કરી દેવા માટે છે. જેને પોતાની નિકૃષ્ટ અધમ સ્થિતિ, જીવનનું નિમ્ન સ્તર કાંટાની જેમ ખુંચતું નથી, જેની હીનસ્થિતિ તેને તિરસ્કાર કરતી નથી, જે એ લાંછનને અને અપમાનને એમ જ સહન કરી લે છે, તેને અગર મૃત્યુ પામેલો માની લેવામાં આવે તો કોઈ જ દોષ નથી. જેમાં જરા જેટલું પણ જીવન છે, થોડું પણ મનુષ્યત્વ છે, તે જીવનના આ અપમાનને તથા આ લાંછનને સહન કરી શકતો નથી. તેને હૃદયમાં વેદના થશે, આત્મગ્લાનિ થશે એ પરિસ્થિતિઓને ધિક્કારી પુરુષાર્થ માટે પડકાર ફેંકી ઉભો થઈ જશે અને અડગ સંકલ્પ સાથે સર્વસ્વ બદલીને રાખી દેશે. આ જગતમાં એવા પણ મહાપુરુષો થઈ ગયા છે, કે જેમણે અસંભવ માનવામાં આવતા પરિવર્તનો આણી દેખાડી દીધું. તેમાંથી એક હતા મહાકવિ કાલીદાસ.

બધા જ લોકો જાણે છે કે કાલીદાસ એક કઠોર મૂર્ખ કઠિયારા હતા. તેઓ એટલા બધા મૂર્ખ હતા કે ઝાડની જે ડાળ પર બેસતા તેને જ કાપતા. ત્યાંથી પસાર થતા અનેક વટેમાર્ગુઓએ તેમને આ પ્રકારની ચેષ્ટા કરતા જોઈ ઝાડ પરથી નીચે ઉતાર્યા હતા. તેઓ એટલા બધા મૂર્ખ

હતા કે એટલા બધા અજ્ઞાની હતા કે લોકો તેમને ઘેટું કહેતા બેં....બેં.....બેં.. કહી ચિડાવતા. તેમને ન તો માં હતી, કે બાપ હતો, ન તો તેમને કોઈ ભાઈ હતો કે મિત્ર હતો. આમ તેઓ રમૂજી હોવાથી ખાવા પીવાનું અને લંગોટી તો મળી જ જતી. આવા પ્રચંડ મહામૂર્ખના સંબંધમાં શું ક્યારે પણ આ કલ્પના કરી શકાય કે તેઓ એક દિવસે પ્રકાંડ પંડિત બની આ સંસારના કવિઓમાં શિરોમણી બની જશે. પરંતુ કાલીદાસે આ જગતમાં ન કેવળ કલ્પનાનો જ જન્મ આપ્યો, બલ્કે તેને અનેક સ્વરૂપે ચરિતાર્થ કરી દેખાડ્યું. લગન અને પરિશ્રમનો આ જ મહિમા છે.

એ દિવસોમાં વિદુષી રાજકુમારી વિદ્યોત્તમાનો પંડિતો સાથે શાસ્ત્રાર્થ ચાલી રહ્યો હતો. તેમાં તેઓ હારી ગયા. શાસ્ત્રાર્થ તથા પાંડિત્યમાં હારી ગયેલા પંડિતો તેનાથી ચિડાયા અને તેમણે છળકપટ વાપરી તેના લગ્ન કાલીદાસ સાથે કરાવી દેવામાં સફળતા મેળવી.

કાલીદાસ સાથે વિદ્યોત્તમાનો પરિચય થયો. પ્રથમ ક્ષણે જ એ વિદુષીએ મૂર્ખ કાલીદાસને ઓળખી લીધા. તેણે 'હાય' કહી પોતાના કપાળ પર હાથ મુક્યો અને રડતા રડતા એવું કહેતા કાલીદાસને પોતાના ઓરડામાંથી બહાર ધકેલી દીધા; તેણે કહ્યું-મારાથી મહાન પતિની આકાંક્ષા રાખનારી હું તારા જેવા મહામૂર્ખ પતિનો સ્વીકાર કરી વિદ્યાનું અપમાન અને અજ્ઞાનનો આદર કરી શકું નહીં. ચાલ્યો જા અહીંથી ''મારી સાથે છળ કરવામાં આવ્યું છે.''

કાલીદાસના હૃદયને ધક્કો લાગ્યો. તેમના આત્માએ એક ઉંડા આઘાતનો અનુભવ કર્યો. આત્મવિભોર કાલીદાસ એકદમ ચોંકીને જાગી ગયા. તેમનું ઘોર અપમાન થયું. તેની પીડા તેમના આત્માની અંદર ચીસ પાડી ઉઠી, પરંતુ તેનાથી પણ વધુ વેદના વિદ્યોત્તમાના એ આંસુઓને જોઈ થઈ, જેની પાછળ એક ઉજ્જવળ અને ઉચ્ચ દાંપત્ય જીવનની આકાંક્ષાઓ તરફડી રહી હતી.

હવે કાલીદાસ જાગી ગયા હતા. કાલીદાસ વિચારવા લાગ્યા કે - સંભવ છે કે ભારતીય મહિલા બીજીવાર લગ્ન ન પણ કરે અને પોતાના આટલા મહાન અને કિંમતી જીવનનો એમ જ શોક, સંતાપ અને પશ્ચાતાપની આગમાં સળગાવી નાશ ન કરી નાખે. સમાજની આટલી મોટી ક્ષતિ કેવળ એટલા માટે થઈ જાય કે હું અભણ છું, અસંસ્કૃત છું.

અગર હું મારી જાતને તેને યોગ્ય બનાવી દઉં તો કેટલું બધુ નિસર્ગ સુખ પ્રાપ્ત કરી શકું. આવો વિચાર થતા જ તેમના અંતરિયાળ પ્રદેશમાંથી અવાજ આવ્યો કે ''હું મહેનત અને સંકલ્પના બળે શું ના બની શકું?'' કાલીદાસ ત્યાંથી ક્યાંક ચાલ્યા ગયા અને વિદ્યોત્તમા આંખમાંથી આંસુઓ સારતી બેસી રહી.

ઘણાં બધા વર્ષો વહી ગયા-ચાર, છ, બાર અનેક વર્ષો સુધી કાલિદાસનો સંબંધ જગતની દરેક વાત સાથે તૂટી અધ્યયન સાથે જોડાઈ ગયો. અધ્યયનમાં ને અધ્યયનમાં તેમને એ વાતનું પણ ભાન રહ્યું કે દિવસ ક્યારે ઉગ્યો, ક્યારે રાત પડી ગઈ, સવાર ક્યારે થઈ, સાંજ ક્યારે પડી ગઈ. કોઈપણ વાતનું ભાન ન રહ્યું. કાલીદાસને અનેક દસકાઓ સુધી અગર કોઈ વાતનું ભાન હતું તો તે હતી કેવળ પોતાની એકાગ્રતા અને અધ્યયન.

કાલિદાસે પોતાના અધ્યયનને તપશ્ચર્યાના ઉચ્ચશિખરો સુધી પહોંચાડી જે કંઈ મેળવ્યું, તે લઈ તેઓ વિદ્યોત્તમા પાસે પહોંચી ગયા. એ સમયે વિદ્યોત્તમા પોતાના ઓરડામાં બેઠા બેઠા એ જ વેદનાના આંસુઓ સારી રહી હતી. એ સમયે અચાનક કોઈએ તેના દરવાજાને ખખડાવ્યો. શુધ્ધ અને પરિમાર્જિત સંસ્કૃતમાં સરી પડતા શબ્દો સાંભળ્યા ''**प्रियतमे! द्वारमकपाटं देहि**''. તે ઉભી થઈ બારણું ખોલ્યું-જોયું-કોણ છે. હું મહામૂર્ખ કાલિદાસ! કાલિદાસ હસી પડ્યા. વિદ્યોત્તમા હર્ષથી ભાવવિભોર બની ગઈ. હવે તે મહામૂર્ખ કાલિદાસની પત્ની ન હતી, બલ્કે મહાકવિ કાલિદાસની પ્રેરણાદાયિની, પ્રાણેશ્વરી વિદ્યોત્તમા હતી. બન્નેના ફરી મેળાપે કાલિદાસની સાધના અને વિદ્યોત્તમાની વેદનાને સફળ અને સાર્થક બનાવી દીધી.

આ છે સંકલ્પબધ્ધ મહેનત તથા લગનનો ચમત્કાર. જ્યારે ગરીબમાં ગરીબ અને મૂર્ખથી પણ મૂર્ખ હોવા છતાં પણ લોકોએ આ સંસારમાં સર્વોચ્ચ શિખરો પર પહોંચી પરિશ્રમનો મહિમા પ્રગટ કરી દીધો. તો કોઈ કારણ જ રહેતું નથી કે હું અને આપ કોઈપણ પોતાની આજની સ્થિતિમાંથી આગળ વધી યશ પ્રાપ્ત ન કરી શકીએ.

## આત્મજ્ઞાનની જરૂરિયાત શા માટે?

આત્માને શા માટે શોધવો જોઈએ? અને તેની જ જિજ્ઞાસા શા માટે રાખવી જોઈએ? એનો જવાબ એ છે કે આ સૃષ્ટિનું વાસ્તવિક તત્ત્વ આત્મા જ છે. જે જન્મ-મરણથી રહિત, શોકથી મુક્ત નિત્ય અને અવિનાશી છે. તેનું જ્ઞાન થઈ જવાથી મનુષ્ય તેની જ જેમ ભય, શોક અને ચિંતા તથા મૃત્યુથી મુક્ત બની જાય છે. અજર અમર બની જગતના લોકો તથા અનુભવોથી ઉપર ઉઠી ચિર અવિનાશી પદ પ્રાપ્ત કરી લે છે. આ નાશવંત મનુષ્ય જીવનની તેનાથી મોટી અને તેનાથી ઉંચી સિધ્ધિ અન્ય બીજી કઈ હોયી શકે?

મનુષ્ય એક એવો આનંદ પ્રાપ્ત કરવા ઈચ્છે છે કે જે સત્ય, અપરિવર્તનશીલ અને અવિનાશી હોય. સંસારના ક્ષણભંગુર સુખોનો ઉપભોગ કરવાથી તેની આ તૃષા તૃપ્ત કે પૂરી થતી નથી. બલ્કે આ ઉપભોગો કરવાથી તેની તૃષા વધુ વધી જાય છે. તેને અંતમાં તો અશાંતિ અને અસંતોષના જ ભાગીદાર બનવું પડે છે. આ નશ્વર અને મિથ્યા ભોગોમાં આનંદની શોધ કરતા કરતા તે જન્મ લે છે પછી મૃત્યુ પામે છે. સમગ્ર ખૂબ જ કિંમતી જીવન એમ જ વ્યર્થમાં વેડફાઈ જાય છે. આ સમયગાળા દરમ્યાન અગર વાંછિત આનંદના ખજાના રૂપ આત્માની શોધ કરી લેવામાં આવે, ત્યારે ન તો જન્મનો ભય રહે છે અને ન તો મૃત્યુનો. મનુષ્ય જીવન પણ આ શાશ્વત આનંદ પ્રાપ્ત કરતું રહે અને ત્યાર પછી તે પરમાનંદ સ્વરૂપ જ બની જાય.

આપણે સૌ જીવનમાં અનેક પ્રકારની સંપત્તિ, અનેક પ્રકારની ચીજવસ્તુઓ, ઐશ્વર્ય, સાધનો તથા વૈભવ વગેરે એકત્ર કરીએ છીએ. આ સંગ્રહ કરવા પાછળ નિશ્ચય એક જ ઉદ્દેશ્ય હોય છે. આ મહેનત એમ જ કોઈ ગાંડપણથી પ્રેરાઈ કરવામાં આવતી નથી અને ન તો એ બધુ સંસ્કાર અથવા અભ્યાસવશ કરવામાં આવે છે. તેની પાછળ એક જ ઉદ્દેશ્ય એક જ મંતવ્ય રહે છે. એ મંતવ્ય શું હોય છે? એ હોય છે આનંદની શોધ. આપણાં સૌને એ ભ્રમ રહેતો હોય છે કે અગર હું કોઈ પણ પ્રકારે વૈભવશાળી બની જાઉં. મારી પાસે બહોળા પ્રમાણમાં ધન, સંપત્તિ એકત્ર થઈ જાય તો હું જરૂર સુખી બની જાઉં. મારા માટે આનંદની

કોઈ જ ખોટ ન રહે. પરંતુ શું આપણો આ ઉદ્દેશ્ય પૂરો થઈ શકે છે? ક્યારે પણ નહીં. નિશ્ચિત નહીં.

અગર ધન સંપત્તિથી અને વૈભવ ઐશ્વર્યથી જ આનંદનો ઉદ્દેશ્ય પૂરો થઈ જાય છે, તો આ વિરાટ સૃષ્ટિમાં ન જાણે કેટલાયે ધનકુબેરો પડેલા છે. આ ધરતી પર એવા ધનવાનો હયાત છે કે જેમના ધનવૈભવની કોઈ ગણતરી જ નથી, ન તો કોઈ માપ છે. જેમની દરરોજની આવક કરોડો રૂપિયા છે અને જેમનું આર્થિક સામ્રાજ્ય દેશ વિદેશમાં ફેલાયેલું છે. તેઓ બધા જ સુખી અને સંતોષ હોવા જોઈતા હતા. પરંતુ જોવામાં તો એવું આવે છે કે તેઓ પણ અન્ય સામાન્ય લોકોની જેમ જ આનંદ માટે તરસી રહ્યા હોય છે. આ વિપુલ વૈભવની વચ્ચે પણ રડતા કકડતા અને શોકાતુર દૃષ્ટિગોચર થાય છે.

છતાં પણ આ નિરર્થકતાને જોઈ, સાંભળી, અનુભવ કર્યા પછી પણ મનુષ્ય આ જ વૈભવ મેળવવા તરફ દોડતો રહે છે. પોતાના જીવનનો લગભગ સંપૂર્ણ સમય આ જ ઈચ્છાઓની તૃપ્તિ પાછળ લગાવી દે છે. એના બે કારણો છે. એક તો એ છે કે દિવસ રાત તેને જ લક્ષ્ય બનાવી લાગી રહેવાથી, એની વચ્ચે જ રહેવાથી અને તેનું જ ચિંતન તથા વ્યવહાર કરતા રહેવાથી તેની સાથે મનુષ્યની આસક્તિ અને મમતાનો ભાવ જોડાઈ જાય છે. ધીરે ધીરે આ અભ્યાસ એટલો બધો ગાઢ બની જાય છે કે તે જીવનનું એક અંગ જ બની જાય છે.

મનુષ્ય આ જ ચીજવસ્તુઓ, સાધનો અને સામગ્રીઓને જ સર્વસ્વ માની બેસે છે. યુગયુગની, જન્મોજન્મની આ આદત છૂટી જવી સરળ નથી હોતી. તે એક સ્વભાવ બની જાય છે. ત્યારે જ મનુષ્ય તેની નિસારતા અને નુકશાનને જાણવા માનવા છતાં પણ તેના તરફ જ ઉત્સુક બની રહે છે. બીજીવાત એ છે કે આ બધાથી પર જે અવિનાશી અને ચિદાનંદમય આત્મ તત્વ છે, તેની સાથે તેનો પરિચય થવાનો કોઈ પ્રશ્ન જ પેદા થતો નથી. આકર્ષણ તો તેની તરફ જ થાય છે, જેનું તેને જ્ઞાન હોય છે અને જેની સાથે તેની ઓળખ હોય છે. સાંસારિક વૈભવ અને ભોગોથી પર પણ એક એવું સત્ય તત્વ વિદ્યમાન છે કે જેમાં આનંદનો વાસ માનવામાં આવે છે. અગર જો મનુષ્યને એ વાતની સારી રીતે ખબર પડી જાય તો તે આનંદની પ્રાપ્તિ માટે તેની તરફ પણ આકર્ષિત થાય. બન્ને વસ્તુઓ સામે હોવાથી જ તો કોઈ એકને છોડી બીજી યા એકની સાથે અન્યની

પણ પસંદગી કરી શકે. ત્યારે તેને માટે જ વધુ ઉપયોગી છે, તેનો સ્વીકાર કરી બીજાને છોડી શકે.

કેવળ સાંસારિક વૈભવ સામે હોવાથી તથા સંભવ માનવાના કારણે મનુષ્ય દોડાદોડી કરી તેને જ પકડે છે અને તેમાં જ આનંદની શોધ કરવાનો પ્રયત્ન કરે છે. તેમાં તે નિષ્ફળ જાય છે. છતાં પણ તે તેને જ પકડવા પ્રયત્ન કરે છે. આત્માનું જ્ઞાન ન હોવાથી આ પ્રક્રિયા તેને માટે એક વિવશતા બનેલી છે. અગર જો આત્માની પ્રાપ્તિ થઈ જાય તો નિશ્ચય જ તેના આ સ્વભાવમાં પરિવર્તન આવી જાય. ત્યારે તેનો ઉદ્દેશ્ય પણ પૂરો થઈ જાય.

નશ્વરતા આ જગતનો નિયમ છે. તેની કોઈ પણ ચીજવસ્તુઓ સ્થિત નથી અથવા અવિનાશી નથી. આ નિયમ અનુસાર ઉપાર્જન કરવામાં આવેલો વૈભવ પણ સંધ્યાના પડછાયાની જેમ નાશ પામી જાય છે. જે આજે છે, તે કાલે નથી રહેવાનું. અગર કોઈની પાસે ચાલાકીના આધારે થોડો વધુ સમય સુધી જળવાઈ પણ રહે, તો તેનો નાશ થઈ જવાનો ભય, દુ:ખ ડરાવતા રહે છે. ભોગ વિલાસ કે જેમાં ડૂબી મનુષ્ય ખૂબ જ આનંદ માણે છે, તે મનુષ્યનો નાશ કરી જાતે પણ નાશ પામી જાય છે.

યૌવન ઢળતા જ, વૃધ્ધાવસ્થા આવતા જ સૃષ્ટિના ભોગો નિર્બળ બની જાય છે. મનુષ્ય તેનો ખોટો આનંદ ઉઠાવવા લાયક પણ રહેતો નથી. ત્યારે તેનું ધ્યાન શૂળની જેમ ખૂંચે છે. અગર મનુષ્ય આરંભથી જ તેને નિસાર માની તેને વ્યસન ન બનાવે, તેની સાથે આસક્તિ ન જોડી લે તો ઘણી બધી સીમા સુધી આ માનસિક દુ:ખથી બચી શકે છે. પરંતુ અજ્ઞાનના કારણે તે સ્વાભાવિક રૂપે એવું કરી શકતો નથી.

મનુષ્ય પોતાના આનંદ માટે જે સાંસારિક સંપદાનો આધાર લે છે, તેમાં તે આનંદ તો ક્યાં મેળવે છે, ઉલટાનો તે તેના વિયોગમાં, અસ્થિરતા અને પરિવર્તનશીલતાની સાથે તેના વિનાશની સંભાવનાથી બેચેન અને દુ:ખી રહે છે. આખું જીવન વહી જતા પદાર્થોને રોકવામાં જ પૂરું કરી નાખે છે અને એક દિવસે તે સ્વયં પણ પોતાનું શરીર છોડી અજાણી દિશામાં ચાલ્યો જાય છે. ભોળો મનુષ્ય જે પદાર્થોને સત્ય સમજી પકડે છે, તે બધા જ સ્વપ્નની જેમ ખોટા અસત્ય સાબિત થાય છે. સાંસારિક ભોગોમાં દેખાતો આનંદ કૃત્રિમ પ્રકાશની જેમ છે. ત્યારે જીવનમાં હતાશાનો પ્રગાઢ અંધકાર છવાઈ જાય છે, જેમાં ભટકતા મનુષ્ય માટે ઠોકર ખાવા સિવાય કંઈપણ બાકી બચતું નથી.

આ જ કારણે મનીષીઓએ સાંસારિક સિધ્ધિઓથી પર અવિનાશી અને પરિવર્તનશીલ આનંદના ભંડાર રૂપ આત્માને શોધવા અને પ્રાપ્ત કરવાના મહત્ત્વ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. આત્મા સત્ય છે, નિત્ય છે, જ્યોતિ સ્વરૂપ અને આનંદમય છે. તેને પ્રાપ્ત કરી લેવાથી બીજું કંઈ પ્રાપ્ત કરવું બાકી બચતું નથી અને જાણી લેવાથી, બીજું કંઈપણ જાણવાનું બાકી રહેતું નથી. મનુષ્યની મહેનતની સાર્થકતા સાંસારિક સુખોના સાધનો અને દ્રવ્યોનો સંગ્રહ કરવામાં નહીં, બલ્કે આત્માને પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં છે.

આ જડ ચૈતન્યમય જગત જેટલું પણ દૃષ્ટિગોચર થાય છે, તેનું પોતાનું અસ્તિત્વ કંઈપણ નથી. આત્માના આધારે જ તેનું અસ્તિત્વ નિર્ભર છે. આત્મા જ મનુષ્ય જીવનનું અંતિમ સત્ય છે. આત્માના પ્રકાશમાં જ બાહ્ય સૃષ્ટિ અને મનુષ્ય જીવનનું અસ્તિત્વ દૃષ્ટિગોચર થાય છે. આત્માના સ્ટેજ પર જ સંસાર તથા દૃશ્યજીવનનું છાયા નાટક ભજવાતુ બનતું બગડતુ રહે છે સંસાર બીજું કંઈપણ નથી, કેવળ આત્માની અભિવ્યક્તિ અને તેનો વિસ્તાર જ છે. આત્મા એક ચિરંતન સત્ય છે. તેનાથી ભિન્ન જે કંઈપણ છે, તે અસત્ય છે, ભ્રમ પૂર્ણ છે, અગ્રાહ્ય છે. વેદોમાં જે "**असतो मा सद्‌गमय, तमसो मा ज्योतिर्गमय, मृत्योर्माऽमृतं गमय**"નો ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો છે, તેનો ઈશારો સાંસારિક જીવનથી ઉપર ઉઠી આત્મા તરફ જ અગ્રેસર બનવાનો છે. કારણ કે આત્મા જ્યોતિ સ્વરૂપે છે, શિવરૂપે છે અને તે અમૃત રૂપે પણ છે. નિશ્ચિય જ મનુષ્ય આ જ આવા જ કલ્યાણકારી આત્માને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

આત્મજિજ્ઞાસાથી રહિત જીવન ભાર રૂપ જ બની રહે છે. આત્મ-જિજ્ઞાસાથી રહિત મનુષ્યને ભયની કલ્પનાઓ અને પાપની ભાવનાઓ ક્યારે પણ ચેનથી રહેવા દેતી નથી. અગર સુખી, શાંત તથા સંતોષી જીવન પસાર કરવાની ઈચ્છા હોય, તો જીવનમાં આત્મ-જિજ્ઞાસાને સ્થાન આપવું જ પડશે. તેની શોધ કરવી જ પડશે. મનુષ્ય જેટલો પણ સમય અહંકારના પોષણમાં લગાવે છે, સાંસારિક સિધ્ધિઓની લાલસામાં પસાર કરે છે, અગર એમાંથી થોડો સમય કાઢી આત્માની શોધમાં લગાવે, તો આ કલ્યાણકારી માર્ગ પર ઘણું બધુ આગળ વધી શકાય.

અહંકારને વશ થઈ શારીરિક સંતોષ સુધી મર્યાદિત રહેનારાઓ પોતાની ભૂલ ત્યારે જ સમજી શકે છે, જ્યારે જીવનમાં પાનખરનો સમય આવી જાય છે અને શરીર પીળા પાંદડાની જેમ ખરી પડવાની સ્થિતિમાં હોય છે. એ ભેદ ખુલવાના સમયે તેને નિશ્ચય જ સંસારની નિસારતા, અસત્યતા અને ક્ષણભંગુરતાનું જ્ઞાન અને આત્માની ચિરંતનતા અને અવિનશ્વરતાની પ્રતીતિ થાય છે. ત્યારે સમય હાથમાંથી સરી ગયો હોય છે. એ અંતિમ સમયમાં કંઈપણ કરી શકવાની તક રહેતી નથી. એ સમયે હાથ મસળી મસળી પસ્તાવા સિવાય બીજું કંઈપણ બાકી રહેતું નથી. એ સમયે આ પશ્ચાતાપની સાથે આ સંસાર છોડવા મજબૂર થવું પડે છે, કે જે સત્યની શોધ માટે દેવતાઓને દુર્લભ એવું મનુષ્ય જીવન મળ્યું હતું, તેની ઉપેક્ષા કરી હોય, હું દુનિયાની તૂચ્છ વાતોમાં જ લાગી રહ્યો. મેં બધુ જ કર્યું, જે કરવાનું ન હતું અને એ બધુ ન કર્યું, કે જે મારું કર્તવ્ય હતું. એ ક્ષણે એ આત્માની ઉપેક્ષા કરનારી વ્યક્તિની શું દશા થતી હશે? તેના હૃદયમાં કયા ભયાનક પસ્તાવાની અને મજબૂરીની આગ સળગતી હશે, તેને તો તે જ બતાવી શકે છે, કે જેણે એ સ્થિતિ ભોગવી છે અથવા જે આગળ ચાલીને એક દિવસે ભોગવશે.

કેટલું સારું થાત કે મનુષ્ય જરૂરિયાત જેટલા પોતાના સાંસારિક કર્ત્તવ્ય બજાવતો રહે અને બાકીનો સમય આધ્યાત્મના માર્ગ દ્વારા આત્માની શોધ કરવામાં લગાવતો રહે, તો તેના લોક-પરલોક બન્ને એકી સાથે સુધરતા જાય. આ દ્વિમુખી સાધનામાં જરા જેટલી પણ મુશ્કેલી નથી. આત્મવિશ્વાસુ મનુષ્ય સંસારમાં રમવા છતાં તેની અંધારી વીથિકાઓમાં ભટકી શકતો નથી. તેની એ જિજ્ઞાસાઓ સાથે રહી પ્રકાશનું કામ કરતી રહે છે. સાંસારિક કર્તવ્યો પછી તે તેને પ્રકાશના એ જ માર્ગ પર પાછી લઈ આવે છે, જેનું અનુસરણ આ વેદ વાક્યને ચરિતાર્થ કરી દે છેઃ-

**''असतो मा सद्‌गमय'' ''तमसो मा ज्योतिर्गमय'' ''मृत्योर्माऽमृतं गमय''**

અને ત્યારે મનુષ્યનું ન કેવળ વર્તમાન જીવન બલ્કે ભૂત, ભવિષ્ય બાકીનું સમગ્ર જીવન ધન્ય બની જાય છે.

# આત્મજ્ઞાન દ્વારા દુઃખોમાંથી નિવૃત્તિ સંભવ

દૂરદૃષ્ટા દાર્શનિકોએ આ સંસારને દુઃખાલયની ઉપમા આપી છે. આ ઉપમાનો આધાર એ જ છે કે મનુષ્ય આ દુનિયામાં જન્મ લઈ હંમેશા કોઈને કોઈ પ્રકારે શારીરિક, કુદરતી અથવા માનસિક દુઃખો વડે ઘેરાયેલો રહે છે. મનુષ્યની તમામ મહેનત, પરિશ્રમ અને પ્રયત્ન દુઃખમાંથી બચવાનો એક ઉપાય છે. પરંતુ આખું જીવન પ્રયત્નો કરતા રહેવા છતાં પણ મનુષ્યનો તેનાથી લગભગ છુટકારો થતો નથી અને અંતમાં તે પીડા, મુશ્કેલીઓની માનસિક અથવા શારીરિક સ્થિતિમાં જ આ દુનિયા છોડીને ચાલ્યો જાય છે.

અનેક લોકો સાધનોના અભાવને જ દુઃખનું કારણ માને છે. આ દુનિયામાં એકથી એક ચઢિયાતા સાધન સંપન્ન મનુષ્યો પડ્યા છે, પરંતુ તેઓ શું સુખી અથવા સંતોષી હોય છે? પોતાના વિપુલ સાધનોના ભંડાર વચ્ચે પણ તેઓ તરસતા, તરફડતા અને નિસાસા નાખતા નજરે પડે છે. જેમને સાધનોના અભાવનું દુઃખ નથી, તેઓ રોગ, શોક વગેરેના શારીરિક દુઃખથી પીડાતા જોવા મળે છે, જેમને શારીરિક દુઃખ નથી, તેઓ કામ, ક્રોધ, ઈર્ષા, દ્વેષ, તાપ, પાપ, પશ્ચાતાપ, તૃષ્ણા અથવા એષણાઓના માનસિક દુઃખથી ઘેરાયેલા જોવા મળે છે અને એવા પણ અનેક લોકો હોયી શકે, કે જેમને શારીરિક, માનસિક અથવા વસ્તુના અભાવનું દુઃખ ન પણ હોય, છતાં પણ તેઓ અજ્ઞાનના દુઃખથી પીડાતા મળી આવે છે. અગર એકવાર કોઈ સજ્જન અથવા સાધુપુરુષ આ દુઃખોથી ન પણ દુઃખી હોય, તો પણ તેમની આસપાસ રહેતા અધમ પાપી લોકો વિના કારણે તેમને માટે ન ગમતી પરિસ્થિતિઓ ઉત્પન્ન કરી શકે છે. કોઈ અકસ્માત અથવા આધિ-વ્યાધિ જ તેમના દુઃખનું કારણ બની શકે છે. આ દુનિયામાં કુદરતી ન જાણે એવા તો કેટલાયે દુઃખો આવતા જ રહે છે, કે જેનાથી અમીર, ગરીબ, સાધુ અને શઠ સૌ કોઈ એક સરખા પીડાય છે અને કોઈ દુઃખ ન પણ હોય તો જન્મ, વૃધ્ધાવસ્થા અને મૃત્યુનું દુઃખ શું ઓછું છે?

મહાત્મા બુધ્ધ એક રાજકુમાર હતા. તેમના જીવનમાં વસ્તુઓના અભાવનો કોઈ પ્રશ્ન જ ઉઠતો ન હતો. તેઓ સંપૂર્ણ તંદુરસ્ત, નિરોગી, સુંદર, ચારિત્રવાન પણ હતા. તેમને શારીરિક પીડાનો તો કોઈ અનુભવ

પણ ન હતો. તેમની કોઈ પણ ઈચ્છા તાત્કાલિક ખૂબ જ કાળજીપૂર્વક પૂરી કરવામાં આવતી. દરેક પ્રકારે, દરેક પરિસ્થિતિમાં તેમને પૂરેપૂરા આનંદિત તથા સંતુષ્ટ રાખવાનો પ્રયત્ન કરવામાં આવતો. આવી સ્થિતિમાં માનસિક દુઃખોનો એમના જીવન સાથે કોઈ જ સંબંધ ન હતો. તેમની પત્ની યશોધરા, સુંદર તંદુરસ્ત, નિરોગી, પતિવ્રતા અને પ્રિય હતી. તેમનો પુત્ર રાહુલ મનને ગમી જાય તેવો સુંદર અને અત્યંત વહાલો હતો. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે રાજકુમાર સિધ્ધાર્થને પોતાને ગમતી અને અનુકૂળ પરિસ્થિતિઓમાં કોઈપણ પ્રકારનું શારીરિક, માનસિક, બૌધ્ધિક અથવા આકસ્મિક કોઈ દુઃખ જ ન હતું. આટલું બધુ હોવા છતાં પણ તેઓ દુઃખની અનુભૂતિથી પીડાઈ પોતાની પ્રિય પરિસ્થિતિઓને છોડી સંસારનું દુઃખ દૂર કરવાનો ઉપાય શોધવા માટે સાધુ બની ગયા.

રાજકુમાર સિધ્ધાર્થ કેવળ એક જ ક્ષણમાં પોતાને અનુકૂળ પરિસ્થિતિ તથા પ્રિય વાતાવરણમાંથી બહાર નિકળી આવી ચારે તરફ ફેલાયેલી દુનિયામાં આવ્યા અને એક રોગી, વૃધ્ધ તથા મડદાને જોઈ અનુભવ કરી લીધો કે આ દુનિયા દુઃખ, દર્દથી ભરેલું દુઃખાલય અર્થાત દુઃખનો મહેલ છે. તેમનો આ અનુભવ સત્ય યથાર્થ અને વાસ્તવિકતા હતી. તેણે તેમને એટલા બધા બેચેન બનાવી દીધા કે આખરે તેઓ આ દુનિયાનું દુઃખ દૂર કરવાનો ઉપાય શોધતા શોધતા રાજકુમાર સિધ્ધાર્થમાંથી વૈરાગી બુધ્ધ બની ગયા.

વૈદિક, ઉપનિષદક, દાર્શનિક અને ધાર્મિક, આધ્યાત્મિક, જ્ઞાન વિજ્ઞાન વગેરે જેટલું પણ જે કંઈ પણ સાહિત્ય છે, તે કોઈને કોઈ સ્વરૂપે એ ઉપાયો અને સિધ્ધાંતોનો જ વિસ્તાર છે. જેના દ્વારા મનુષ્ય દુઃખમાંથી નિવૃત્ત બની સુખ તરફ અગ્રેસર બની શકે. ઋષિમુનિઓ તથા દાર્શનિકોથી લઈને જે કોઈ પણ તપસ્વી મહાત્મા અને મનીષી, ચિંતક તથા વિદ્વાનો થયા છે, તેમણે સંપૂર્ણ જીવનને મનુષ્યના દુઃખને દૂર કરવા અને સુખ મેળવવાનો ઉપાય શોધવામાં જ લગાવી દીધું. આ પવિત્ર પ્રયત્નો અને મહાન જીવનને જોતા એ જ માનવું પડશે કે આ સંસાર વાસ્તવમાં દુઃખાલય જ છે અને દુઃખથી બચવાનો પ્રયત્ન જ મનુષ્ય જીવનનો ઉપક્રમ છે.

એ પણ માની શકાય છે કે આ દુનિયામાં સુખનો પણ એક અંશ છે, જેનો પુરાવો લોકોના હસવા બોલવામાં ગાવા, વગાડવામાં, રમવા

કૂદવામાં તથા આનંદ મનાવવામાંથી મળે છે. લોકો આનંદ કિલ્લોલ, વિલાસી, ભાગ્યશાળી જીવન પસાર કરતા પણ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ બધા જ સુખો ક્ષણભંગુર, અસ્થાયી, પરિવર્તનશીલ અને દુઃખના પરિણામો વાળા હોય છે. ન તો તેમાં કોઈ સ્થાયિત્વ છે અને ન તો કોઈ વાસ્તવિકતા-સુખોનું આ સમગ્ર આયોજન પણ એક પ્રકારે દુઃખથી બચવાનો ઉપક્રમ છે. આ સંસારમાં સુખોની અપેક્ષાએ દુઃખોનું બાહુલ્ય અને સ્થાયિત્વ વધુ છે.

આ સંસારમાં દુઃખોનું બાહુલ્ય છે અને મનુષ્યને આ સંસારમાં રહેવાનું જ છે, તો શું દુઃખોમાંજ ખૂપી જઈ તેણે પોતાના ખૂબ જ કિંમતી જીવનનો નાશ કરી નાખવો શું તેનું અટળ પ્રારબ્ધ છે? ના ના મનુષ્યનું પ્રારબ્ધ દુઃખ ભોગવવાનું નથી. તેનું લક્ષ્ય તો દુઃખો પણ વિજય મેળવી એક ચિરસ્થાયી સુખ મેળવવાનું જ છે. આ જ મનુષ્યનો પુરુષાર્થ છે અને આ જ તેનો શ્રેય પણ છે. આ સંસારને દુઃખથી પૂર્ણ હોવાના કારણે દુઃખાલય માની પીડા, દુઃખની વચ્ચે તરફડી તરફડી મરી જવું, મનુષ્યનો લજ્જાસ્પદ પરાજય છે. માનવતાની શોભા એમાં જ છે કે દુઃખમાંથી છૂટવા અને સુખ મેળવવા માટે સતત પરિશ્રમ કરવામાં આવે. મનુષ્યે આ દુનિયાને પરીક્ષાનું સ્થળ સમજી અને આ દુઃખના મહાસાગરને પાર કરી સુખશાંતિના સુંદર કિનારા પર પહોંચી પોતાની જાતને શ્રેયની અધિકારી બનાવે. જ્યાં રોગ છે, ત્યાં ઉપચાર પણ છે. જ્યાં કોયડો છે, ત્યાં ઉપાય પણ છે. જ્યાં લગન છે, ત્યાં રસ્તો પણ છે, જ્યાં દુઃખ છે, ત્યાં તેમાંથી છૂટવાનો માર્ગ પણ છે. જરૂરિયાત માત્ર આટલી જ છે કે હૃદયમાં સાચી જિજ્ઞાસા હોવી જોઈએ. તે પોતાના લક્ષ્ય પ્રત્યે નિષ્ઠાવાન તથા સતત મહેનત તથા પ્રયત્ન કરવાનું સાહસ ધરાવતો હોય.

ભારતના મનીષીઓએ પરોપકાર્થે પોતાના સમગ્ર જીવન દરમ્યાન તપ કરી દુઃખ દૂર કરવા જે અમોઘ ઉપાય શોધી કાઢ્યા હતા, તે ખૂબ જ સરળ અને સહેલા છે. તેનું અવલંબન લઈને ન જાણે કેટલાયે લોકો આ દુઃખનો મહાસાગર તરી ગયા છે, તરી રહ્યા છે, તરતા રહેશે. તેમના દ્વારા શોધવામાં આવેલા દુઃખ નિવારણના ઉપાયો સાર્વભૌમ અને સર્વમાન્ય છે. આ આધ્યાત્મિક ઉપાયોનું અવલંબન લીધા વગર ન તો કોઈ આ જ સુધી દુઃખમાંથી મુક્તિ મેળવી શક્યો છે, ન તો તે મેળવી

શકશે. તેનાથી તદ્દન વિપરિત જે બુધ્ધિશાળી આ ઉપાયોને કામમાં લાવે છે, તે જરૂર જ દુઃખપર વિજય મેળવી સુખ પ્રાપ્ત કરે છે.

મોટા ભાગના ચિંતકોનો એવો મત છે કે મનુષ્યની વિષયવાસના, તૃષ્ણા જ સમગ્ર દુઃખોનું મૂળ છે. અગર મનુષ્ય તૃષ્ણાની માયાજાળમાં ફસાતી પોતાની જાતને બચાવી શકે, તો નિશ્ચિત જ દુઃખોમાંથી તેને મુક્તિ મળી જશે. સંસારમાં જે કંઈ પણ જોયું તેને જ મેળવવા માટે લાલચું બની જવું અને તેને મેળવીને પણ સંતુષ્ટ ન થતા વધુમાં વધુ મેળવવાની ઈચ્છા કરવી. ઈચ્છા કરવી જ તૃષ્ણા છે, જે ક્યારે પણ પૂરી થતી નથી. જે મળ્યું છે, તેમાં જ સંતુષ્ટ રહી અગર વધુમાં વધુ પ્રાપ્ત કરવાની પિપાસાને છોડી દેવામાં આવે તો મનુષ્ય અવશ્ય જ અનેક શારીરિક, સામાજિક દુઃખોમાંથી બચી શકે છે.

વિષયના-વાસનાના વધુમાં વધુ ભોગની તથા વસ્તુઓ દ્વારા વધુ સુખ મળવાની કલ્પના દુઃખ મળવાનું ખાસ કારણ છે. આ એક અનુભવેલું સત્ય છે કે વિષયભોગની પ્રાપ્તિ અન્ય દુઃખ રૂપે સામે આવીને ઉભી રહે છે. મનુષ્ય ભોગોને કેટલા પણ કેમ ન ભોગવે, છતાં પણ તેને તૃપ્તિ મળી શકતી નથી અથવા તે તૃપ્ત થઈ શકતો નથી. તેનું શરીર શિથિલ બનીને જ નાશ પામે છે, પરંતુ ભોગોની વાસના જેમની તેમ જળવાઈ રહે છે. વિષયોનો ભોગ ભોગવવામાં તલ્લીન મનુષ્ય, એવું સમજે છે કે તે વિષયોનો ભોગ કરી રહ્યો છે, પરંતુ વાસ્તવમાં હોય છે તેનાથી તદ્દન વિપરીત, વિષય વાસના ભોગ કરનારનો જાતે જ ઉપભોગ કરી નાશ કરી નાખે છે. વિષય ભોગની અતૃપ્ત તૃષ્ણાના અસ્તિત્વથી મનુષ્ય દુઃખોમાંથી મુક્ત થઈ શકે એ સંભવ નથી. જે મનુષ્ય ભોગોને તેની મર્યાદાની સીમા સુધી ભોગવી તેમાં લિપ્ત થતો નથી અને તેને દુઃખદાયક વિષય માની તેનાથી વિરક્ત રહે છે, તેને સુખી થવાથી કોઈપણ અવરોધ રોકી શકતો નથી.

દુનિયાની દરેક વસ્તુ નાશવંત છે. એટલે સુધી કે શરીર પણ. એવું જાણીને બુધ્ધિશાળી મનુષ્ય તેના પ્રત્યે આસક્તિ રાખતો નથી, તે દુઃખના વિશેષ હેતુ માટે તૈયાર મોહરૂપી કટારથી બચી જાય છે. નહીં તો આસક્ત મનુષ્ય તેમાં ક્ષણેક્ષણે તેના ક્ષીણ, ક્ષય અથવા નાશ, વિયોગથી દુઃખી થાય છે. અગર આ વસ્તુઓ તેની નજર સામે જોતજોતામાં નાશ ન

પણ પામે, છતાં પણ તેના નાશ પામવાની અથવા તેના વિયોગની શંકા તેને સતાવતી રહે છે. દુનિયાની દરેક વસ્તુ નશ્વર અને ક્ષય પામનારી છે. એવી બુધ્ધિ રાખી જે મનીષી તેની સાથે આત્મિક સંબંધ ન રાખતા વ્યવહારિક સંબંધ રાખતા અનાસક્તિનું આચરણ કરે છે, તેને દુનિયાનું કોઈપણ નુકશાન દુઃખી અથવા વિચલિત કરી શકતું નથી. દુઃખ વસ્તુના નાશ કે વિયોગથી થતું નથી. વાસ્તવમાં દુઃખનું કારણ તેના પ્રત્યે મનુષ્યનો એ મોહ જવાબદાર હોય છે, જેને તે અજ્ઞાનવશ વસ્તુ સાથે બાંધી દે છે.

મહાત્મા બુધ્ધની શોધ અનુસાર દુઃખોમાંથી નિવૃત્તિ 'નિર્વાણ'માં સમાયેલી છે. પોતાની જાતને રાગ દ્વેષથી મુક્ત કરી લેવી જ નિર્વાણ છે, જેને જરા જેટલા પ્રયત્નો દ્વારા મનુષ્ય પોતાના જીવન દરમ્યાન જ પ્રાપ્ત કરી શકે છે. બુધ્ધ દ્વારા સૂચવવામાં આવેલ નિર્વાણ અવસ્થાને વૈરાગ્ય દ્વારા શુધ્ધ આચરણ કરતા, આ નાશવંત દુનિયાના ચિરંતન સત્યોમાં વિશ્વાસ રાખવાથી, મનુષ્ય વિષયોની વિભીષિકાઓ અને તૃષ્ણાની માયાજાળથી બચી જઈ દુઃખોમાંથી નિવૃત્ત થઈ શકે છે.

સાંખ્યદર્શનકારે આત્મા અને શરીર વચ્ચે રહેલા અંતર ન સમજવાના અજ્ઞાનને દુઃખનું કારણ બતાવ્યું છે. તેમનું કહેવું છે કે મનુષ્ય જ્યારે અજ્ઞાનવશ પોતાની જાતને શરીર માની લે છે, ત્યારે જ તે દુઃખનો અનુભવ કરે છે. મનુષ્ય જ્યારે પોતાની અનુભૂતિઓને શરીર સુધી જ મર્યાદિત બનાવી લે છે અથવા પોતાને શરીર માની લે છે. એટલે સ્વાભાવિક જ છે કે શરીરની પીડા તેને પોતાની પીડા હોય એવો અનુભવ થાય.

વાસ્તવમાં મનુષ્ય શરીર નથી. તે અનાદિ, અનંત, ચૈતન્ય અને આનંદ સ્વરૂપ આત્મા છે. તેમાં અજ્ઞાન, અથવા દુઃખની અનુભૂતિઓનો કોઈ વિકાર નથી. તે નિર્વિકાર, એકરસ, ચૈતન્ય તત્વ છે, જેને ન તો શસ્ત્રો કાપી શકે છે, ન તો પાણી ભીંજવી શકે છે, ન તો હવા તેને સુકવી શકે છે, ન તો અગ્નિ બાળી શકે છે. તે પોતાની જ્યોતથી સ્વયં પ્રકાશમાન એવો શિવ અને શાશ્વત દીપક છે, જેને ન તો વિપરીત પરિસ્થિતિઓ પ્રભાવિત કરી શકે છે, ન તો કાળ તેને ઓલવી શકે છે. આત્મા, શરીર, મન, ઈન્દ્રિયો તથા બુધ્ધિથી ભિન્ન અવિનાશી તત્ત્વ છે. જે હંમેશા સ્વયં સંતુષ્ટ અને આનંદિત રહે છે. તેને સુખ માટે ન તો કોઈ વસ્તુની અપેક્ષા છે અને ન તો કોઈ ભોગની જરૂરિયાત છે. તે સ્વયં જ આનંદ સ્વરૂપ છે,

શાશ્વત છે. મનુષ્ય આ જ અવિચળ અને અવિનાશી આત્મા છે, શરીર નહીં, હવે જે મનુષ્ય અજ્ઞાનવશ પોતાના આ ઉચ્ચ આસન પર બિરાજમાન આત્માથી ભિન્ન બની શરીરને નીચેના પગથિયા પર ઉતારી દે, તો તે તેની વિકૃતિઓથી ત્રાસી જશે જ. મનુષ્ય પોતાને અવિકળ (અખંડ) આત્મા સમજે અને પોતાના સત્ય સ્વરૂપમાં વિશ્વાસ કરે અને શરીરને નશ્વર દુનિયાનો એક અંશ માની તેની વિપરીત કલ્પનાઓથી પ્રભાવિત થયા વગર દર્શન રૂપે જૂએ, તો નિશ્ચય જ તે દુ:ખના બંધનોમાંથી મુક્ત બની સુખનો અધિકારી બની શકે છે.

વેદાંત દર્શનના વ્યાખ્યાકાર જગદગુરુ શંકરાચાર્યે દુ:ખોના નિવારણનો ઉપાય મોક્ષ બતાવ્યો છે. મોક્ષની પરિભાષા (વ્યાખ્યા) કરતા તેમણે સ્પષ્ટ કર્યું છે કે -''આ સત્યજ્ઞાનની સ્થાયી અનુભૂતિ જ મોક્ષાવસ્થા છે. આત્મા દેહથી પર, શરીર તથા મન, બુધ્ધિથી અલગ, સ્વભાવિક રૂપે મુક્ત, નિત્ય અને અવિકલ્પી છે. આવી અનુભૂતિનો સાક્ષાત્કાર કરી લેવાથી મનુષ્યનું શરીર અથવા મનનું વિકારોથી પ્રભાવિત થવું સમાપ્ત થઈ જાય છે.''

મનુષ્ય એક અજાણ્યા સમયથી નિરંતર શરીર તથા સંસ્કારના સંસર્ગમાં રહેતા રહેતા પોતાના સાચા સ્વરૂપ આત્માને જ ભૂલી ગયો નથી, બલ્કે જગતના પરમ કારણ સ્વરૂપ પરમાત્માને પણ ભૂલી ગયો છે. સંસર્ગ જન્ય અજ્ઞાનના કારણે તે પરમાત્માના બદલે તેની માયા, આ સંસારને જ સત્ય સમજી બેઠો છે. જ્યાં તેને દુ:ખ સિવાય બીજું કંઈપણ હાથમાં આવતું નથી.

અગર મનુષ્ય આ રીતે પોતાના સત્ય સ્વરૂપ આત્મા પર શ્રધ્ધા રાખી સંસારમાં ચારે તરફ કારણભૂત પરમાત્માને જૂએ અને તેના દ્વારા આપવામાં આવેલા પદાર્થો, વિષયો તથા ભોગોને મર્યાદાપૂર્વક ભોગવવા છતાં પણ તેનાથી પ્રભાવિત ન થવાના અભ્યાસ સાથે જીવન જીવે તો નિશ્ચય જ તેના તમામ બંધનો કપાઈ જાય અને તે પોતાના જીવન દરમ્યાન જ મુક્તિ, મોક્ષ અને નિર્વાણની ચિદાનંદ સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે.

# सत्यं शिवं सुंदरम्-આપણું પરમ લક્ષ્ય

મનુષ્યની રુચિ અને પ્રવૃત્તિ તેના અંતરાત્માની સાક્ષી હોય છે. તે એ વાત બતાવી દે છે કે તેનો આત્મા સુષુપ્ત છે કે જાગૃત. જાગૃત આત્માનું લક્ષણ હોય છે-સત્યં, શિવં અને સુંદર તરફ ઉન્મુખ હોવું. સુષુપ્ત આત્માનું લક્ષણ છે-તેનાથી તદ્દન વિપરીત અસત્ય, અશિવ અને અસુંદરતા તરફ ગતિશીલતા.

આ જગતમાં કોઈ સુંદર દૃશ્ય, સુંદર રૂપ અને સુંદર ગુણને જોઈ જેનો આત્મા પ્રસન્ન, પ્રફુલ્લિત અને આનંદિત થઈ નાચી ઉઠે છે, તેનામાં પણ આ પ્રકારનું સૌંદર્ય પોતાની અંદર પ્રાપ્ત કરવાની લાલસા ઉત્પન્ન થાય તો સમજી લેવું જોઈએ કે તેના આત્મામાં જાગૃતિનો ઉન્મેષ પેદા થઈ રહ્યો છે.

જાગૃત આત્મા ધરાવતો મનુષ્ય પ્રકૃતિના ખોળામાં નાચતા ગાતા, કલરવ કરતા પશુપક્ષીઓ, કલકલ નાદ કરતા વહેતા ઝરણાંઓ તથા નદીઓ, ગગનને સ્પર્શ કરતી પર્વતમાળાને જોઈ એવા આનંદનો અનુભવ કરે છે, કે જાણે આ બધો જ સુંદર વૈભવ તેના આત્મામાંથી જ વહીને ચારે તરફ ફેલાઈ ગયો છે. તે તેને એ રીતે જૂએ છે, જેવી રીતે દર્પણમાં પોતાનું સુંદર પ્રતિબિંબ જોઈ રહ્યો હોય. કોઈ ગાયકનું સુંદર સંગીત, કવિની રચના અને ચિત્રકારની કલા જોઈ આત્મા ભાવવિભોર બની જઈ એવો અનુભવ કરે છે, કે જાણે તે એ ગીત, એ કવિતા અને આ આલેખન તેની પોતાની અનુભૂતિઓ અને અભિવ્યક્તિ હોય, જેને તે સ્વયં પ્રગટ કરી જાતે જ તેને જોઈ રહ્યો છે અને સાંભળી રહ્યો છે. જાગૃત આત્મા ધરાવતો મનુષ્ય તમામ શિવ અને સુંદર તત્વો સાથે તાદાત્મ્યનો અનુભવ કરે છે.

આ તાદાત્મ્યનું રહસ્ય એ છે કે મનુષ્યનો આત્મા સમગ્ર સુંદરતાઓ, કળાઓ અને શ્રેષ્ઠતાઓનો ભંડાર છે. આત્મામાં વાસ કરનારા ગુણો, ખાસિયતો કોઈ માધ્યમ દ્વારા મેળવી બહાર પ્રગટે છે. પરંતુ તેનો અનુભવ તો તેને જ થાય છે, જેનો આત્મા પ્રબુધ્ધ હોય છે. સુષુપ્ત આત્મા ધરાવનારાઓને તેનો અનુભવ એ જ રીતે થતો નથી, જેવી રીતે સુતેલી વ્યક્તિને તેની પોતાની કલાકૃતિ દેખાડવાથી કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા થતી નથી; એ આત્માની જાગૃતિ જ છે, જે શ્રેષ્ઠતા,

દેવત્વ, કલા, સૌંદર્ય અને સદ્‌ગુણીની અભિરુચિ અને તેના પ્રત્યે આનંદમય અનુભૂતિનો જન્મ આપે છે.

પરમાત્મામાંથી જ આત્મામાં આ વિશેષતા અવતરિત થઈ છે. દરેક તત્ત્વ પરમાત્માની પ્રેરણા તથા દિવ્ય વિધાનથી જન્મેલું છે. તેના વિચારો, તેના ગુણો અને તેની અનુભૂતિઓ પરમાત્મભાવથી ઓતપ્રોત રહે છે અને એ તમામ તત્વો આત્મામાંજ સંકલિત રહે છે. દરેક મનુષ્ય પરમાત્માનો એક અંશ છે. તેનામાં પરમાત્માના એ બધા જ ગુણો હોવા એ જ રીતે સ્વભાવિક છે, કે જેવી રીતે પાણીના ટીંપામાં સાગરના ગુણો સમાયેલા હોય છે. મનુષ્ય ભૌતિક, માનસિક તથા અને આધ્યાત્મિક સંપદાઓથી લદાયેલો હોય છે. એ વાત બીજી છે કે તેના અવગુણો અને કુકર્મોના કારણે તેનો આત્મા જાગૃતિથી વંચિત થઈ તે પોતાની આ સંપદાઓનો અનુભવ ન કરી શકે.

અગર આપની અભિરુચિ અને પ્રવૃત્તિ શિવ અને સુંદર તરફ હોય, તો સમજી લેવું જોઈએ છે કે આપના આત્મામાં જાગૃતિનું લક્ષણ છે. આપને તક છે કે આપ પોતાની આ આત્મ-જાગૃતિનો શ્રેષ્ઠ પ્રયત્નો દ્વારા વિકાસ કરો, આગળ વધારો,જેનાથી આપ નિરંતર પરમાત્મા તરફ અગ્રેસર બનતા જશો અને તુરંત જ પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપને પ્રાપ્ત કરી લે શો. આત્માના ગુણોના સાક્ષીના આધારે આ પ્રકારનો વિશ્વાસ ન કરવાનું કોઈ જ કારણ જ નથી કે આપનું વાસ્તવિક સ્વરૂપ સચ્ચિદાનંદ જ છે.

જે મનુષ્ય કદરૂપતા, અશિવ, કુકર્મો અને અપવિત્રતા તરફ અરુચિ ન દાખવતા, એનામાં ગુણો જૂએ છે-જેમ કે તે કોઈના વ્યસનો જોઈ પ્રભાવિત થાય છે, કોઈ ગુનેગાર પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે, લોભી અને સ્વાર્થીની નીતિમાં ચતુરાઈ જૂએ છે, ડાકૂ, ચોર અને અત્યાચારીઓની કથામાં રસ લે છે. ન જોવાલાયક દૃશ્ય જોવા ઉત્સાહિત થાય છે અને પાપીઓની મિત્રતા પ્રત્યે ઘૃણા દર્શાવતો નથી, તો એ માનવું જોઈએ કે તેનો આત્મા સુષુપ્ત સ્થિતિમાં પડ્યો છે અને તે સૃષ્ટિના તમામ સુખ સૌંદર્યથી વંચિત થઈ ગયો છે. જેલો, હોસ્પિટલો અને ગાંડાની હોસ્પિટલોમાં જોવા મળતી મનુષ્ય આકૃતિઓમાં એ મનુષ્ય હોય છે, જેનો આત્મા સુતેલો હોય છે અને એ જ સુષુપ્ત દોષથી જ તે એ જગ્યાએ પહોંચ્યો છે.

મનુષ્યની સુષુપ્ત સ્થિતિનું કારણ મનુષ્યનું અજ્ઞાન જ છે. એનું એ ન જાણવું કે તે સ્વયં કોણ છે? શા માટે આ ધરતી પર આવ્યો છે અને તેનું લક્ષ્ય શું છે? અગર તે આ ત્રણે વાતોનું જ્ઞાન પ્રાપ્ત કરી લે તો નિશ્ચય જ તેના આત્મામાં જાગૃતિની સ્થિતિ પેદા થઈ જાય. આ ત્રણે પ્રશ્નોનો જવાબ ગુપ્ત રહસ્ય નથી. તેનો જવાબ બિલકુલ સીધો, સરળ અને આખરી છે. મનુષ્ય પરમાત્માનો એક અંશ છે, તેનો પુત્ર અને પ્રતિનિધિ છે. સંસારમાં આનંદની શોધ કરવા, તેને પ્રાપ્ત કરવા અને એ જ ક્રમમાં પોતાને સ્વયંને ઓળખી પોતાના લક્ષ્યવાળા સચ્ચિદાનંદ સ્વરૂપને પ્રાપ્ત કરવા આવ્યો છે.

પોતાના આ વ્યક્તિત્વ, કર્ત્તવ્ય અને ઉદ્દેશ્ય તરફ અજ્ઞાની રહેવાનું કારણ પોતાના આત્માને એ વાસનાઓ, તૃષ્ણાઓ, એષણાઓ, માયાજાળ, કદરૂપતાઓ, અશુભમાં ફસાવી રાખી આત્મજાગૃતિ તરફ અજાણ જ રહે છે. વિષયોમાં સુખ શોધવું, પદાર્થો તરફ આસક્તિ વધારવી, માયાથી મોહિત થવું અને કામનાઓને પોષવી તેનો સ્વભાવ બની જાય છે. આવી વિપરીત સ્થિતિમાં તેનો આત્મા મોહનિંદ્રામાં મૂર્છિત પડ્યો રહેવો કોઈ આશ્ચર્યની વાત નથી.

જેનો આત્મા સુતેલો છે, તે મનુષ્ય પણ સ્વયં સુતેલો છે. આત્મબોધ રહિત મનુષ્યની અભૌતિક જાગૃતિ સાંસારિક સ્વપ્નમાં નિમગ્નતા સિવાય બીજું કંઈ પણ નથી. સંસારમાં આવી સંસારને પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવનારો કૃપણ મનુષ્ય સાંસારિક સાધનો સિવાય સચ્ચિદાનંદ સ્વરૂપને કેવી રીતે પ્રાપ્ત કરી શકે. નશ્વરતાના ઉપાસકને અમૃતત્વ મળી શકવું સંભવ નથી.

અગર આપને રુચિઓ અને કદરૂપતા, નિંદા અને કલુષ ઉન્મુખતાનો આભાસ થાય તો સમજી લેવું જોઈએ કે આપનો આત્મા સુતેલો છે અને સાથે સાથે એ પણ માની લેવું જોઈએ છે કે એ ખૂબ જ મોટું દુર્ભાગ્ય છે, એક પ્રચંડ હાનિ છે. એટલું જ નહીં, બલ્કે તુરંત જ તેને દૂર કરવા માટે તત્પર બની જવું જોઈએ.અગર આપ આળસવશ જે સ્થિતિમાં છો, તેમાં જ પડ્યા રહેવા ઈચ્છા ધરાવો છો તો નિશ્ચય જ આપ પોતાનું એટલું બધુ નુકશાન કરશો કે તેની ભરપાઈ યુગોયુગો સુધી જન્મ જન્માતરો સુધી પૂરી ન થઈ શકે.

આત્મઉત્કર્ષના, ઉન્મેષના ઉપાયોમાં પોતાની તુચ્છતાઓ, ક્ષુદ્રતાઓ તથા વાસનાઓનો ત્યાગ કરવો જ પડશે. દુરાચરણ, કુવિચારો, ખોટી કલ્પનાઓને છોડી ઉન્નત, ઉદાર અને આદર્શ રીતભાતનો સ્વીકાર કરવો પડશે. પોતાના મનના વિકારો અને દુષિત વૃત્તિઓનો ત્યાગ કરી શિવ, સુંદરની સાધનામાં લાગવું પડશે. નિશ્ચય જ આ એક સાધના છે, તપ છે. પરંતુ એ એવું તપ નથી કે જે મનુષ્ય માટે દુષ્કર હોય. આ તપની સાધના માટે પુનરપિ આત્મા તરફ જ પરિવૃત થવું પડશે, કારણ કે આત્મા જ આ બધી જ શક્તિઓ અને સાહસનું કેન્દ્રબિન્દુ છે, કે જેની એ સાધનામાં જરૂરિયાત છે. મનુષ્યનો આત્મા જ તેનો સૌથી સાચો મિત્ર છે અને માર્ગદર્શક છે. તેની જ પ્રેરણાથી મનુષ્ય સન્માર્ગ તથા પવિત્ર પ્રવૃત્તિઓ તથા દિવ્ય ગુણો તરફ અગ્રેસર બને છે. પોતાના આત્મા પર વિશ્વાસ કરો તેને પોતાનામાં બિરાજમાન પરમાત્મા જ સમજો જેને માટે કહેવામાં આવ્યું છેઃ-

**''एको देवः सर्व भूतेषु गूढः सर्वव्यापी सर्व भूतान्तरात्मा।**
**कर्माध्यक्षः सर्व भूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च॥''**

''એ એક દેવ જ તમામ પ્રાણીઓમાં છુપાયેલો છે. સર્વવ્યાપક છે. તમામ પ્રાણીઓનો અંતર્યામી પરમાત્મા છે. એ જ સૌના કર્મોનો અધિષ્ઠાતા છે, સમગ્ર ભૂતો (પ્રાણીઓ)નો વાસ, સૌનો સાક્ષી, ચૈતન્ય સ્વરૂપ અને સૌને ચેતના પ્રદાન કરનાર, સર્વથા શુધ્ધ અને ગુણાતીત છે.''

આવો સશક્ત અને ઉચ્ચ આધાર પકડી લેવાથી મનુષ્યમાં પુણ્યકારી પરિવર્તન ન થાય એવું સંભવ નથી.

આપણે સૌ મનુષ્યો છીએ. પરમાત્માનો પવિત્ર અંશ છીએ. આપણો માર્ગ પવિત્રતા અને આપણું લક્ષ્ય દિવ્યતા જ હોવું જોઈએ. કલુષ (ક્રોધ) અને કુત્સા (નિંદા) આપણી અનુરૂપ નથી. દુર્ગુણો આપણાં વ્યક્તિત્વ પર કલંક સમાન છે. વાસનાઓ, વ્યસનો, તૃષ્ણાઓ અને મોહજાળ આપણાંથી ભિન્ન ન હોયી શકે. આપણે પ્રાણવાન મનુષ્યોનો નિકૃષ્ટ, અધમ કામનાઓ અને વિકૃત વાસનાઓ (ઈચ્છાઓ) સાથે શો સંબંધ? આ બધા જ વિચારો આત્માને સુવડાવી દેનારું અને તેને મૂર્છિત કરી દેનારું વિષ જ છે. આપણે સૌ શુધ્ધ, બુધ્ધ અને નિરંજન સ્વરૂપ

છીએ, સંસાર અને તેની માયા આપણાં સૌ માટે વર્જિત છે. આપણે સૌએ મોહનો, અજ્ઞાનનો ત્યાગ કરી સાંસારિક સ્વપ્રમાંથી જાગી પોતાનું સ્વરૂપ ઓળવખવાનું, પ્રાપ્ત કરવાનું છે. આ મહાન કાર્ય આ મર્યાદિત જીવનમાં ત્યારે જ પૂરું થઈ શકે છે, જ્યારે આપણે તેનો પ્રત્યેક અણુ, ક્ષણ એ જ દિવ્ય લક્ષ્ય માટે લગાવી દઈએ. અમરત્વ પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવનારાઓ પાસે નશ્વર ભોગોની ઉપાસના કરવા માટે સમય જ ક્યાં છે?

આપણે આપણી રુચિઓ, પ્રવૃત્તિઓના દર્પણમાં પોતાની ઉન્મુખતા ઓળખવી પડશે અને જોવું પડશે કે આપણે કઈ તરફ, કયા માર્ગ પર જઈ રહ્યા છીએ? અગર આપણી રુચિઓ અને પ્રવૃત્તિઓ સૌંદર્ય પ્રિય છે, તો આપણાં આત્મામાં ઉન્મેષનું લક્ષણ છે, કારણ કે લીલીછમ સુંદરતા આ જ ધરતી પર પ્રગટ થાય છે. વૃક્ષો, વનસ્પતિઓ, લત્તાઓ આ જ ધરતી પર પેદા થાય છે, જેની નીચે પાણી હોય છે. સત્યં, શિવં, સુંદરમ્‌ની અનુભૂતિ તેને જ થાય છે, જેનો આત્મા જાગૃત હોય છે. અગર આવું થાય તો આપણી દિશા બરાબર છે. તેની ઉપર સાવધાની પૂર્વક ચાલતા રહેવું જોઈએ. તેનાથી વિપરીત અગર આપ આપની રુચિ અને પ્રવૃત્તિને કંકાસ, નિંદા, પાપ અને ગુનાઓ, અસભ્યતા, કુકર્મો તરફ ઝુકતી જુઓ, તો આપે તુરંત સાવધાન બની આ દુષ્કૃત્યો સામે લડાઈ શરૂ કરી દેવી જોઈએ. અને આ લડાઈને ત્યાં સુધી બંધ ન કરવી જોઈએ, કે જ્યાં સુધી આપની રુચિઓ અને આપની પ્રવૃત્તિઓ શિવ ઉન્મુખ બની એ ન બતાવી દે કે આપના આત્મામાં જાગૃતિનો આરંભ થઈ ગયો છે.

આપને પાપોના તમામ પિશાચો છોડીને ભાગી ગયા છે. હવે દિવ્યતાઓ અને મહાનતાઓના સ્વાગતની તૈયારીઓ શરૂ કરો. પોતાના નવા ખુલેલા માર્ગ પર એ આત્મ વિશ્વાસ સાથે ચાલીને લક્ષ્ય તરફ એજ રીતે આગળ વધતા જાવ, કે જાણે કોઈ શુભકર્મ કરનારો અધિકાર પૂર્વક ગર્વથી ઉન્નત મસ્તક સાથે નિશ્ચિંત બની ચાલ્યો જાય છે. આપણાં જેવા મનુષ્યો માટે આ જ યોગ્ય છે, આ જ કલ્યાણકારી કર્તવ્ય છે.

# આત્માને શક્તિનું સ્ત્રોત માનો

જ્ઞાન વિજ્ઞાનના વિષયોમાં આપણાં બાપદાદાઓ આજના વિજ્ઞાનીઓની અપેક્ષાએ વધુ બુધ્ધિશાળી હોંશિયાર હતા. તેઓ સમજતા હતા કે અંતમાં તો વિજ્ઞાન મનુષ્યની વૃત્તિઓને પાશવિક, ભોગવાદી જ બનાવે છે. અર્થાત્ તેમણે ધર્મ અને આધ્યાત્મ પર આધાર રાખનારા જીવનની રચના કરી હતી. એ જીવનમાં પ્રાણ હતો, શક્તિ હતી, સમાન ઉન્નતિ હતી, તે સર્વસ્વ હતું. જેનાથી મનુષ્યના જીવનને સંપૂર્ણ સુખી, સ્વસ્થ, સંતુષ્ટ કરી શકાય.

આત્માને જ સર્વસ્વ માની અનિત્ય પ્રત્યે વૈરાગ્ય પ્રધાન મનોવૃત્તિ ધારણ કરી લેવાનું શિક્ષણ આપવું એ આપણું લક્ષ્ય ભલે ન હોય, પરંતુ ભૌતિક સુખ અને ઈંદ્રિયોની પરાધીનતાને પણ મનુષ્યના જીવન માટે કોઈપણ પ્રકારે ઉપયોગી ન કહી શકાય. આત્મજ્ઞાનની જરૂરિયાત એટલા માટે છે કે તેનાથી સાંસારિક વિષયો પર સ્વામીત્વ અને નિયંત્રણ સ્થાપવાની શક્તિ આવે છે. ભૌતિક સુખની રથના એ ઘોડાઓ સાથે સરખામણી કરી શકાય ,કે જેમાં એ ઘોડાઓને અગર આત્મજ્ઞાનની લગામ લગાડવામાં ન આવી તો, તો તે અસવાર સહિત રથને વિનાશના કોઈ ઉંડા ખાડામાં લઈ જઈને પટકશે. જગતની શક્તિથી વિચ્છિન્ન મનુષ્યનો આત્મા માત્ર વિભક્ત જ નથી, તે કેવળ વ્યષ્ટિ( વ્યક્તિ ) જ નહીં, બલ્કે સમષ્ટિ પણ છે. તેનામાં અનંત સત્યં, શિવં અને સૌંદય સમાયેલું છે, તેને જાણ્યાવગર મનુષ્યનું બાહ્ય કે આંતરિક કોઈપણ કાર્ય પૂરું થતું નથી. એટલા માટે જ આત્મજ્ઞાન મનુષ્ય જીવનનું મુખ્ય લક્ષ્ય છે.

શરીરના તમામ અંગઅવયવોની સ્થૂળ જાણકારી, પદાર્થ તથા તેના ગુણભેદની જાણકારી, ગ્રહો, નક્ષત્રો સાથે સંબંધ ધરાવતું ગણિત અને તેની વૈજ્ઞાનિક સચ્ચાઈ જાણવાથી ભલેને મનુષ્યની સાધન સગવડતાઓ વધી ગઈ હોય, પરંતુ તેણે પોતાની જાત વિષે જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી, આ જ દુ:ખનું મુખ્ય કારણ છે. મનુષ્ય શરીર જ નહીં, બલ્કે પરિસ્થિતિઓ બતાવે છે કે તે અન્ય કોઈ વસ્તુપણ છે, આત્મા છે. આ આત્મા યા ''અહંભાવ''નું જ્ઞાન મેળવ્યા વગર દુનિયાનું તમામ જ્ઞાન અધૂરું જ છે. એંજિન વગરની મોટરની જેમ જ્ઞાન કોઈપણ પ્રકારનો લાભ આપી શકતું નથી.

આત્મા શક્તિનો અનાદિ સ્રોત છે. તેમાં શૌર્ય, પ્રેમ અને પૌરુષની અનંતશક્તિઓ સમાયેલી છે. અર્થાત આત્મજ્ઞાનમાં લગાવવામાં આવેલો સમય, શ્રમ અને સાધનો નિરર્થક ન જઈ શકે. આત્મશક્તિ પ્રાપ્ત કરી મનુષ્યનો તમામ અભાવ દુઃખ, દરિદ્રતા, સાંસારિક આધિ-વ્યાધિ, ઉપાધિ સમાપ્ત થઈ જાય છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં આત્મજ્ઞાની પુરુષને જ સાચો જ્ઞાની બતાવતા કહ્યું છે કે :-

**उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम्।**
**विमुढ़ा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः॥**

**ગીતા ૧૫/૧૦**

અર્થાત-હે અર્જુન! આ આત્માને છોડીને જતા શરીરમાં સ્થિત વિષયોનો ભોગ ભોગવતા અથવા ત્રણે ગુણોથી યુક્ત હોવા છતાં પણ અજ્ઞાની લોકો આ તત્વરૂપ આત્માને જાણતા નથી, કેવળ જ્ઞાનીજનો જ જાણે છે.

મનુષ્ય શરીર નથી, બલ્કે તે શરીરનો સંચાલક છે. એ મન પણ નહીં, કારણ કે મનને પ્રેરણા આપી, હુકમ આપી કોઈપણ સારા કે ખરાબ કર્મમાં લગાવવામાં આવે છે. સત્ અસતનું જ્ઞાન આપનારી બુધ્ધિને પણ આત્મા કેવી રીતે માનીએ? વિશ્લેષણ કરવાથી એ વાતની જાણ જાય છે કે આ શરીર, ઇંદ્રિયો, મન, બુધ્ધિ, પંચભૂતોના સત-રજ અંશ લઈને બનેલ છે. પંચભૂત જડ પદાર્થ છે. અર્થાત આત્મા તેનાથી પણ વિલક્ષણ અને શક્તિશાળી છે. એ સંચાલક છે, અતિસૂક્ષ્મ અને શક્તિનો ઉત્પાદન કરનાર છે. અજર, અમર, સર્વવ્યાપી તત્વ છે. જે આ તત્વને જાણે છે, તેના બધા જ દુઃખો સમાપ્ત થઈ જાય છે.

આ કારણે જ માનવજગતનો મોટો ભાગ અધોગતિ પ્રાપ્ત કરી રહ્યો છે, કે તેણે જે કામ કરવું જોઈએ, એ કામ એ કરતો નથી. સૌથી મોટી દુઃખની વાત એ છે કે મનુષ્ય સંપૂર્ણ પરિપક્વ અને બુધ્ધિશાળી હોવાછતાં એ માર્ગનું અનુસરણ કરતો નથી, કે જે કલ્યાણકારી છે અને જે જીવનમાં સુખની વૃધ્ધિ કરી શકે છે. જરા જેટલા મોહના ચક્કરમાં ફસાઈ અણસમજુ લોકો અયોગ્ય કાર્યો તરફ દોરાઈ છે અને તેને જ સુખનું મૂળ સમજી પોતાની અંદર સંકોચાઈ, દબાઈ જે આત્મા બેઠો છે તેને ભૂલી જાય છે. આપણે આ જ ઐશ્વર્ય અને ભોગમાં જીવનની ઈતિશ્રી

કરી દઈએ છીએ. ક્યારેક ઉંડાણમાં ઉતરી આત્મતત્વ પર વિચાર કરતા નથી. મનુષ્યની આ વિડંબણાને, આ મૂઢતાને તો શું કહેવું જે ખૂબ જ જ્ઞાની હોવાનો દાવો કરે છે, પરંતુ તે પોતાને જ જાણતો નથી.

સારાંશ એ છે કે જડપદાર્થોના સંબંધમાં આજે લોકોએ ખૂબ જ ઉન્નતિ કરી છે, પરંતુ ચેતન પદાર્થોના સંબંધમાં તે હજી આરંભિક સ્થિતિમાં જ છે. વિજ્ઞાન ભૌતિક તથા માનસિક જગતને રૂપાંતરિત કરી દીધું છે. પરંતુ મનુષ્ય ઉપર ખૂબ જ ઉંડો પડ્યો છે. કારણ કે આજે જે કોઈ પણ કાર્યક્રમ બનાવવામાં આવી રહ્યા છે, તેમાં મનુષ્યની મૂળ પ્રકૃતિ પર વિચાર કરવામાં આવતો નથી, કારણ આ જ છે કે ભૌતિક વિજ્ઞાન તથા રસાયણ શાસ્ત્રે પરંપરાગત જીવન પ્રણાલીમાં અસ્થિર પરિવર્તન લાવી દીધું છે. મનુષ્યના સર્વાંગી ઉન્નતિની કસોટી પર જ વિષયોની પસંદગી કરવામાં આવી હોત તો વધુ બુધ્ધિમાની ગણાતી. આત્મજ્ઞાન જ એ પ્રક્રિયા છે, જેનાથી આ સમસ્યાનો હલ કાઢી શકાય.

બહારની વસ્તુઓનું અવલોકન ન કરો અને એ વિચારો કે શરીરની અંદર કેવી વિચિત્ર હિલચાલ ચાલી રહી છે. પેટમાં આહાર જાય છે પછી ન જાણે કેવી રીતે રસ, રક્ત, માંસ, હાંડકા, વગેરે સાત ધાતુઓમાં રૂપાંતરિત થઈ જાય છે. કેટલી બધી હાનિકારક વસ્તુઓઓનો ભક્ષ્ય કરતા મનુષ્ય જીવતો રહે છે. એ કયું વિલક્ષણ અમૃતતત્વ છે, જે શરીર જેવા મહત્ત્વના મશીનને ચલાવી રહેલ છે. અગર આપ તેને ઓળખી લેશો આ આત્મામાં જ આ સંપૂર્ણ વિશ્વ સમાયેલું છે. શાસ્ત્રકારોએ બ્રહ્મોપનિષદ્‌ના છઠ્ઠા અધ્યાયમાં બતાવ્યું છે કેઃ-

**आत्मनोऽन्या गतिर्नास्ति सर्वमात्ममयं जगत्।**
**आत्मनोऽन्यन्नहि क्वापि आत्मनोऽन्यतृणं नहि॥ (તેજોબિન્દ્ર ૬/૪૬)**

અર્થાત-''આત્માથી ભિન્ન કોઈ ગતિ નથી, તમામ જગત આત્મમય છે, આત્માથી અલગ કંઈપણ નથી. આત્માથી તણખલું પણ ભિન્ન નથી.''

વિશ્વવ્યાપી ચૈતન્ય, અનાદિ આત્મત્વને ઓળખ્યા વગર, જાણ્યા વગર મનુષ્યને શાંતિ અને સ્થિરતાની પ્રાપ્તિ થઈ શકતી નથી. સફળ જીવન જીવવાની અભિલાષા ધરાવતા મનુષ્યે એની ઉપર વારંવાર વિચાર કરવો જોઈએ. પ્રાચીન ધાર્મિક ગ્રંથો, સૃષ્ટિ અને આધ્યાત્મની શોધ કરવી

જોઈએ. પોતાની જાતને ઓળખવા માટે પોતાનો આત્મા, મનોવૃત્તિઓ, સ્વભાવ તથા વિચારોનું નિરીક્ષણ કરવું જોઈએ. આત્મભાવ જાગૃત કરવા માટે સુંદર પુસ્તકોનું અધ્યયન કરવું જોઈએ.

આત્માની સાથે જન્મ, મૃત્યુ, સુખ, દુઃખ, ભોગ, રોગ વગેરેની જે અનેક વિલક્ષણતાઓ વિદ્યમાન છે, એ મનુષ્યને એ વિચારવા માટે મજબૂર કરે છે કે ખાય પીને, ઈંદ્રિયોનો ભોગ ભોગવી દિવસો પૂરા કરી લેવાં એ જ જીવનું માત્ર લક્ષ્ય કે ઉદ્દેશ્ય નથી. રૂપ અને શારીરિક સૌંદર્યના ચળકાટમાં શરીર અને પ્રાણના અનુપમ સંયોગની સ્થિતિને દૂષિત કરવી કોઈપણ પ્રકારે સારી વાત નથી. આ ખૂબ જ કિંમતી અમૂલ્ય માનવ જીવન મેળવીને પણ અગર આત્મકલ્યાણ ન કરી શકાયું તો ન જાણે કેટલા જન્મો સુધી કેટલા યુગો સુધી અનેક પીડાકારક યોનિઓમાં ભટકવું પડશે. જેને આવી બુધ્ધિ મળી જાય તેને તો પોતાની જાતને ઈશ્વરની કૃપાના પાત્ર જ સમજવી જોઈએ. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી મનુષ્ય જીવન ધન્ય બની જાય છે.

મનુષ્ય દૈવી અંશયુક્ત છે. સત્ ચિત, આનંદ સ્વરૂપ છે. નિષ્ફળતા, દુઃખ, રોગ શોક તો અધમ વિચારો, ખરાબ કલ્પનાઓ તથા ભોગવાદી દૃષ્ટિકોણના ફળ સ્વરૂપે પેદા થાય છે. નહીં તો આ અભાવનું જીવન સાથે શું પ્રયોજન? પોતાના અમૃતત્વની શોધ કરવા માટે કામ, ક્રોધ, ભય, લોભ, તિરસ્કાર, શંકા તથા દુવિધાના કીચડમાંથી બહાર નિકળી આપણે સત્ય, પ્રેમ, નિશ્ચલતા અને પવિત્રતાનો આદર્શ અપનાવવો પડશે. ઉત્કૃષ્ટ, સ્વસ્થ તથા પવિત્ર વિચારોનું વરણ કરવું પડશે. આત્મા અત્યંત વિશાળ અને શક્તિશાળી છે. તેને પ્રાપ્ત કરવા માટે, તેમાં વિલય પામવા માટે આપણે પણ એટલા જ પ્રમાણમાં નિર્મળ, હિતકારક તથા વિસ્તૃત બનવું પડશે. જે દિવસે આવી સ્થિતિ બનાવી લેશો, એ જ દિવસે કોઈપણ પ્રકારની કમીનો અનુભવ નહીં કરો. સંપૂર્ણ જીવન શક્તિ અને સૌંદર્યથી ભરાઈ જશે. તેને પ્રાપ્ત કરવાથી જ આપણું જીવન સફળ થાય છે. આપણે આપણી અંદર છુપાયેલા આત્માને શોધવાનો પ્રયત્ન કરીશું તો જ કંઈક પ્રાપ્ત કરી શકશું, જેની શોધમાં આપણે નિરંતર ભટકવું તથા જેના અભાવમાં હંમેશા દુઃખી રહેવું પડે છે.

# આત્માને ઓળખો

મનુષ્ય પાપ, વૃધ્ધાવસ્થા, મૃત્યુ, ભૂખ, તૃષાની ચિંતા તથા ભયના કારણે અનેક સંકલ્પ વિકલ્પથી ઉત્પન્ન થનારા શોક, ઉદ્વેગ વગેરેથી જીવનના સહજ સ્વભાવિક સુખનો અને સિધ્ધિઓનો લાભ ઉઠાવી શકતો નથી. દેવતાઓને પણ દુર્લભ એવા મનુષ્ય જીવનને ભાર સમજી, શ્રાપ સમજી જીવે છે. ભયની ખરાબ કલ્પનાઓ તેને ચેનથી સુવા દેતી નથી, ન તો તેને સુખી જીવન પસાર કરવા દે છે. મનુષ્ય પહેલાંથી જ આ બધાથી છુટકારો મેળવી જીવનને સુખી મધુર બનાવવાની શોધ કરતો આવ્યો છે. ઉપનિષદકારે તેને જ મહત્ત્વ આપતા કહ્યું છે.

**''य आत्मापहतपाप्मा विजरो विमृत्युर्विशोकोविजिधित्सोऽप्रिपास।**
**सत्यकामः सत्यसंकल्पः सोऽन्वेष्टव्यः सविजिज्ञासितव्यः।''(છાન્દો-૮.૭.૧)**

''જે નિષ્પાપી છે, જરારહિત, અમર્ત્ય, શોકરહિત, ભૂખ તૃષાથી મુક્ત સત્યકામ, સત્ય સંકલ્પ છે તેને જ શોધવો જોઈએ, તેને જ ઓળખવાની ઈચ્છા કરવી જોઈએ અને એ તત્વ છે 'આત્મા'. ''

વાસ્તવિક રીતે તો આત્મા જ જરા, મરણ, ભૂખ, તૃષા, તમામ ભય, શંકા, સંકલ્પ-વિકલ્પો રહિત, નિત્ય, મુક્ત અજર અમર અવિનાશી તત્વ છે. તેને જાણી લેવાથી જ મનુષ્ય તમામ ભય, શોક, ચિંતા ક્લેશોમાંથી મુક્તિ મેળવી લે છે.

આત્મા સર્વવ્યાપી નિત્ય તત્વ છે. આત્મા જ જીવનનું મૂળ સત્ય છે. આત્માના પ્રકાશમાંજ બાહ્ય સંસાર અને માનવ જીવનની પ્રવૃત્તિઓનું અસ્તિત્વ છે. આત્માના સ્ટેજ પર જ સંસાર અને દૃશ્ય જીવનનું નાટક ભજવાય છે, નિષ્ફળ જાય છે. સંસાર જે કંઈપણ છે તે આત્માની અભિવ્યક્તિ અને તેનો વિસ્તાર છે. એતરેંય બ્રાહ્મણમાં આવ્યું છેઃ-

**आत्मा वा इदमेकं एवाग्र आसीत् नान्यत्किश्चमिषत्।**
**स ईक्षत लोकान्नुसृजा इति॥ (ઐત૦૧.૧.૧)**

પૂર્વે કેવળ એકમાત્ર આત્મા જ હતો, અન્ય કોઈ તત્વ ન હતું. એ આત્મામાંથી જ અનેક લોકોનું સર્જન થયું છે. છાંદોગ્ય ઉપનિષદ્માં લખ્યું છેઃ-''**आत्मैवेदं सर्वम्**''**(છાન્દો-૭.૨૫.૨)** આત્મા જ સર્વસ્વ છે. આત્માની સપાટી પર જ દૃશ્ય જગતના ઘર બને છે, બગડતા રહે છે.

સર્જન અને સંહારનું ચક્ર ચાલતું રહે છે. પરંતુ આ આત્મત્વ પોતાના નિત્ય સ્વરૂપમાં હંમેશા હંમેશા સ્થિર રહે છે. અનંત આકાશની વચ્ચે ગ્રહો નક્ષત્રોની પ્રવૃત્તિઓ ચાલૂ રહે છે. અનેક ઉલ્કાઓ સર્જાતી રહે છે, ખરતી રહે છે. પરંતુ આકાશ પોતાના વિશાળ, ગંભીર, અવિચળ સ્વરૂપમાં નિત્ય જ સ્થિર રહે છે. એ જ રીતે સર્વત્ર વ્યાપ્ત આત્મતત્વની વચ્ચે પદાર્થોનું સર્જન અને નાશ થતો રહે છે. પરંતુ આત્મતત્વ પર તેનો કોઈ જ પ્રભાવ પડતો નથી, તે સદા સર્વદા નિત્ય છે.

સર્વવ્યાપી વિરાટ આત્મા જ બ્રહ્મ છે. '**अयं आत्मा ब्रह्म**' (વૃ.ઉ.) આ આત્મા જ બ્રહ્મ છે. એવું ઉપનિષદકારોએ પોતાના અનુભવના આધારે કહ્યું છે. આત્મા જ પરમાત્મા છે. ઈશ્વર છે. આત્મત્વ જ્યારે જગત, શરીર, ઈંદ્રિયો તથા સંસ્કારના પદાર્થોને પ્રકાશિત કરે છે, ત્યારે તે અનેક સ્વરૂપે દેખાય છે. જેવી રીતે પાણીના ટીંપા સમુદ્ર પર પડતા સમયે અલગ અલગ દેખાય છે, પરંતુ પડ્યા પહેલાં અને પડવાથી તે વિશાળ સમુદ્ર રૂપે જ દેખાય છે. આત્મા પણ આદિ અને અંતમાં હંમેશા સ્થિર રહેનારું નિત્ય તત્વ છે. જે વિરાટ છે, ભૂમા છે-''**यो वै भूमा**''

આત્મબોધ ઉપનિષદમાં લખ્યું છે-

''**घटावभासको भानुर्घटनाशैन नश्यति।**

**देहावभासकः साक्षी देह नाशे न नश्यति॥''(આત્મપ્રબોધો૦૧૯)**

''જેવી રીતે ઘડાને પ્રકાશિત કરનારો સૂર્ય ઘડાનો નાશ થતા નાશ પામતો નથી, એ જ રીતે શરીરનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી.'' સૂર્યનો પ્રકાશ વિભિન્ન ઘડાઓ પર પડતી વખતે અલગ અલગ દેખાય છે. પરંતુ સૂર્ય તો અખંડ જ રહે છે. એજ રીતે આત્મા પણ વિભિન્ન શરીરને પ્રકાશિત કરવા છતા ખંડ ખંડ થતો નથી. બાળકો વિશાળ ધરતીની સપાટી પર નાના નાના અનેક ઘર બનાવે છે, તોડી નાખે છે. શિલ્પીઓ અનેક પ્રકારની મૂર્તિઓ બનાવે છે, પછી તે સમય આવતા જ નાશ પણ પામી જાય છે. આટલું હોવા છતાં પણ આદિ અંતમાં માટી, ધરતી પોતાના નિત્યસ્વરૂપમાં જ સ્થિર રહે છે. બરાબર એજ રીતે આત્માની સપાટી પર સંસાર તથા તેના પદાર્થોનું સર્જન થવું વિસર્જન થવું ચાલૂ રહે છે, પરંતુ આત્મતત્વ પોતાના નિત્ય સ્વરૂપમાં સ્થિર રહે છે.

આ રીતે મનુષ્ય જીવન, સમગ્ર સંસ્કાર અને પદાર્થોની મૂળ શક્તિ, સર્વવ્યાપી આત્મતત્વને ઓળખી લેવાથી મનુષ્ય પોતાના જીવનમાં થનારા વિભિન્ન પરિવર્તનો, સર્જન અને વિનાશ, લાભ, હાનિ, દુઃખ, ભય-શોક વગેરેથી મુક્ત થઈ જાય છે. તેના સમસ્ત પાપો, વિકૃતિઓ, દુર્ગુણો નાશ પામે છે. મનુષ્ય આત્મજ્ઞાની બની આત્મસ્થિત બની સુખ શાંતિ, આનંદની સરળ સ્થિતિ પ્રાપ્ત કરી લે છે. આત્માના સત્યનું જ્ઞાન થઈ જવાથી મનુષ્ય જાતે જ સંસાર અને તેના પદાર્થોથી અલિપ્ત, નિસ્પૃહ બની જાય છે. વાસ્તવિક રીતે તો સંસાર અને તેના પદાર્થોને જીવનનું સત્ય માનનારાઓ જ વિભિન્ન ઉપાયો દ્વારા પદાર્થો, સાધનો વગેરેનો સંગ્રહ કરે છે. તેને માટે એકબીજાનું અહિત, શોષણ, નાશ કરવાનું પણ ચૂકતા નથી. પદાર્થોના ઝળહળાટમાં પરસ્પર લડાઈ ઝગડા, રાતદિવસ અશાંતિ, ક્લેશ ઉદ્વેગના ભાગી બને છે. પરંતુ આત્મજ્ઞાની મનુષ્ય સંસાર અને તેના પદાર્થોની ક્ષણભંગુરતા, અનિત્યતા જાણી, આત્માના સ્વભાવ અનુસાર દિવ્યકર્મ, દિવ્ય ગુણોથી યુક્ત બની સ્વર્ગ જેવું જીવન પસાર કરે છે. તે ગીધની જેમ પદાર્થોની મનમોહક ગંધ પર તૂટી પડતો નથી, ન કોઈની સાથે લડે છે.

શરીર, ઇંદ્રિયો અને સાંસારિક પદાર્થોને મહત્ત્વ આપવાથી જ જીવમાં વિભિન્ન પ્રકારના રાગ, દ્વેષની આશા, અભિલાષાનું ચક્ર ચાલે છે. મનુષ્ય જ્યારે તેનાથી ઉપર ઉઠી આત્માના વ્યાપક વિરાટ સ્વરૂપમાં સ્થિત બને છે, ત્યારે તેને પદાર્થોની તુચ્છતા, શરીર તથા ઇંદ્રિયોની અનિત્યતા, ક્ષણભંગુરતાનું જ્ઞાન થઈ જાય છે, ત્યારે તે અમૂલ્ય માનવ જીવનનો તુચ્છ વાતોમાં નાશ કરતો નથી અને તેની જ સાથે તેના સમસ્ત દુઃખ દ્વંદ્વ અદૃશ્ય થઈ જાય છે.

સર્વત્ર આત્માના સ્વરૂપોને જોનારા આત્મજ્ઞાનીના અંતરમાંથી વિશ્વપ્રેમની સરવાણી ફૂટી નિકળે છે. સત્ય, પ્રેમ, આનંદ વગેરે આત્માના ગુણધર્મો છે. જેના અંતઃકરણમાં પુણ્યશાળી સરવાણીઓ વહેતી રહે છે, જેને આનંદ, શાંતિ, સંતોષ પ્રાપ્ત થાય છે. તેને અનુભવીઓ જ જાણે છે. સર્વેને આત્મમય જોનારી વ્યક્તિ સૌને પ્રેમ કરશે. સૌને પ્રેમ, સૌની સેવા, સૌમાં આનંદની અનુભૂતિ, કે જે આત્મજ્ઞાનીના સ્વભાવનું એક અંગ બની જાય છે.

મનુષ્યને આત્માનું જ્ઞાન વૃધ્ધાવસ્થા, મૃત્યુના ભયથી મુક્તિ અપાવે છે. વાસ્તવિક રીતે જોવા જઈએ તો વૃધ્ધાવસ્થા તથા મૃત્યુનો ભય, ચિંતા એટલી બધી ભયાનક હોય છે કે તેનાથી મનુષ્યનું હીર જ ચુસાઈ જાય છે, તેનાથી મનુષ્યનાં જીવન સત્વનો તીવ્રગતિએ નાશ થવા લાગે છે. લોકો ભયની પ્રબળ પ્રતિક્રિયાઓથી અચાનક મૃત્યુ પામતા જોવા મળે છે. પરંતુ તમામ ભયમાં ખાસ કરીને સૌથી મોટો ભય મૃત્યુનો ભય છે. આત્મજ્ઞાનથી તેનો તુરંત જ એ જ ક્ષણે નાશ થઈ જાય છે. કારણ કે આત્મા જન્મ, મરણના બંધનોથી મુક્ત છે.

આત્મદૃષ્ટા ઋષિએ કઠોપનિષદ્‌માં કહ્યું છેઃ-

**न जायते म्रियते वा विपश्चिन्नायं कुतश्चिन्न बभूव कश्चित्।**
**अजो नित्यः शाश्वतोऽयं पुराणो, न हन्यते हन्यमाने शरीरे॥ (કઠો૦૧.૨. ૨૮)**

''આ નિત્ય, ચૈતન્યસ્થ આત્મા ન ક્યારે જન્મ લે છે, ન ક્યારે મૃત્યુ પામે છે. ન તો એ ક્યારે પેદા થયો છે અને ન તેનાથી કોઈ પેદા થયું છે. એ અમર છે, નિત્ય છે, શાશ્વત, ચિરંતન છે. શરીર નાશ પામવા છતાં તે નાશ પામતો નથી. આત્મા અક્ષય, અજર, અમર, નિત્ય તત્વ છે. જે ચિરંતન હોવાથી જન્મ મૃત્યુથી પર છે.''

આ રીતે આત્મા અંગે અજર,અમર, અવિનાશી તથા ચિરંતન શક્તિ હોવાનું જ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી મનુષ્ય જન્મ, મૃત્યુ અને તમામ પ્રકારના ભયથી મુક્ત બની જાય છે. આત્મજ્ઞાની માટે મૃત્યુ એક કપડાં બદલવા જેવી એકમાત્ર પ્રક્રિયા છે. જરૂરિયાત ઉદ્‌ભવે ત્યારે તે હસતા હસતા મૃત્યુને આલિંગન કરવાનું પણ ચૂકતો નથી. કારણ કે આ પ્રકારની ચેષ્ટાથી તેના શરીરનો નાશ થાય છે. આત્માનો નહીં.

એટલા માટે જીવનમાં શાંતિ, સંતોષની પ્રાપ્તિ માટે સર્વે બાજુઓથી નિર્ભયી, નિર્દ્વંદ્વી, નિશ્ચિંત બનવા માટે આત્મતત્વમાં પ્રવેશ મેળવવા, તેને જીતવા, તેને સ્થિર રહેવા માટે દરરોજ પ્રયત્ન કરવો જરૂરી છે.

# આત્મ-શક્તિનો અખૂટ ભંડાર

આ દુનિયાની રચના નાના પરમાણુઓ મળીને થઈ છે. આ દુનિયા જડ અને ચેતન પરમાણુઓના વિચિત્ર સુમેળથી જ ગતિમાન બની રહી છે. જડ પરમાણુઓની શોધ વીસમી સદીના વિજ્ઞાનની સૌથી મોટી દેન છે. કહે છે કે જ્યારે પરમાણુની શક્તિનો સંપૂર્ણ ઉપયોગ થવા લાગશે, ત્યારે આ વિશ્વમાં મનુષ્ય માટે કંઈપણ અસંભવ જેવું નહીં રહે. તે ગ્રહો નક્ષત્રોમાં સ્વેચ્છાપૂર્વક એવી રીતે વિચરણ કરી શકશે, કે જેવી રીતે પૃથ્વી પરના એક ગામમાંથી નિકળી બીજા ગામે જતો હોય. આ શક્તિ કેટલી મોટી હશે એનું અનુમાન લગાવવું પણ મુશ્કેલ છે. જે પરમાણુની શક્તિ અને મહત્ત્વ આટલું બધુ ચઢિયાતું યા વિશાળ છે, તે એટલી સૂક્ષ્મ વસ્તુ છે કે મોટામાં મોટું માઈસ્ક્રોપ લગાવીને પણ જોઈ શકવી સંભવી શક્યું નથી. કેવળ તેની પ્રતિક્રિયાના આધારે તેનું **નામાનિધાન** થયું છે. પદાર્થનો સૌથી નાનામાં નાનો કણ કે જેના વધુ ટૂકડા ન થઈ શકે એ 'અણુ' કહેવાય છે. એ અણુમાં પણ 'ન્યુક્લિયસ' યા કેન્દ્રપિંડ અને તેના કિનારે કિનારે અંડાકાર કક્ષાએ ગતિ કરતો 'ઈલેક્ટ્રોન', સ્થિર ન્યુટ્રોન અને પ્રોટોન મળીને બનેલો કણ પરમાણુ હોય છે, જેને આપણે જોઈ પણ શકતા નથી. આ એક પરમાણુનો જ્યારે વિસ્ફોટ થાય છે, ત્યારે આઈન્સ્ટાઈનના 'માસકનવર્જન' સિધ્ધાંત અનુસાર ૩૩ લાખ કિલો કેલેરી ગરમી પેદા થાય છે. આ વિશાળ શક્તિ ધરતીના એક વિશાળ ટુકડાને સળગાવીને રાખ કરી દેવા સંપૂર્ણ રીતે સમર્થ છે. હજી તો એની ઉપર અનેક પ્રકારનું સંશોધન થવાનું બાકી છે.

દરેક પદાર્થ આ નાના નાના પરમાણુઓ મળીને બનેલો છે. માટીના નાના, નાના કણોનું બૃહદ્ સ્વરૂપ છે-આ પૃથ્વી. સમુદ્રનો આધાર પાણીના નાના નાના બિંદુઓ છે. વિશાળ વટવૃક્ષોનું સર્જન તેના બીજના એક ખૂબ જ નાનકડા અંશમાંથી થાય છે. પરમાણું એક પ્રકારે સંપૂર્ણ બ્રહ્માંડનો નકશો છે, આ સૃષ્ટિમાં જે શક્તિઓ દેખાય છે, એ બધી જ પરમાણુમાં એક બીજ રૂપે વિદ્યમાન છે. આ શક્તિની તો આપણે કલ્પના જ ન કરી શકીએ.

જડ પરમાણુઓની આટલી શક્તિ જોઈ આશ્ચર્ય થાય છે, પરંતુ ચેતન અણુની શક્તિ તેનાથી પણ અનેક ઘણી વધારે છે. જડ પદાર્થો સ્વતંત્ર હોતા નથી. તેની પોતાની કોઈ જ ઈચ્છા શક્તિ હોતી નથી. પરંતુ ચૈતન્ય શક્તિ સ્વચ્છંદ છે, આઝાદ છે. તે પદાર્થ પર શાસન કરે છે. જેના પર રાજ કરવામાં આવી રહ્યું તેના કરતા તેની ઉપર રાજ કરનાર અર્થાત શાસકની શક્તિ વધુ હોવી પણ જોઈએ. જડ કરતા ચૈતન્યનું મહત્ત્વ વધુ છે, તેને મળીને જ મનુષ્યનું વાસ્તવિક પ્રયોજન સિધ્ધ થાય છે.

આત્માને વિશ્વચૈતન્યનો પરમાણુ જ સમજવો જોઈએ. પદાર્થના પરમાણુની શક્તિનો હિસાબ લગાવ્યા પછી તેની સાથે આત્મ શક્તિની સરખામણી કરી શકીએ.

આ સૃષ્ટિમાં જે કંઈ પણ ચાલી રહ્યું છે, તેનો સ્રષ્ટા પરમાત્મા અનંતઘણો શક્તિશાળી છે. આ વિશ્વમાં બધી જ રમત તેની ચાલી રહી છે. પરમ શક્તિશાળી પરમાત્માની દરેક શક્તિ આપણાં અંતરાત્મામાં એવી જ રીતે સમાયેલી છે, જેવી રીતે વૃક્ષની સંભાવના તેના બીજમાં હોય છે. ઉપનિષદકારના આ કથન દ્વારા જ આત્મશક્તિનો પરિચય મળે છે.

**एको देवः सर्वभूतेषु गूढः ।**
**सर्वव्यापी सर्वभूतान्तरात्मा ॥**
**कर्माध्यक्षः सर्वभूताधिवासः ।**
**साक्षी चेता केवलो निर्गुणश्च ॥ ( શ્વેતા ૬.૧૧)**

અર્થાત-એ પરમાત્મા જ સમગ્ર પ્રાણીઓમાં આત્મા સ્વરૂપે વિદ્યમાન છે. એ સર્વવ્યાપક છે, સૌનો અંતર્યામી છે, તે કર્મોનો અધિષ્ઠાતા છે, સમગ્ર ભૂતો (પ્રાણીઓ)માં વાસ, સૌનો સાક્ષી, ચૈતન્ય સ્વરૂપ અને સૌને જીવન આપનાર પરમ પવિત્ર અને ગુણાતીત પણ છે.

સમગ્ર દુનિયામાં જે શક્તિ પરમાત્માની છે, તે તમામ યોગ્યતા મનુષ્ય શરીરમાં વસતા જીવાત્માને ઉપલબ્ધ છે. આ શક્તિઓ આપણી પોતાની છે, પરંતુ આપણે અજ્ઞાનવશ તેને ભૂલી ગયા છીએ, આત્માની સૂક્ષ્મ શક્તિ તરફ આપણું ધ્યાન આકર્ષિત થતું નથી. આ જ આપણાં સર્વે દુઃખોનું કારણ છે. આત્મ હીનતાનું કારણ મનુષ્યની આત્મા અંગેની અજ્ઞાનતા જ છે.

આત્મજ્ઞાનના મૂળમાં એ શક્તિ, એ સામર્થ્ય અને ગુણો સમાયેલા છે. તેને અગર જાગૃત કરી લેવામાં આવે તો મનુષ્ય સ્વયં મહામાનવ, દેવતા તથા પરમાત્મા જેવી શક્તિનો અનુભવ કરી શકે છે. આત્મા એ કલ્પતરુ છે, જેના છાયામાં બેસવાથી કોઈ પણ કામના અધૂરી રહેતી નથી.

મહાપુરુષોનું જીવન ફૂલો જેવું ખિલેલું, સિંહની જેમ અભય, સદ્ગુણોથી ઓતપ્રોત જોઈએ છીએ ત્યારે આપણાંમાં સ્વયંમાં પણ એવા જ બનવાની આકાંક્ષા જાગે છે. આત્માની એ આધ્યાત્મિક માંગ છે કે તેને પોતાના ગુણો પ્રાપ્ત કર્યા વગર સુખ મળતું નથી. લૌકિક કામનાઓમાં ડૂબી રહી આપણે આ મૂળ આકાંક્ષા પર પડદો ઢાંકી પડ્યા રહીએ છીએ. તેનાથી કોઈપણ પ્રકારે જીવન લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી.

શ્રેષ્ઠતા મનુષ્યનો આત્મા છે. એટલા માટે તેને જ્યાં ક્યાંય પણ શ્રેષ્ઠતાના દર્શન થાય છે, ત્યાં વ્યાકુળતા પેદા થાય છે. મોરના પીંછા જેવી સુંદરતા પ્રાપ્ત કરવા માટે હરકોઈ લાલસા ધરાવે છે. કોઈ કવિની સંપૂર્ણ કવિતા વાંચી એવું લાગવા લાગે છે કે અફસોસ! હું પણ આવું લખી શકતો. પક્ષીઓને આકાશમાં ઉડતા જોઈને એવું લાગતું હોય છે, કે મને પણ પોતાની ઈચ્છાનુસાર સ્વચ્છંદ આકાશમાં વિચરણ કરવાની શક્તિ મળી હોત, તો કેટલું સારું થાત. આ અભિલાષાઓ જાગે છે તો ખરી, પરંતુ આપણે એ વિચાર કરતા નથી કે આ આકાંક્ષા ક્યાં પેદા થઈ રહી છે. અગર આપની રુચિ આત્મકેન્દ્ર તરફ જાગૃત થાય, તો આપને પણ પોતાની મહાનતા જગાડવાનો શ્રેય મળી શકે છે, કારણ કે લૌકિક પદાર્થોમાં જે આકર્ષણ દેખાતું હોય છે, એ આત્માના પ્રભાવના કારણે જ છે. આત્માનું સામીપ્ય મેળવી લેવાથી એ તમામ ગુણો આપો આપ મળી જાય છે, જેના માટે મનુષ્ય જીવનમાં આટલી બધી વ્યાકુળતા મચેલી રહે છે. સત્ય, પ્રેમ, ધર્મ, ન્યાય, શીલ, સાહસ, પ્રેમ, દૃઢતા, ઉત્સાહ, સ્ફૂર્તિ, વિદ્વતા, યોગ્યતા, ત્યાગ, તપ અને નૈતિક સદ્ગુણોની ચારિત્રિક વિશેષતાઓના સમાચારો અને દૃશ્ય આપણાંને રોમાંચિત કરે છે, કારણ કે એ બધી આપણી મૂળભૂત જરૂરિયાતો છે. તેની જ આદત પાડવાથી આત્મતત્વનો અનુભવ થાય છે.

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું અને આત્મ કેન્દ્ર પર સ્થિર રહેવું મનુષ્ય માત્રનું પ્રથમ તથા મુખ્ય કર્ત્તવ્ય છે. આત્માનું જ્ઞાન ચારિત્રના વિકાસથી

મળે છે. પોતાના અવગુણોને છોડી સન્માર્ગ તરફ ચાલવાની પ્રેરણા એના થકી આપવામાં આવે છે કે આત્માનો આભાસ મળવા લાગે. આત્મસિધ્ધિનો એક માત્ર ઉપાય પરમાર્થિક ભાવથી જીવ માત્રની સેવા કરવી છે. આ સદ્‌ગુણોનો વિકાસ ન થયો તો આત્માની સંપદાઓ ગંદકી નીચે જ દબાયેલી પડી રહેશે.

દુર્ગુણો આત્માને પ્રિય નથી, અર્થાત ગમતા નથી. આપ જ્યારે કોઈ ચોરને યા ડાકુને સજા થતી જૂઓ છો, ત્યારે આપ ભયભીત થઈ જાવ છો, તુરંત મનમાં ડર પેસી જાય છે કે ક્યાંક હું પણ તેની જેમ ચોરી કરવા ન લાગી જાઉં. કસાઈને જાનવર કાપતો જોઈ, શિકારીની પક્ષીઓ મારવાની હિંસાત્મક ક્રિયા જોઈ દુઃખ થાય છે. સૌ કોઈ ક્રુરતા અને રાક્ષસી પ્રવૃત્તિથી દૂર ભાગવાનો પ્રયત્ન કરે છે. અનીતિ, અત્યાચાર, અન્યાય, જુલમીપણું, દ્વેષ, ત્રુટિ, કદરૂપતા, ચોરી, ઠગાઈ વગેરેની ક્ષણો, સંસ્મરણો તથા બનાવો ખૂબ જ અપ્રિય લાગે છે. તે પોતાની મૂળ સ્થિતિની અનુરૂપ હોય છે. આત્મા ક્યારે પણ નિકૃષ્ટ બનવા ઈચ્છતો નથી, કારણ કે ઉત્કૃષ્ટતા-શ્રેષ્ઠતા તેનો સહજ સ્વભાવ છે. તેને ભય એટલા માટે પસંદ નથી કે તે હંમેશા અભય છે. તેને એટલા માટે કદરૂપતા અપ્રિય છે કે આત્માનું સૌંદર્ય ખૂબ જ મોહક છે. આ સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ તરફડાટ, વ્યાકુળતા, બેચેની અવશ્ય રહેશે. અસંતુષ્ટ હોવું એ વ્યક્ત કરે છે કે હજી સુધી આપને 'નિજત્વ'નું જ્ઞાન મળ્યું નથી.

દેવત્વ આપણી જરૂરિયાત છે. ખરાબ કર્મોથી ભય પામીએ છીએ, આપણાંને પવિત્રતા પ્રિય છે. આ પવિત્રતાથી દુઃખ મળે છે, નિશ્ચલતાથી સુખ મળે છે. છળ અને કપટના કારણે જે સંકીર્ણ સ્વભાવ બને છે, તેનાથી અપમાન થાય છે. જે કંઈપણ શ્રેષ્ઠ છે, સાર્થક છે, એ જ આત્મા છે અને તેને જ પ્રાપ્ત કરવો મનુષ્ય જીવનનો મૂળ ઉદ્દેશ્ય છે. આપણે જ્યાં સુધી આ વાતને જાણી લેતા નથી, સમજી લેતા નથી, ત્યાં સુધી કોઈપણ સમસ્યા હલ નહીં થઈ શકે.

શ્રેષ્ઠતાથી સુખ મળે છે, આ સાચું છે, તેને પ્રાપ્ત કરવું જ જીવનનું લક્ષ્ય છે, તેને પણ જાણીએ માનીએ છીએ, ત્યારે સન્માર્ગ અને શ્રેષ્ઠ કાર્યો દ્વારા પોતાના દેવત્વને જગાડવું પડશે. આપણાં આત્મામાં જ દરેક ગુણનો અમૃતકુંભ વિદ્યમાન છે, એટલા માટે આત્મભાવનું શોધન કરવું

પડશે. આત્મીયતાની ભાવના જાગે છે, ત્યારે ઉચ્ચપ્રવૃત્તિઓનો પ્રકાશ આપણાં જીવનમાં ઝળહળવા લાગે છે.

પ્રત્યેક સ્થિતિમાં આ જાગૃતિ અભિષ્ટ છે. આ દુનિયા સ્વપ્નની જેમ છે. સ્વપ્ન જે રીતે જાગવાથી મિથ્યા પ્રતીત થાય છે, બરાબર એ જ રીતે આત્માનું જ્ઞાન પ્રાપ્ત થવાથી લૌકિક કામનાઓ જૂઠ્ઠી જણાવા લાગે છે. અત્યારે જે પોતાની શક્તિઓનો લૌકિક સંઘર્ષ પાછળ દુર્વ્યય કરવો પડે છે, તેને અગર પતન કારક દુષ્કાર્યોમાંથી સદ્ગુણોના રચનાત્મક કાર્યોમાં લગાવીએ તો તે શક્તિઓનો સદુપયોગ પણ થાય છે અને આ આત્માના અખૂટ શક્તિ ભંડારનો અધિકાર પણ મળવા લાગે છે.

આ દુનિયામાં જે કંઈપણ ઐશ્વર્ય છે, સંપદા છે અને શ્રેષ્ઠતા છે એ સૌમાં આપણું આત્મત્વ વહી રહ્યું છે. સત્ ચિત આનંદસ્વરૂપ આત્મા જ સંપૂર્ણ શ્રેષ્ઠતા અને સૌંદર્યનું સ્ત્રોત છે. જન્મ અને મરણ, સર્જન અને વિનાશની જે વિશ્વવ્યાપી રમત ચાલી રહી છે, તે વિશ્વાત્માની શક્તિની પ્રતીક છે. આ શક્તિપુંજ આપણી અંદર જ સમાયેલો પડ્યો છે. જ્યાં સુધી તેનાથી વિમુખ રહી લૌકિક કામનાઓમાં ડૂબી રહીએ છીએ, ત્યાં સુધી ખૂબ જ દીન, હીન દુઃખી બની રહી , દરિદ્રતા વડે ઘેરાયેલા રહીએ છીએ, પરંતુ જ્યારે પરમાર્થિક જીવનનો ઉમંગ જાગે છે ત્યારે આપણી શક્તિઓનો સ્ત્રોત ઉમટી પડે છે. ત્યારે આપણું જીવન વિશાળ આનંદમય અને શક્તિ સંપન્ન બની જાય છે.

# શક્તિનું સ્ત્રોત આપણી અંદર રહેલું છે

આજે આપણી જે કોઈ, જેવી પણ સ્થિતિ છે, તે બધી જ આપણી માનસિક સ્થિતિનું પરિણામ છે. મન કર્તા છે. સંસારની સંપૂર્ણ બાહ્ય રચનાની શક્તિ અને આધાર મન છે. આપણો આહાર, રહેણી કરણી, ચાલચલગત, વ્યવહાર-વિચાર, શિક્ષણ-ઉન્નતિ, આ બધી જ વાતો આપણી માનસિક સ્થિતિની અનુરૂપ જ હોય છે. આપણે જેવું ચિંતન કરીએ છીએ, વિચાર કરીએ છીએ, એવી જ આપણી પ્રવૃત્તિઓ, કાર્યો હોય છે, તદ્‌નુસાર એવા જ સારા કે ખોટા કર્મો થતા રહે છે. સુખ અને દુઃખ, બંધન અને મુક્તિ, આ જ કર્મોનું પરિણામ છે. એટલા માટે આપણાં ઉધ્ધારનું અને પતનનું કારણ જ આપણું મન છે.

કોઈપણ મોટું કામ, શ્રેષ્ઠ સત્કર્મ યા પ્રગતિ કે ઉન્નતિ કરવી હોય તો તેની અનુરૂપ માનસિક શક્તિની જ આરાધના કરવી પડશે. મનની શક્તિઓને પ્રયત્નપૂર્વક આ દિશામાં પ્રવૃત્ત કરવી પડશે. જે લોકો એ કહેતા રહે છે કે ''શું કરીએ અમારું મન જ માનતું નથી.'' તેણે એ જાણવું જોઈએ કે માનસિક શક્તિઓ હંમેશા સ્વચ્છંદ નથી. મન ઈચ્છા શક્તિને આધીન છે. ઈચ્છાઓના આકાર પ્રકાર પર તેની ક્રિયાશક્તિ સંભવિત છે. એક વ્યક્તિ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી લે છે, બીજો નીચેના ધોરણમાંથી અભ્યાસ છોડી દે છે. એક ધનવાન છે, બીજો નિર્ધન છે, એક ડૉક્ટર છે, બીજો વકીલ, જેની જે સ્થિતિ છે તે તેની ઈચ્છાના ફળસ્વરૂપે જ છે. અગર કોઈને અનિચ્છા પૂર્વક કોઈ સ્થિતિમાં રહેવું પડી રહ્યું છે, તો તેનાથી એક જ અર્થ કાઢી શકાય કે એ વ્યક્તિએ ઈચ્છાઓની અનુરૂપ કાર્યશક્તિમાં મનને પ્રયુક્ત કર્યુ નથી. જેની માનસિક સ્થિતિ ઉચ્છૃંખલ રહેશે, તે ન તો કોઈ સફળતા પ્રાપ્ત કરી શકશે, ન તો તેની કોઈ ઈચ્છા પૂરી થશે.

નિષ્ફળતા યા દુર્ભાગ્ય કેવળ મનોબળની કમીનું જ પરિણામ છે. પ્રયત્ન કરતા જરા જેટલી મુશ્કેલી જ પ્રયત્નથી વિચલિત કરી દેવા માટે પર્યાપ્ત છે. જરા જેટલું શારીરિક દબાણ, ધનહાનિ, વ્યાપારમાં ખોટ, અભ્યાસમાં નાપાસ થવા જેવી નિરાશાજનક ઘટના બની કે પ્રયત્ન કરવાનું છોડી દીધું. આ હલકા મનોબળનું લક્ષણ છે, કે મનુષ્ય થોડી મહેનતથી

વધુ પરિણામ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. ઈચ્છાઓનો આકાર પ્રકાર જેટલો મોટો એટલા જ મોટા પ્રયત્નોની અપેક્ષા રાખવામાં આવે છે. અગર એટલા પ્રયત્નો ન કરી શકાયા તો સફળતા સંદિગ્ધ જ બની રહેશે.

વિદ્યાર્થીઓ પરીક્ષાઓ પાસ થવાની દૃષ્ટિથી જ અધ્યયન કરે છે. ફી માટે પૈસા લગાવે છે, સમય લગાવે છે, તમામ શારીરિક સુખનો ત્યાગ કરી વાંચન કરવામાં લાગી રહે છે. કદાચ કોઈ એવો વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ જ થઈ જાય, તો તેને એ ન સમજવું જોઈએ કે પોતાની મહેનત, રૂપિયા અને સમય નકામો વેડફાઈ ગયો. પરીક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ પ્રમાણપત્ર ન મળ્યું એ વાત મહત્ત્વની નથી. મનના મહત્ત્વનો પ્રશ્ન છે. મહત્ત્વ એ વાતનું છે કે તે શિક્ષણથી બૌધ્ધિક બળ વધ્યું, વિચારશક્તિ આવી અનેક સમસ્યાઓના ઉકેલમાં મહત્ત્વપૂર્ણ સામર્થ્ય પ્રાપ્ત થયું કે નહીં? પ્રમાણપત્ર આ જ વાતોની ગેરંટીનું જ નામ છે, જે અગર ન પણ મળે તો એ ન સમજવું જોઈએ કે માત્ર પ્રયત્નો નિષ્ફળ ગયા.

અગર પરિસ્થિતિઓ પ્રતિકૂળ છે, તો પણ સાધનોનો ઉપયોગ કરતા રહેવું જોઈએ. થોડી મૂડીથી વધતા વધતા ઉચ્ચ કોટિના વ્યાપાર કરવા સુધી પહોંચી શકાય, પરંતુ માનસિક શક્તિ પોતાની સાથે જળવાઈ રહેવી જોઈએ. કામ કરતા સમયે ઉબી ન જાવ અને ઉત્તેજિત પણ ન થાવ. એ સમજી લો કે મારે તો લક્ષ્ય સુધી પહોંચવું છે. જેટલી વાર પણ પછડાવ, એટલી વાર ઉભા થાવ. એકવાર પડી જવાથી તેનું કારણ જણાઈ આવશે, તો બીજીવાર તેના તરફ સાવધાન બની જશો. આ સ્થિતિ નિરંતર જળવાઈ રહે તો અનેક અવરોધો આવવા છતાં પણ પોતાના માટે ઉન્નતિનો માર્ગ કંડારી શકાય છે. હાર મનના હારવાથી થાય છે. અગર મન બળવાન છે, તો ઈચ્છાની પૂર્તિ થવી પણ વધુ સુનિશ્ચિત સમજવું જોઈએ.

અગર આજે સ્થિતિ સારી નથી, તો ભવિષ્યમાં પણ એવી જ સ્થિતિ બની રહેશે, એવો નિર્બળ બનાવનારો વિચાર પોતાના મગજમાંથી કાઢી નાખવો જોઈએ. શ્રેષ્ઠતા પોતાની અંદર સુષુપ્ત સ્થિતિમાં પડેલી છે. એમાં કોઈ જ શંકા નથી કે આપણે દરેક જરૂરિયાત પોતાની રીતે પૂરી કરી શકીએ છીએ, પરંતુ તેને માટે સતત અભ્યાસની આવશ્યકતા છે. પોતાનો ઉદ્યમ બંધ ન કરો. અકર્મણ્યતા અને આળસની અધીરતા અને

પ્રયત્ન હીનતાનો સાથ છોડી ''પ્રયત્ન દેવો ભવ''ની સાધના શરૂ કરી દેશો તો પરિશ્રમનો દેવતા જ પોતાના માટે અનુકૂળ પરિસ્થિતિ ઉત્પન્ન કરી દેશે. કામ કરવામાં શિથિલતા ન દાખવો. ઢીલું ન મુકો, ચિંતાગ્રસ્ત ન બનો, આત્મવિશ્વાસ ન ગુમાવો, ધીરજપૂર્વક પ્રયત્ન દેવતાનો પાલવ પકડી રાખવામાં આવશે તો એ ચોક્કસ છે કે આજની આ દીનહીન સ્થિતિ કાલે ધનાઢ્ય સ્થિતિમાં રૂપાંતરિત કરીને જ રહેશે.

ઉંચામાં ઉંચી ઈમારતનો પાયો નીચે પણ ચણવામાં આવે છે. ઉંચે ઉઠાવવાનો શુભારંભ નીચેના તળિયાથી કરવામાં આવે છે, કોઈ નિર્ધન કે ધન કુબેર હોય છે, કોઈ પહેલવાન હોય છે, એ બધા પોતાની માતાના પેટમાં બનીને આવતા નથી. તેને માટે વિધિવત ઉપાસના કરવી પડે છે.

એ વાત ઠીક છે કે આજે પોતાની સ્થિતિ સારી નથી, કોઈ વિશેષ ગુણ પણ પોતાનામાં દેખાતો નથી, છતાં પણ નિરાશ થવાનું કોઈ કારણ જ નથી. એક શક્તિ અત્યારે પણ પોતાની પાસે છે અને તે અંત સુધી પાસે જ રહેશે. એ છે મન. મનની શક્તિ એકઠી કરવાની રીત જાણવાનો પ્રયત્ન કરો. નાના નાના કામોમાં એકાગ્રતાનો ઉપયોગ કરો. એક દિવસ આપનું મનોબળ એટલું બધુ વધી જશે કે મોટામાં મોટું, ઉંચામાં ઉંચુ કામ કરવા કોઈ હિચકિચાટનો અનુભવ નહીં થાય અને ઉત્સાહપૂર્વક, દૃઢતાપૂર્વક સફળતાના સોપાનો ચઢતા આગળ વધી શકાશે. શ્રેષ્ઠતાઓ અંદર છુપાયેલી પડી છે. તેનું સમર્થન અને વિકાસ કરો, બીજાઓ તરફ જૂઓ કે તેઓ કેવી રીતે આગળ વધ્યા છે. બીજાઓનું ઉદાહરણ લો કે તેમણે કેવી રીતે સફળતા પ્રાપ્ત કરી. હાથ પગ હલાવ્યા વગર કોઈને પણ ભાગ્યદેવતાએ સાથ આપ્યો નથી. ચુપચાપ બેસી રહેશો તો ઉન્નતિનો અવસર પાસેથી પસાર થઈ ચાલ્યો જશે અને આપને માત્ર હાથ મસળીને બેસી રહેવું પડશે.

આત્મા પર સંયમ કેળવો, તેનાથી વેરવિખેર થઈ ગયેલું માનસિક તંત્ર જાગશે. નિશ્ચેષ્ટ મનુષ્ય એટલા માટે હોય છે કે તેની શક્તિઓ અહીં તહીં વેરવિખેર થઈ ગયેલી હોય છે. સામાન્ય જેવી શક્તિથી કોઈ કામ થતું નથી. વેર વિખેર થઈ ગયેલા સૂર્યના કિરણો અસંખ્ય પ્રમાણમાં શરીર પર પડે છે, છતાં પણ તેનાથી શરીરમાં કોઈ વિશેષ આંદોલનો ઉત્પન્ન થતા નથી, પરંતુ એક દોઢ ઈંચમાં સમાતા કિરણોને સૂક્ષ્મદર્શક

કાચ વડે એક જ જગ્યાએ એકત્ર કરવામાં આવે તો તેનાથી દાવાનળનું સ્વરૂપ ધારણ કરી એકતાની તાકાતથી આગ પેદા થઈ જશે. આપણે આપણી શક્તિઓનો અહીંતહીં નકામા બેકાર કાર્યોમાં ખર્ચ કરતા રહીએ છીએ, જેનાથી જીવનમાં કોઇ વિશેષતા બની શકતી નથી. આત્મસંયમથી વેરવિખેર થઈ ગયેલી શક્તિઓ એક જ જગ્યાએ એકત્રિત થઈ અભીષ્ટ પરિણામ માટે ઉપયોગી વાતાવરણ તૈયાર કરે છે. મનની સૂક્ષ્મ શક્તિઓની જાગૃતિ આત્મસંયમથી થાય છે.

કોઈ એક સમયે ભારત વર્ષે મનની શક્તિઓ એકત્ર કરી અનેક પ્રકારની આશ્ચર્યજનક શક્તિઓ અને સિદ્ધિઓ મેળવી હતી. એકાગ્રતાના અભ્યાસ દ્વારા આ સંભાવના આજે પણ જાગૃત કરી શકાય. તેને માટે પોતાની જાતને ગતિ આપવાની જરૂરિયાત છે. તનતોડ પ્રયત્ન કરવાની જરૂરિયાત છે, પ્રયત્ન પર પ્રયત્ન કરવાની જરૂરિયાત છે. આપણી અંદર સિદ્ધિઓ વિખરાયેલી પડી છે, તેને કામમાં લગાવવા માત્રની વાર છે, બસ આપણી આ વિષમ પરિસ્થિતિઓ વધુ દિવસો સુધી ટકી રહેવાની નથી.

ભલેને ઉન્નતિ માટે, પ્રગતિ માટે ગમે તેટલી વ્યક્તિઓ સહાનુભૂતિ કેમ ન વ્યક્ત કરે, પરંતુ એ નિર્વિવાદ છે કે તેનાથી આપણું કોઈ કામ નહીં થાય. આપણી સ્થિતિ જાતે જ સુધારવી પડશે. જાતે જ મુશ્કેલીઓ સામે લડી નવસર્જન કરવું પડશે. ઉચ્છૃંખલ શક્તિઓને એકત્ર કરી આગળ વધવાનો કાર્યક્રમ બનાવવો પડશે. અગર આ વાત સમજમાં આવી જાય તો એવું સમજવું જોઈએ કે સફળતાનું અડધું લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું. બાકીના અડધા માટે મનોબળ એકઠું કરી પ્રયત્નપૂર્વક પ્રતીક્ષા કરતા રહ્યું છે, આગળ વધો, આપનું સૌભાગ્ય આપના મંગળ મિલન માટે આગળ ઉભું છે.

# આત્માને સાચા હૃદયથી પ્રાર્થના કરો

આપણાં ધર્મશાસ્ત્રો તથા ઉપનિષદોમાં આત્માના ઉધ્ધાર માટે ઘણી સાધનાઓ તથા જ્ઞાન ભરેલું પડ્યું છે. પરંતુ એ સાહિત્યનું વાંચન કરી લેવાથી અને તેનું જ્ઞાન વધારી ઉપદેશ આપતા રહેવાથી કોઈને પણ આત્મસાક્ષાત્કાર થતો નથી. ગીતાકાર સ્પષ્ટ સૂચન છે કેઃ-

**नायमात्मा प्रवचनेन लभ्यो**
**न मेधया न बहुना श्रुतेन।**
**यमेवैष वृणुते तेन लभ्य-**
**रस्तस्यैष आत्मा विवृणुते तनु स्वाम्॥(મુંડકો-૩.૨.૩)**

અર્થાત આ બહુઉપદેશ આપતા રહેવાથી આત્મસાક્ષાત્કાર થતો નથી. ખૂબ જ જ્ઞાન પ્રાપ્ત કરવાથી અને શાસ્ત્રોનું અધ્યયન કરી લેવાથી કે શ્રવણ કરી લેવાથી પણ થતો નથી. તેને આત્માનું વરણ કરી લેવાથી જાણી શકાય.

આત્મા સત્ય છે, શાશ્વત અને નિત્ય છે, શક્તિ સ્વરૂપ છે. પરંતુ જ્યાં સુધી એ સાંસારિક કલ્પનાઓથી મુક્ત બની જતો નથી, ત્યાં સુધી તે પોતાના સાચા સ્વરૂપમાં પ્રગટ થઈ શકતો નથી. શાસ્ત્રોનું, ઉચ્ચ, શ્રેષ્ઠ સાહિત્યનું અધ્યયન અને જ્ઞાન સંવર્ધન આ કામમાં મદદરૂપ નિવડે છે, પરંતુ કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પર્યાપ્ત નથી. બુધ્ધિશાળી લોકો જ્ઞાનનો દુરુપયોગ કરતા પણ જોવા મળે છે. અગર જ્ઞાન દ્વારા જ આત્મલાભ સંભવ રહ્યો હોત તો પશ્ચિમના અનેક દાર્શનિકો ખૂબ જ જ્ઞાનવાન બની ગયા છે-તેઓ બધા જ આત્મજ્ઞાની જ રહ્યા હોત. અગર એ દેશોમાં થોડા પણ આત્મજ્ઞાની રહ્યા હોત, તો આજે તેમની સ્થિતિ જ ભિન્ન હોત. ભૌતિક દૃષ્ટિએ સમૃધ્ધ બનીને પણ દુર્ગુણોની જાળ ફેલાવી આ ઉપદેશ ત્યારે ન માત્ર બીજાઓ માટે શ્રાપરૂપ બનતો, બલ્કે સ્વયં પણ આધ્યાત્મિક સુખોનો રસાસ્વાદ માણતા રહ્યા હોત.

બીજાઓને ઉપદેશ આપવાની અપેક્ષાએ પોતાની જાતને ઉપદેશ આપવામાં આવે, બીજાઓને જ્ઞાન આપવાની અપેક્ષાએ પોતાના જ જ્ઞાનને પરિપક્વ બનાવી લેવામાં આવે, બીજાઓને સુધારવાની અપેક્ષાએ પોતાની જાતને સુધારી લેવામાં આવે તો પોતાનું ભલું તો થાય છે, સાથે સાથે

બીજા લોકોને પણ કર્મજન્ય પ્રેરણા આપી પ્રભાવિત કરી શકાય, લોકો એ ઓછું જૂએ છે કે આપ શું કહી રહ્યા છો? ઉપદેશ આપનારાની વાતનો નહીં, બલ્કે તેના વ્યક્તિગત જીવનનો પ્રભાવ વધુ પડે છે.

આત્મજ્ઞાનની પરિપક્વતા અને ગુણોના વિકાસ માટે આત્મ સંબોધનનું મહત્ત્વ છે. અગર સાચા હૃદયથી આત્માને પ્રાર્થના કરતા રહેવામાં આવે તો મનુષ્ય અનેક પ્રકારના અવગુણોથી બચી જાય અને ઈશ્વરની ભક્તિ વાસ્તવિક રીતે આત્મા-પ્રાર્થનાનું જ વિકસિત સ્વરૂપ છે. જે વિચારની અપેક્ષાએ વધુ સરળ છે. સામાન્ય વ્યક્તિ માટે કોઈપણ વિષય લઈને તેના ઉંડાણમાં તન્મય બની જવું અને નવા નવા સત્યની શોધ કરી લેવી ખૂબ જ મુશ્કેલ છે. કોઈક જ થોડી જ્ઞાનવાન, નિષ્ઠાવાન વ્યક્તિઓ આવી હોય છે. જે વિચારમાં મગ્ન રહી, કોઈ સિધ્ધાંતનો નિષ્કર્ષ કાઢી શકે છે. વિચારો આરંભિક સ્થિતિમાં આત્માના ઘડતર માટે ખૂબ જ સહાયક નિવડે છે, પરંતુ જ્યારે કોઈના માટે આ સ્થિતિ સંભવ ન હોય તો, તેણે ભાવનાઓનો આશ્રય લેવો જોઈએ. પરમાત્માના ગુણોનું સ્વરૂપ, આકૃતિ, દયા, કરૂણા, ઉદારતા અને રક્ષણ વગેરે કાર્યોનું મનમાંને મનમાં રટણ, ભજન અથવા કીર્તન કરવું જ ભાવનાનું પ્રતીક છે. આપને સત્ય સાથે એ સમય સુધી જોડી રાખી શકાય, જ્યાં સુધી સત્ય સિધ્ધ ન થઈ જાય અથવા વળી પાછું ક્યારેક દુર્ગુણો તરફ આકર્ષિત થવાનો ભય બાકી ન રહે.

ઈશ્વરની પ્રાપ્તિ માટે જે મહત્ત્વ ઈશ્વરને પ્રાર્થના કરવાનું છે. એટલું જ મહત્ત્વ આત્મજ્ઞાનના મુમુક્ષો માટે આત્માને પ્રાર્થના કરવાનું પણ છે. જે રીતે ભગવાનનો ભક્ત એ કહે છે કે હે ઈશ્વર! તૂ સર્વવ્યાપક છે, વિશ્વનો નિયંતા અને સૌને ધારણ કરનારો તૂં જ છે, તે જ આ સૃષ્ટિની રચના કરી છે, આકાશ બનાવ્યું છે, સમુદ્ર, નદીઓ, પર્વતો, વૃક્ષો, ફળ-ફળાદિ, પુષ્પો અને જાતજાતના-ભાતભાતના જીવોનું સર્જન કર્યું છે. તૂ પરમ દયાળુ છે, પરંતુ મમતા રહિત છે, તારા વશમાં સમગ્ર લોકપાલ અને દિક્પાલ છે. છતાં પણ તૂ અહંકાર રહિત છે. ભક્તની ભાવનાઓને આ પ્રકારની ભાવનાઓ જીવન પૂરું પાડે છે, તેની ઈશ્વર પ્રત્યે નિષ્ઠા વધે છે અને તે ખરાબ વિચારોથી દૂર રહેતા, નિરંતર કલ્યાણ તરફ અગ્રેસર બનતો રહે છે.

આત્મા માટે સાચા હૃદયથી આ પ્રાર્થના કરવામાં આવે, તો આત્મા પણ પોતાના સમગ્ર ગુણો આપની અંદર પ્રગટાવે છે અને આ રીતે આત્મભાવનાની પુષ્ટિ પણ થતી રહે છે. આવી ભાવનાઓ સાધના કરતા વખતે, હરતાં ફરતાં, ઉઠતાં બેસતા, કામ કરતી વખતે, દરેક સમયે, દરેક ક્ષણે કરી શકાય. આત્મશોધનની આ અનુપમ અને સંપૂર્ણ મનોવૈજ્ઞાનિક પધ્ધતિ છે.

'હે આત્મા! તૂ પોતાની તરફ નિરખ, તારી શક્તિઓ, તારું સામર્થ્યનું શું ઠેકાણું, તૂ અનંત છે, તૂ મહાન છે, કણકણમાં તૂ જ સમાયેલો છે. જીવજંતુઓમાં, કલરવ કરતા પક્ષીઓમાં, લહેરાતા ખેતરોમાં, મહેંકતા પુષ્પોમાં, ધરતી, આકાશ, જળ-થળ, સર્વત્ર તૂ ને તૂ જ બિરાજમાન છે. તારો જ આત્મા ફેલાઈ રહ્યો છે. નિરખ પોતાના આ વિરાટ સ્વરૂપને તો નિરખ. એને જોઈ તૂ આનંદથી છલકાઈ જઈશ.''

''હે જીવ! તૂ શુધ્ધ અને સૌંદર્યથી યુક્ત છે. છતાં પણ તને ધિક્કાર છે, જે આ તુચ્છ વિષયભોગો તરફ આકર્ષિત થઈ રહ્યો છે. તેની પરિસ્થિતિ શું છે, એની ઉપર તેં ક્યારે પણ વિચાર કર્યો છે? શું તને આ જાતજાતના ભાતભાતના પકવાનો, કે જેની તરફ તૂ લાલચું આંખો વડે જોઈ રહ્યો છે, તે આરોગ્ય કથળાવે તેવા છે. આ વિષયભોગ શક્તિનો ક્ષય કરનારા સ્વરૂપને તૂ હજી સુધી ઓળખી શક્યો નથી, શરીરની નશ્વરતાનું તેં જરા જેટલું પણ ધ્યાન રાખ્યું નથી. શું તારા માટે આ અશોભિત વાત નથી.''

મોટું સૌભાગ્ય એ છે કે તને આ માનવ શરીર મળ્યું છે. તને એ પણ ખબર નથી કે તૂ ક્યાંથી આવ્યો છે અને તૂ ક્યાં જઈ રહ્યો છે? અગર તેં પોતાની જાતને ઓળખવાનો પ્રયત્ન કર્યો હોત, તો કેટલું સારું થાત અને આ મનુષ્ય જીવનનો સદુપયોગ કરતો. નિઃસહાય પશુ પક્ષીઓ પણ પોતાનું પેટ તો ભરતા હોય છે અને જાનવરો પણ બચ્ચાં પેદા કરતા હોય છે. આળસ અને ઉંઘમાં મસ્ત બની પડ્યા રહેવું અને સમયને વ્યર્થમાં જ વેડફી નાંખવો એ તો પશુઓ પણ જાણે છે. અગર તૂ પણ આ સાંસારિક કાર્યોમાં જ સીમાબધ્ધ રહ્યો, તો તારી વિશેષતા જ શું રહી? સુખ પણ આખરે ક્યાં સુધી રહેશે? શરીર પણ ક્યાં સુધી સાથ આપતું રહેશે? ધન, સંપત્તિ પણ ક્યાં સુધી ટકી રહેશે? એ તો આવતી જતી

ચીજવસ્તુ છે. એનો તો તૂ સંપૂર્ણ ત્યાગ કરી એ ભોગમાં આસક્ત ન બન. આસક્ત બનવાથી શો લાભ? તૂ નહીં છોડે તો આ બધી જ ચીજવસ્તુઓ એક દિવસે તને છોડી દેશે. તૂ વિચાર કર-અગર જો આ શરીર જ ન રહ્યું તો પછી આ ધનનો કોણ ઉપયોગ કરશે? આમ પણ આ ધન કોની સાથે ગયું છે. આજ સુધી પદ, સૌંદર્ય અને સાંસારિક સુખોને કોણ પોતાની સાથે લઈ ગયું છે? એને તૂ પોતાને અહીં સુધી જ મર્યાદિત રાખ અને શાશ્વત સ્વરૂપને જાણવાની ઈચ્છા કર.

તૂ માયાથી, અજ્ઞાનથી, અવિદ્યાથી રોગગ્રસ્ત બની પોતાના સ્વરૂપથી અજાણ્યો બની ગયો છે. હવે તને પોતાના એ સ્વરૂપને ઓળખવાની ઈચ્છા થઈ આવી છે, તો તેને તૂં તારું મહાન સૌભાગ્ય જ માન. પરંતુ આ બધુ જાણવા માટે આ કામ એટલું સરળ નથી, તારે ડગલેને પગલે મુશ્કેલીઓ વેઠવી પડશે. રસ્તો ખૂબ જ દુર્ગમ છે, સંઘર્ષથી ભરેલો છે, એની સાથે લડવા માટે તૂં પોતાનું ગાંડીવ ધનુષ ઉઠાવ અને પોતાના પુરુષાર્થને આવાહન કર, કારણ કે એ અનંત શક્તિવાળો આત્મા કેવળ સાહસિક મનુષ્યોને જ મળી શકે છે. શૂરવીર જ આ પથનું અનુસરણ કરી શકે છે.

આ રીતે વિચારો દ્વારા સતત પ્રાર્થના કરવામાં આવતી રહે. સંસારમાં ફેલાયેલા ક્લુષિત વિચારોનો મન પર પ્રભાવ ન પડે,એ સંભવ નથી. આ આત્મોપદેશ ખૂબ જ સરળ છે, અને તેને હૃદયંગમ પણ કરી શકાય. તેનાથી જ પ્રાપ્ત થયેલા જ્ઞાનનો સદુપયોગ સંભવ છે. આત્માના સ્વરૂપની પ્રતિષ્ઠા કરવાથી એવા જ ગુણોનો વિકાસ થવા લાગે છે. જીવાત્માની સૌથી મોટી ખાસિયત એ છે કે પોતાને સ્વયંને જે સ્થિતિનો અનુભવ થવા લાગે છે, તેની મનોદશાનો ઝોક જે તરફ થઈ જાય છે, તેની તે જ દિશામાં ઉન્નતિ થવા લાગે છે અને અભ્યાસ થઈ ગયા પછી એ સ્થિતિની પૂર્ણતા પ્રાપ્ત કરી લે છે.

# આત્મા, મન તથા કુચિંતન

ઋષિમુનિઓએ આત્માના સ્વરૂપની, સ્વભાવ અને અનુભૂતિની વ્યાખ્યા કરતા બતાવ્યું છે કે વિશ્વના તમામ પ્રાણીઓમાં વ્યાપ્ત ચૈતન્ય જ આત્મા છે. તે અત્યંત ગૂઢ નિર્ગમ તત્વ છે. એટલા માટે લોકો તેને પોતાની નજરથી જોઈ શકતા નથી. એનાથી સ્પષ્ટ થાય છે કે ચિત્તની વૃત્તિઓ ગતિશીલ જણાય છે. એટલા માટે મન યા ચિત્ત જ આત્મા હોવાનો ભ્રમ પેદા થાય છે. સાચું જોવા જઈએ તો ચિત્ત (મન) આત્મા નથી. એ પરમ પ્રકાશ તત્વ છે.

એક માત્ર ચિંતન જ એ ઉપાય છે કે જેના દ્વારા ચેતનાની અનુભૂતિ અને પ્રાપ્તિ સંભવ છે. વિદ્વાનો એ જ અક્ષર, અવિનાશી, અજર-અમર આત્માનું ચિંતન કરે છે. લૌકિક જીવન સાથે એટલો જ સંબંધ ધરાવે છે, જેટલો આત્માના આધ્યાત્મિક વિકાસ માટે જરૂરી છે, નહીં તો આત્માના ગુણો અને કૌતુકનું ચિંતન જ તેનો સ્વભાવ હોય છે. તેમાં જ અસીમ તૃપ્તિ પણ છે.

એ દિવસે દીર્ઘતમાના શિષ્યોમાં એક વિચિત્ર પ્રકારની ખામોશી છવાયેલી હતી. ઈતિહાસ, ભૂગોળ, જીવવિજ્ઞાન, રસાયણ વિજ્ઞાનના પાઠ્યક્રમો સારી રીતે સમજમાં આવી જતા હતા, પરંતુ ''આત્મવિદ્યા''નો વિષય એટલો બધો ગૂઢ અને રહસ્યમય હતો કે દીર્ઘતમા દ્વારા ઘણાંબધા પ્રયત્નો અને વિશ્લેષણ કરવા છતાં પણ વિદ્યાર્થીઓ તેને સમજી શકતા ન હતા.

આત્માનો વિષય પ્રત્યેક વિદ્યાર્થીનો પોતાનો અંગત વિષય હતો, એટલા માટે તેની સર્વોપરિ આવશ્યકતા હતી. જ્યારે પણ આ વિષય આવતો ત્યારે તેમની ગંભીરતા પણ વધી જતી અને તન્મયતા પણ. પરંતુ વિદ્યાર્થીઓને આજે પણ આત્માના ચૈતન્ય સ્વરૂપનો બોધ થઈ જ રહ્યો ન હતો.

મધ્યાન થતા પહેલાં જ એકાએક શાળા બંધ થવાનો શંખનાદ કરી દેવામાં આવ્યો. વિદ્યાર્થીઓના હૃદયમાં ''હું કોણ છું, ક્યાંથી આવ્યો છું, શા માટે આવ્યો છું?'' આ પ્રશ્નો જાણવા માટે પહેલાંથી જ બેચેની હતી. ગુરુ દ્વારા અકસ્માતવશ શાળા બંધ થવાની કરવામાં આવેલી જાહેરાતથી તેઓ વધુ બેચેન બની ગયા. બધા જ વિદ્યાર્થીઓ એક એક

કરીને પોતપોતાની પર્ણ કુટીરોમાં ચાલ્યા ગયા. એ દિવસે મધ્યાનકાળની અવર જવર કોઈએ પણ ન સાંભળી. એ દિવસે સંપૂર્ણ આશ્રમમાં શ્મશાનવત શાંતિ પથરાયેલી હતી.

ભગવાન સૂર્યનારાયણનો રથ હવે થોડો પશ્ચિમ દિશા તરફ ઢળવા લાગ્યો. ફરીથી ઘંટ વગાડવવામાં આવ્યો. બધા જ વિદ્યાર્થીઓ એકત્ર થઈ ગયા, કોઈના હાથમાં ન તો કલમ હતી, કે ન તો ભોજપત્રો હતા. કોઈ જાહેરાત પણ કરવામાં આવી ન હતી. તમામ વિદ્યાર્થીઓ જ્યારે એકઠા થઈ ગયા ત્યારે ઋષિ એક દિશામાં ચાલી નિકળ્યા, બધા જ વિદ્યાર્થીઓ ચુપચાપ તેમનું અનુકરણ કરવા લાગ્યા અને તેમની પાછળ પાછળ ચાલી નિકળ્યા. સૌ એક જ હરોળમાં શિસ્તબધ્ધ ગુરુનો પીછો કરતા ચાલી રહ્યા હતા.

ઋષિ, વિદ્યાર્થીઓ સહિતનું આખું ટોળું ગાંગેયના શ્મશાન ઘાટ આવી થંભી ગયું. ઘાટના પગથિયા પર એક મનુષ્ય શબ પડ્યું હતું. ઋષિ તેની નજીક પહોંચી ગયા અને બધા જ વિદ્યાર્થીઓ લાઈનબધ્ધ બેસી ગયા.

હવે ઋષિએ પાઠ શીખડાવવાની શરૂઆત કરી. તેમણે શબના એક એક અંગ તરફ ઈશારો કરી કહ્યું. આ બન્ને હાથની સરખામણી પોતાના હાથ સાથે કરો, એની એવી જ બનાવટ છે, તે માંસાલ આંગળિયો યુક્ત છે, છતાં પણ આ હાથ ન તો હાલે છે, કે ન તો ચાલે છે, આંખો તો છે પરંતુ તે જોઈ શકતી નથી. કાન છે, પરંતુ તે સાંભળી શકતા નથી. જે મોંઢાએ સેંકડો પ્રકારના સ્વાદિષ્ટ પકવાનો ચાખ્યા છે, આજે પણ એ જ મોઢું છે, પરંતુ તે હવે ખાઈ શકતું નથી, નાક શ્વાસ લઈ રહ્યું નથી. હૃદયમાં થતો થડકારો પણ બંધ છે. આખું શરીર જેમનું તેમ પડેલું છે, પરંતુ તેને માટે રૂપ, રસ, ગંધ, આકાશ,સૂર્ય, ચંદ્ર, પ્રકાશ, વર્ષા, અગ્નિ વગેરે તમામ વસ્તુઓ અસ્તિત્વહીન છે.

આ શરીરને ક્રિયાશીલ બનાવવાવાળી શક્તિ એનાથી એમ જ અલગ થઈ ગઈ, કે જેવી રીતે અંગારામાંથી ગરમી અને પાણીમાંથી શીતળતા. જ્યાં સુધી એ શક્તિ હતી ત્યાં સુધી આ શબ ક્રિયાશીલ રહેતું હતું, શક્તિ ન હોવાથી તે આજે મડદામાં રૂપાંતરિત થઈ ગયું છે.

કીડીઓ, પક્ષીઓ, હાથી, વહેલ, ગાય, બળદ, ગરૂડ, કાગડો, ગીધ વગેરેથી લઈને મનુષ્ય સુધી; આ બધામાં એક ચૈતન્ય સમાયેલું રહે છે. કોઈની શક્તિ વધુ તો કોઈથી ઓછી. વૃત્તિઓ તથા સંસ્કારો પણ અલગ અલગ છે, પરંતુ જોવા, સાંભળવા, કામ કરવા, ઈચ્છાઓ પૂરી કરવામાં સંલગ્ન રહેવું, પ્રેમ દર્શાવવો, કામ વ્યક્ત કરવું, આહાર, નિંદ્રા, ભય, મૈથુનની પ્રવૃત્તિ સૌમાં એક સમાન છે. સૌમાં આ શક્તિ એક જ ગુણ ધરાવતી મળશે.આ શક્તિ દરેક પ્રાણીમાં સમાયેલી છે, એટલા માટે તેને આત્મા કહે છે. આ આત્મા જ પ્રકાશ, શક્તિ અથવા ચૈતન્ય રૂપે વિભિન્ન શરીરમાં વ્યાપેલ છે. જો કે તેનો શરીર સાથે કોઈ જ સંબંધ નથી. તે અજર, અમર અવિનાશી અને સતત ચૈતન્યયુક્ત છે. પરંતુ તેનો સ્થૂળ પદાર્થો સાથે સંગમ થઈ જવાના કારણે એવો ભાસે છે કે તે જન્મ પણ ધારણ કરે છે અને મૃત્યુ પણ પામે છે. સુખ અને દુઃખનું કારણ આ જ ભ્રમણાઓ છે.

આત્મા વિશુધ્ધ તત્વ છે. ચિત્ત તેનો એક ગુણ છે. ઈચ્છાઓ, વાસનાઓ આ ચિત્ત છે, પ્રવૃત્તિઓ છે, પરંતુ આત્મા નહીં, એટલા માટે જે લોકો શારીરિક પ્રવૃત્તિઓ, કામ,ભોગ, સૌંદર્ય અને સુખને જ જીવન માની લે છે, તેઓ પોતાના જીવન ધારણ કરવાના લક્ષ્યથી ભટકી જાય છે. જો કે આત્માનો જન્મ આનંદ, પરમાનંદ, અસીમ-અસીમ આનંદની પ્રાપ્તિ માટે થયો છે, છતાં પણ ચિત્ત વૃત્તિઓ તેને ક્ષણિક સુખો તરફ આકર્ષિત કરી પથભ્રષ્ટ કરી દે છે. પરંતુ મનુષ્ય આ જ સાંસારિક કામ ક્રિડામાં મગ્ન બની રહે છે, ત્યાં સુધી આત્માનો સમયગાળો પૂરો થઈ જાય છે અને તે આ સંસારના દુઃખો, પ્રારબ્ધ અને સંસ્કારોનો બોજ લાદીને વિદાય લઈ છે છે. ચિત્તની ગંદકીના કારણે જ એ અવિનાશી તત્ત્વ, આત્મા આ સંસારમાં વારંવાર જન્મ લેવા વિવશ બની જાય છે. પરમાનંદથી વંચિત રહી જાય છે. સુખોનો ભ્રમ પેદા કરનારું આ ચિત્ત જ આત્માનુંબંધન છે.

''આત્મજ્ઞાન વગર કોઈપણ કાળમાં, કોઈને પણ મુક્તિ મળતી નથી.''-ઋષિ આ વિષયને આગળ વધારતા પોતાના વક્તવ્યને ચાલૂ રાખ્યું હતું. ત્યારે એક વિદ્યાર્થીએ તેમને પ્રશ્ન પૂછ્યો-''ગુરુદેવ! આ આત્મા જ્યારે આટલો ગૂઢ, સૂક્ષ્મ અને રહસ્યમય છે, તો તેને કેવી રીતે

પ્રાપ્ત કરી શકાય? કેવી રીતે ચિત્તવૃત્તિઓના દાવપેચમાંથી છુટકારો મેળવી શકાય?''

આટલો ઈશારો કરી વિદ્યાર્થી નીચે બેસી ગયો. ત્યારે ઋષિએ તેની શંકાનું સમાધાન કરતા બતાવ્યું કે જ્યાં સુધી જીવ-''હું શરીર છું'' એમ માનતો રહેશે, ત્યાં સુધી કરોડો ઉપાયો કરવા છતાં પણ શાશ્વત, સુખ શાંતિ, કે જે આત્માનો પરમલક્ષ્ય છે, તે પ્રાપ્ત થઈ શકતો નથી. આપણે શરીર નથી, શરીર રૂપે તો આપણે બેઠા છીએ, વાહન બનાવી રાખ્યું છે, ઘુસી ગયા છીએ, એ ચોક્કસ છે, છતાં પણ આપણે પોતાની જાતને શરીર માની તમામ વ્યવહાર કરીએ છીએ, પ્રથમ તો આ માન્યતાને જ બંધ કરી દેવી જોઈએ અને નિશ્ચય કરવો જોઈએ કે હું શરીર નથી. ઇંદ્રિયો, મન અને બુધ્ધિ અને હૃદયના ચતુષ્કોણથી પર નામ રહિત શુધ્ધ આત્મા છું. થોડા દિવસ સુધી આ પ્રકારનું સતત ચિંતન કરતા રહેવાથી પોતાની આત્મિક માન્યતા મજબૂત બની જાય છે અને આત્મકલ્યાણનો માર્ગ સ્પષ્ટ દેખાવા લાગે છે.

ઋષિ ખૂબ જ ગૂઢ વિવેચનમાં ઉતરી ગયા. સૂર્યદેવતા ધીરે ધીરે અસ્તાચલ તરફ આગળ વધી રહ્યા હતા, પરંતુ આત્માનો વિષય એટલો બધો આનંદદાયક હતો કે બધા જ વિદ્યાર્થીઓ નિશ્ચલભાવથી તન્મયતાપૂર્વક મૌનમુદ્રામાં બેસી રહ્યા, તેમની ત્યાંથી ઉઠવાની ઈચ્છા થતી ન હતી, ન તો તેમની જિજ્ઞાસા તૃપ્ત થતી હતી. આશ્ચર્ય અને કૌતુહલવશ સૌ ધ્યાનપૂર્વક પોતાના ગુરુદેવ દ્વારા કરવામાં આવી રહેલા વિવેચનને સાંભળવામાં તલ્લીન હતા.

ઋષિએ આગળ જણાવ્યું-''આત્મા સ્વયં જ્ઞાન સ્વરૂપ છે, જ્ઞાનની પ્રાપ્તિ માટે ન તો કોઈ પરિશ્રમ કરવાની જરૂરિયાત છે, ન તો પ્રયત્ન કરવાની જરૂરિયાત છે. દુષ્કર સાધનો વડે અપ્રાપ્ત વસ્તુ માટે પ્રયત્ન કરવો પડે છે. જે સ્વયં જ્ઞાનરૂપ છે, તેને પોતાની જાતને શોધવા માટે ન તો જંગલમાં રખડવાની જરૂરિયાત છે, ન તો જીવનને શુષ્ક અને કઠોર બનાવવાની જરૂરિયાત છે. પોતાની અંદર જે અહંકારનો ભાવ છે, કેવળ તેને જ સમાપ્ત કરી દેવાની જરૂરિયાત છે. કારણ કે આ શ્રમ પણ આત્માની જેમ અનાદિ તથા શાંત છે. એટલા માટે પોતાના શક્તિ સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ચૈતન્યની માન્યતાને પુષ્ટ બનાવવા માટે ગહન ચિંતનની જરૂરિયાત

ઉદ્ભવે છે. આત્માની પ્રાપ્તિ માટે જેટલી પણ સાધનાઓ અને ઉપાસનાઓ બતાવવામાં આવી છે, એ કેવળ આ વાતને પરિપુષ્ટ બનાવવા માટે જ બતાવવામાં આવી છે કે -''તમે શરીર નથી, મન અને ઈન્દ્રિયો પણ નથી, એનાથી પર અનંત શક્તિ સ્વરૂપ આત્મા છો-આત્મા બંધન રહિત છે. પોતાની ઈચ્છા સંકલ્પના બળે ક્યાંય પણ વિચરણ કરી શકો છો. પ્રકાશ રમત રમે છે. ન તો તેનો કોઈ ભાઈ છે, ન તો કોઈ મિત્ર, ન કોઈ પુત્ર, ન કોઈ (પત્નિ) સ્ત્રી છે, બધા જ વિવિધ સ્વરૂપે આત્માઓ જ પોતપોતાની ચિત્તવૃત્તિઓના કારણે ભાઈ, પિતા, માતા એવા ભાસે છે, આ બંધનથી છૂટીને રાગ, દ્વેષ, મોહ મમતા છોડી, કેવળ કર્ત્તવ્ય પાલનનું ધ્યાન રાખતા જે મનુષ્ય આત્મામાં જ રમણ કરે છે, આત્માનું જ ચિંતન કરે છે, આત્માના ગુણો અનુરૂપ આચરણ કરે છે, તે અંતમાં સાંસારિક સુખ, ઐશ્વર્ય અને ભોગોને ભોગવવા છતાં આત્માને પ્રાપ્ત કરી લે છે. મન, પ્રાણ અને સ્વભાવના પરિધિમાંથી બહારની દુનિયામાં આપણે સૌ ભિન્ન ભિન્ન પ્રતીત થવા છતાં પણ વાસ્તવિક રૂપે તો એ ક જ આત્માની અભિવ્યક્તિઓ છીએ. તેને એમ પણ કહી શકાય કે આત્મા જ વિભિન્ન સ્વરૂપે વ્યક્ત થઈ ઉન્મુક્ત બની પરમાત્મામાં સમાઈ જવા ઈચ્છતો હોય છે. જે આ તત્વરૂપને શોધે છે, તે પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી લે છે અને જે પોતાના ચિત્તની અહંવૃત્તિઓમાં જ ભટકતા રહે છે, તે સુખસ્વરૂપ હોવા છતાં પણ દુઃખ ભોગવે છે, બંધનમુક્તિ હોવા છતાં પણ બંધનોમાં જકડાઈ રહે છે.''

જે મનુષ્ય જીવંત સ્થિતિમાં એ કહેતો રહે છે કે આ ધન મારું છે, ઘરબાર મારા છે, હું ખાઈ રહ્યો છું, હું પંડિત છું, જ્ઞાની છું, મારી સુંદરતા સૌ કરતા ચઢિયાતી છે, આજે એ જ બોલનારો ક્યાંય ખોવાઈ ગયો છે, જો કે શરીર જેમને તેમ વિદ્યમાન છે. પોતાની જાતને મન અને અહંકારથી ભિન્ન સમજવામાં જ આત્માનું સંપૂર્ણ રહસ્ય છુપાયેલું છે. ચિંતનના આ જ સિધ્ધાંતથી એ સિધ્ધાંતને સમર્થન મળે છે.

આ આત્મા મન અને અહંકારથી અલગ રહી પોતાનું કામ કરતો રહે છે. મન અને અહંકાર વાસ્તવિક રીતે તો જાગૃત સ્થિતિનું કારણ છે. જ્યારે આત્મા શાશ્વત અને અનાદિ છે. એટલા માટે જ્ઞાનીજનો નિરંતર આત્માનું જ ચિંતન કરે છે અને અંતમાં સુખપૂર્વક એ જ ભાવમાં લીનબની પરમાત્માના શરણમાં ચાલ્યા જાય છે.

ભગવાન સૂર્યનારાયણ હવે પશ્ચિમ દિશામાં ઢળી ચુક્યા હતા. સંધ્યાનો સમય થઈ ગયો હતો. જ્યારે ઋષિએ આ વાત ધ્યાનમાં લઈ પોતાના પાઠનું સમાપન કર્યું, ત્યારે વિદ્યાર્થીઓનું ધ્યાન પણ તૂટ્યું. તેમણે એવો અનુભવ કર્યો કે તેઓ બધા જ થોડી ક્ષણો માટે એવા લોકમાં વિચરણ કરી રહ્યા હતા,કે જાણે તેઓ ચિંતનની ગહન સ્થિતિમાં પહોંચી ગયા હતા, કે જે આત્માનો યથાર્થ લક્ષ્ય છે. સૌને પોતાનો પાઠ સારી રીતે સમજમાં આવી જવાથી સંતોષનો અનુભવ થયો. તેઓ સૌ વિદ્યાર્થીઓ ઋષિના પગલાંનું અનુસરણ કરતા ગુરુકુળમાં પાછા ફર્યા અને પોતપોતાના પૂજાપાઠ-સંધ્યાવંદનના કામમાં લાગી ગયા.

# આત્મા અને પરમાત્માનો સંબંધ

આત્મા પરમાત્માનો જ એક અંશ છે. જેવી રીતે પાણીનો પ્રવાહ કોઈ પથ્થર સાથે અથડાઈ નાના નાના ટીંપામાં રૂપાંતરિત થઈ જાય છે. બરાબર એ જ રીતે પરમાત્માની મહાન શક્તિ પોતાના ક્રિડા કિલ્લોલ માટે અને ભાગમાં વહેંચાઈ અસંખ્ય જીવ રૂપે દૃષ્ટિગોચર થાય છે. પરમાત્માએ સૃષ્ટિના સંચાલનની ક્રિડા કરવા માટે જ આ સંસારની રચના કરી છે. એ એકલો હતો. એકલા રહેવું તેને સારું ન લાગ્યું. તેણે વિચાર્યું કે એકમાંથી અસંખ્ય ઘણો બની જાઉં. તેની આ ઈચ્છા જ ફળદાયક બની પ્રકૃતિ રૂપે રૂપાંતરિત થઈ ગઈ. ઈચ્છાની શક્તિ મહાન છે. આકાંક્ષાઓ પોતાની અનુરૂપ પરિસ્થિતિઓ તથા વસ્તુઓ એકત્ર કરી જ લે છે. વિચારો જ કામ રૂપે રૂપાંતર પામે છે અને એ કામની સાક્ષી આપવા માટે પદાર્થ સામે આવીને ઉભો રહે છે. પરમાત્મા એક જ છે અસંખ્ય બનવાની ઈચ્છા દ્વારા જ પોતાનો વિસ્તાર કર્યો, ત્યારે આ સમગ્ર વસુંધરા બનીને તૈયાર થઈ ગઈ.

પરમાત્માએ પોતાના અસ્તિત્વને વિખેરી નાખવાની પીડા એટલા માટે વહોરી છે કે આ બધા કણોને ફરી એકઠાં થતા સમયે અસામાન્ય આનંદ પ્રાપ્ત થતો રહે. વિખુટા પાડવાની જે પીડા છે, તેની ભરપાઈ મેળાપના આનંદથી થઈ જાય છે. પરમાત્માએ પોતાના ટૂકડાઓને, કણોને, અંશને, જીવોને વિખેરી નાખવાનું વિયોગ ભર્યું કામ એટલા માટે કર્યું છે કે તે તમામ જીવો પરસ્પર એકતા, પ્રેમ, સદ્ભાવ, સંગઠન, સહકાર માટે જેટલા પ્રમાણમાં પ્રયત્ન કરશે, એટલા જ પ્રમાણમાં તે આનંદમગ્ન બનતા રહશે. આ પૃથ્વી પર પ્રેમ અને આત્મીયતાથી વધીને ઉમંગ આનંદની અનુભૂતિ બીજી કોઈ વસ્તુમાં થતી નથી. આ રીતે એકતા અને સંગઠનથી વધીને શક્તિનું સ્ત્રોત બીજે ક્યાંય પણ નથી. આ સંસારમાં અનેક પ્રકારના બળ વિદ્યમાન છે. પરંતુ પ્રાણીઓની એકતા દ્વારા જે શક્તિ ઉત્પન્ન થાય છે તેની તુલના બીજા કોઈની પણ સાથે કરી શકાય નહીં. પતિ અને પત્ની, ભાઈ અને ભાઈ, મિત્ર અને મિત્ર, ગુરુ અને શિષ્ય વગેરેની આત્મીયતા જ્યારે ઉચ્ચકક્ષાએ પહોંચે છે ત્યારે એ

મેળાપનો આનંદ અને ઉત્સાહવર્ધક પ્રતિફળ એટલું બધું સુંદર હોય છે કે પ્રાણી પોતાને કૃત્ય-કૃત્ય માને છે.

**કબીરજીનો આ દુહો ખૂબ જ જાણીતો છેઃ-**
**રામ બુલાવા ભેજિયા કબિરા દીના રોય ।**
**જો સુખ પ્રેમી સંગમે, સો વૈકુંઠ ન હોય ॥**

આ દુહામાં વૈકુંઠથી પણ ચડિયાતું સુખ પ્રેમીના સાનિધ્યમાં બતાવવામાં આવ્યું છે. કબીર પ્રેમીને છોડી, સ્વર્ગે જવામાં દુઃખ માને છે અને રડવા લાગે છે. વસ્તુસ્થિતિ આ જ છે. સાચા પ્રેમમાં એવો જ આનંદ થાય છે. જ્યાં મનુષ્ય મનુષ્ય વચ્ચે નિષ્કપટી, નિઃસ્વાર્થી, આંતરિક અને સાચી મિત્રતા હોય છે. ત્યાં ગરીબાઈ જેવી સમસ્યા ગૌણ બની જાય છે અને અનેક પ્રકારનો અભાવ અને મુશ્કેલીઓનું અસ્તિત્વ હોવા છતાં પણ મનુષ્ય ઉમંગભર્યા આનંદનો અનુભવ કરે છે.

ઉપાસનામાં પ્રેમનો અભ્યાસ એક મુખ્ય આધાર છે. ઈશ્વરની ભક્તિ કરવાનો અર્થ છે-આદર્શવાદ. પ્રેમના વિકાસનો આધાર પણ આ જ છે. સાચા અને ઈમાનદાર મનુષ્યો વચ્ચે સ્વાર્થયુક્ત દોસ્તી હોય છે. એ જરા જેટલો આઘાત લાગતા જ કાચના ગ્લાસની જેમ ટુકડે ટુકડા થઈ નાશ પામે છે. લાભમાં ખોટ આવતા જ પોપટની જેમ આંખ ફેરવી લેવામાં આવે છે. આ દેખાવટી કપટતા સભર મિત્રતા તો એક પ્રકારની ઠગાઈ જ છે. પરંતુ જ્યાં ક્યાંય પણ જેટલા અંશે સાચી મિત્રતાનો ભાવ હોય છે, ત્યાં આનંદ, સંતોષ અને પ્રફુલ્લતાના ઝરણાંઓ નિરંતર વહેતા રહે છે. અગર થોડા લોકો કુટુંબ યા સામૂહિક પ્રેમના ઉચ્ચ આદર્શોના આધારે વિકાસ પામી શકાય તો ત્યાં એ કુટુંબના પણ સભ્યોના વિકાસ માટે આનંદ ઉમંગથી પરિપૂર્ણ અવસર મળતો રહેશે. જે સમાજમાં સાચી મિત્રતા, ઉદારતા, સેવા અને આત્મીયતાનો આદર્શ સારી રીતે ફૂલવા ફાલવા લાગે તો ત્યાં નિશ્ચિત રૂપે સ્વર્ગ સમાન વાતાવરણ બનીને જ રહેશે. દેવતાઓ જ્યાં ક્યાંય પણ રહેતા હશે, ત્યાં તેમના સારા સ્વભાવથી પ્રેમભર્યું વાતાવરણ બની રહ્યું હશે અને એ ભાવ પ્રવાહે ત્યાં સ્વર્ગની રચના કરી દીધી હશે. અગર સ્વર્ગ ક્યાંય પણ હોયી શકે તો તેની સંભાવના ત્યાં જ રહેશે, કે જ્યાં સજ્જન પુરુષો પ્રેમપૂર્વક હળીમળી આત્મીયતા, ઉદારતા, સેવા અને સજ્જનતાપૂર્વક રહેતા હશે.

ઈશ્વરની ઉપાસના દ્વારા સ્વર્ગની પ્રાપ્તિનું જે મહાત્મ્ય બતાવવામાં આવ્યું છે, તેનો આધાર આ જ છે કે ઉપાસના કરનારી વ્યક્તિએ ભક્તિનો માર્ગ અપનાવવો પડે છે. જે કોઈ વ્યક્તિ પરમાત્માને, આત્માને, આદર્શવાદને પ્રેમ કરવાનું શીખી લીધું હશે તેને અનિવાર્ય રૂપે પ્રાણીમાત્ર સાથે પ્રેમનો અભ્યાસ હશે. આ કારણના અસ્તિત્વથી તેનું ઘર અને નજીકનું વાતાવરણ સ્વર્ગ સમાન અનુભૂતિઓથી ભર્યુંભાદર્યું રહેતું હશે. ઉપનિષદનું વચન છે કે **रसो वै स** અર્થાત પ્રેમ જ પરમાત્મા છે. બાઈબલમાં પણ આ જ સત્યનું સમર્થન કરવામાં આવ્યું છે અને મનુષ્યનો પ્રેમી સ્વભાવ બનાવવા પર ભાર મુકતા કહ્યું છે કે જે પ્રેમી છે એ જ ઈશ્વરનો સાચો ભક્ત કહેવાશે. ભક્તિના મહિમાથી ધાર્મિક શાસ્ત્રોના હજારો લાખો પાના ભરાયેલા પડ્યા છે. ભક્તિથી મુક્તિ મળવાની વાતનો સ્વકાર કરવામાં આવ્યો છે, અર્થાત એવી માન્યતા બનાવી દેવામાં આવી છે. તેમાં ભગવાનને ભક્તના વશમાં હોય તેમ બતાવવામાં આવ્યા છે. આ માન્યતાનું કારણ એક જ છે કે જે અંતરાત્મામાં પ્રેમના હિલોળા ઉછળી રહ્યા હોય, તેની કક્ષા સામાન્ય નહીં રહે. જેમાં દિવ્યગુણો, દિવ્યસ્વભાવનો આવિર્ભાવ થયો હશે, તે દિવ્યકર્મ જ કરી શકશે. આવા જ મનુષ્યોને દેવતા કહી બોલાવવામાં આવે છે. જ્યાં દેવતાઓનો વાસ રહેશે, ત્યાં સ્વર્ગ તો પોતાની જાતે જ બની જશે.

પ્રેમનો અભ્યાસ ઈશ્વરને તેનું સાધન માની કરવામાં આવે છે. તેનું કારણ આ જ છે કે તેમાં કોઈ સ્વાર્થ કે દોષ નથી. જેને સૂક્ષ્મની ઉપાસના મુશ્કેલ જણાઈ છે, તે ઈશ્વરની સાકાર મૂર્તિ બનાવી પોતાની ભાવનાને પૂજાના કોઈ પ્રતીક પર કેન્દ્રિત કરે. તે નિર્જીવ હોવા છતાં પણ એ માધ્યમ સજીવ બની ઉઠે છે. મૂર્તિ પૂજાનું આ જ તત્વજ્ઞાન છે. આ વાત હરકોઈ વ્યક્તિ જાણે છે, કે દેવતાની મૂર્તિ પથ્થર યા ધાતુની બનેલી હોય છે અને તે નિર્જીવ પણ હોય છે. તે સજીવ હોવાની વાત કોઈ વિચારતું પણ નથી. પરંતુ આ આધ્યાત્મિક વાસ્તવિકતા મૂર્તિપૂજાના માધ્યમ દ્વારા પ્રકાશમાં લાવવામાં આવે છે કે જે કોઈને સાચો પ્રેમ કરવામાં આવશે, જેને માટે પણ આસ્થા તથા શ્રધ્ધાનો ઉપયોગ કરવામાં આવશે, તે વસ્તુ ભલેને નિર્જીવ હોય યા સજીવ ભક્તની ભાવના અનુરૂપ ફળ આપવા લાગશે. મૂર્તિપૂજા કરતા સાકાર ઉપાસના કરનારા અસંખ્ય

ભક્તજનો જીવન લક્ષ્યને પ્રાપ્ત કરી શકવા સફળ થયા છે. મીરા, સૂરદાસ, તુલસીદાસ, રામકૃષ્ણ પરમહંસ વગેરેની સાકાર ઉપાસના નિરર્થક નિવડી નથી. તેમને ઉચ્ચપદ સુધી પહોંચાડી શકવામાં સમર્થ બની છે.

રબરના દડાને દીવાલ પર મારવાથી તે પાછો ફેંકનારી વ્યક્તિ પાસે આવી જાય છે. સિમેન્ટ ચુનાથી બાંધવામાં આવેલા પાકા કુવામાં મોઢું રાખી બુમ પાડવાથી તેના પડઘા ગુંજી ઉઠે છે. બરાબર એ જ રીતે ઈશ્વરને આપવામાં આવેલો પ્રેમ પાછો વળી પ્રેમીની પાસે જ આવી જાય છે અને પ્રેમના પ્રવાહથી ભીંજાયેલ અંતરાત્મા ઈશ્વરમિલન, બ્રહ્મનો સાક્ષાત્કાર અને ભગવતકૃપાનો પ્રત્યક્ષ અનુભવ કરે છે. એકલવ્ય નામના ભીલ દ્વારા બનાવવામાં આવેલ દ્રોણાચાર્યની માટીની મૂર્તિ તેને એટલી બધી શસ્ત્રવિદ્યા શિખડાવવા સમર્થ બની ગઈ કે જેટલી વિદ્યા ગુરુ દ્રોણાચાર્ય પણ જાણતા ન હતા. માટીના દ્રોણાચાર્યમાં એકલવ્યની જે અત્યંત નિષ્ઠા હતી તેના કારણે તે પ્રતિક્રિયા સંભવ બની શકી કે ભીલનું એ બાળક એ યુગનો અનુપમ બાણાવળી બની શક્યું. ઈશ્વરના સાકાર અને નિરાકાર સ્વરૂપનું ધ્યાન, પૂજન, જપ, અનુષ્ઠાન કરતા સાધક પોતાની પ્રેમની ભાવના, શ્રધ્ધા અને નિષ્ઠાને જ શુધ્ધ બનાવે છે. આ માર્ગ પર તે જેટલી પ્રગતિ કરી શકશે એટલા જ પ્રમાણમાં તેને ઈશ્વરની અનુભૂતિ, પરમાનંદની પ્રાપ્તિ થવા લાગશે.

અગર સાધના સાચા હૃદયથી, ઉદ્દેશ્યથી કરવામાં આવી હશે તો તેનું પરિણામ પ્રાપ્ત થવું જ જોઈએ, કે ઉપાસકના મનમાં પ્રેમનો પ્રવાહ વહેવા લાગે. તે પોતાના આત્મામાં પ્રાણીમાત્રને અને પ્રાણીમાત્રમાં પોતાના આત્માને જુએ. બીજાઓનું દુઃખ તેને પોતાનું અંગત દુઃખ જેવું પીડાદાયક જણાય અને બીજાઓને સુખી, શ્રેષ્ઠ જોઈ પોતાની સંપત્તિની જેમ જ સંતોષનો અનુભવ કરે. પ્રેમનો અર્થ છે-આત્મીયતા અને ઉદારતા. જેની સાથે પ્રેમભાવ હોય છે, તેની સાથે ત્યાગ અને સેવાપૂર્ણ વ્યવહાર કરવાની ઈચ્છા થાય છે. પ્રેમી પોતાને કષ્ટ આપી સંયમમાં રાખે છે અને પોતાના પ્રેમ પાત્રને સુવિકસિત, સુંદર અને સુરમ્ય બનાવવાનો પ્રયત્ન કરે છે. સાચા પ્રેમનું આ એકમાત્ર લક્ષણ છે, કે જેના પ્રત્યે પ્રેમની ભાવના ઉપજે, તેને વધુ સુંદર, વધુ ઉજ્જવળ અને ખુશ રાખવાનો પ્રયત્ન કરવામાં આવે.

# ઈશ્વરના અંશ રૂપ જીવ અવિનાશી

બાળકમાં જન્મથી જ જે ગુણો તથા સંસ્કારો જોવા મળે છે, તે મોટા ભાગના સંસ્કારોમાં તેના માતા પિતાના ગુણો તથા સંસ્કારોની જ છાપ હોય છે. બીજ તથા ફળમાં શક્તિ, ગુણ અને સ્વાદની વિશેષતા લગભગ એક જ સરખી હોય છે. મીઠા ફળના બીજથી ઉગનારું વૃક્ષ પણ મીઠા ફળો આપનારું હોય છે. વાતાવરણ, પાણી તથા આહાર વિહારમાં કોઈ ખાસ પરિવર્તન ન હોય તો વિજ્ઞાનીઓ તથા ડૉક્ટરોનો એવો મત છે કે બાળકના ન કેવળ સૂક્ષ્મ ગુણોમાંજ એકરૂપતા જોવા મળે છે, બલ્કે સ્થૂળ દ્રવ્યમાં પણ એકરૂપતાના તમામ લક્ષણો જોવા મળતા હોય છે.

આત્મ-વિદ્યા વિશારદ આચાર્યોનો પણ જીવાત્માના સંબંધમાં આ જ મત છે. વેદ, ધાર્મિક ગ્રંથો, ઉપનિષદો, ગીતા, પુરાણ, રામાયણ આ બધા જ ગ્રંથોમાં આત્માના સંબંધમાં જે વિવેચન કરવામાં આવ્યું છે, તે એક જ સરખું છે. સૌએ એ વાતનો સ્વીકાર કર્યો છે કે જીવ અવિનાશી તત્ત્વ છે, તે ઈશ્વરનો એક અંશ છે. તેમાં બીજ રૂપે પરમાત્માના બધા જ ગુણો વિદ્યમાન છે. જીવને અનંત સુખી, ચૈતન્ય તથા નિર્મળ બતાવવામાં આવ્યો છે. એ ગુણ તેનામાં તેના પિતા પરમાત્માના જ છે.

પરંતુ આપણે અગર કોઈ મનુષ્ય જીવન તરફ દૃષ્ટિ કરીશું, તો તેનામાં આ ગુણોનો અભાવ જ જોવા મળે છે. આજ કાલ તો આ વિષમતા એથી પણ વધુ તીવ્ર બની ગઈ છે. સુખની દીર્ઘ અભિલાષા ધરાવતા હોવા છતાં પણ લોકો દુઃખી છે. તેઓ મુશ્કેલીઓ, દુઃખો તથા પીડાઓથી તરફડી રહ્યાં છે. દરેક વ્યક્તિ બેચેન, અશાંત, ઉદ્વિગ્ન જ જોવા મળે છે. આવી સ્થિતિમાં કોઈપણ વ્યક્તિ એ માનવા માટે તૈયાર નહીં થાય કે પોતાના આ શરીરમાં પણ ઈશ્વરની શક્તિનો અંશ વિદ્યમાન છે.

જીવનો બીજો ગુણ છે ચૈતન્યતા. જોકે વિચાર અને ભાવનાઓની શક્તિ પણ તેનામાં બીજ રૂપે જોવા મળશે, પરંતુ આ ગુણો કોઈપણ વ્યક્તિમાં યોગ્ય પ્રમાણમાં જોવા મળતા નથી. લોકોના મગજમાં વિચારો અને ભાવનાના તરંગો તો ઉદ્‌ભવે છે, પરંતુ તેનામાં અનંત આકાશને મથી નાખવાની શક્તિ હોતી નથી. વિચારોની શક્તિ કોઈનાથી છુપાયેલી નથી. વિચારોમાં આ સૃષ્ટિમાં ભયાનક આંદોલનો ઉત્પન્ન કરનારી શક્તિ

સમાયેલી છે, એવી જ શક્તિ ભાવનાઓમાં સમાયેલી છે. ભાવનાઓની શક્તિથી આ દેશમાં ભક્તિના એવા સૂક્ષ્મ પરંતુ સશક્ત સ્પંદનો ઉત્પન્ન કરવામાં આવ્યા છે કે જે આ અધઃપતનકારી યુગમાં પણ ધર્મ અને સંસ્કૃતિને નિરંતર જીવન બક્ષી રહ્યાં છે. જ્યાં આ બન્ને ગુણોનો મેળ ખાતો હશે, ત્યાંની શક્તિનું તો કહેવું જ છું? જીવમાં ચૈતન્યનો આ ગુણ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. પરંતુ આજે ખૂબ જ ઓછા લોકોમાં જોવા મળે છે.

જીવનું મૂળ સ્વરૂપ ન હોવાનું મુખ્ય કારણ તેનામાં ત્રીજા ગુણનો અર્થાત નિર્મળતાનો અભાવ. માયા, અવિદ્યા યા અજ્ઞાન આ બધા તેના જ નામો છે. ભલેને મનુષ્યની જે કોઈ શબ્દો વડે નિંદા કરવામાં આવે, પરંતુ મુખ્ય વાત એક જ છે કે તેણે પોતાની જાતને અંધકારમય અથવા વિકારયુક્ત બનાવી લીધી છે. એટલા માટે તે પોતાના મૂળસ્વરૂપને ઓળખવામાં અસમર્થ છે. ગંદા ડહોળા પાણીમાં સૂર્યનું પ્રતિબિંબ દેખાતું નથી, અગર જો દર્પણ મેલું ડાઘાવાળું હોય તો ચહેરો સ્પષ્ટ જોવા મળતો નથી. જીવ માયાગ્રસ્ત, અજ્ઞાન યા મળગ્રસ્ત હોય તો તેની પણ આ જ સ્થિતિ સર્જાય છે. તે પોતાના ઈશ્વરીય સ્વરૂપને ઓળખવામાં નિષ્ફળ જ રહે છે.

શાશ્વત, મુક્ત અને અમર જીવાત્મા અજ્ઞાનતા યા માયાને વશ થઈ એવી જ ક્રિયા કરતો રહે છે. જેવી રીતે મદારી વાંદરાને બાંધી નચાવતો રહે છે. છતાં પણ આ માયા કોઈ દૃશ્ય રૂપે વિદ્યમાન નથી, છતાં પણ તે લોકોને નચાવતી રહે છે. એ કહેવાની અપેક્ષાએ આ કહેવું વધુ યોગ્ય છે, કે લોકો સ્વયં જ અજ્ઞાનના અંધકારમાં ભટકી રહ્યા છે. 'મારે શું કરવું જોઈએ' આ જ્ઞાનનો અભાવ જ અજ્ઞાન છે. આ કારણે જ લોકો ખોટા કામો કરે છે અને દંડ ભોગવે છે.

જીભની સ્વાદ માટેની લાલસા, નેત્રોની સૌંદર્ય માણવાની લાલસા, કાનની મધુર મીઠું સંગીત સાંભળવાની ઈચ્છા તથા કામ વાસના વગેરે વિષયો પ્રત્યે આસક્તિ થઈ જવાના કારણે જ જ્ઞાન-અજ્ઞાનની વાતો લુપ્ત થઈ ગઈ છે. જડ તથા ચૈતન્ય વચ્ચે એવી ગાંઠ પડી ગઈ છે, તે છુટતી નથી. જ્યાં સુધી આ ભ્રમ દૂર નહીં થાય, ત્યાં સુધી મુશ્કેલીઓ પણ દૂર નહીં જ થાય.

તેને માટે મહાપુરુષોએ, શ્રુતિઓ તથા પુરાણોએ જાતજાતના ઉપાયો તથા અનેક પ્રકારના સાધનો બતાવ્યા છે, પરંતુ જીવના હૃદયમાં સાંસારિક સુખ, લોભ, મોહ વગેરેનો અંધકાર એટલો તો પ્રગાઢ બની છવાઈ ગયો છે કે તે તેનાથી છૂટવાનો પ્રયત્ન કરવાની અપેક્ષાએ વધુને વધુ ગુંચવાતો ગયો છે. તેણે મુક્ત બનવા કંઈ પ્રયત્ન કરવાની પણ ઈચ્છા કરી નથી.

તેને કદાચ ઈશ્વરની કૃપા યા કોઈ દૈવી પુરુષોની કૃપાથી મનમાં આ પ્રકારનો વિચાર ઉદ્ભવે કે તેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ, પોતાનું રહસ્ય જાણવું જોઈએ, પરમાત્માના દર્શન કરવા જોઈએ, તો તેને અનેક જન્મોના શ્રેષ્ઠ સંસ્કારોનું પ્રતિફળ યા ઈશ્વરની કૃપા દૃષ્ટિ જ સમજવી જોઈએ. એના સંબંધમાં અગર કોઈના હૃદયમાં આ શ્રધ્ધા જાગૃત થઈ જાય તો તેને પોતાનું સૌથી મોટું સૌભાગ્ય માનવું જોઈએ.

શ્રધ્ધાનો ઉદય થવો ચોક્કસ જ અનેક જન્મોના પુણ્યનું પ્રતીક છે. પરંતુ એકલી શ્રધ્ધા જ આત્મકલ્યાણ કરી દેતી નથી. તે તો પોતાના જીવન લક્ષ્ય તરફ લઈ જનાર માત્ર પ્રકાશ છે. તેને એ યાત્રાના પથ પર ચાલવાની પણ જરૂરિયાત છે. ધાર્મિક ગ્રંથો આ ક્રિયાને ધર્માચરણ બતાવે છે. અર્થાત શ્રધ્ધાનો ઉદય થાય તો મનુષ્યે જપ, તપ, વ્રત, નિયમ વગેરે સાધનોનો આશ્રય લઈ જીવન અને આત્મશોધનની પ્રક્રિયા આરંભ કરી દેવી જોઈએ. આ સંસારમાં જેટલા પણ શ્રેષ્ઠ કર્મો છે, એ બધા જ ધર્મનું આચરણ કહેવાય છે. તેનાથી આત્માનું બળ વધે છે અને તેનામાં મજબૂતાઈ આવવા લાગે છે.

આત્મકલ્યાણની સાધનાઓ, ભાવનાઓનો રસ પી તુરંતમાં જ ફળદાયક નિવડતી હોય છે. આમ તો આ બધી જ સાધનાઓમાં ઉદાસીનતા દાખવવામાં આવે તો પણ પ્રગતિ તો થાય છે, પરંતુ જ્યારે તેની સાથે ભાવનાઓનું મિશ્રણ થઈ જાય છે ત્યારે સાધના દ્વારા જ એક અલૌકિક આનંદની રસાનુભૂતિ થવા લાગે છે અને લક્ષ્યની પ્રાપ્તિ માટે સમયનું જ અંતર હતું, તે ઓછું ખટકવા લાગે છે. ભાવના મનુષ્યની સાધનામાં સફળતા મળવાની કે ન મળવાની શંકા કુશંકાને પણ ઓછી કરી દે છે. ''હું તારો જ છું, હવે હું તને છોડીને ક્યાં જઈશ. મને અજ્ઞાનતામાંથી બહાર કાઢી મનુષ્ય જીવન યોગ્ય આચરણ કરવાની

શક્તિ પ્રદાન કર. હવે જીવનનું સર્વસ્વ તૂં જ છે.'' આત્મકલ્યાણના પથિકને આ પ્રકારની ભાવના ખૂબ જ બળ પૂરું પાડે છે. આત્મવિશ્વાસ વધારે છે અને મન પર સવાર થઈ ગયેલા કુસંસ્કારોના ઢગલાને વાતમાં વાતમાં સળગાવીને રાખ કરી દે છે. સાધનાના સમયમાં ભાવનાઓનું હોવું આ દૃષ્ટિએ ખૂબ જ શુભ છે, તેને લાભદાયક માનવામાં આવે છે. જેને પણ આ પ્રકારની ભાવના મળી જાય તેણે પોતાની જાત પર ઈશ્વરની વિશેષ કૃપા હોવાનું જ માનવું જોઈએ.

આ રીતે ભગવાનનો ભક્ત કર્મ કરતા મનની કામનાઓને હણતા અને તેને કામ, ક્રોધ, લોભ, મોહ, છળ ,કપટ, રાગ, દ્વેષ, પાખંડ, જૂઠ, બેઈમાની વગેરે કુસંસ્કારોથી મુક્ત કરે છે. વાસનાઓ તથા સાંસારિક પ્રલોભનો તેને વારંવાર પોતાની તરફ આકર્ષિત કરે છે. તે વારંવાર તેની સાથે લડે છે, તેને મારે છે, આત્માના ગુણો વધારે છે. દયા, ક્ષમા, કરુણા, સંતોષ, સમતા, સહનશીલતા વગેરે ગુણોનો વિકાસ કરે છે. ઈન્દ્રિયો પર દમન ગુજારે છે અને જે કોઈ પણ દોષ, દુર્ગુણો હોય છે, તેને વારંવાર સુધારે છે. શ્રેષ્ઠ કર્મોને શોધી ખરાબ નઠારા કર્મોના વિરોધનો વિચાર ક્યારે પણ મંદ થવા દેતો નથી, બલ્કે એવું કરતા તે ઉત્સાહનો અનુભવ કરે છે. વિચારમંથન દ્વારા તે સત્યને આગ્રહ પૂર્વક પોતાના જીવનમાં ધારણ કરવા અને ખરાબ કર્મોનો, સાચા નથી એવા તત્વોનો ત્યાગ કરતો જાય છે.

આ વિજ્ઞાનમય બુધ્ધિ હૃદયની મમતા, મદ, મોહ વગેરેને સળગાવી નાખે છે. આ સ્થિતિમાં આત્માની અંદર કેવળ બ્રહ્મ, અખંડ દિવ્ય જ્યોત ઝળહળતી હોવાનો અનુભવ થવા લાગે છે. એ પ્રકાશ મનુષ્યના અજ્ઞાનને, અવિદ્યા યા માયાને ભસ્મ કરી નાખે છે. મનુષ્ય જીવભાવમાંથી મુક્ત બની ફરી પોતાના પરમ પિતા પરમાત્માના ખોળામાં સમાઈ જાય છે. અને સ્થિતિ અનંત સુખ, અનંત આનંદની સ્થિતિ હોય છે.

## પરમાત્માને ઓળખવા માટે પોતાની જાતને ઓળખો

એક દિવસે કેટલાક લોકોએ જઈ સંત વાસવાણીને પ્રશ્ન કર્યો, કે ''ભગવાન આખરે શું છે?'' તો તેમણે જવાબ આપ્યો કે ''ભગવાન પરમ જ્યોતની જ્યોત છે, મધ્યવર્તી સૂર્ય છે.'' તો લોકો ફરી પ્રશ્ન કર્યો, કે ''આ જ્યોત સાથે, મધ્યવર્તી સૂર્ય સાથે પોતાનો સંબંધ કેવી રીતે જોડી શકાય?'' તો વાસવાણીએ તેમને ફરી સમજાવ્યું કે ''બસ સૂર્યમુખી બની જાવ. જેવી રીતે સૂર્યમુખીનું ફૂલ હંમેશા પોતાનું મુખ, સૂર્ય સામે ધરી રાખે છે. છતાં પણ તેના શરીરમાં અન્ય ક્રિયાઓ, પોતાની મર્યાદામાં ચાલતી રહે છે, મૂળ રસ ખેંચતા રહે છે, પાંદડા શ્વાસ લેતા રહે છે, હવામાં તે આમ તેમ ડોલતું રહે છે. પરંતુ તેનું નામ સૂર્યમુખી એટલા માટે પડ્યું કે તે હંમેશા પોતાનું મોઢું સૂર્ય તરફ કરી રાખે છે, બરાબર એ જ રીતે આપ પણ પોતાનું મોઢું પરમાત્મા તરફ કરી રાખો.''

તો લોકોએ તેમને ત્રીજો પ્રશ્ન પૂછ્યો કે ''અમો સૂર્યમુખી કેવી રીતે બનીએ?'' તો તેમણે તેનો જવાબ આપ્યો કે ''પોતાના હૃદયને તીવ્ર અભિલાષાથી ભરી લો અને એકવાર સારી રીતે નિશ્ચય કરી લો કે મનુષ્ય જીવનનો ધ્યેય અનંત ઐશ્વર્ય, સુખ-સંતોષ, શાંતિપ્રદ પરમાત્માની પ્રાપ્તિ છે. એ જ્યારે તમારો લક્ષ્ય બની જશે ત્યારે તમો ભગવાન તરફ પોતાનું મોઢું કરી રાખશો અને ધન્યધન્ય બની જશો.''

ઈશ્વરની પ્રાપ્તિ માટે મનમાં સાચી આકાંક્ષા હોવી એ મુખ્ય વાત છે, કે પરમાત્મા બીજે ક્યાંય નથી. તેને શોધવાનો, પ્રાપ્ત કરવાનો અને ઓળખવાનો પ્રયત્ન કરવામાં આવતો નથી, એટલા માટે મોટા ભાગના લોકોના હૃદય અંધકારથી ભરાયેલા છે. લોકોની અંદર તમોગુણનું, નિશાનું, અજ્ઞાનનું સામ્રાજ્ય સ્થપાયેલું છે. જ્યારે પોતાના હૃદયને જ જીવનનું કેન્દ્રબિન્દુ બનાવી લેવામાં આવે છે, ત્યારે ત્યાં આનંદસ્વરૂપ પરમાત્માનું અસ્તિત્વ ઝળકવા લાગે છે, તેને શોધવા માટે ક્યાંય પણ ભગવાનની જરૂરિયાત જ ઉદ્ભવતી નથી.

આપણું હૃદય આપણાં આત્માના વિશ્વાસનું એક અંગ છે. જેવી રીતે સૂર્યના કિરણો સૂર્યનું એક અંગ છે, પરંતુ તે અલગ જ દેખાય છે, બરાબર એ જ રીતે આત્મા પણ પરમાત્માનો એક અંશ છે, પરંતુ તે

અલગ દેખાય છે. પોતાને, પોતાના ગહન આત્માને, વિશ્વઆત્માનો એક અંશ જાણી લેવો, તે ઈશ્વરને જાણી લેવા બરાબર છે.

મનુષ્ય પોતાના શરીરની બાહ્ય પ્રવૃત્તિઓની વ્યસ્તતાથી કંઈક વધુ ઉંડે ડૂબકી લગાવી શકે છે, આ બધા જ તેના ગુણો છે, વિશેષતાઓ છે. પરંતુ તેનાથી ભિન્ન છે. તે તેનાથી પર રહી પોતાને તેનાથી ભિન્ન, શક્તિશાળી અને પરમ તેજસ્વી, સર્વદૃષ્ટા, સર્વવ્યાપી, સ્વાન્તર્યામી, શુધ્ધ, આનંદ સ્વરૂપ પ્રકાશ હોવાનો અનુભવ કરી શકે છે.

જે લોકોએ પોતાની અંદર ઈશ્વરની શોધ કરી છે, તેઓ બધા જ આખરે તો આ જ નિષ્કર્ષ પર પહોંચ્યા છે અને સૌએ આ જ બતાવ્યું છે કે મનુષ્ય ચિંતન દ્વારા મન, બુધ્ધિ અને ભાવનાઓ પર ધ્યાન લગાવતા આત્માના અસ્તિત્વ સુધી પહોંચે છે અને આ અનુભવ બાદ તેને એ બોધ પ્રાપ્ત થાય છે કે એ પરમાત્મા, કે જેમાં આત્મા વિકસિત થઈ જાય છે, તે આત્માઓથી પણ પર સૌ કોઈમાં એક જ પ્રકારે વ્યાપેલ છે.

એક દિવસે કોઈ એક ગામમાં ગુરુનાનકનું આગમન થયું. તેવો એવું કહેતા હતા કે ઈશ્વર સૌની અંદર બિરાજમાન છે. હિન્દુ કે મુસલમાનનો કોઈ જ ભેદ નથી. ત્યારે એ ગામના નવાબે તેમને પ્રશ્ન કર્યો કે આપના માટે મંદિર અને મસ્જિદ બન્ને બરાબર છે, તો શું આપ મારી સાથે મસ્જિદમાં નમાજ પઢવા તૈયાર છો ખરા? તેનાથી નાનકજી ખૂબ જ ખુશ થઈને કહ્યું કે જરૂર! જરૂર!! પરમાત્માની પ્રાર્થનામાં સામેલ થવા કરતા બીજો મોટો આનંદ કયો હોયી શકે?

પછી બધા જ લોકો એકઠાં થઈ મસ્જિદમાં ગયા અને નમાજ પઢવાની શરૂઆત થઈ ગઈ. બધા જ લોકો નાનક નમાજ કેવી રીતે પઢે છે તે જોવા ઈચ્છતા હતા, પરંતુ નાનક ચુપચાપ એક ખૂણામાં જઈ ઉભા રહી ગયા અને સૌના તરફ જોવા લાગ્યા. તેમને આ રીતે ઉભેલા જોઈ બધા જ નમાજી ખૂબ જ ગુસ્સે થઈ ગયા. તેઓ નમાજ પણ પઢતા હતા અને વચ્ચે વચ્ચે નાનક તરફ ક્રોધભરી દૃષ્ટિએ જોઈ પણ લેતા હતા. એ બિચારાઓએ જલદી જલદી કોઈપણ પ્રકારે નમાજ પઢવાની ક્રિયા પૂરી કરી લીધી અને ત્યારબાદ એ બધા જ એકદમ નાનક પર તૂટી પડ્યા. કોઈએ તેમને દગાબાજ કહ્યા, તો કોઈએ તેમને વચન તોડનારા દર્શાવ્યા. નવાબે તેમને લાલપીળી આંખ કરી ધમકાવી નાખ્યા અને પૂછ્યું કે આપે

શા માટે નમાજ ન પઢ્યા? નાનક ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા આપે લોકોએ પણ નમાજ પઢ્યા નથી, એટલા માટે મેં પણ નમાજ પઢ્યા નથી. હું આપ સૌની રમત જોતો રહ્યો, અગર આપ નમાજ પઢતા તો મારા માટે ચુપચાપ ઉભા રહેવું મુશ્કેલ બની જાત.

જે લોકો એ નમાજી લોકોની જેમ ઈશ્વર પ્રાપ્તિની વાત તો કરે છે, પરંતુ તેમની તમામ ચિંતાઓ જીવનની બાહ્ય ક્રીડાઓ સુધી જ મર્યાદિત રહે છે. એટલા માટે તેમનો નાનક (તેમનું મન) પણ આત્માની અનુભૂતિમાં ખોવાઈ જઈ શકતો નથી. જે દિવસે શરીર અને મનની બધી જ ચેષ્ટાઓ સંકોચાઈ આત્મા પર કેન્દ્રિત થઈ જાય છે, બરાબર એ જ દિવસે અંધકાર દૂર થઈ જાય છે અને મનુષ્ય પરમાત્માની નજીક પહોંચ્યાનો અનુભવ કરવા લાગે છે.

ભગવાન બુધ્ધનો 'મજ્ઝિમ નિકાય' ગ્રંથમાં એક સુંદર ઉપદેશ આલેખવામાં આવ્યો છે, તેઓ કહે છે કે -તમો કલ્પના કરો કે કોઈ એક માણસના પગમાં ઝેરમાં ડુબાવેલું તીર ખુંચી ગયું છે. અગર એ મનુષ્ય એવું કહે છે કે હું આ તીર ત્યાં સુધી બહાર નહીં કાઢું કે જ્યાં સુધી મને એ વાતની જાણ ન થાય કે તીર ચલાવનારાનું નામ, કુળ અને ગોત્ર શું હતું? તે ઉંચો હતો કે મધ્યમ કદનો. તેનું ધનુષ કેવું હતું, પણછ કેવી હતી, તીર કેવું હતું?

લોકો પણ પરમાત્માના સંબંધમાં આવા જ તર્કવિતર્ક રજૂ કરે છે, વાદવિવાદ ઉભા કરે છે. પરંતુ પોતાના હૃદયમાં જીવનનો બોજ, દુઃખ, મુશ્કેલીઓ, દૈવી પ્રકોપનું જે તીર ઘુસી ગયું છે, તેને બહાર કાઢવા તરફ કોઈનું પણ ધ્યાન જતું નથી. આપણે સૌએ સૌ પ્રથમ આત્માની પીડાનો અનુભવ કરવાની જરૂરિયાત છે. બાહ્ય જીવનમાં પ્રપંચને છોડી અંતર્મુખી બનવાની ખૂબ જ જરૂરિયાત છે. બાહ્ય ક્રીડાઓએ કેવળ સહયોગી માનવી જોઈએ. તેને લક્ષ્ય, સત્ય યા પરમાત્માની પ્રાપ્તિનું સાધના બનાવી શકાય, એટલા માટે પોતાના શરીરના, મન અને ભાવનાઓના કેન્દ્રબિન્દુનો વેધ કરવાની જરૂરિયાત છે, નહીં કે કયું તત્વ, કેટલું સુખદાયક છે, કયા સુખની પ્રાપ્તિ માટે ક્યાં દોડવું જોઈએ. જ્યારે આ બધી જ વાતોને સાધન બનાવી લેવામાં આવે છે, ત્યારે જરૂરિયાતો પણ ઓછી થઈ જાય છે અને લક્ષ્ય પણ પોતાની નજીકમાં જ સ્પષ્ટ થવા લાગે

છે. તેને પ્રાપ્ત કરવા માટે ન તો મોટી સાધના કરવા માટે દોડવું પડે છે અને ન તો ઘર છોડવું પડે છે.

ઉપનિષદોએ આત્મા અંગે-( **श्रोतव्यो, मन्तव्यो, निदिध्यासितव्यः नान्वतोऽस्तिः विजानतः** કહીને એ સત્યને વ્યક્ત કર્યું છે અને બતાવ્યું છે કે તમો વિભિન્ન સાધનાઓ દ્વારા પોતાની જાતને ઓળખો. જે દિવસે આત્મ શક્તિનો વિશ્વાસ જાગી જાય છે, એ દિવસે પરમાત્માના અસ્તિત્વ પર વિશ્વાસ જામતા વાર લાગતી નથી. વિશ્વાસ જમાવવો એટલો જ આનંદદાયક છે, જેટલી પરમાત્માની પ્રાપ્તિ.

મનુષ્ય પોતાની અંદર છુપાયેલી શક્તિઓને ઓળખ્યા વગર શક્તિશાળી બની શકતો નથી. જે પોતાને જેવો જાણે છે, ઓળખે છે યા જેની જેવી ઈચ્છતા હોય છે, તે તેવો જ બની જાય છે. પોતાની જાતને જાણવી એ બધી જ સિધ્ધિઓમાં સૌથી મોટી સિધ્ધિ છે. લાખોમાં માંડ એક બે વ્યક્તિ એવી હોય છે કે જે પોતાની જાતને જાણવાનો પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન કરનારા લોકોમાં પણ થોડા એવા પણ હોય છે, જે આત્માના અસ્તિત્વને ઓળખવા માટે લાંબા સમય સુધી પોતાની જાતને નિશ્ચિંત બનાવી રાખે છે. જેણે પણ મનુષ્યનું શરીર ધારણ કર્યું છે, તેને આત્માની નજીક પહોંચાડી દેવામાં આવ્યો છે, પરંતુ થોડા લોકો એવા છે કે જેઓ તેમાં પ્રવેશ મેળવે છે.

શરીરમાં કામ, ક્રોધ, મોહ, સંતોષ, દંડ, દયા વગેરે અનેક પ્રકારની ભાવનાઓ અસ્તિત્વ ધરાવે છે, એ બધી જ યા તો આનંદની પ્રાપ્તિ માટે છે અથવા આનંદમાં વિઘ્ન પેદા થવાના કારણે છે. આનંદ જ સૌનું મૂળ છે, એવી જ રીતે આનંદ સૌનું લક્ષ્ય પણ છે. લક્ષ્ય અને તેની સિધ્ધિ બન્ને આત્મામાં વિદ્યમાન છે. જે આત્માને જ લક્ષ્ય બનાવી આત્મા દ્વારા જ પોતાને વીંધે છે અને તેને પ્રાપ્ત પણ કરે છે. આત્મા જ પરમાત્માનો એક અંશ છે, એટલા માટે આત્માનું જ્ઞાન પ્રાપ્ત થઈ જવાથી પરમાત્માની પ્રાપ્તિ આપોઆપ થઈ જાય છે.

## હું અને તેનું સાચું સ્વરૂપ

છાંદોગ્ય ઉપનિષદમાં એક કથા આવે છે. એકવાર ઈન્દ્ર અને વિરોચન બન્ને વ્યક્તિઓના મનમાં જિજ્ઞાસા પેદા થઈ કે ''હું કોણ છું.'' તે વારંવાર વિચારતા રહ્યાં પરંતુ તેમને ''હું''ની કોઈ ભાળ ન મળી. આખરે બન્ને મળી હાથમાં સમિધા લઈ આદરપૂર્વક શિષ્યના ભાવથી આચાર્ય પ્રજાપતિ પાસે પહોંચ્યા અને તેમણે નમ્રતાપૂર્વક પોતાના મનને મુંઝવતી જિજ્ઞાસા પ્રગટ કરી દીધી. તેમના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા પહેલાં જ પ્રજાપતિએ તેમની યોગ્યતા, લાયકાત, પાત્રતા જાણવા માટે એક યુક્તિ શોધી કાઢી. તેમણે કહ્યું કે ''તમો બન્ને એક થાળીમાં પાણી ભરી પોતાનું મોઢું જૂઓ, તેમાં તમોને પોતાનું સ્વરૂપ દેખાશે.''

ઈન્દ્ર અને વિરોચન બન્ને ઝટપટ સુસજ્જ થઈ પાણીથી ભરેલી થાળીમાં પોતાનો ચહેરો જોવા લાગ્યા. વિરોચનને પોતાની સજાવેલો સુંદર ચહેરો જોઈ આનંદ થયો અને તે પોતાના સાથીદારો વચ્ચે જઈ અભિમાન સાથે કહેવા લાગ્યો કે ''ભાઈ મેં તો 'હું'ની ભાળ મેળવી લીધી.'' ઇંદ્ર કંઈક તેના કરતા કંઈક વધુ ચતુર અને બુધ્ધિશાળી હતા. તેમને કોઈ જ સંતોષ ન થયો અને આચાર્ય પ્રજાપતિ પાસે જઈ કહેવા લાગ્યા-''ભગવાન પ્રતિબિંબમાં માત્ર કુસંસ્કારી શરીરનો પડછાયો જ દેખાય છે. અગર આ શરીર કાણું, કુબડુ, લુલુ, લંગડુ હોત તો તેનો પછડાયો પણ એવો જ દેખાતો, કપડાં, આભુષણોને ઉતારી નાખવાથી સુંદરતાનો પણ નાશ થઈ જાય છે અને શરીરનો નાશ થઈ જતા એ પણ રહેતી નથી. એટલા માટે હું પોતાનું સ્વરૂપ કોને માનું. મને તેનાથી જરાપણ શાંતિ મળતી નથી.''(છાંદોગ્ય ૮/૬૨)

ઈંદ્ર સમજુ હતા. તેમણે વિચાર્યું કે અગર આ કપડાં, આભુષણો વડે સુશોભિત આ શરીર જ ''હું છું'' તો એ નિશ્ચિત જ છે કે તેનો નાશ થતા જ હું પણ નાશ પામી જઈશ. તેના મેલા, ગંદા, જર્જરિત હોવાથી ''હું'' પણ ત્યાજ્ય બની જઈશ. જે નાશ પામનારી વસ્તુઓ છે, તે ક્યારે પણ ''હું'' બની શકતી નથી. ઈન્દ્રને તેનાથી શાંતિ ન મળી, ન તો તેનું સમાધાન મળ્યું. તેમણે પોતાના મનના વિચારોને નિર્ભય બની આચાર્ય સમક્ષ રજૂ કર્યા. તો પેલી બાજુ વિરોચન પોતાના સજાવેલા સુંદર, વસ્ત્ર આભુષણોથી સુશોભિત શરીરના પ્રતિબિંબને જ 'હું' નું સ્વરૂપ જાણી ત્યાંથી ચાલ્યો ગયો.

આપણાંમાંથી બહુ ઓછા લોકોના મનમાં આ પ્રશ્ન ઉદ્‌ભવતો હોય છે કે ''હું કોણ છું''. એની ઉપર બહુ ઓછા લોકો વિચારવાનો પ્રયત્ન કરે છે. મોટા ભાગના લોકો તો ભવસાગરના પ્રવાહમાં વહેતા બનીને રહી જાય છે. તેમના મન, બુધ્ધિ, આત્મા પર અજ્ઞાનનો પડદો એવી રીતે પડ્યો રહે છે કે તેઓ ક્યારે પણ વિચારતા પણ નથી કે તેઓ કોણ છે? તેમને શું કરવાનું છે? ક્યાં જવું છે?

કેટલાક લોકો 'હું'ના અસ્તિત્વને શરીર સુધી જ મર્યાદિત માની વિરોચન જેવી ભૂલ કરી બેસે છે અને શરીરને સુખ આપવા, ખાવાપીવા, ખુશ રહેવા, મોજ મજા ઉડાવી લેવામાં જ જીવનનો સાર સમજે છે. પરંતુ શરીરને જ અગર 'હું'નું સ્વરૂપ માની લેવામાં આવે તો પછી જીવનની કિંમત જ શું રહી જાય. પછી કોઈ ઝંઝટ બાકી રહી જતી નથી. કંઈક કરવાનું યા ન કરવાનું કોઈ મહત્ત્વ રહેતું નથી, પછી જ્ઞાન-વિજ્ઞાનની વાત જ કોણ કરે. ન તો જીવવાથી લાભ મળે છે, ન તો મરવાથી નુકશાન થાય છે, કારણ કે તમામ શરીરોની એક જ ગતિ થાય છે. અંતમાં તો કોઈને કોઈ સમયે એ નાશ પામી જ જાય છે. જ્ઞાની, અજ્ઞાની, સત્યવાદી અને જૂઠ્ઠો, સજ્જન અને દુર્જન તમામ વ્યક્તિઓને શરીરની દૃષ્ટિએ એક દિવસે મૃત્યુ પામવું જ પડે છે. આવી સ્થિતિમાં તો મૃત્યુ પામતા પહેલાંના જીવનનું કોઈ મહત્ત્વ નથી, તો મૃત્યુ પામ્યા પછી તેનું કોઈ અસ્તિત્વ જ રહેતું નથી. જીવન માત્ર બે અંધકારની વચ્ચે એક પાતળી રેખા માત્ર છે. આપણાં જીવનની વહેલાં કે મોડા ફાટી જનારા, ગંદા-મેલા થઈ જનારા કપડાં જેટલી કિંમત છે, પછી ભલે તે સાદા હોય યા ચમકદાર. પરંતુ શું આપણાંને આટલું વિચારવાથી ઈન્દ્રની જેમ અસંતોષ થતો નથી? આપણાંને ''હું'' કોણ છું જાણવાની જિજ્ઞાસા કર્યા પછી તેનાથી આપણાં મનના પ્રશ્નનું સમાધાન થઈ રહ્યું નથી એવું અનુભવવા લાગે છે.

ફાટી જનારા, નાશ પામનારા કપડાં, આભૂષણો યુક્ત પ્રતિબિંબને ''હું''નું સ્વરૂપ જાણી લેવાથી આપણી જિજ્ઞાસા શાંત થતી નથી. કારણ કે તેને ધારણ કરવાથી આપણે સારા લાગીએ છીએ અને ઉતારી નાખવાથી કદરૂપા દેખાઈએ છીએ. આ રીતે એનાથી સ્પષ્ટ થાય છે કે કપડાં, આભૂષણો 'હું'ની ઓળખ કે પરિચય ન હોયી શકે. આપણાં કપડાં ફાટી જતા એ આભાસ થતો નથી કે તે ફાટી ગયા છે. કપડાં, આભૂષણો ઉતારી નાખવાથી યા પહેરી લેવાથી 'હું'નું અસ્તિત્વ જળવાઈ રહે છે.

બરાબર કંઈક આવી જ સ્થિતિ શરીર સાથે પણ જોવા મળે છે. કપડાંની જેમ જ આપણું આ શરીર દરરોજ કોઈને કોઈ પ્રકારે નાશ પામતું રહે છે. મળ, મૂત્ર વગેરે શરીરમાંથી ઉત્સર્ગ થનારા તત્વો આખરે શું છે? નાશ પામતા શરીરના અવશેષો. રસાયણ શાસ્ત્રીઓ, વિજ્ઞાનીઓ પ્રયોગો દ્વારા એ વાત સાબિત કરી ચુક્યા છે કે શરીરમાં રહેલા અસંખ્ય કોષો દરરોજ નાશ પામતા રહે છે અને અસંખ્ય નવા પેદા થાય છે. આ રીતે શરીરની દૃષ્ટિએ, તો આપણે દરરોજ મૃત્યુ પામીએ છીએ અને દરરોજ જન્મ લેતા રહીએ છીએ. પરંતુ 'હું'ના અસ્તિત્વમાં કોઈ જ પરિવર્તન થતું નથી.

આ રીતે શરીરનું કોઈ અંગ કપાઈ જવાના કારણે કોઈ એ વાતનો સ્વીકાર કરવા તૈયાર નહીં થાય કે તેનો 'હું' કપાઈ ગયો છે. આંગળી કપાઈ જવાથી, આંખ ફૂટી જવાથી, એ વાતની જાણ થાય છે કે મારા શરીરને થોડું નુકશાન પહોંચ્યું છે. પરંતુ આપણાંને એ વિશ્વાસ બેસતો નથી કે આપણે અધૂરા બની ગયા છીએ. આપણી અજાણ પૂર્ણતાના અસ્તિત્વમાં આપણી સહજ શ્રધ્ધા ઓછી થતી નથી. ''હું છું''- આ ભાવના ક્યારે પણ નાશ પામતી નથી.

આપણે 'હું'ની શોધ કરવા માટે આગળ વધીએ તે પહેલાં એ જાણી લેવું જરૂરી છે કે આખરે 'હું'ને જાણી લેવાની જરૂરિયાત શા માટે છે? ઘણાં બધા લોકો એ અંગે કંઈપણ વિચારતા નથી. આવા લોકોને ખાવાપીવા મોજ મજા ઉડાવવામાંથી નવરાશ જ મળતી નથી. પરંતુ આ પ્રકારની ચેષ્ટા, પ્રવૃત્તિ પશુત્વની ધોતક છે. કારણ કે કદાચ જ પશુ-પક્ષીઓના મનમાં પોતાના ભૂત, ભવિષ્ય અંગે વિચાર કરવાના તરંગો ઉદ્ભવતા હોય. તેમને પોતાના કુદરત દ્વારા પ્રેરિત કાર્યોમાં લાગી રહેવું જ ગમતું હોય છે.

કેટલાક બુધ્ધિશાળી કહેવાતા લોકો આ મહાપ્રશ્નમાં નકામા ન લાગી રહેતા પોતાનું કામ કરતા રહેવાને જ શ્રેષ્ઠ સમજે છે. તેઓ આ જટિલ પ્રશ્નને ઉકેલવામાં ખોટી મહેનત કરવાને સારું સમજતા નથી. ''પરંતુ આપણે શું કરવું જોઈએ'' આ નિશ્ચય કરવો તેના કરતા વધુ મુશ્કેલ છે અને સાચો નિશ્ચય કર્યા વગર કરવામાં આવેલું કામ અંતમાં તો મનુષ્ય માટે અશાંતિ, અસંતોષનું કારણ જ બને છે અને કર્ત્તવ્યનો નિશ્ચય પણ ત્યારે જ કરી શકાય છે, કે જ્યારે આપણે પોતાના વાસ્તવિક

અસ્તિત્વની જાણકારી પ્રાપ્ત કરી શકીએ. અગર આપણે માત્ર શરીર જ છીએ તો પછી આપણાં કર્ત્તવ્યોની સીમા પણ શરીર સુધી જ મર્યાદિત રહેશે. કોઈ પણ કર્ત્તવ્ય બજાવવું કે ન બજાવવું આ નિર્ણય આપણે એટલા સુધી જ લેવાનો છે કે જેટલો તેનો આ જીવન સાથે સંબંધ છે.

તેના ઉદાહરણ રૂપે જોઈએ. આપણે કોઈ એક જગ્યાએ એક મહિના સુધી રોકાવું છે, તો ત્યાં વર્ષો સુધી બનનારા ભવ્ય મકાન બનાવવાની યોજના શા કામની? એ જ રીતે 'હું'નું અસ્તિત્વ અગર શરીરથી પર, પરંતુ મહાન છે, લાંબુ છે, તો આપણે આપણાં કર્ત્તવ્યોનો નિર્ણય પણ એના આધારે લેવો પડશે.

કહેવાનું તાત્પર્ય માત્ર એટલું જ છે કે પોતાની જાતને જાણ્યા કે ઓળખ્યા વગર આપણે જીવન પથ પર, કર્ત્તવ્યના માર્ગ પર એક પણ ડગ આગળ વધારી શકીએ તેમ નથી. તેના અભાવે તો આપણી સ્થિતિ બરાબર એવી જ હશે, કે જાણે કોઈ મનુષ્ય પોતાની આંખો બંધ કરી તીવ્ર વેગે જંગલમાં દોડી રહ્યો છે. તેને પૂછવામાં આવે કે 'ભાઈ તૂં આમ શા માટે દોડી રહ્યો છે, તારે ક્યાં જવું છે, ક્યાંથી આવ્યો છે?' અને તે તેના પ્રત્યુત્તર રૂપે પોતાને અજાણ જ બતાવે તો આપણે તેને ગાંડો જ કહીશું. શું આપણી સ્થિતિ પણ પોતાના સ્વરૂપને જાણ્યા વગર કંઈક એવી જ નથી? એટલા માટે ''હું''સ્વરૂપની જાણકારી પ્રાપ્ત કરવાના સંબંધમાં તેનો આરંભિક આધાર શોધી આગળ વધવું હંમેશા જરૂરી છે. એના વગર આપણે પોતાના જીવનની સાચી રૂપરેખા નહીં બનાવી શકીએ, ન તો પોતાના કર્ત્તવ્યની, પોતાની ગતિની દિશા અંગે સાચે સાચો નિર્ણય કરી શકીશું, પોતાના સાચા સ્વરૂપને જાણવું, જીવનની એક અત્યંત મહત્ત્વની જરૂરિયાત છે.

જીવનના વાસ્તવિક લાભ તો ખરેખર તેઓ જ ઉઠાવી શકે છે જેઓ પહેલાં પોતાની જાતને ઓળખવાનો પ્રયત્ન કરે છે. પોતાને ન જાણનારી વ્યક્તિ તો એ આધાર વિહીન વસ્તુઓની જેમ છે, કે જેને હવાની એક થાપટ ઉઠાવીને ક્યાંય ફેંકી શકે છે. આવા લોકોને સંસારના પ્રવાહમાં બળપૂર્વક વહેતા રહેવું પડે છે.

# બિદુંમાં સિંધુ સમાયો છે

કોઈની પણ આ માન્યતા હંમેશા મિથ્યા છે અર્થાત ખોટી છે કે વસ્તુમાં સુખ સમાયેલું છે યા સુખનો વાસ છે. અગર એવું જ રહ્યું હોત તો તમામ પદાર્થો, કે જેને સુખદાયક માનવામાં આવે છે, સૌને એક સરખી રીતે સુખી અને સંતુષ્ટ રાખે. અથવા એ ચીજવસ્તુઓ મળી જવાથી મનુષ્ય સ્વાભાવિક રૂપે જ સુખી, સમૃધ્ધ બની જાય. પરંતુ એવું જોવા મળતું નથી. આ દુનિયામાં એવા લોકોની કોઈ જ ઉણપ નથી, કે જેને આ ધરતીની તમામ ચીજવસ્તુઓ પ્રચુર પ્રમાણમાં મળી રહે છે, જેને સુખનો આધાર માનવામાં આવે છે. પરંતુ આવી સંપન્ન, સમૃધ્ધ વ્યક્તિ પણ અસંતોષ, અશાંતિ, અતૃપ્તિ અથવા શોક-સંતાપની આગમાં ભળભળ સળગતી જોવા મળે છે. તેણે પ્રાપ્ત કરેલી ચીજવસ્તુઓ તેનું દુઃખ દૂર કરવા જરા પણ મદદરૂપ નિવડતી નથી.

સાચી વાત તો એ છે કે આ દુનિયાના તમામ પદાર્થો, ચીજવસ્તુઓ જડ જ છે. તેનામાં પોતાની કોઈ જ ક્ષમતા હોતી નથી. જડપદાર્થો, વસ્તુઓ ન તો કોઈને જાતે સુખ પહોંચાડી શકે છે અને ન તો દુઃખ. કારણ કે તેમાં ન તો કોઈ જ સુખ આપનારું તત્વ હોય છે, ન તો દુઃખ આપનારું તત્વ હોય છે, ન તો તેમાં કોઈ જ હલન ચલન હોય છે, જેનાથી તે કોઈને પોતાના ગુણોથી પ્રભાવિત કરી શકે. એ મનુષ્યનું પોતાનું આત્મતત્વ જ હોય છે, જે તેની સાથે સંબંધ બનાવી તેને સુખી યા દુઃખી બનાવી લે છે. આત્મતત્વની ઉન્મુખતા જ કોઈ પદાર્થને કોઈના માટે સુખદાયક અને કોઈના માટે દુઃખદાયક બનાવી દે છે.

જે સમયે મનુષ્યનું આત્મતત્વ સુખ ઉન્મુખ બની ચીજવસ્તુઓ સાથે સંબંધ બાંધે છે, તે સુખદાયક બની જાય છે અને જ્યારે આત્મતત્વ દુઃખ ઉન્મુખ બની સંબંધો બાંધે છે, ત્યારે તે જ ચીજવસ્તુઓ તેને માટે દુઃખદાયક બની જાય છે. આ દુનિયાના તમામ પદાર્થો, ચીજવસ્તુઓ જડ છે, તે પોતાના તરફથી ન તો કોઈને સુખ આપી શકે છે અને ન તો દુઃખ. એ તો મનુષ્યનું પોતાનું આત્મતત્વ જ હોય છે જે સંબંધ સ્થાપી તેને દુઃખદાયક અથવા સુખદાયક બનાવી દે છે. સુખની પ્રાપ્તિ પદાર્થો દ્વારા, ચીજવસ્તુઓ દ્વારા થાય છે, આ માન્યતા, હંમેશા મિથ્યા અને અજ્ઞાનથી પરિપૂર્ણ છે.

પરંતુ ખેદની વાત એ છે કે મનુષ્ય અજ્ઞાનવશ સુખ દુઃખના આ રહસ્ય પર વિશ્વાસ કરતો નથી અને સુખની શોધ સંસારના જડપદાર્થોમાં કરતો રહે છે. પદાર્થોને સુખદાતા માની તેનો જ સંગ્રહ કરવા પોતાના ખૂબ જ કિંમતી, મૂલ્યવાન જીવનને નકામું વેડફી નાખે છે. કેવળ એટલું જ નહીં તે આત્માની અંદર સુખની શોધ કરતો નથી, બલ્કે પદાર્થો પ્રાપ્ત કરવાના ચક્કરમાં ફસાઈને તેનો સંગ્રહ કરવા માટે ન કરવાના કામો પણ કરતો રહે છે.

જુઠું બોલવું, છેતરપિંડી, દગાખોરી, ભ્રષ્ટાચાર, બેઈમાની વગેરે ગુનાઓ અને પાપ પણ કરવા તત્પર રહે છે. કોઈપણ ચીજવસ્તુમાં સુખનો વાસ નહીં, બલ્કે એ આત્મામાં જ છે. તેને શોધવા અને પ્રાપ્ત કરવા માટે પદાર્થો-ચીજવસ્તુઓ તરફ નહીં, આત્મા તરફ ઉન્મુખ બનવું જોઈએ.

ચીજવસ્તુઓનો ઉપભોગ ઈંદ્રિયો દ્વારા થાય છે. ઈંદ્રિયો જાગૃત તથા સજીવ બનવાથી જ કોઈ રસની, સુખની અથવા આનંદની અનુભૂતિ થાય છે. જ્યાં સુધી મનુષ્ય સશક્ત અથવા યુવાન બની રહે છે, ત્યાં સુધી તેની ઈંદ્રિયો સતેજ, જાગૃત બની રહે છે. પદાર્થ તથા વિષય સુખનો આનંદ મળતો રહે છે. પરંતુ જ્યારે મનુષ્ય વૃધ્ધ અથવા અશક્ત બની જાય છે, ત્યારે તેને આ જ પદાર્થો, કે જેનાથી પહેલાં તરબોળ બનાવી દેનારો આનંદ મળતો હતો, તે હવે એકદમ નીરસ અને સ્વાદવિહીન લાગવા લાગે છે. તેનું સમગ્ર સુખ ન જાણે ક્યાંય લુપ્ત બની જાય છે. સાચી વાત એ છે કે અશક્ત સ્થિતિ અથવા વૃધ્ધાવસ્થામાં ઈંદ્રિયો નિર્બળ તથા અનુભવશીલતાથી શૂન્ય બની જાય છે. તેનામાં કોઈ પદાર્થનો રસ માણવાની શક્તિ રહેતી નથી. ઈંદ્રિયોની શીથિલતા જ પદાર્થોને નીરસ, સુખ ન આપનાર તથા સાર રહિત બનાવી દે છે.

વૃધ્ધાવસ્થા જ શા માટે? ઘણીવાર તો યુવાનવયમાં પણ સુખના અનુભવો નાશ પામી જાય છે. ઈંદ્રિયોને કોઈ રોગ લાગૂ પડી જવાના કારણે અથવા તેને ચૈતન્યહીન બનાવી દેનારી કોઈ ઘટના ઘટવાથી પણ તેની રસ માણવાની શક્તિનો નાશ થઈ જાય છે. જેમ કે રસેન્દ્રિય અથવા જીભ પર છાલા પડી જાય ત્યારે મનુષ્ય ગમે તેટલો સ્વાદિષ્ટ આહારનું સેવન કેમ ન કરતો હોય છતાં પણ તેને તેમાં કોઈપણ પ્રકારનો

આનંદ નહીં જ મળે. પાચનક્રિયા નિર્બળ બની જાય છે, ત્યારે કોઈપણ પૌષ્ટિક ખાદ્ય પદાર્થ નકામો બની જશે. આંખો વિકારયુક્ત બની જાય તો સુંદરમાં સુંદર દૃશ્ય પણ કોઈ જ આનંદ આપી શકતું નથી. આ રીતે આપણે જોઈ શકીશું કે સુખનો અનુભવ પદાર્થમાં સમાયેલો નથી, બલ્કે ઇંદ્રિયોની અનુભવ કરાવનારી શક્તિમાં રહેલો છે.

હવે આપણે જોવાનું એ છે કે ઇંદ્રિયોની શક્તિ શું છે? ઘણી બધી વાર એવા લોકો પણ જોવા મળતા હોય છે, જેની આંખો જોવામાં સુંદર, સ્વચ્છ, વિકારહીન દેખાતી હોય છે, પરંતુ તેને કંઈજ દેખાતું હોતું નથી. પરીક્ષા કરવાથી જાણ થાય છે કે આંખોનું જ્ઞાનતંત્ર વ્યવસ્થિત છે. તેમાંથી પસાર થનારી નસનાડીઓની સ્થિતિ પણ બરાબર છે. છતાં પણ તેને કંઈજ દેખાતું નથી. એ જ રીતે અન્ય ઇંદ્રિયો પણ-હાથ-પગ, કાન-નાક વગેરેની પણ આ જ સ્થિતિ થઈ જાય છે. ચારે તરફથી બધી જ વસ્તુઓ વ્યવસ્થિત હોવા છતાં પણ ઇંદ્રિયો નિષ્ક્રિય અથવા તેમાં શૂન્યતા વ્યાપી જાય છે. એનો અર્થ એ થયો કે રસનો અનુભવ ઇંદ્રિયોની સ્થૂળ બનાવટથી થતો નથી. બલ્કે તેનાથી ભિન્ન કોઈ બીજી જ વસ્તુ છે, જે રસનો અનુભવ કરાવે છે. એ વસ્તુ શું છે? એ વસ્તુ ચૈતન્ય છે, જે સમગ્ર શરીર અને મન, પ્રાણ સાથે ઓતપ્રોત રહી મનુષ્યની ઇંદ્રિયોને રસનો અનુભવ કરનારી શક્તિ પૂરી પાડે છે. આ જ ચારે તરફથી શરીરમાં વ્યાપ્ત ચૈતન્યને આત્મા કહે છે. આનંદ અથવા સુખનો વાસ આત્મામાં જ છે. તેની જ શક્તિ દ્વારા તેનો અનુભવ થાય છે અને તે જ જીવ રૂપે તેનો અનુભવ પણ કરે છે. સુખ ન તો પદાર્થોમાં છે અને ન તો કોઈ અન્ય વસ્તુઓમાં છે. તે આત્મામાં જ જીવાત્મા દ્વારા અનુભવ કરવામાં આવે છે.

મનુષ્ય માટે પોતાનો આત્મા જ સર્વસ્વ છે. તે આત્મરહિત માટીનો એક માત્ર પિંડ છે. જ્યારે શરીર સાથે આત્માનો સંબંધ તૂટી જાય છે, ત્યારે એક મડદું બની જાય છે. તુરંતને તુરંત તેને બહાર કાઢી સળગાવી નાખવા કે દફનાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. સંસારના તમામ સંબંધો આત્મા સાથે સંકળાયેલા છે. જ્યાં સુધી જેમાં આત્મભાવ જળવાઈ રહે છે, ત્યાં સુધી તેમાં પ્રેમ અને સુખ વગેરેનો અનુભવ જળવાઈ રહે છે અને જ્યારે આત્મીયતા નાશ પામી જાય છે ત્યારે એ જ વસ્તુઓ યા વ્યક્તિ તેના પોતાના માટે કંઈપણ રહેતી નથી. કોઈને પોતાનો મિત્ર ખૂબ

જ ગમતો હોય, વહાલો લાગતો હોય. તેને મળવાથી ખૂબ જ આનંદનો અનુભવ થતો હોય છે. ન મળવાના કારણે બેચેની વધી જતી હોય, પરંતુ જ્યારે કોઈ કારણવશ તેની સાથે મિત્રતાનો સંબંધ તૂટી જાય છે અથવા કોઈ આત્મીયતા રહેતી નથી, ત્યારે તે જ મિત્ર પોતાના માટે એક સામાન્ય વ્યક્તિ બની જાય છે. તેના મળવા કે ન મળવાથી કોઈ પણ પ્રકારના આનંદનો કે શોકનો અનુભવ થતો નથી. ઘણીવાર તો તેની સાથે એટલું બધુ અંતર વધી જાય છે કે મળવાથી કે દેખાવાથી અન્ય અનુભવ થાય છે. પ્રેમ, સુખ અને આનંદના તમામ અનુભવો આત્મા સાથે જ સંબંધિત હોય છે. કોઈ વસ્તુ, વિષય, વ્યક્તિ અથવા પદાર્થ દ્વારા નહીં, આત્મા દ્વારા જ સુખનો સંસાર વસેલો છે. તેને તેમાં જ શોધવો જોઈએ. સાંસારિક વિષયો અથવા વસ્તુઓ પાછળ ભટકતા રહેવાથી એ જ દિશા અને એ જ પરિણામ સામે આવીને ઉભું રહેશે, જે મૃગજળમાં ભૂલા પડી ભટકી રહેલા હરણાં સામે આવીને ઉભું રહે છે.

મનુષ્યની પોતાની વિશેષતા જ તેને માટે ઉપયોગિતા તથા પ્રેમ, વાત્સલ્ય સૌજન્ય એકત્ર કરે છે. વિશેષતા, નાશ પામતા જ મનુષ્યની કિંમત પણ નાશ પામી જાય છે. ત્યારે તે ન તો કોઈના માટે આકર્ષક રહી જાય છે ન તો પ્રિય? આ વાતને સમજવા માટે આપણે સૌથી વધુ નજીક રહેનારમાં તથા બાળકનો જ દાખલો લઈએ. માં જ્યાં સુધી પોતાના બાળકને દૂધનું-જીવન રસનું પાન કરાવતી રહે છે, ત્યાં સુધી બાળક તેના શરીરના એક અવયવની જેમ તેને ચોટી રહે છે. તેનો પોતાની માતા માટે અખૂટ પ્રેમ હોય છે. તે થોડીવાર માટે પણ પોતાની માતાથી અળગું બનતું નથી. તેની માં તેને છોડી ક્યાંય જાય તો તે તુરંત રડવા લાગે છે. પરંતુ જ્યારે એ જ બાળકને પોતાની માવજત માટે તથા જીવન માટે માંનો ખોળો અને દૂધની કોઈ જરૂરિયાત જ રહેતી નથી અથવા કોઈ રોગ વગેરેના કારણે તેનો આ ગુણ નાશ પામી જાય છે ત્યારે બાળક તેની જરા જેટલી પણ પરવા કરતું નથી અને તે તેનાથી અલગ પણ રહેવા લાગે છે અને સ્તનના બદલે શીશીથી પણ તેનું મન રાજી થઈ જાય છે. મનુષ્યની વિશેષતાઓ જ કોઈના માટે પ્રેમ, વાત્સલ્ય અથવા સ્નેહ વગેરેની સુખદાયક સ્થિતિ ઉત્પન્ન કરે છે.

પરંતુ મનુષ્યની આ વિશેષતાનું સ્ત્રોત શું છે? તેનું સ્ત્રોત પણ

આત્મા સિવાય બીજું કંઈપણ નથી. આગળ ઉપર બતાવી દેવામાં આવ્યું છે, કે મનુષ્યના આત્મા સાથે સંબંધ તૂટી જવાના કારણે તે એક મડદાથી વધુ કંઈ પણ નથી. જે શબ છે, જે મડદું છે અથવા અચૈતન્ય યા જડ છે, તેમાં કોઈપણ પ્રકારનો પ્રેમ ઉત્પન્ન કરનારો ગુણ હોવાનો પ્રશ્ન જ પેદા થતો નથી. મનુષ્યના મનનું, પ્રાણ અને શરીરનું ત્રણેનું સંચાલન, નિયંત્રણ તથા પોષણ આત્મની સૂક્ષ્મ શક્તિ દ્વારા ચાલતું રહે છે. આત્મા અને એ ત્રણેની વચ્ચે જરા જેટલો અવરોધ ઉત્પન્ન થતા જ સમગ્ર વ્યવસ્થા બગડી જાય છે. સુંદર, સુડોળ અને તંદુરસ્ત નિરોગી શરીરની દુર્દશા સર્જાય છે. પ્રાણોનું સ્પંદન અદૃશ્ય થવા લાગે છે અને મન ચંચળ બની મનુષ્યને ઉન્મત્ત અને ગાંડો બનાવી દે છે.

આવી ભયાનક સ્થિતિમાં સંસારની કોઈપણ વ્યક્તિ, કોઈ આત્મીય, કોઈ સગા સંબંધી ન તો પ્રેમ કરી શકે છે, ન તો હેત વરસાવી શકે છે, ન તો ભલાઈ કે ન તો આનંદ આપનાર, સુખ પહોંચાડનાર લાગણીઓ દર્શાવી શકે છે. એ કેવળ મનુષ્યનો પોતાનો આત્મા જ છે, જે તેનો સાચો મિત્ર છે. સગો વહાલો છે અને સાચી શક્તિ છે. એના જ કારણે મનુષ્ય વિશેષતાઓનો સ્વામી બની પોતાની કિંમત વધારે છે અને પ્રાપ્ત કરે છે. જીવનમાં સુખ, શાંતિ પેદા કરવા, વૃધ્ધિ કરવા અને રક્ષણ માટે મનુષ્યે આત્માના શરણમાં જ રહેવું જોઈએ. તેને જ પોતાનો માને, સમજે, તેને જ પ્રેમ કરે અને તેને જ શોધવામાં પોતાના જીવનની સાર્થકતા સમજે.

સુખનો વાસ કોઈ વ્યક્તિ, વિષય અથવા પદાર્થમાં નથી. તેનો વાસ આત્મામાં જ છે. જગતના તમામ પદાર્થો જડ અને પ્રભાવહીન છે. તેનામાં કોઈને પણ સુખ,દુઃખ પહોંચાડવાની શક્તિ હોતી નથી. પદાર્થો અથવા વિષયોમાં સુખ દુઃખનો આભાસ તેના પ્રત્યે આત્મભાવના કારણે જ હોય છે. આત્મભાવ સમાપ્ત થતા જ એ અનુભૂતિ પણ સમાપ્ત થઈ જાય છે. આપણો આત્મા જ વિભિન્ન પદાર્થો પર પોતાનો પ્રભાવ જમાવી તેને આકર્ષક તથા સુખદાયક બનાવે છે. નહીં તો જગતના તમામ વિષયો, તમામ વસ્તુઓ, તમામ પદાર્થો અને તમામ ભોગો નીરસ, સારરહિત તથા બિનઉપયોગી છે. જડ હોવાના કારણે તમામ કંઈક કદરૂપા તથા ત્યાજ્ય છે.

આપણો આત્મા જે પદાર્થો સાથે જેટલા અંશે ઓતપ્રોત રહે છે,

એટલા જ અંશે એ પદાર્થ પ્રિય, સુખદાયક અને ગ્રાહ્ય બની રહે છે અને જે પદાર્થો સામે આત્માનો સંબંધ જેટલો ઓછો થતો જાય છે, તે એટલા જ પ્રમાણમાં પોતાના માટે કદરૂપો અને અણગમતો બનતો જાય છે. આનંદ અને લાગણીઓનો સંબંધ પદાર્થો સાથે નહીં, સ્વયં આત્મા સાથે હોય છે. અર્થાત આત્માને પ્રેમ કરવો જોઈએ, તેને જ તેજસ્વી અને પ્રભાવશાળી બનાવવો જોઈએ, જેનાથી આપણો સંબંધ તેની સાથે દૃઢ બને અને તેના ઉપલક્ષ્યમાં જ સંસારને પ્રેમ અને સુખ આપી શકીએ. આપણો પોતાનો આત્મા જ જ્ઞાન વિજ્ઞાનનું કેન્દ્ર છે. સુખ-શાંતિનો મૂળ આધાર છે. તેમાં જ ઉન્નતિ અને સમૃધ્ધિ બીજ છુપાયેલા છે અને એ જ સ્વર્ગ અને મુક્તિનો આધાર છે. કલ્પવૃક્ષ બહાર ક્યાંય નથી, તે પોતાના આત્મામાં જ વિદ્યમાન છે. આત્મામાં જ સર્વસ્વ છે અને આત્મા સ્વયં પણ સર્વસ્વ છે. તેને જ સર્વસ્વ અને તમામ સુખોનું મૂળ અને શાંતિનું સ્ત્રોત માની તેની ઉપાસના કરવી જોઈએ. જેણે પણ પોતાના આત્માને પોતાનો બનાવી લીધો, જેણે પણ આત્માને જોઈ લીધો, તેને સર્વસ્વ જોઈ લીધું. જેણે આત્માને પ્રાપ્ત કરી લીધો, તેણે નિશ્ચય જ તમામ સુખ અને તમામ શાંતિ અને તમામ રસ, આનંદ એકી સાથે, એક જ જગ્યાએ હંમેશા માટે પ્રાપ્ત કરી લીધા.

# અપૂર્ણતાથી પૂર્ણતા તરફ

આ બધુ જ અપૂર્ણ છે. વિશ્વનો કણેકણ અપૂર્ણતાથી પૂર્ણતા તરફ ગતિ કરી રહ્યો છે. પ્રકૃતિ અપૂર્ણ છે, એટલા માટે તેના પરમાણુઓ ગતિશીલ, ચંચળ બની પૂર્ણતાની શોધમાં દોડી રહેલ છે. સમગ્ર માનવ સમાજ પણ અપૂર્ણ છે, તેને જે કંઈ મળ્યું છે, તેનાથી તેનું પોતાનું કોઈ કામ ચાલતું દેખાતું નથી, તેને તેમાં સંતોષ નથી. અપૂર્ણતામાં સંતોષ હોયી શકે પણ કેવી રીતે? એટલા માટે તે વધુ પ્રમાણમાં, વધુ શ્રેષ્ઠ વસ્તુઓ, પરિસ્થિતિઓ પ્રાપ્ત કરવા સચેષ્ટ છે. આત્મા અપૂર્ણ છે. તે પરમાત્માનો એક અણુમાત્ર જ તો છે. માત્ર એટલાથી તેને કેવી રીતે સંતોષ થાય? તે અન્ય સજાતીય તત્વો સાથે મળીને એક વિશાળ શક્તિ બનવા ઈચ્છે છે. એટલા માટે તે બીજાઓને પ્રેમ કરે છે. પ્રેમના, આત્મીયતાના આધારે જ બીજાઓને પોતાની સાથે મેળવી વધુ વિસ્તારની અનુભૂતિ થઈ શકે. આત્માને નિરંતર પ્રેમની ભૂખ હોય છે. તે પ્રેમ ઈચ્છે છે. તેને વધુ પ્રમાણમાં, વધુ ઉચ્ચકોટિનો પ્રેમ કેવી રીતે પ્રાપ્ત થાય, આ તૃષા તેની સાથે નિરંતર વળગી રહે છે અને આ તૃષ્ણાને તૃપ્ત કરવા માટે તેનાથી જે કંઈ પણ સંભવી શકે છે, તે નિરંતર કરતો રહે છે.

ઉપનિષદોમાં પરમાત્માને ત્રણ ભાગમાં વિભાજિત બતાવ્યો છે. એક જગતમાં, બે માનવ સમાજમાં, ત્રણ આત્મામાં. તેને **शांतम्, शिवम्, अद्वैतम्** કહેવામાં આવ્યો છે. તેને પ્રાપ્ત કરવા માટે જ વિશ્વવ્યાપી પ્રક્રિયા ચાલી રહી છે. જગતમાં જે અશાંતિ છે, ચંચળતા છે, ગતિશીલતા છે, એ એટલા માટે છે કે આ લક્ષ્યને પાર કરી શાંતિરૂપી પ્રકાશ પ્રાપ્ત થાય. સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો, અણુ, પરમાણુ તમામ તીવ્ર વેગે દોડ લગાવી રહ્યાં છે. એ ક્યાં જવા ઈચ્છે છે? તેમના આ પ્રવાસનો લક્ષ્ય શું છે? ચોક્કસ તે અશાંતિમાંથી શાંતિની શોધમાં દોડી રહ્યાં છે. જ્યારે સૃષ્ટિનો લક્ષ્ય પૂર્ણ થઈ જાય છે ત્યારે પ્રત્યેક અણુ, પરમાણુ કણ શાંત બની પર બ્રહ્મમાં લીન બની અનંત શક્તિનો અનુભવ કરવા લાગે છે. જગત પ્રલયકાળમાં આવી શાંતિનો અનુભવ કરે છે.

માનવ સમાજનું લક્ષ્ય **शिवम्** છે. શિવ અર્થાત કલ્યાણ. માનવ સમાજની-માનવીની મનોભૂમિની રચના આ રીતની છે, કે એમાં અનેક

અભાવ, દોષ, અશુભ, પીડા અને દુઃખ સમાયેલા દેખાય છે. દરેક મનુષ્ય પોતાની કોઈને કોઈ સમસ્યા લઈને દુઃખી અને અસંતુષ્ટ છે. તે આ અભાવો અને અસંતોષમાંથી નિવૃત્તિ મેળવવા માટે જ પોતાની બુધ્ધિ અનુસાર અનેક પ્રકારના પ્રયત્નો કરે છે, તેને સુખ જોઈએ. વધુ પ્રમાણમાં, વધુ શ્રેષ્ઠ, વધુ ટકાઉ, સુખની પ્રાપ્તિ માટે સમજમાં અસામાન્ય દોડાદોડી કરતો રહે છે. ઉત્પાદન, ઉપભોગ, વહેંચણી અને વિનાશની સમસ્યાઓ વળગી રહે છે, તેને ઉકેલવા માટે ગમતા, અણગમતા કર્મો અને અકર્મો થતા રહે છે. ઈશ્વરનો પ્રકાશ શિવ રૂપ, કલ્યાણ રૂપે વિદ્યમાન છે. તેને જ્યારે પણ પ્રાપ્ત કરી લેવામાં આવે છે ત્યારે સ્વર્ગીય પરિસ્થિતિઓનું ભાન થાય છે, તેને પ્રાપ્ત કરી મનુષ્ય પોતાને દેવતા રૂપ હોવાનો અનુભવ કરે છે.

આત્મા માટે જે પ્રકાશ પ્રાપ્ત કરવો યોગ્ય છે, તે છે એકત્વનો, અદ્વૈતનો. જે આત્મા જેટલા પ્રમાણમાં મારા, તારા, પરાયાના ચક્કરમાં ફસાયેલો છે, બીજાઓને પોતાનાથી જેટલા પ્રમાણમાં ભિન્ન માને છે, તે એટલા જ પ્રમાણમાં દુઃખી છે અને તેને એટલા જ પ્રમાણમાં બીજા પ્રત્યે ભય અને શંકા જળવાઈ રહે છે. પ્રેમનો ઘેરાવો જેટલા પ્રમાણમાં વધતો જાય છે એટલા જ પ્રમાણમાં દ્વૈતનો નાશ થતો જાય છે. જે અનેક પ્રકારની શંકાઓ અને ઉદ્વેગોનું મૂળ છે. માં અને બાળકમાં જ્યારે આત્મીયતા પેદા થઈ જાય છે, ત્યારે બન્નેમાંથી કોઈને પણ ભય કે શંકા રહેતી નથી, કે સામેનું પાત્ર મારું કોઈ નુકશાન કરશે. બલ્કે એકને જોઈ બીજાને આનંદ થાય છે, હિંમત બંધાય છે, સંતોષ અને સુખની પ્રાપ્તિ થાય છે. અગર કોઈ સ્ત્રીનો પતિ પોતાના ખિસ્સામાં છરી યા પિસ્તોલ રાખતો હોય, પરંતુ તેની પત્નીને તેનાથી જરા જેટલો પણ ભય લાગતો નથી. કસાઈ આખો દિવસ જીવોની હત્યા કરતો રહે છે, પરંતુ તેના બાળકો તેના હાથમાં છરો હોવા છતાં જરાપણ ડરતા નથી. કારણ કે પ્રેમનો પ્રકાશ જ્યાં ફેલાય છે, ત્યાં અવિશ્વાસ અને ભયનો અંધકાર રોકાઈ જ ન શકે.

પ્રેમનું નામ અદ્વૈત છે. તેને ભક્તિ કહે છે. ઈશ્વરનું અવલંબન લઈ ભક્તિ કરવામાં આવે છે, તે એ ઈશ્વર સુધી જ મર્યાદિત રહેતી નથી જે સાધનાની સગવડતા માટે એક મૂર્તિ રૂપે યા પ્રતીક રૂપે કલ્પના કરવામાં

આવી હતી. પહેલવાન મગદળની મદદથી પોતાના બાવડાંની તાકાત વધારે છે. આ બાવડાંની તાકાત જીવનના વિશાળ ક્ષેત્રમાં અનેક પ્રકારના પ્રયોજનોમાં પ્રયુક્ત થાય છે. એવું હોતું નથી કે એ બાવડાંનું બળ કેવળ મગદળ ઉઠાવવા સુધી જ મર્યાદિત રહે. અગર કોઈ પહેલવાન મોટું વજનદાર મગદળ ઉઠાવી લેતો હોય, પરંતુ તેના બાવડાં બીજું કોઈ મોટું કામ કરવા અશક્ત હોય, તો લોકો તેને પહેલવાન નહીં કહે. બલ્કે તેને કોઈ જાદૂગર સમજી એ મગદળ ઉઠાવવા કરવામાં આવતી ચેષ્ટામાં ચાલાકી વાપરતો હોય એવી શંકા કરે. પ્રેમના સંબંધમાં પણ આ જ વાત લાગૂ પડે છે. ઈશ્વરનો ભક્ત પોતાના પ્રેમ ભાવને વધારવાના અભ્યાસ રૂપે ભક્તિરૂપી સાધના કરે છે. તેમાં તેને જેટલી પણ સફળતા પ્રાપ્ત થતી જાય છે, એટલા જ પ્રમાણમાં પ્રાણી માત્ર પર પ્રેમનો પ્રકાશ ફેલાવાનો આરંભ થઈ જાય છે. તેને સૌ કોઈ પોતાના પ્રેમી જ દેખાય છે. પ્રેમી જ નહીં બલ્કે આત્મીય જ લાગે છે. પછી તેને સર્વસ્વ પોતાનું જ, પોતાની સાથે ઓતપ્રોત દેખાવા લાગે છે. આ અદ્વૈતભાવ છે. વેદાંતના સિધ્ધાંતોમાં આધ્યાત્મિક પૃષ્ઠભૂમિના આધારે આ જ આત્મીયતા અને એકતાનું શિક્ષણ આપવામાં આવ્યું છે, મુક્તિનો આ જ ઉપાય છે. તુચ્છતા, સંકીર્ણતા, કંજુસાઈ, વાસના અને તૃષ્ણા, લોભ અને મોહના બંધનો જેટલા જ શિથિલ બનતા જશે, એટલા જ પ્રમાણમાં મુક્તિ નજીક આવતી જશે. દ્વૈતમાં જ બંધન તથા અદ્વૈતમાં જ મુક્તિ સમાયેલી છે. પ્રેમને પરમાત્મા કહેવામાં આવ્યો છે-**रसो वै सः** એ પરમાત્મા પ્રેમ સ્વરૂપ છે. અગર આત્મા આપણાં હૃદયને સ્વાર્થ અને મોહથી ઉપર ઉઠી સાચા પ્રેમથી અપનાવી લે તો તેને માટે પરમાત્મા સાક્ષાત જ છે. તેની સાથે જ તેની મુક્તિ છે.

જેવી રીતે આત્મા આ જ જીવનમાં દ્વૈતને ઓછો કરી યા સમાપ્ત કરી અદ્વૈતતત્વનો, પરમાત્માના સામીપ્યનો, અસીમ આનંદનો અનુભવ કરી શકે છે અને જીવનમુક્તિના સુખને વાસ્તવિક કરી શકે છે. બરાબર એ જ રીતે મનુષ્ય માટે એ પણ સરળ છે કે તે સ્વર્ગીય ભૂમિકામાં વિચરતા દેવત્વ સાથે પોતાની જાતને ઓતપ્રોત હોવાનો અનુભવ કરે. દુઃખ અને દરિદ્રતાના કારણે ઉત્પન્ન થનારી ખિન્નતા પર વિજય મેળવી

જીવન દરમ્યાન આવનારી મુશ્કેલીઓ તથા નીરસતાને હટાવી શકાય.

આપણે એ માનીને ચાલવું પડશે કે દુઃખ પણ મનુષ્ય જીવનની એક સચ્ચાઈ છે, તેનાથી રહિત બની શકવું કોઈના માટે સંભવ નથી. એ અનિવાર્ય જ નહીં ઉપયોગી અને આવશ્યક પણ છે. સુખની જેમ એ પણ જીવનના વિકાસ ક્રમમાં સહાયક નિવડે છે. કેવળ સુખ જ સુખની પ્રાપ્તિ હોય તો તે તેની ઉપયોગિતા પણ નહીં સમજી શકાય અને એક ભાર માત્ર બની રહી જશે. પકવાન અને મિષ્ઠાનનો આનંદ તેને આવે છે કે જેને લૂખી સુક્કી રોટલીઓ સાથે પનારો પડે છે. અગર કોઈ વ્યક્તિ હંમેશા મેવા મિષ્ઠાન, મિઠાઈ ખાતો રહેતો તેને માટે તેમાં શું રસ હોયી શકે? ગરીબાઈની અનુભૂતિની સાથે ધન લાભનું સુખ સંબંધ ધરાવે છે. અગર કોઈ બાળક એવા ઘરમાં જન્મ ધારણ કરે કે જ્યાં સોના, ચાંદીનો ઢગલો ખડકાયેલો રહેતો હોય તો તેને ધન દ્વારા થોડો લાભ થાય તો તેને શું આનંદ થશે ખરો? અગર ધન મેળવવાના સુખનો રસાસ્વાદ માણવો હોય તો ગરીબાઈની પરિસ્થિતિઓ વચ્ચે થઈ પસાર થવું જરૂરી છે.

સફળતામાં, વિજયમાં, ઉન્નતિ-પ્રગતિમાં આનંદ મળી શકે તેને માટે નિષ્ફળતા, અધોગતિની થાપટો જરૂરી છે. નિરોગી કાયા પણ પરમાત્માની કોઈ દેન છે, તે રોગી બનતા જ કોઈ વ્યક્તિ તેનું મહત્ત્વ, ઉપયોગિતા સમજી શકે છે, નહીં તો એક બળવાન પોતાના નિરોગી શરીરની કિંમત શું સમજવાનો છે? તેને માટે તો તે અનાયાસ મળી ગયેલી એક સાધારણ તુચ્છ ચીજ છે. દુઃખ એક કસોટી છે. જેની ઉપર કસી સુખની કિંમત સમજી શકવી સંભવ હોય છે.

અગર આપણાં હાથમાં દુઃખનું કોઈ પાત્ર જ ન હોત, તો પરમાત્માની દયા, ભિક્ષા કયા પાત્રમાં લેતા? અગર અપૂર્ણતા ન હોત, ગરીબાઈ, અભાવ વગેરે ન રહેતા, તો સાહસ તથા પરિશ્રમને જાગૃત થવાની કોઈ તક જ ન મળતી અને તેના વગર જીવની પ્રગતિ થવાનો ક્રમ જ થંભી જતો. આ વિશ્વમાં સ્વર્ગીય પદાર્થો અને પરિસ્થિતિઓની કોઈ જ ખોટ નથી, પરંતુ તે તેઓને જ પ્રાપ્ત થાય છે જે મુશ્કેલીઓ વેઠી તેની કિંમત ચુકવવા તૈયાર હોય છે. સાધના દ્વારા, તપશ્ચર્યા દ્વારા જ ઈશ્વરને પ્રાપ્ત કરવામાં આવે છે. હરકોઈને જ્ઞાન પ્રાપ્ત કરવા, વિદ્યા પ્રાપ્ત કરવા, ધન કમાવવા, બળવાન બનવા, સુસંસ્કારી બનવા કષ્ટકારક

ઉપાયોનું અવલંબન લેવું પડતું હોય છે, જેઓ તેનાથી બચવા ઈચ્છા ધરાવે છે, તેઓ પોતાની પાત્રતા સિધ્ધ કરી શકતા નથી અને તેઓ એ દિવ્ય બક્ષિસોથી વંચિત રહી જાય છે, જે કેવળ સાહસિક વિજેતાઓ માટે જ સુરક્ષિત રાખવામાં આવી છે.

દુઃખ અને મુશ્કેલીઓને એક પ્રેરણાદાયક શક્તિ રૂપે, એક ઉદ્દીપક અગ્નિ રૂપે, પોતાના માટે પરિશ્રમ ખેડવા પેદા થયેલ પડકાર રૂપે સ્વીકાર કરવાની અપેક્ષાએ, જે લોકો હતાશ, નિરાશ, ખિન્ન અને વ્યગ્ર બની જાય છે તથા માનસિક સમતોલન ગુમાવી બેસે છે અને પોતાની જાતને અભાગી માનવા લાગે છે, તેઓ દુઃખના દેવતાનુ અપમાન કરે છે. સુખ તાવના રાક્ષસની જેમ છે, એ જ્યારે ઉતરી જાય છે ત્યારે શરીર થાકી ગયેલું, માંદા જેવું લાગે છે. પરંતુ દુઃખ એ રાજા જેવું છે, જે જ્યાં ક્યાંક પણ રોકાઈ જાય છે, ત્યાં તે કોઈને કોઈ ભેટ આપીને જાય છે. આ સંસારમાં જેટલા પણ મહાપુરુષો થઈ ગયા છે, જેણે પણ ઈતિહાસના પાના પર પોતાનું નામ છોડ્યું છે, તેમાંથી દરેકે દુઃખની આગમાં તપવું પડ્યું છે, યોગીઓ તેનો સ્વેચ્છાપૂર્વક અંગીકાર કરે છે. અપરિગ્રહ, સહનશીલતા અને તપશ્ચર્યાની આગમાં પોતાને તપાવી તપાવી વધુ તેજસ્વી અને પ્રકાશવાન બનાવતા રહે છે. અગર તેઓ આ માર્ગ પર ન ચાલે, વિલાસી તથા એશો આરામભર્યું જીવન વ્યતીત કરે, તો નિશ્ચય જ તેને એ આધ્યાત્મિક લાભથી વંચિત રહેવું પડશે, જે તપસ્વીઓ અને યોગીઓને પ્રાપ્ત થાય છે.

આપણે ઈશ્વરના પ્રકાશને ત્રણે દિશાઓમાંથી ગ્રહણ કરવો પડશે. અદ્વૈત ભાવનાનો, પ્રેમ તત્વનો વિસ્તાર કરી આત્માને પરમાત્માની પ્રાપ્તિ થશે. સમાજ વ્યાપી ગરીબાઈ અને દુઃખ, પરાજય અને નિષ્ફળતા, હાનિ,લાભ,માન,અપમાન,રાગ,દ્વેષ વગેરે દ્વન્દ્વોને કડવી જરૂરિયાત રૂપે સ્વીકાર કરવો જોઈએ. તેનાથી ખિન્ન થવાની અપેક્ષાએ પોતાના માનસિક અને બાહ્ય જગતમાં વધુ સાવધાન બનવાની પ્રેરણા પ્રાપ્ત કરવી જોઈએ. અગર આપણે દુઃખને પણ સુખની જેમ જીવનનું એક આવશ્યક અને ઉપયોગી તત્વ માની લઈએ તથા તેનાથી મનને હતાશ-નિરાશ થવા દેવાની ભૂલ ન કરીએ તો આપણું સામાજિક જીવન સ્વર્ગીય આનંદથી પરિપૂર્ણ થઈ શકે છે. ઈચ્છા રાખીએ તો તેને પ્રાપ્ત કરી શકીએ તથા જીવનને ધન્ય બનાવી શકીએ.

પ્રકૃતિનો દરેક પદાર્થ પોતાની અપૂર્ણતા દૂર કરી પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે તીર જેમ દોડતો જાય છે. આવી સ્થિતિમાં કોઈપણ પદાર્થની, એટલે સુધી કે શરીરની પણ એક સ્થિતિમાં, એક આધિપત્ય હેઠળ રહેવાની આશા કેવી રીતે રાખી શકાય? આ સર્વે દોડી રહેલ છે, આ સર્વે ચંચળ છે. લક્ષ્મીને ચંચળ કહેવામાં આવી છે. રૂપ, વિવેક, ધન, યશ, ઐશ્વર્ય, સત્તા, બુધ્ધિ, ચાતુર્ય આ બધુ જ ચંચળ લક્ષ્મીનું જ અંગ છે. પરિવારના પરિજનો, મિત્રો તથા કુટુંબીજનો, સ્ત્રી તથા પુત્ર, સ્વજનો તથા સંબંધીઓ, તે પૈકી કોનું શરીર, કોનું મન ક્યાં સુધી આપણાંને પ્રિય લાગવાની, સ્થિર રહેવાની સ્થિતિમાં રહેશે. એનું કોઈ જ ઠેકાણું નથી. પછી આ દોડતી જતી ટ્રેનની પાછળ ગળામાં દોરડું બાંધી ઘસડાવાથી શો લાભ?

અગર આ ત્રણે સચ્ચાઈને સમજી લેવામાં આવે તો જગતમાં અશાંત, ચંચળ સ્વભાવથી પરિચિત થઈ મોહના બંધનોથી છુટકારો મેળવવો આપણાં માટે સંભવ બની શકે. દુઃખના ડરથી જે નરક જેવી યાતનાઓ ઉઠાવવી પડે છે, તેને સ્વર્ગ જેવી પરિસ્થિતિમાં બદલાવી શકાય. દ્વૈત ભાવથી ઉત્પન્ન પરાયાપણાંનું અજ્ઞાન જે જીવને ઈર્ષા, દ્વેષ અને પાપ, તાપથી બાળતું રહેશે. તેનાથી પણ નિવૃત્તિ પ્રાપ્ત કરી શકાય.

ઈશ્વરનો પ્રકાશ શાંત, શિવમ, અદ્વૈત છે. અગર આપણે ઈચ્છીએ તો તેને પ્રાપ્ત કરી શકીએ તથા માનવજીવનને ધન્ય બનાવી શકીએ.

## શું આત્મકલ્યાણ માટે ઘરનો ત્યાગ કરવો જરૂરી છે?

કુટુંબીજનોના સાન્નિધ્યમાં રહી સાધનાકાળના સામાન્ય કામો (બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ આશ્રમમાં રહી) કરવામાં આવે છે. આંતરિક દોષોના શોધન માટે આ સ્થિતિ યોગ્ય પણ છે. કારણ કે સાંસારિક જીવનમાં જ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરના પ્રસંગો આવે છે. તેની સાથે લડવું, પહોંચી વળવું, આ જ પરિસ્થિતિઓમાં જીવતા સંભવ છે. પાણીમાં તરતા તો તેને જ આવડશે, જે પાણીમાં કૂદી પડશે. બેશક તેમાં ડૂબી જવાનો ભય પણ રહેલો છે, પરંતુ જો તરતા શીખવું જ હોય, તો આ જોખમ ઉઠાવવું જ પડશે. જે ડુબી જવાના ભયથી પાણીથી દૂર રહે છે, તે કેવી રીતે તરવાનું શીખી શકશે.

જે લોકો એવું વિચારતા હોય છે કે સાંસારિક જીવનમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ હોય છે. એટલા માટે જંગલમાં જઈ, એકાંતમાં રહી, વિરક્ત બની રહેવું જોઈએ. તેમનો આ રસ્તો સરળ તો અવશ્ય છે, કારણ કે એકાકી જીવનમાં ખરાબ પરિસ્થિતિઓના કારણે ભૂલો થવાના પ્રસંગો બહુ ઓછા હોય છે. પરંતુ તેની સાથે એ જોખમ પણ રહેલું છે, કે માનસિક સ્થિતિ નિર્બળ રહી જાય છે. પ્રલોભનનો પ્રસંગ આવતા જ આવા એકાંતમાં વસનારાનો પગ ખૂબ સરળતાથી લપસી શકે છે, કારણ કે તેમને આ દુર્ગુણો સાથે લડવાનો અને તેની પર વિજય મેળવવાનો કોઈ અવસર જ મળ્યો નથી. જેણે ક્યારે પણ યુધ્ધનું મેદાન જોયું જ ન હોય એવા યોધ્ધાને ખૂબ જ સરળતાથી હરાવી શકાય, પરંતુ જે આંતરે દિવસે અને તે શત્રુની ચાલને તથા તેના પ્રવાહને સારી રીતે જાણતો હોય લડતો રહે છે એવા અનુભવી યોધ્ધાને સરળતાથી હરાવી ન શકાય. ગૃહસ્થી વ્યક્તિ અનુભવી લડવૈયો છે અને વિરક્ત વ્યક્તિ તો પરીક્ષાથી ડરી પોતાનું મોઢું છુપાવી બેઠી છે. તે મુશ્કેલ પ્રસંગ આવશે, ત્યારે તેમાંથી ઉગરી જશે એવી આશા કેવી રીતે રાખી શકાય?

ભારતીય આધ્યાત્મવિદ્યાની આ જ પરંપરા છે, કે આત્મસુધાર, આત્મઘડતર અને આત્મવિકાસના તમામ કાર્યો કુટુંબીજનો સાથે રહી, સાત્વિક (મહેનતની)આજીવિકા કમાઈ પૂરા કરવામાં આવે. ત્યારબાદ અગર કોઈની એવી પરિસ્થિતિ હોય કે તે પોતાની પૂર્ણતાનો લાભ જનતાને

માર્ગદર્શન આપવા આપી શકે તો પરિવ્રાજક યા સંન્યાસી બની જવું જોઈએ.

આપણાં શાસ્ત્રોમાં જ્ઞાની યા વૃધ્ધ બ્રાહ્મણને જ સંન્યાસ લેવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ બન્ને શરતો મનુષ્યની પૂર્ણતાનું પ્રમાણ છે. જ્ઞાનમાં પરિપક્વ એ વ્યક્તિ હોય છે કે જે ઉચ્ચ શિક્ષણ, વિશાળ સ્વાધ્યાય, ચિંતન, મનન, તત્વદર્શન અને આત્મજ્ઞાન દ્વારા પોતાના અંતઃકરણનું પૂરેપૂરું સમાધાન કરી ચુક્યો હોય. જેણે પોતાની શંકા, ભ્રમ, મોહ,અજ્ઞાનનું સંપૂર્ણ નિરાકરણ કરી ચુક્યો હોય તથા અન્ય વ્યક્તિઓની આંતરિક અને આંતરિક અને સાંસારિક જીવનની સમસ્યાઓને ધાર્મિક તથા વ્યવહારિક સમન્વયના આધારે હલ કરવાની શક્તિ પ્રાપ્ત કરી લીધી હોય, એવી વ્યક્તિને જ સંસારના માર્ગદર્શનનો, ધર્મનો ઉપદેશ આપવા માટેનો અધિકારી કહી શકાય. તેણે જ પરિવ્રાજક બનવું જોઈએ, તેને જ સંન્યાસ ધારણ કરવો જોઈએ.

સંન્યાસ ધારણ કરવા માટે બીજી શરત છે બ્રાહ્મણ હોવું. અર્થાત અહીં બ્રાહ્મણ કહેવાનું તાત્પર્ય છે, જાતિ યા કુળ સાથે નહીં, બલ્કે ગુણ, કર્મ, સ્વભાવ સાથે છે. બ્રહ્મપરાયણ, વાસનાઓ, તૃષ્ણાઓ પર વિજય મેળવનાર, કામ,ક્રોધ, લોભથી મુક્ત, ઉદાર, અપરિગ્રહી, લોકસેવક, સત્કર્મ પરાયણ વ્યક્તિ જ બ્રાહ્મણ કહેવાય છે. આવા જ લોકો કોઈને ઉપદેશ યા જ્ઞાન આપવાના અધિકારી હોય છે. જેનું આંતરિક અને બાહ્ય જીવન અપૂર્ણ છે અને કલુષિત છે, તે વ્યક્તિ ક્યા મોઢે સંસારનું ધાર્મિક નેતૃત્વ કરી શકે. એટલા માટે આવા લોકોને-બ્રાહ્મણોત્તર વર્ણ વાળાઓ માટે સંન્યાસ લેવાની મનાઈ કરી છે, અર્થાત તે અધિકારી નથી એવું બતાવવામાં આવ્યું છે.

જે લોકો સાધના માટે, આત્માના ઉદ્ધારના માર્ગ પર આગળ વધવા સંન્યાસ ધારણ કરે છે, તે બહુ મોટી ભૂલ કરે છે. આ કામ તો તેમણે કૌટુંબિક જીવન જીવતા અર્થાત કુટુંબીજનો વચ્ચે રહી કરવાનું છે. જ્યારે સંપૂર્ણ પરિપક્વ સ્થિતિ પ્રાપ્ત થઈ જાય અને પોતાનામાં કોઈ પણ પ્રકારની ત્રુટિ ન દેખાય તથા અંતરાત્મા એ સ્વીકાર કરે કે હવે મારે પોતાના માટે કંઈક કરવાનું બાકી રહ્યું નથી, ધર્મ, પ્રવચન અને જ્ઞાનદાન યોગ્ય સંપૂર્ણ પરિપક્વતા પ્રાપ્ત થઈ ગઈ હોય, તો આવી વ્યક્તિ સંન્યાસ

ધારણ કરી પરિવ્રાજક બની શકે છે. પરિવ્રાજક બનવા માટે આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત કરી લીધા સિવાય બીજા બે સાંસારિક પ્રતિબંધો પણ છે. એક એ તે તંદુરસ્ત, નિરોગી, ભ્રમણ કરવા માટે યોગ્ય હોય. જે પરિવ્રજ્યાના કારણે કસમયના આહાર-વિહારને સહન કરી શકે. બીજું ધર્મપત્નીની આંતરિક મંજુરી મળેલી હોય. સાથે સાથે તેણે પણ અર્થાત તેની પત્નીએ વાનપ્રસ્થમાં રહી આ પ્રકારની માનસિક સ્થિતિ બનાવી લેવી જરૂરી છે કે પતિના કામનું મહત્ત્વ સમજતા મોહ નિવૃત મનથી તેને મંજુરી આપે. આ આરોગ્ય સંબંધી તથા પત્નીની મંજુરી સંબંધી સમસ્યા હલ ન થાય તો પણ જે લોકો સંન્યાસ ધારણ કરી લે છે, તેનો લક્ષ્ય પૂરો થતો નથી. આ બન્ને વાતો શ્રાપની જેમ તેમની પાછળ પડી રસ્તામાં અવરોધ ઉત્પન્ન કરે છે.

સંન્યાસની સ્થિતિ મનુષ્ય જીવનની સર્વાંગી પૂર્ણતાનો ઉદ્‌ઘોષ કરે છે અને તેનો પુરાવો એ છે કે એ વ્યક્તિએ તમામ પ્રશ્નો શાંતિ અને મર્યાદાપૂર્વક ઉકેલી લીધા છે. હવે તે એ સ્થિતિમાં છે કે બીજાઓને માર્ગદર્શન પૂરું પાડી શકે છે. આટલી મોટી સફળતા પ્રાપ્ત કરનારી વ્યક્તિના ચરણોમાં જનસમાજ સાચા હૃદયથી પોતાનું માથું ઝુકાવે છે. તેને દેવશ્રેણીમાં ગણવામાં આવે છે. આવા દસ, વીસ સંન્યાસીઓ પણ જે દેશમાં થતા હતા તેની કીર્તિ ચારે તરફ ફેલાઈ જતી હતી. સંન્યાસીનું આતિથ્ય કરવાનો લાભ લેવા માટે હરકોઈને લાલસા રહેતી હતી. લોકો સંન્યાસીના માત્ર દર્શનને મોટું પૂણ્ય માનતા હતા, કારણ કે તે જીવનની સર્વાંગી પૂર્ણતાનું પ્રતીક હતું.

સાધના કરવા માટે અપરિપક્વ મન, બુધ્ધિ ધરાવતા લોકો દ્વારા ભગવા કપડાં પહેરી સંન્યાસી બની જવું અને પોતાની અપૂર્ણતાઓ દ્વારા વેષને કલંકિત કરતા રહેવું, તે સંન્યાસ ધર્મ સાથે શત્રુપૂર્ણ વ્યવહાર છે. આવી વ્યક્તિ ગુનેગારની શ્રેણીમાં રાખવા યોગ્ય છે અને ઈશ્વરની પ્રાપ્તિ તો તેને થવાની જ ક્યાં છે?

આજે સાધુ સંન્યાસીઓનો સમાજ આટલો બધો વધી જવો અને તેમનું સ્તર આટલું બધુ ઘટી જવું, પ્રત્યેક ધર્મપ્રેમી વ્યક્તિ માટે ખૂબ જ ચિંતા અને વેદનાનો વિષય છે. તેમાંથી પણ જે થોડા ઘણાં સાચા સાધુઓ છે, તેઓ પણ આ ભિખારીઓની ભીડમાં પોતાનો પ્રભાવ ગુમાવતા જાય

છે. પહેલાંના સમયમાં કોઈ સાધુ મહાત્માને જોઈ સ્વાભાવિક રૂપે જ હરકોઈ વ્યક્તિના મનમાં તેમના ત્યાગ પ્રત્યે શ્રધ્ધા ઉમટતી, પરંતુ આજે તેનાથી તદ્દન વિપરીત સ્થિતિ છે. ત્યાગ, ભાવના અને સાધના ઉંચી હોવા છતાં પણ તેમનો વેશ જોઈ પહેલાં તો લોકો નાક ચઢાવે છે, પછી ભલેને તેની સાથે વધુ વ્યક્તિગત પરિચય થયા પછી તેનો આદર કરે, સન્માન આપે. હવે ભિક્ષા પણ કોઈ આદરસત્કાર સાથે ન તો પ્રાપ્ત કરી શકે છે અને ન તો એવું સાત્વિક અન્ન પ્રાપ્ત થાય છે કે જેને ભિક્ષામાં લઈ તેને ખાનારની બુધ્ધિ સાત્વિક બની રહે. જંગલો પણ કપાઈ ગયા છે, કે જ્યાં કંદમૂળ પેદા થતા હતા, જ્યાં ગાયો પાળી દૂધ પ્રાપ્ત કરી શકાતું હતું. હવે તો એ જ જંગલ કોઈ પણ પ્રકારે જળવાઈ રહ્યા છે, કે જે તમામ પ્રકારે રક્ષાએલા છે. વધતી માનવ વસ્તીને જોતા તેની પણ કોઈ સલામતી નથી.

આ પરિસ્થિતિઓને જોતા આધ્યાત્મિક માર્ગના પથિકે ઘરનો ત્યાગ કરવાની યા સંન્યાસ ધારણ કરવાની કોઈ વાત વિચારવી જ ન જોઈએ. તેને માટે એ જ યોગ્ય છે કે તેણે મહેનતની આજીવિકા પ્રાપ્ત કરતા પોતાના કુટુંબકબીલાનું પાલન પોષણનું પવિત્ર કર્ત્તવ્ય બજાવતા, પોતાના દોષ, દુર્ગુણોનું શમન કરતા અને ઈશ્વરની ઉપાસનામાં લાગી જવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેને માટે આ જ માર્ગ સીધો, સરળ અને સુગમ છે.

## આત્મબળ આપણી સૌથી મોટી સંપત્તિ, વૈભવ

ઈશ્વરની કૃપારૂપે, તેમના વરદાન રૂપે એક જ ઈનામ મળે છે- તે છે ''આત્મબળ.'' આ એ કલ્પવૃક્ષ છે, જેના નીચે બેસી દરેક કામનાના શમનનો માર્ગ મળી શકે છ. આ એ પારસ છે, જેનો સ્પર્શ કરી સામાન્ય પરિસ્થિતિમાં સબડી રહેલા લોખંડ જેવી દેખાતી વ્યક્તિ પણ સોના જેવી સુશોભિત અને ખૂબ કિંમતી બની શકે છે. જેની પાસે આત્મબળ છે, તેની પાસે ક્યારે પણ કોઈ વસ્તુની ઊણપ રહી ન શકે.

ગાયત્રી મહામંત્રમાં સવિતા દેવતાના વરેણ્ય વર્ગની યાચના કરવામાં આવે છે. તેજસ્વી પરમાત્મા આપણાંને બ્રહ્મતેજ પ્રદાન કરે, તો પછી વધુ કમી કઈ વાતની રહેશે. સુવર્ણ મુદ્રાના બદલામાં દુનિયાની કોઈ પણ ચીજવસ્તુ ખરીદી શકાય છે. આત્મતેજના બદલામાં પણ દરેક ક્ષેત્રમાં પ્રગતિનો માર્ગ ખુલ્લો કરી શકાય. જેણે પણ આ દૈવી વરદાન મળી ગયું, તે ધન્ય જ બની ગયો અને જેણે પણ તેનાથી વંચિત રહેવું પડ્યું તેને માટે પુષ્કળ પ્રમાણમાં સાધન સગવડતા હોવા છતાં પણ ડગલેને પગલે ભય, હતાશા, નિરાશા, શંકા, બેચેનીના દૃશ્યો જ દૃષ્ટિગોચર થતા રહેશે. તેને ક્યારે પણ શાંતિથી સુવાનો કોઈ અવસર જ નહીં મળે.

પોતાનું સ્વરૂપ, પોતાનું વર્ચસ્વ, પોતાનું મહત્ત્વ ન સમજવાનું નામ જ અજ્ઞાન છે. અગર તેને આત્મજ્ઞાન પ્રાપ્ત ન થયું તો તે ખૂબ જ ભણ્યો હોવા છતાં પણ અજ્ઞાનની જ બની રહેશે. આવી અજ્ઞાની વ્યક્તિ જ અંધકારમાં જ ભટકતી રહે છે અને ઉપનિષદની ભાષામાં તે અસૂર્યા નામના અર્થાત અંધકાર યુક્ત નરકમાં, દુઃખરૂપી દૈત્ય દ્વારા આપવામાં આવતી યાતનાઓ વેઠતા, રોતા કકડતા જીવનનો ભાર વહન કરે છે.

અગર આપણી અંદર આત્મા વિદ્યમાન છે, તો પછી તેનો સ્વાભાવિક ગુણ, આત્મબળ પણ પોતાની અંદર હોવું જ જોઈએ. તેને ક્યાંય બહાર શોધવું પડતું નથી અને ન તો તેને બહારથી લાવવું પડે છે. તે તો અસંખ્ય પ્રમાણમાં પોતાની અંદર વિદ્યમાન છે. કેવળ તેને પ્રગટાવવું, નિખારવું, સંભાળવું પડે છે. અગર માત્ર આટલા જ પ્રયત્નને સાધના કહેવામાં આવે તો તેને એમ કહેવા, માનવામાં પણ કોઈ વાંધો નથી. આ

સાધનાનું આ જ સ્વરૂપ છે કે આપણે આપણાં ઉચ્ચશક્તિશાળી સ્વરૂપની અનુભૂતિ કરીએ અને એ સમજીએ કે પોતાની ચારે તરફ જે વાતાવરણ ઘેરાયેલું છે, એ કરોળિયાના જાળાની જેમ ફેલાયેલ પોતાના જ કર્મો છે. આપણી આંતરિક સ્થિતિ જ બાહ્ય જગતમાં સુખ-દુ:ખ અથવા સગવડતા-અગવડતાનું સ્વરૂપ ધારણ કરી ચક્કર મારતી રહે છે. આપણે કારણ છીએ અને પરિસ્થિતિઓ કારણરૂપ છે. આપણી માન્યતાઓ અને કર્મો જ એવા છે, કે જે આરોહ-અવરોહ બની આપણાંને પડછાયાની જેમ હસાવવા રડાવવા આવતા જતા રહે છે.

આપણે આજે જે કંઈ પણ છીએ તે પોતાની માન્યતાઓના કારણે બન્યા છીએ. આપણું આંતરિક માળખું બદલીએ તો બાહ્ય પરિસ્થિતિઓનું સ્વરૂપ બદલવામાં જરા જેટલી પણ વાર નહીં લાગે. ભવસાગરના બંધનો, સાંકળો બીજા કોઈએ પણ બાંધી નથી, તેને આપણે જાતે જ બનાવી છે અને ધારણ કરી છે. માયા નામના ભવબંધનમાં બાંધવાવાળી શક્તિનું અસ્તિત્વ આ સંસારમાં બીજે ક્યાંય પણ નથી, તેને આપણી માત્ર પ્રતિગામી માન્યતાઓની પ્રતિક્રિયા જ સમજવી જોઈએ.

આપણી પ્રગતિમાં ગુણ,કર્મ,સ્વભાવની નિર્બળતા જ મુખ્ય અવરોધ છે. અગર આપણાંમાં સદ્‌ગુણોનું, શ્રેષ્ઠ કર્મોનું શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનું, સારા સ્વભાવનું બાહુલ્ય હોય, તો નિશ્ચિત રૂપે સંપદાઓ અને ઐશ્વર્ય ખેંચાઈને આપણી આસપાસમાં એકત્ર થવા લાગશે. પુષ્પ જ્યારે ખિલે છે ત્યારે તેની આસપાસ મધમાખીઓ, ભ્રમર, પતંગિયાઓ અનાયાસ જ ઝળૂંબવા લાગે છે. મનુષ્યનું હૃદય શુધ્ધ હોય અર્થાત તેનું વ્યક્તિત્વ ઉત્કૃષ્ઠ બને તો કોઈ કારણ જ રહેતું નથી કે તેને પ્રગતિ પથ પર અગ્રેસર બનવા માટે છુપી રીતે કે જાહેરમાં લોકોનો અને સૂક્ષ્મ શક્તિનો સહકાર ન મળે. વિભિન્ન ક્ષેત્રોમાં આશ્ચર્યજનક પ્રગતિ સાધી શકનારી વ્યક્તિઓની સફળતાનું મૂળ કારણ અગર બારીકાઈથી તપાસવામાં આવે તો એક જ નિષ્કર્ષ પર પહોંચી જવું પડે છે કે તેમણે પોતાના સદ્‌ગુણો વધાર્યા, તેનાથી તેમના કાર્યો સુવ્યવસ્થિત બન્યા, તેનાથી બીજા લોકો પ્રભાવિત બન્યા,તેમને પ્રમાણિક માન્યા. પ્રમાણિકતાને સહકાર મળે છે. જેમના પ્રત્યે લોકોમાં અખૂટ શ્રધ્ધા છે અને સહકાર મળતો રહે છે, તેને માટે પ્રગતિના પથ પર આગળ વધવાના માર્ગમાં આવનારા અવરોધો

તૃણ સમાન હોય છે. તે માત્ર દેખાતા હોય છે, પરંતુ સામે આવતા જ તેમનો કચ્ચરઘાણ નિકળી જાય છે, અર્થાત નાશ પામે છે. આત્માની શક્તિ એટલી બધી પ્રચંડ હોય છે કે તેની સામે કોઈ પણ મુશ્કેલી થોભી શકવી સંભવ નથી.

આત્મબળનો પ્રકાશ નગણ્ય જેવા મનુષ્ય જીવનને વિભૂતિવાન બનાવે છે. જીવનની લાશ ખેંચનારા લાખો, કરોડો, નર-પશુઓની વચ્ચે જે કોઈપણ થોડા ઘણાં નરરત્નો છે, બીજાઓની અપેક્ષાએ તેમનામાં એક જ વિશેષતા હોય છે, તે છે આત્મબળનું પ્રચુર પ્રમાણ. તેના વગર કોઈપણ છાતી પહોળી કરી ઉભો ન થઈ શકે, ન કોઈ મહત્ત્વનું સર્જન કરી શકે છે અને ન તો એ મહાન કાર્યો પૂરા કરવાનું સાહસ દેખાડી શકે છે, જે માનવ જીવનને આનંદ અને ઉમંગથી સંપૂર્ણ પ્રકાશવાન અને ધન્ય બનાવે છે. આત્મબળ જ એ જીવન તત્વ છે, જે શ્વાસ લેતા જ અધમૂંઆ તીડોમાંથી કોઈ સજીવને સૂર્ય ચંદ્રની જેમ ચમકવા સમર્થ બનાવી શકે છે.

આત્મબળનો રત્નભંડાર આત્મશક્તિ જાગૃત થતા જ પ્રાપ્ત થાય છે. અગર આપણાં અંતરાત્માના ઉંડાણમાં 'હું આત્મા છું' આ માન્યતા પ્રવેશ કરી લે તો મનુષ્ય સાચોસાચ એ અનુભવ કરવા લાગશે કે તે શરીર તથા મનથી ઉપર ઉઠી ઈશ્વર જેવી પવિત્રતા અને મહાનતાથી સુસંપન્ન આત્મા છે. તેને પોતાના કર્મો આત્માના કર્ત્તવ્ય અને ગૌરવ અનુરૂપ બનાવવા છે, તો આ ભાવનાઓનો પડઘો તેના રોમે રોમમાં ગુંજી ઉઠશે અને નવેસરથી તેને વિચાર કરવો પડશે કે તેના જીવનનો લક્ષ્ય, કર્ત્તવ્ય અને યોગ્ય માર્ગ ક્યાં છે? આ પ્રશ્નનો જવાબ આપવો મુશ્કેલ કાર્ય નથી. દરેકના હૃદયમાં આ પ્રશ્નોનો જવાબ હયાત છે. તેને વિષે કોઈ ગુરુને કે શાસ્ત્રને પૂછવાની જરૂરિયાત જ નહીં પડે.

આત્મ ચૈતન્ય ભૂમિકામાં અંતઃકરણ જાગી જાય તો તેને મહાન સૌભાગ્ય જ કહેવું જોઈએ. આ જ ઈશ્વરની સૌથી મોટી કૃપા છે, દેવતાઓનું સૌથી મોટું વરદાન છે અને ગુરુનો સૌથી મોટો આશીર્વાદ છે. મનુષ્ય શરીરની સાર્થકતા અને મહાન જાગૃતિ પર જ અવલંબિત છે. જે આ ભૂમિકામાં જાગી ગયો, તેણે પોતાના આંતરિક અને બાહ્ય જીવનને શ્રેષ્ઠતાના બીબામાં ઢાળી દીધું અને તેના જ કર્મો આદર્શવાદનો મહાન પ્રકાશ બની ઈતિહાસના પાનાઓ ઉપર ઝળહળી ઉઠ્યા. સ્વાતિનું બિંદુ

પડવાથી છીપમાં મોતી, કેળામાં કપૂર, વાંસમાં વંશલોચન, સર્પમાં મણિ ઉત્પન્ન થવાની વાત તો સૌ સાંભળી જ છે.

આ બધી વાતો પ્રમાણિક હોય કે અપ્રમાણિક, પરંતુ તે તદ્દન સત્ય છે કે આત્મ ચૈતન્યની ભૂમિકામાં જાગી ગયેલો મનુષ્ય નરમાંથી નારાયણ બની જાય છે. સ્વાતિ નક્ષત્રનું પાણી પીવાથી ચાતકની તૃષા શાંત થતી સાંભળવા મળી છે, એ ક્યાં સુધી સાચી છે એ કહી શકાય તેમ નથી, પરંતુ એ તદ્દન સત્ય છે કે આત્માની તૃષા ત્યારે જ તૃપ્ત થાય છે, કે જ્યારે અંતઃકરણ આત્મચૈતન્યની ભૂમિકામાં જાગી જાય છે અને એ અનુભવ કરે છે કે હું શરીર અને મન નથી, બલ્કે અવિનાશી આત્મા છું. મારે આ ખૂબ જ કિંમતી માનવજીવનની એક એક ક્ષણનો સદુપયોગ શરીર અને મનના આવેગને શાંત કરતા રહેવા માટે નહીં, બલ્કે આત્માના ગૌરવની ગાથા ગાવા માટે કરવાનો છે.

આ ધર્મસંકટની ક્ષણોમાં આત્માએ મહાભારતના અર્જુન જેવી ભૂમિકા ભજવવી પડે છે. જૂની આદતો, કુટેવો, કુસંસ્કારો, માન્યતાઓ, સગાસંબંધીઓ પ્રત્યે મોહ, મમત્વ હોવું સ્વાભાવિક છે. અર્જુન પોતાની ચારે તરફથી કુટુંબીજનો, સગા સંબંધીઓ વડે ઘેરાયેલો છે, તે ઉભો ઉભો ચારે તરફ જોઈ રહ્યો છે. એ બધા જ સગાવહાલાઓ, કુટુંબીજનો તેના વિરોધી બની ગયા છે. તેમની સાથે કેવી રીતે લડવું? આ મોહ અર્જુનને ઘેરી લે છે અને તે ગાંડીવ નીચે રાખી બેસી જાય છે. આત્માની ભૂમિકામાં જાગૃત થયેલો મનુષ્ય પોતાની વર્તમાન પ્રવૃત્તિઓ પર નજર ફેંકે છે, ત્યારે તેને આ નિરર્થકની માત્ર બાલક્રિડા દેખાય છે. માત્ર થોડી મહેનત કરવાથી જરા જેટલું પેટ ભરાઈ જવાની સંભાવના રહેતી હોવા છતાં, વધુમાં વધુ ધન કમાવવાની પાછળ સમય વેડફી નાખવાની જરૂરિયાત શા માટે? અર્થાત જીવન લક્ષ્ય સાધવા માટે બિનજરૂરી કામની અપેક્ષા શા માટે? જેમ કે કુતરાંને સુક્કા હાડકાને ચાવવાથી પણ આનંદ આવતો હોય છે, તેના મગજમાં એવો ભ્રમ ફેલાયેલો હોય છે, કે તે હાડકાનો જે રસાસ્વાદ માણી રહ્યો છે, તે તેમાંથી જ આવી રહ્યો છે. પરંતુ વાસ્તવિકતા કંઈક જૂદી જ હોય છે. સુક્કું હાડકુ ચાવતા રહેવાથી તેના પેઢા છોલાઈ જાય છે અને પોતાને લોહીલુહાણ કરી મુકે છે. તેના પેઢામાંથી જે લોહીનો સ્રાવ થતો હોય છે, તેનો જ તે રસાસ્વાદ માણતો

હોય છે, અર્થાત તે પોતાના રક્તનો જ આનંદ ઉઠાવતો હોય છે. એ જ રીતે મનુષ્ય પણ ઇંદ્રિયોની વાસના તૃપ્ત કરવા માટે પોતાના જ રક્તમાંસને, અર્થાત જીવન તત્વને નિચોવી નાખે છે. અર્થાત તે પોતાના જીવનતત્વનો જ સ્વાદ માણતો હોય છે. શું શરીરનો જીવનતત્વને આ રીતે નિચોવી નાખવામાં કોઈ બુધ્ધિમત્તા છે ખરી?

અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે અનેક પ્રકારના દોષ દુર્ગુણો અને અનઈચ્છનીય કર્મોમાં સલંગ્ન જીવન પધ્ધતિ સાથે આટલો બધો મોહ શા માટે? કર્ત્તવ્ય કહે છે જૂની આદતોને તોડો, તેની સામે લડો. ઉચ્છૃંખલતાને હટાવો. પરંતુ અર્જુન પોતાની જુની કુટેવો, આદતોને છોડવા તોડવાનું સાહસ દર્શાવી શકતો નથી અને એવું વિચારવા લાગે છે કે પહેલાં જેમ ચાલતું હતું, એવી જ રીતે ચાલવા દેવામાં આવે. અગર કર્ત્તવ્યપાલન આટલું બધુ સમસ્યાઓથી ભરાયેલું છે, અગર આત્મજાગૃતિની આટલી મોંઘી કિંમત ચુકવવી પડે છે, તો તેને કેમ છોડી દેવામાં ન આવે?

આત્માની આ જ સમસ્યાઓનો ઉકેલ આણવા જ ગીતાનો ગ્રંથ લખવામાં આવ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણે અનેક તર્ક અને તથ્યના આધારે અર્જુનને સમજાવ્યું કે તારા સગા સંબંધીઓ, કુટુંબીજનોની જેમ તારા આ કર્મો, જૂની આદતો તારા પ્રિય બની ગયા છે, તને ગમે છે, છતાં પણ તેને દૂર કરવા, હટાવવા જરૂરી છે. અગર તેને તેઓ જ્યાં છે ત્યાં યથાવત પડ્યા રહેવા દેવામાં આવશે તો અનીતિ અને પાપનું આક્રમણ ચાલૂ જ રહેશે. અગર આ યુધ્ધ માટે તે ઈન્કાર કર્યો તો વીર ક્ષત્રિયોને મળનારો શ્રેય અને સ્વર્ગથી તારે વંચિત જ રહેવું પડશે. કર્ત્તવ્ય ધર્મ સાથે યુધ્ધ જોડાયેલું છે. અગર યુધ્ધ કરવાથી તેં મોઢું પાછુ કરી લીધું તો તારે કર્ત્તવ્ય ધર્મ છોડવો પડશે. અર્થાત હે અર્જુન! તૂં તારા જૂના જાણીતા સગા સંબંધીઓ, સહચરોનો મોહ છોડ અને એ કર જેનાથી શ્રેયની સાધના પૂર્ણ થાય છે.

આત્મબળ એકત્ર કરવાની સાધના કરનારા દરેક સાધકે અર્જુનનું અનુસરણ કરતા અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડે છે તેને સૌ પ્રથમ તો પહેલું કામ એ કરવું પડશે કે આત્મનિરીક્ષણ દ્વારા પોતાની કુટેવો, ખરાબ આદતો, કુસંસ્કારો તથા મુર્ખતાઓનું નિરાકરણ કરવું

પડે છે. જે પ્રવૃત્તિઓ શરીર અને મનને આનંદ આપે, પરંતુ આત્માને ભુખ્યો મારે, તેને મૂર્ખતા નહીં તો બીજું શું કહેવામાં આવે? જે પ્રવૃત્તિઓ નશ્વર સંસારના વિનોદાત્મક પ્રસંગોમાં રસ લેવા પ્રેરિત કરતી રહે તથા તેને માટે તે કુકર્મ કરવા સુધી ફોસલાવે અને આત્માને નરક જેવી યાતનાઓ વેઠવા મજબૂર કરે, તેને મૂર્ખતા નહીં તો બીજું શું કહેવામાં આવે? વિવેકની ભૂમિકામાં જાગૃત આત્મા અગર પોતાની મૂર્ખતાને પણ દૂર ન કરી શક્યો તેની જાગૃતિનું આખરે પ્રયોજન જ શું રહ્યું?

એ જ વ્યક્તિ આત્મબળ પ્રાપ્ત કરી શકે છે, કે જે આત્મ સમીક્ષા તથા આત્મસુધાર માટે પોતાની કુટેવો, કુસંસ્કારોને ઉથલાવી નષ્ટ કરવાનું સાહસ દાખવી શકે છે અને એ રસ્તે ચાલતા માર્ગમાં ઉપહાસ, વિરોધ, મુશ્કેલીઓ તથા અવરોધ સહન કરવો પડે, તો તેને ધીરજ પૂર્વક સહન કરી લે. ભૌતિક તથા આત્મિક પ્રગતિ માટે આત્મબળ જરૂરી છે. આપણે તેની ઉપયોગિતા જાણવી જ જોઈએ અને સંસારના આ એક માત્ર સારતત્વને પ્રાપ્ત કરવા માટે કંઈક ઉઠાવી રાખવું જોઈએ. જેની પાસે આત્મબળ છે, એ જ આત્માની ભૂમિકામાં જાગૃત થયેલ જીવનયુક્ત નરનારાયણ છે. જે આત્મબળ સંપન્ન છે, તેને માટે આ દુનિયામાં એવું કંઈપણ નથી જેને અસંભવ કહી શકાય.

## ઉંડા પાણીમાં ઉતરી જેણે શોધ્યું તેણે પ્રાપ્ત કર્યું

આ સંસાર, પરિસ્થિતિઓ તથા પદાર્થોનું સ્વરૂપ ખૂબ જ તીવ્રગતિએ પરિવર્તિત થતું રહે છે. આજે જે દૃશ્ય દેખાઈ રહ્યું છે, કાલે તેણે કંઈક જાુદુંજ સ્વરૂપ ધારણ કરી લીધું હશે. થોડા દિવસ બાદ તો તે સમગ્ર સ્થિતિ એ રીતે બગડી જાય છે, જાણે તેનું કોઈ અસ્તિત્વ જ ન હતું. કયારેક વૃક્ષ,વેલીઓ,લત્તામંડપો તથા વનરાજીમાં વસંતઋતુ છવાઈ જાય છે, પરંતુ જ્યારે ત્યાં પાનખર આવી પહોંચે છે ત્યારે એ સમગ્ર સુંદરતા એવી રીતે લૂંટાઈ જાય છે, જાણે તે ત્યાં ક્યારે પણ હતી જ નહીં. પાનખરની નીરવતા અને તેનું વેરાનપણું વર્ષાઋતુની સુંદરતા ન જાણે ક્યાંય ખોવાઈ જાય છે. નાટકના મંચ પર દૃશ્ય અને રંગપાત્ર દરેક ક્ષણે બદલાતા રહે છે, એક આવે છે, બીજાું જાય છે, પરંતુ બધુ જ એટલી સ્થિરતા સાથે ચાલી રહ્યું છે કે જાણે કોઈ કુશળ નટ નિશ્ચિત વિધાન સાથે ક્યાંક એકાંતમાં બેસી આ પરિવર્તનશીલ જગતનું સંચાલન કરી રહેલ છે. ખરેખર આ સંસાર ખૂબ જ રહસ્યમય છે અને એટલો જ રહસ્યમય એ છે કે જેણે તેની રચના કરી છે.

ક્યારેક આ દૃશ્ય પરિવર્તન મનુષ્યને એ પ્રેરણા પણ આપે છે કે તે આ અનંત રહસ્યનું જ્ઞાન પ્રાપ્ત કરે અથવા આ પરિવર્તનોના ફળસ્વરૂપે જે તેને ભય, શોક, બેચેની, વિરહ, અસંતોષ વગેરે દુઃખો હેરાન પરેશાન કરતા રહે છે. તેનાથી તે મુક્તિ મેળવે અને એક એવો આનંદ પ્રાપ્ત કરે કે જે ક્યારે પણ ઓછો ન થાય, ક્યારે સમાપ્ત પણ ન થાય.

બીજા શબ્દોમાં તેને જ ઈશ્વરની પ્રાપ્તિની અભિલાષા, સ્વર્ગ યા મોક્ષનો ઉત્તરાધિકાર માની શકીએ. દૃષ્ટિકોણ ભલેને કંઈપણ હોય પરંતુ એ બધાનો સાર એટલો જ છે કે મનુષ્ય ચિરકાળ સુધી સુખ પ્રાપ્ત કરતા રહેવાની અભિલાષા ધરાવતો હોય છે. પરંતુ આ સુખ પ્રાપ્ત કરવું એટલું સરળ નથી, જે હરકોઈને એમ જ મળી જાય. જ્યારે નાના નાના સુખોની પ્રાપ્તિ માટે, મોટા મોટા પ્રયત્નો, વિશાળ શક્તિ, શ્રમ, સાધનો લગાડવા પડે છે, તો ઈશ્વર જેવી અનંત સુખદાયક વસ્તુ એમ જ કેવી રીતે મળવા લાગી જાય. મોટી વસ્તુની કિંમત પણ મોટી જ હોય છે અને તે મળે તો પણ ખૂબ જ મુશ્કેલીઓ વેઠ્યા પછી જ. જે ઉંડાણમાં ઉતરી તેને શોધવાનો

પ્રયત્ન કરે છે, તે જ તેને પ્રાપ્ત કરી શકે છે. કિનારા પર બેસી યા છીછરા પાણીમાં ડૂબકી લગાવનારાઓ તો એમ જ પોતાનો સમય વેડફી નાખે છે, પોતાના સાધનો જ ગુમાવી દે છે. તેમને ન તો આ લોકમાં સુખ મળી શકે છે અને ન તો તેમની પરલૌકિક આકાંક્ષાઓની તૃપ્તિ થાય છે.

આ સૃષ્ટિ બે ભાગમાં વિભક્ત છે. આકાર અને ગુણ, આ બન્ને દૃષ્ટિએ તેમાં ભિન્નતા છે. (૧) રૂપ જડ છે, જે સ્વયં ક્રિયાશીલ નથી, પરંતુ સ્થૂળ છે. અર્થાત સાંસારિક દૃષ્ટિએ તેનું વધુ મહત્ત્વ છે. આ સંસારના જેટલા પણ ભોગો છે, વાસનાઓ છે, એ બધી જ જડપદાર્થો દ્વારા જ રચાયેલી છે. તેના મૂળમાં (૨) ચૈતન્ય શક્તિ કામ કરી રહી છે. ચૈતન્યની અભિવ્યક્તિ દ્વારા જ જડ પદાર્થ મનને મોહી લેનારો પ્રતીત થાય છે. પરંતુ તે ખરું જોતા તો આપણાંને પોતાના તરફથી કંઈપણ આપવાનું સામર્થ્ય ધરાવતો નથી.

આ રીતે પાંચ ભૌતિક પદાર્થો અને પ્રાણના ચૈતન્ય દ્વારા સંપૂર્ણ વિશ્વમાં ક્રિયાશીલતા દૃષ્ટિગોચર થઈ રહી છે. કારણ કે મનુષ્ય પણ તેનો જ મિશ્રિત પ્રયોગ છે. અર્થાત તે પણ પ્રાયઃ પોતાના વિષે પણ ભ્રમમાં જ રહે છે. શરીરની સ્થૂળ પાંચ ભૌતિક પ્રકૃતિ અને પ્રાણની પૃથકતા તેને સરળતાથી સમજમાં આવતી નથી. પરંતુ જ્યારે પણ તેને સંસારના પરિવર્તનો અને ઘટનાચક્રો જન્મ મરણ, ઉત્પત્તિ, વિનાશના દૃશ્યો જોવા મળે છે, ત્યારે તેને વિશ્વ વ્યવસ્થાનું રહસ્ય જાણવાની અને સૃષ્ટિના નિયંતાનું જ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર અભિલાષા પણ જાગી ઉઠે છે. અગર કોઈને આ પ્રકારની બુધ્ધિ મળી જાય તો તેને પોતાના પૂર્વ જન્મના સંસ્કારો અથવા પરમાત્માની કૃપા જ સમજવી જોઈએ. જ્યાં સુધી મનુષ્યમાં આ વિવેક પેદા થતો નથી, ત્યાં સુધી તેને સત્યને જાણવાની બહુ ઓછી ઈચ્છા થાય છે. તેના સાંસારિક વિષયો પણ એટલા બધા વધારે હોય છે કે તેને તેમાંથી મહામુશ્કેલીએ મુક્તિ મળી શકે છે.

મનુષ્ય વિશ્વચૈતન્યનો સર્વોપરિ, સર્વાંગપૂર્ણ જીવ છે. ચોરાસી લાખ યોનિમાંથી આવું સૌભાગ્ય કોઈપણ જીવને મળ્યું નથી. સિંહ શક્તિશાળી જીવ ભલે હોય, પરંતુ એ બિચારા પાસે વિચારવાની શક્તિ જ ક્યાં હોય છે? વાંદરો વૃક્ષ પર ચઢી સુંદર ફળ પ્રાપ્ત કરી શકે છે, પરંતુ શરદીથી બચવા માટે તેને કપડાં પણ પ્રાપ્ત થઈ શકતા નથી. મનુષ્યને

જોવા, સાંભળવા, સુંઘવા, ચાલવા, હરવાફરવા, ખાવા-પીવા, સુખોપભોગ કરવા જેટલી વધુ તક અને સગવડતાઓ મળી છે, એટલી સગવડતાઓ કોઈ પણ જીવને પ્રાપ્ત થઈ શકી નથી. પરંતુ આ બધી શક્તિઓ ચોક્કસ જ ઉદ્દેશ્યપૂર્ણ છે, કોઈપણ લક્ષ્યની પ્રાપ્તિ માટે તેને વરદાન રૂપે મળી છે. આ વાત મગજમાં ઉતારવા અને પોતાના જીવનનો ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવામાં જ મનુષ્યનું આત્મકલ્યાણ છુપાયેલું છે.

એ કોઈ મુશ્કેલ વાત નથી કે મનુષ્યમાં આવી સમજશક્તિ પેદા ન થાય. લગભગ દરેક વ્યક્તિના જીવનમાં આવા પ્રસંગો, આવી ઘટનાઓ આવે છે, પરંતુ સામાન્ય કોટિના લોકો માટે તેનું કોઈ જ મહત્ત્વ હોતું નથી. અગર તેને સૌભાગ્યવશ આવી સાધન સગવડતા પ્રાપ્ત થઈ પણ જાય, તો તે આત્મકલ્યાણના મુશ્કેલીઓભર્યા માર્ગ પર લાંબા સુધી ચાલી શકતો નથી. સાંસારિક પદાર્થોમાં ગજબનું આકર્ષણ તથા તીવ્ર મોહકતા હોય છે. લોકો પોતાની જાતને સાધનામાં વેઠવી પડતી મુશ્કેલીઓથી ખૂબ જ જલદીથી થાકી ગયેલા અનુભવવા લાગે છે અને ખૂબ જ જલદીથી પ્રયત્ન કરવાનો છોડી ફરી પહેલાંના જેવો જ જીવન ક્રમ બનાવી તેમાં જ મગ્ન રહેવા લાગે છે. ખરેખર તો સાધના મનુષ્ય જીવનને સફળ બનાવનારું મહત્ત્વનું સાધન છે. પરંતુ તેની ઉપર સાહસિક વ્યક્તિ જ ચાલી શકે છે. કાયર વ્યક્તિની તો ત્યાં દાળ જ ગળતી નથી. જેના ડગલેને પગલે વિચારો તથા નિશ્ચય બદલાઈ જતા હોય, તેઓ મોડે સુધી મુશ્કેલીઓ વેઠી શકતા નથી. તેઓ તેને જલદીથી છોડી દે છે.

બ્રહ્મજ્ઞાન યા આત્મ વૈવર્ત્ત માટે સાધના કરવી અત્યંત જરૂરી છે. જીવાત્મા પર ચઢેલા જન્મ જન્માંતરના સંસ્કારો એવા હોય છે, જેવી રીતે લોખંડને કાટ લાગી જાય છે. કાટ છોડવવા વાળી પ્રક્રિયા નિ:શંક ખૂબ જ મુશ્કેલ છે, તેને અપનાવવા માટે ખૂબ જ મહેનત કરવી પડે છે, પછી જ તે પૂરી થઈ શકે. લોખંડને ક્યારેક કૂટવામાં આવે છે, ક્યારેક તેને આગમાં નાખી તપાવવામાં આવે છે, પછી તેને ફરી ટીપવામાં આવે છે, પછી તેને પાણીમાં ડુબાડવામાં આવે છે. ચારે તરફથી ઘા પર ઘા, વળી પાછું તેને તપાવવામાં આવે છે. ત્યારબાદ તે કાટ લાગી ગયેલા લોખંડનું સુંદર પોલાદમાં રૂપાંતર થઈ જાય છે. પછી તેમાંથી કોઈપણ પ્રકારનું ઓજાર, કે કોઈપણ અસ્ત્રશસ્ત્ર ઘડવામાં સરળતા થઈ જાય છે. જીવને

સાંસારિક વાસનાઓમાંથી મુક્ત કરી, તેને શાશ્વત સ્વરૂપમાં લાવવા માટે પણ લોખંડને તપાવી કૂટવા જેવી પ્રક્રિયા અપનાવવી અનિવાર્ય છે. જેઓ આગમાં સળગી શકે છે, આધ્યાત્મિક જીવન અથવા ઈશ્વર ઉપાસનાનો એ જ સાચો તથા સંપૂર્ણ લાભ પ્રાપ્ત કરી શકે છે.

જીવનલક્ષ્ય પ્રાપ્ત કરવા માટે આવી અભિલાષા જાગતાં મનને બુધ્ધિના નિયંત્રણ હેઠળ લાવવાની ખૂબ જ જરૂરિયાત હોય છે. વાસ્તવમાં મનોનિગ્રહની મુશ્કેલી જ ઈશ્વર પ્રાપ્તિમાં મુખ્ય મુશ્કેલી છે. મનુષ્ય જીવનનો સંચાલક, મહાન શક્તિશાળી છે. પરંતુ તેનામાં એક દુર્ગુણ પણ રહેલો છે. બેકાબુ બની ગયેલા ઘોડાની જેમ અગર તે સ્વચ્છાચારી બની જાય તો રથની કઈ જ સલામતી રહેતી નથી અને ન તો સારથીની. મનુષ્યનું મન પણ સ્વાભાવિક રૂપે અધોગામી છે. નીચે પછડાવવું સરળ વાત છે. મુશ્કેલી તો તેને ઉંચે ઉઠાવવામાં આવે છે. પરંતુ એ ત્યારે જ સંભવ છે જ્યારે મન પર બુધ્ધિ દ્વારા નિયંત્રણ લાદવામાં આવે યા તેનો પહેરો રહે. બુધ્ધિ મનને ઉર્ધ્વગામી બનાવે છે અને તે કુસંસ્કારોનો નાશ કરે છે. અર્થાત સાધના પ્રત્યે નિષ્ઠા ધરાવતી વ્યક્તિ માટે એ જરૂરી છે કે તે મનની સ્વેચ્છાવૃત્તિ પર બૌધ્ધિક વિવેકનો અંકુશ લગાવી રાખે.

મન પ્રાયઃ આ અંકુશનો સ્વીકાર કરવા તૈયાર હોતું નથી, પ્રકૃતિ જ તેને વારંવાર વાસના તૃપ્ત કરવા માટે આકર્ષિત કરતી રહેછે. તે એવું સમજે છે કે આ ભોગથી વિમુખ બનવાથી મારું નુકશાન થઈ રહ્યું છે. આ જ માયા અજ્ઞાન અને આત્મકલ્યાણના માર્ગ પર પછાડી દેનારો વિચાર છે. તેને માટે બચવાનો એક જ ઉપાય છે. તે છે પ્રકૃતિ પર વિજય પ્રાપ્ત કરવો. મનુષ્યની નિર્બળતા પર કઠોરતા પૂર્વક સંયમ લાદયા વગર આ અજ્ઞાનથી છુટકારો મેળવવો સંભવ નથી. જીવન લક્ષ્ય તરફ અગ્રેસર બનનાર પ્રત્યેક જિજ્ઞાસુએ આ વાત નિશ્ચિત રૂપે સમજી લેવી જોઈએ.

મુશ્કેલીઓ સાથે કોઈપણ પ્રકારે સમજૂતી ન થઈ શકે. લોખંડનો કાટ પાણીથી ધોઈ છોડાવી ન શકાય. સળગતી આગ પર કાબૂ પ્રાપ્ત કરવા તેના કરતા વધુ પ્રમાણમાં પાણી અપેક્ષા રાખવામાં આવે છે. મન જેટલું ચંચળ હોય, તેટલા જ પ્રમાણમાં સંયમ (કઠોરતા)ની જરૂરિયાત ઉદ્‌ભવે છે. જૂના સંસ્કારોની ગંદકીના પરિશોધનની ગતિ ધીમી હોય તો કામ ચાલી શકે, પરંતુ તેમાં ઉત્તરોત્તર દૃઢતા અને કઠોરતા આવશ્યક

છે. પરિસ્થિતિઓ સાથે દોસ્તી સાધના પ્રત્યે નિષ્ઠા ધરાવતા મનોબળને તોડી નાખે છે.

મનુષ્ય જીવન જેવો અમૂલ્ય ખજાનો ફરી મળશે તેની કોઈ ચોક્કસ ખાત્રી નથી. આ જ જીવનમાં દિવસ રહેતા કંઈક કામ કરી લેવામાં આવે. તેમાં જ મનુષ્યની બુધ્ધિમાની છે. પચાસ-સાઠ અથવા સો વર્ષના જીવનને ભોગ અને કામનાઓની તૃપ્તિમાં જ લગાવી રાખવામાં આવે તો તેમાં મનુષ્ય જીવનને શું સફળતા સાંપડી, તેની શક્તિઓનો શું સદુપયોગ થયો. ભોગ-વાસનાઓને દુઃખનું કારણ માનવામાં આવી છે. અન્ય જન્મોમાં તેના દુષ્પરિણામો ભોગવવા પડતા હોય કે ન ભોગવવા પડતા હોય, પરંતુ વાસનાઓ આ જ જીવનમાં મનુષ્યને તંગ કરતી રહે છે. દુઃખ વધુ મુશ્કેલીઓ પેદા કરે છે, અર્થાત તેને ક્યારે પણ ઉચિત સાબિત ન કરી શકાય. એ મનુષ્ય જીવનને ભ્રષ્ટ કરનારી છે. આ વાત ખૂબ જ ઉંડાણ સુધી વિચારી લેવી જોઈએ. એકવાર મળેલી તક ચાલી જાય તો બાદમાં માત્ર પસ્તાવો જ બાકી રહે છે. પરિસ્થિતિ બદલાઈ ગયા પછી ખૂબ જ કિંમતી ચીજવસ્તુઓ પણ કોઈ લાભ આપી શકતી નથી. અર્થાત બુધ્ધિશાળી લોકો સમય રહેતા જ પોતાના લક્ષ્યને પૂરો કરવાનો પ્રયત્ન કરે છે.

ઈશ્વર સર્વત્ર વિદ્યમાન છે. તેને શોધવામાં કોઈ જ મુશ્કેલી નડતી નથી. મુશ્કેલી તો માત્ર પોતાના અહંકારને મારવામાં જ નડતી હોય છે. પોતાના આત્માનો સાથ લેવામાં આવે, વ્રત, સંયમ અને તપશ્ચર્યાની અગ્નિમાં પોતાના અહંકારને ઓગાળી નાખવામાં આવે તો સર્વત્ર માત્ર ઈશ્વરને ઈશ્વર દૃષ્ટિગોચર થવા લાગે છે.

જ્યાં સુધી મનુષ્યના મનમાં મેલ ભરાયેલો છે, ત્યાં સુધી તેને ઈશ્વરનો પ્રકાશ કેવી રીતે દેખાશે? જ્યાં સુધી તેને પોતાના સ્વાર્થમાંથી જ છૂટકારો મળતો નથી, ત્યાં સુધી તેને પરમાત્માની યાદ કેવી રીતે આવી શકે. આ સંસારમાં કંઈક પ્રાપ્ત કરવા પ્રથમ પોતાનું સર્વસ્વ ગુમાવવું પડે છે. આત્મામાં ઈશ્વરની પ્રતિષ્ઠા કરવા માટે પણ પોતાના અહંકારનો નાશ કરવો પડે છે. શુધ્ધ આત્માને ઈશ્વરની પ્રાપ્તિનું સુખ મળતા વાર લાગતી નથી. વચ્ચે રહેલી ગંદકી ભરેલી ખાઈને દૂર કરી દેવામાં આવે તો જીવન લક્ષ્યની સિધ્ધિ પ્રાપ્ત કરવી પણ કોઈ મુશ્કેલ વાત નથી.

# આત્મવિકાસ માટે વ્રતના પાલનની જરૂરિયાત

વ્રતના આચરણ દ્વારા જ આત્મજ્ઞાન યા શાશ્વત જીવનનો બોધ પ્રાપ્ત થાય છે. જ્યારે ઉપર ચઢવાની જરૂરિયાત પડે છે, ત્યારે નિસરણી લગાવવામાં આવે છે. તેના એક ડંડાને હાથથી પકડી બીજા પર પગ રાખી ઉપર સરળતાથી ચઢી શકાય છે. જીવનમાં ક્રમબધ્ધ નાના નાના વ્રતથી આરંભ કરી અંતમાં શ્રેષ્ઠ વ્રતની સીમાઓમાં પ્રવેશ પ્રાપ્ત કરવો, અન્ય સાધનોની અપેક્ષાએ વધુ સરળ છે. શાસ્ત્રકારોનું કથન છે કે

**व्रतेन दीक्षामाप्नोति दीक्षामाप्नोति दक्षिणाम्।**
**दक्षिणा श्रद्धामाप्नोति श्रद्धया सत्यमाप्यते॥**

અર્થાત ''મનુષ્યને ઉન્નત જીવનની યોગ્યતા વ્રતના પાલનથી પ્રાપ્ત થાય છે. તેને દીક્ષા કહે છે. દીક્ષાથી દક્ષિણા અર્થાત જે કંઈ પણ કરી રહ્યા છો, તેના સફળ પરિણામો પ્રાપ્ત થાય છે. સફળતા દ્વારા આદર્શ અને અનુષ્ઠાન પ્રત્યે શ્રધ્ધા જાગૃત થાય છે અને શ્રધ્ધાથી સત્યની પ્રાપ્તિ થાય છે.'' સત્ય કહેવાનો અર્થ મનુષ્યના જીવન લક્ષ્ય સાથે સંબંધિત છે. એ એક ક્રમબધ્ધ વિકાસની પધ્ધતિ છે. વ્રત જેનો આરંભ, સત્યની પ્રાપ્તિ જેનો અંતિમ નિષ્કર્ષ છે.

વ્રતનો આધ્યાત્મિક અર્થ એ આચરણો સાથે સંકળાયેલો છે, જે શુધ્ધ, સરળ અને સાત્વિક છે, તેનું સંપૂર્ણ એકાગ્રતા સાથે પાલન કરવામાં આવ્યું હોય. મોટા ભાગે તો એવું જોવા મળ્યું હોય છે કે વ્યવહારિક જીવનમાં તમામ લોકો વધુમાં વધુ સાચું બોલે છે અને સત્યનું જ આચરણ પણ કરે છે. પરંતુ કેટલીક ક્ષણ એવી પણ આવી જાય છે, કે જ્યારે સાચું બોલવું સ્વાર્થ અને ઈચ્છા પૂરી કરવામાં અવરોધ ઉત્પન્ન કરે છે, એ સમયે લોકો જૂઠું બોલી નાખે છે અથવા અસત્યનું આચરણ કરે છે. અંગત સ્વાર્થ માટે સત્યની અવહેલના કરી નાખવાનું તાત્પર્ય એ છે કે એના આચરણ પ્રત્યે આપનામાં નિષ્ઠા નથી. તેને એમ પણ કહી શકાય કે આપ વ્રતશીલ નથી.

વ્રત પોતાના જ હિતમાં હોય અથવા બીજાના. જે શુધ્ધ છે અને ન્યાયપૂર્ણ છે, તેનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું જ વ્રત કહેવાય છે. ટૂંકમાં આચરણની શુધ્ધતાને ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ન છોડવાને

વ્રત કહેવામાં આવે છે. સંકલ્પની શક્તિ વ્યાપક હોય છે અને વ્રત તેનો એક અધ્યાય હોય છે. વાસ્તવિક રીતે તો વ્રત અને સંકલ્પ બન્ને એક જ છે.

વિપરીત પરિસ્થિતિઓમાં પણ હસતા હસતા જીવન પસાર કરવાનો અભ્યાસ વ્રત કહેવાય છે. તેના દ્વારા મનુષ્યમાં શ્રેષ્ઠ કર્મો કરવા માટે યોગ્યતા પેદા થાય છે. જરા જેટલી મુશ્કેલીઓ આવી પડતાં કર્મથી વિમુખ બની જવું મનુષ્યની અલ્પશક્તિનો સંકેત કરે છે, જે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ આગળ વધવાની પ્રેરણા આપતું રહે, એવી શક્તિ વ્રતમાં હોય છે.

નિયમના પાલનથી મનુષ્યમાં આત્મવિશ્વાસ અને શિસ્તની ભાવના પેદા થાય છે. જીવનના ઉત્થાન તથા વિકાસ માટે આ બન્ને શક્તિઓ અનિવાર્ય છે. આત્મશક્તિ યા આત્મવિશ્વાસના અભાવમાં મનુષ્ય નાના નાના ભૌતિક પ્રયોજનમાં લાગી રહે છે. શિસ્ત વગર જીવન અસ્તવ્યસ્ત બની જાય છે. શક્તિ અને ચેષ્ટાઓનું કેન્દ્રીકરણ ન થવાના કારણે કોઈ મહત્ત્વની સફળતા પ્રાપ્ત થઈ શકતી નથી. આધ્યાત્મિક લક્ષ્યની પ્રાપ્તિ માટે વેરવિખેર પડેલી શક્તિઓને એકત્ર કરવી અને તેને એકાગ્રતાપૂર્વક જીવનના લક્ષ્ય તરફ લગાવી રાખવી એ નિયમબધ્ધતા દ્વારા જ આચરણમાં આવી શકે છે. નિયમિતતા વ્યવસ્થિત જીવનનો મુખ્ય આધાર છે. તેના દ્વારા જ આત્મશોધનની પ્રક્રિયા પૂરી થાય છે. આત્મવાદી પુરુષનું કથન છેઃ-

**उत्तरोत्तर मुत्कर्ष जीवने लब्धुमुत्सुकः ।**
**प्रतिजाने चरिष्यामि व्रतमात्मविशुद्धये ॥**

હું જીવનમાં ઉત્તરોત્તર ઉત્કર્ષ પ્રાપ્ત કરવાની પ્રબળ ઈચ્છા ધરાવું છે. આ કામ પવિત્ર આચરણ યા આત્માને શુધ્ધ બનાવવાથી જ પૂરું થાય છે, એટલા માટે હું વ્રત પાલનની પ્રતિજ્ઞા લઉં છું.

વ્રતના પાલનથી આત્મવિશ્વાસ જાગવાની સાથે સંયમની વૃત્તિ પણ પેદા થાય છે. આત્મવિશ્વાસથી શક્તિઓનો સંચય વધે છે અને સંયમથી, શક્તિઓથી ભંડાર ભરી જાય છે, તો આત્મા પણ પોતાની જાતે જ પ્રગટ થઈ જાય છે. શક્તિ વગર આત્માને ધારણ કરવાની ક્ષમતા ઉત્પન્ન થતી નથી. વ્રત શક્તિનું સ્ત્રોત છે. એટલા માટે તે

આત્મશોધનની મુખ્ય જરૂરિયાત છે. પોતાની શક્તિ અને સ્વરૂપનું જ્ઞાન મનુષ્યને ન હોય તો તે પોતાના જીવનમાં કોઈપણ પ્રકારનું ઉત્થાન કરી શકતો નથી. શક્તિ પેદા થાય છે, ત્યારે જ આત્મવિશ્વાસની ભાવનાનો ઉદય થાય છે અને મનુષ્ય વિકાસની દિશામાં તીવ્ર વેગે વધતો જાય છે.

ઉંચા ઉઠવાની આકાંક્ષા મનુષ્યની આધ્યાત્મિક આકાંક્ષા છે. પૂર્ણતા પ્રાપ્ત કરવાની કામના મનુષ્યનો પ્રાકૃતિક ગુણ છે. પરંતુ આપણે જીવનને અસ્તવ્યસ્ત બનાવી લક્ષ્યથી વિમુખ બની જઈએ છીએ. દરેક કામની શરૂઆત ટૂંકા ટૂંકા પગલા ભરવાથી થાય છે. ત્યારે જ સફળતા તરફ આગળ વધી શકાય છે. આત્મજ્ઞાનના મહાન લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે વ્રત પાલન પ્રાથમિક ધોરણથી જ થાય છે. તેના દ્વારા જ આપણાં મનુષ્ય જીવનની સાર્થકતા સંભવી શકે છે. વ્રતના પાલનથી જ મનુષ્ય મહાન બને છે, આ પાઠ જેટલો પણ સારી રીતે શીખી લેવામાં આવે એટલો જ તે શ્રેયસ્કર છે.